# અનુકંપા-દાન

પ્રવચનકાર

અધ્યાત્મગુણસંપન્ન, પરમતત્વવિદ્

પ.પૂ. પંડિતમહારાજ

શ્રી યુગભૂષણવિજયજી

# અનુકંપા-દાન

પ્રવચનકાર

અધ્યાત્મગુણસંપન્ન, પરમતત્ત્વવિદ્

પ.પૂ. પંડિતમહારાજ

શ્રી યુગભૂષણવિજયજી

પરમ પૂજ્ય કુળભૂષણ વિજયજી મહારાજ સાહેબ (પંડિત મહારાજ સાહેબજી) ના વ્યાખ્યાનોની નોટની અન્ય પુસ્તિકાઓ નીચે મુજબ છે.

| | | | કિંમત રૂપિયા. |
|---|---|---|---|
| ૧ | અનુકંપાદાન | આવૃત્તિ ત્રીજી | ૬૦/- |
| ૨ | સુપાત્ર-દાન | આવૃત્તિ બીજી | ૪૦/- |
| ૩ | સ્યાદ્વાદ | આવૃત્તિ ત્રીજી | ૩૦/- |
| ૪ | કર્મવાદ કર્ણિકા | આવૃત્તિ બીજી | ૨૫/- |
| ૫ | યોગદૃષ્ટિ સમુચ્ચય | આવૃત્તિ પહેલી | ૩૦/- |
| ૬ | ચાલો, મોક્ષનું સ્વરૂપ સમજીએ | આવૃત્તિ બીજી | ૧૦/- |
| ૭ | ચિત્તવૃત્તિ | આવૃત્તિ પહેલી | ૧૫/- |

પ્રાપ્તી સ્થાન

મુંબઈ

૧ શ્રી ચોપાટી જૈન સંઘ,
શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન મંદિર,
૩૫, ચોપાટી સી ફેસ, મુંબઈ ૪૦૦૦૦૭.

સુરત

૧ શૈલેષ ભો. શાહ
૮૨, દિવ્યજ્યોતી એપા., અઠવા, સુરત.

અમદાવાદ

૧ ગીતાર્થ ગંગા
બી.૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭

૨ દર્શક ઈલેક્ટ્રોનીક્સ,
દેરાસર સામે, કાળા વાડી,
અમદાવાદ ૩૮૦૦૧૫.

અરુણોદય ફાઉન્ડેશન,
મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા, જીલ્લા ગાંધીનગર.

મુલ્ય રૂ. ૬૦/-

વાંચો અને વંચાવો, સમજો અને સમજાવો.
વિરતિમાં લાવો અને મોક્ષ માટે પ્રયાણ કરો.

॥ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથાય નમઃ॥

॥પ.પૂ. શ્રી યુગભૂષણ વિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥

મને પૂજ્ય શ્રીના સંપર્ક બાદ ધર્મના ક્ષેત્રમાં કયા ગુણો વિકસાવીએ તો આત્મ કલ્યાણ થાય. આ તમામ બાબતોનું વિશુદ્ધ જ્ઞાન થયું. માટે એ જ્ઞાનના રેફરન્સ માટે જ પૂ. શ્રીની વાણીનો અક્ષર દેહ આપ્યો છે.

આ અક્ષર દેહ રૂપ પૂ. શ્રીની વાણીમાં મારી અલ્પ મતિના કારણે જિન આજ્ઞા વિરુદ્ધ કે પૂજ્યશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ મારાથી ભૂલચૂક થઈ હોય તો

હું

ત્રિવિધે ત્રિવિધે

"મિચ્છામિ દુક્કડં માંગુ છું."

પ્રસ્તુત વ્યાખ્યાનો સંપૂર્ણ અભ્યાસ બાદ જ પ્રસ્તુત પદાર્થનો વિશદ્ બોધ થશે.

લી.: દર્શના જયજીનેન્દ્ર.

॥ૐ શ્રી પાર્શ્વનાથાય નમઃ॥

॥ૐ શ્રી પાર્શ્વનાથાય નમઃ॥ સદ્ગુરુભ્યો નમ

॥પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥

મંગળવાર (અનુકંપાદાન) ચોપાટી
૧૯-૭-૯૪

અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માના મુખકમળથી નીકળેલી સર્વ જીવના કલ્યાણને કરનારી વાણી દ્વારા ધર્મતીર્થની સ્થાપના કરે છે. સ્થાપના કરતી વખતે તેઓ મૂળ રૂપે તત્ત્વનો ઉપદેશ આપે છે, પછી પરિપૂર્ણ રૂપે સૂત્રધારા ગણધરો ગુંથે છે. આજ કલ્યાણનો માર્ગ છે. જ્યાં સુધી તીર્થંકરો સદેહે વિચરતા હોય છે, ત્યાંસુધી તેઓ ઉપકાર વાણી દ્વારા કરતા હોય છે. તે પછી મહાપુરુષો દ્વારા આપણા સુધી તે તત્ત્વ આવે છે.

કલીકાળમાં ૨૧૦૦૦ વર્ષ સુધી આ ધર્મશાસ્ત્રો વગેરે ટકવાના છે. આ કાળમાં તીર્થસ્થાનો મોટી ઉપાશ્રયો બધુ છે. આ સ્થાવર સંપત્તિ ગમે તેટલી હોય પણ સૂત્ર-શાસ્ત્રોનો વારસો ન મળ્યો હોત તો આપણે આપણા આત્માનું કલ્યાણ સાધી શકત નહિ.

પરંપરાના પ્રભાવ દ્વારા આ શાસ્ત્રો મળ્યા છે. જો આપણે તત્ત્વ કે સાર પામવા હોય તો આલંબન રૂપે આ શાસ્ત્ર જ છે. ભલે આકારમાં નાના લાગે ને કિંમત પણ પૈસાથી ઘણી નથી પણ તેની અંદર રહેલા તત્ત્વના રહસ્યનું મૂલ્ય આંકી શકાય તેમ નથી, અપૂર્વ ખજાનો તેમાંથી મળેલ છે.

તીર્થંકરોની ગંભીર વાણી આ આગમોમાં

ગૂંથાયેલી છે. આ ગ્રંથ સીધો આગમ ગ્રંથ નથી
પણ તેના રહસ્યોને ખોલે તેવો સરળ અર્થ
ઉપાધ્યાયજીએ કર્યો છે. રચયિતા ઐતિહાસિક દ્રષ્ટિ
એ ૩૫૦ વર્ષ પૂર્વે થયેલા છે. જગતહીરસૂરવિજય-
જી ના વખતમાં થયા છે. તે વખતે તેમની ઘણી
જાહોજલાલી હતી. પોતાના ૨૦૦૦ શિષ્યો હતા, અને
શિષ્યના શિષ્યતો ઘણા જ હતા. તેમાં ઘણા વિદ્વાન
સાધુઓ હતા, પણ ઉચ્ચ કક્ષામાં ગણી શકાય તેવા
અને મહાત્મા તરીકે વિદ્વતા પણ સ્થાપિત કરી શકે
તેવા આ મહાપુરુષ હતા. એમના વખાણ કરીએ તેટલા
ઓછા છે. આટલું અદ્ભુત શાસ્ત્રજ્ઞાન ધરાવનાર
અત્યારે કોઈ નથી. તેઓ અત્યંત બુદ્ધિશાળી
હતા. કાશીમા ઇતર ધર્મના પંડિતો પોતાની વિદ્વતા
સ્થાપિત ન કરી શકે તેના કરતા કંઈ ઘણી
વિદ્વતા જૈન શાસન દ્વારા તેઓએ સ્થાપિત કરી છે.
કાશીના વિદ્વાનોએ તેમને "ન્યાય વિશારદનું બિરુદ
આપ્યું છે. વિચારો તેમની વિદ્વતા કેટલી હશે?
સૌથી વધારે ૩૫૦ જેટલી કૃતિઓ એમની અત્યારે
ઉપલબ્ધ છે. તેઓએ રચના ઘણી કરી છે. પણ ઘણી
નાશ પામી છે. એક એક કૃતિ લખવી એ પણ
માસ્ટર પીસ, વિચારો તેઓનું લેવલ કેવું હશે?
તેઓની કૃતિમાં અમુક ગ્રંથો શ્લોક દ્વારા
અમુક ગ્રંથો ચેપ્ટર દ્વારા જુદા પાડ્યા છે.
અમુક ચેપ્ટરમા આઠ શ્લોક, અમુકમાં સોળ,
અમુકમાં વીસ, એમ આ ગ્રંથમાં ૩૨ શ્લોકના
બત્રીસ ચેપ્ટર મૂકેલા છે.
૧ ચેપ્ટર ૩૨ શ્લોક એવા ૩૨ ચેપ્ટરનો

તેમાં સમાવેશ થાય છે. તેમાં પહેલુ પ્રકરણ 'દાનબત્રીસી' છે. તેમાં મુખ્ય દાનધર્મ આવે છે.

ધર્મના ક્ષેત્રમાં ધર્મનો પ્રારંભ દાન થી છે આખાય ધર્મની શરૂઆત તેનાથી થાય છે. તીર્થંકરો માટે કહેવાય છે કે સમોવસરણમાં ચતુર્મુખે દેશના આપતા તેઓ પુર્વ મુખ સદેહે બેસે છે; અને બાકીના ત્રણ બાજુ દેવો દ્વારા તેઓની પ્રતિમા થાય છે, ત્યારે બારે પર્ષદા પોતાની સન્મુખ પ્રભુ લાગે છે. પ્રભુ ચારે મુખેથી જાણે ચારે બાજુથી પ્રકારની દેશના આપી રહ્યા હોય એમ લાગે છે. ધર્મના ચાર પ્રકાર પ્રભુએ બતાવ્યા છે. તે દાન-શીલ, તપ, ભાવ છે. હવે તેમાં પહેલું જ દાનધર્મ કેમ? તેનું કારણ શું? તો બતાવે છે કે દાનધર્મની શ્રેષ્ઠતાના કારણે તથા સર્વવ્યાપકતાના કારણે પહેલો દાનધર્મ છે. બધા ધર્મની અપેક્ષાએ આ શ્રેષ્ઠ ધર્મ છે. ધર્મનો કોઇ એવો પ્રકાર નથી કે જેમાં દાન સમાયેલુ ન હોય. તમે કોઇપણ ધર્મ જેમકે પૂજા - સામાયિક - સાધુપણુ આ બધામાં દાન સમાયેલુ છે. દાન-ધર્મની વ્યાખ્યા ઘણી જ વિસ્તૃત છે. પણ તમે શેને દાન માનો છો?

સભા:- ખિસ્સુ ખાલી કરવું તેનુ નામ દાન.

સાહેબજી:- જેનો આવો અપ્રોચ હોય તેને દાન ઉપર એલર્જી છે. દાન આપવાથી ખાલી થવાય તેવું લાગે તે ઉંધી મીનીંગ છે. ધન સંપત્તિ દ્વારા સત્કાર્ય કરવા તેનુજ નામ દાન નથી, પરંતુ કોઇપણ વસ્તુ સ્વમાલિકીની હોય અને તેને તમે સ્વેચ્છાએ આપો એટલે દાન કર્યું કહેવાય.

આદાન પ્રદાનની શક્તિ ચેતનમાં છે. દા.ત
જડ પુસ્તક કંઈ આપી લઈ શકતું નથી. લેવડ-
દેવડની વસ્તુ ચેતનામાં છે. દાનશક્તિ અને લાભ
શક્તિ ચેતનામાં છે. જડ પદાર્થ આદાન પ્રદાન કરી
શકતું નથી. ચેતનમાં જ્ઞાન ગુણ છે, તેમાં દાનને
ધર્મ તરીકે ગણવીએ છીએ. તે શું છે?

આ કુદરતનો નિયમ છે કે જે આપો તે
જ પ્રતિભાવ રૂપે મળે છે. ધર્મ એટલે કુદરતના
મૂળ પાયાના નીતિનિયમો જાળવા એ જ ધર્મની
વ્યાખ્યા છે, અને તેના પર શ્રદ્ધા કરવી તે
શ્રદ્ધા ધર્મ છે. અને તેનું આચરણ કરવું તે આચાર
ધર્મ છે. તમે જ્યારે કુદરત વિરુદ્ધ વર્તન કરો છો
તે વખતે જ કર્મ બંધાય છે. અને આ મૂળભૂત
સિદ્ધાંત છે.

પાયાના નિયમમાં તમે જે બીજાને આપો
તે પોતાને મળે. વ્યવહારમાં પણ તમે કોઈના પર
ક્રોધ કરો તો તેની સાથે તમને ક્રોધ જ મળે. લાગણી
આપો તો સામે લાગણી મળે. તમે સ્વાર્થી બનો
અને સામે ઉદારતા માગો તો બને? પ્રતિભાવ તો
તમારા વર્તનને અનુરૂપ જ આવે છે. એટલે આ
વ્યવહારમાં પણ આ અનુભવ સિદ્ધ છે. બીજાને
અશાંતિ આપશો તો તમને અશાંતિ જ મળશે. બીજાના
સંતાપના નિમિત્ત બનો તો તમને પણ સંતાપ જ
મળશે. તેથી જ સારું આપો તો સારું મળે
દાનધર્મને ધર્મ તરીકે મહત્વ કેમ આપીએ છીએ?
તે વિચારીએ.

દાનના પણ ઘણા પ્રકાર છે: તમારી પાસે

જે રીતે તમે બીજાને આપી શકશો. જો તમે દુઃખી અશાંત હશો તો જ્યાં જશો ત્યાં અશાંતિ દુઃખ આપશો જે પોતાની ખામી હશે તે બીજાને ખામીઓ આપશો,

પહેલા તો જે આપવું છે તે સ્વયં પામવું પડે છે. સંપત્તિ આપવી હોય તો પહેલા સંપત્તિ જોઈએ. અને તેના પર પોતાની માલિકી જોઈએ. કદીપણ પારકી વસ્તુનું દાન થતું નથી. નહિતર તો તમે આખા ગામની વસ્તુનું દાન આપી શકો તેમ છો. જેમ સાધુ ભગવંતોને ઘર જે રીતે વહોરાવે અને સંઘનું હોય ત્યારે કેવી રીતે વહોરાવે? આ બધામાં કારણ શું? પારકા પ્રત્યે મનોવૃત્તિ જુદી પડી છે. દેરાસરમાં પણ એક અગરબત્તી પહેલેથી પડેલી હોય તો પણ બીજી બે પેટાવશો. અને પોતાને ઘરેથી લાવે ત્યારે કઈ રીતે।

સભા:- ટુકડા કરીને પેટાવે

સાહેબજી:- આ વૃત્તિ કેવી? પારકા પૈસે દાનની વૃત્તિ આવી તે દાન નથી. જે તમારી વસ્તુ છે. જે જેના પર આધિપત્ય માલિકી ધરાવો છો, અને તે પણ સ્વેચ્છાએ શુભભાવ સાથે આપો તે દાન કહેવાય.

સભા:- તેમાં બદલાની આશા રખાય?

સાહેબજી:- બદલાની આશામાં શુભભાવ હોય તો કણમણ પણ તેની Value ઘટી જાય છે. તમે બદલાની આશા રાખી તેમ સામેનો માણસ પણ બદલાની આશા રાખશે. બદલો એટલે સ્વાર્થ. દાન આપતી વખતે જેવી વૃત્તિ હશે તેવું મળશે. બધી પ્રવૃત્તિમાં વૃત્તિ પરિણામનું Analysis

આવશે, નહિતર અપેક્ષા પ્રમાણે ફળ ના મળે.
હવે દાન-ધર્મને ફળદાયી કંઇ રીતે બતાવ્યુ છે?
જેનું પણ દાન કરો છો તે વહેલા મોડા મળવાનું
જ છે.

સભા! - અત્યારે આપવાથી નથી મળતું પણ
લૂંટી લેવાથી મળે છે.

સાહેબજી:- આ જગતમાં મેળવનારા થોડા છે,
આપનારા પણ થોડા છે. લૂંટનાર વધારે છે.
હવે આને સ્પષ્ટ કરીએ. આપવાથી ન મળતું
હોય અને લૂંટવાથી મળતુ હોય તો લૂંટનારા વધારે
હોય. જો પુણ્યથી સુખ ન મળતા દુઃખ મળતુ હોય
તો પુણ્ય કરનારા ઓછા હોય, અને પાપથી સુખ
મળતું હોય તો પાપ કરનારા વધારે મળે ને?
દૂધ પીવાથી માંદા પડાતુ હોય તો દૂધ પીવાવાળા
થોડા હોય ને? (તબિયત બરાબર ન હોય તેની
વાત નથી.)

જ્યારે વાસ્તવિકતા આનાથી વિપરીત છે
આ જગતમા લૂંટનારા વધારે છે. છતા મેળવનારા
ઓછા છે. પુણ્ય કરનારા ઓછા છે છતાં દુઃખી
વધારે છે, પાપ કરનારા વધારે છે છતા સુખી
ઓછા છે. એટલે વારંવાર પીવાથી સાજા રહેવાનું
હોય તો દૂધ પીવાવાળા જ વધારે હોય.
જો પુણ્યથી દુઃખ મળતુ હોય તો દુઃખી ઓછા હોવા
જોઇએ. જો પાપથી સુખ મળતુ હોય તો સુખી વધારે
હોવા જોઇએ

અત્યારે અવલોકન કરીએ તો દુઃખી વધારે
છે કે સુખી વધારે છે?

સભા :- દુઃખી વધારે છે, આહેબળ: દુષ્કાર્ય જ દુઃખનું કારણ છે, સત્કાર્ય જ સુખનું કારણ છે.

દાનની વ્યાપકતા ઘણી જ બતાવી છે. બધી જ ક્રિયામાં સીધી કે આડકતરી રીતે દાનધર્મને પ્રવેશ અપાયો છે. દાનનો અર્થ જેટલી સારી ઉંચી હિતકારી ચીજો તે જ બધી દાનમાં આપવા યોગ્ય કહી છે. તેના પણ ત્રણ પ્રકાર પાડ્યા છે.

1) જ્ઞાનદાન - શ્રેષ્ઠ દાન કહ્યું છે.
2) અભયદાન -
3) દાનથી થતા સત્કાર્યો

તીર્થંકરો પ્રારંભથી વાણી દ્વારા જગતને સાચો કલ્યાણનો માર્ગ બતાવે છે. શ્રેષ્ઠ દાન તેઓ વાણી દ્વારા જ કરે છે, અને ગણધરો પણ તે જ પ્રમાણે કરે છે. પછી સાધુ મહાત્મા પણ તે જ કરે છે.

પૈસાથી અપાતું દાન ઘણું જ હલકું છે. જ્ઞાન અને પાછું સમ્યક્ જ્ઞાન જ લેવાનું, જે આત્માને હિતકારી હોય. મિથ્યા જ્ઞાન તો સામેનાને પાયમાલ કરી નાખશે. માટે સમ્યક્ જ્ઞાન જ લેવાનું છે. બીજું અભયદાન આવે છે, પણ તે પણ જ્ઞાનદાનની અપેક્ષાએ હલકું છે.

અભય એટલે નિર્ભય બનાવે તે. તેમાં નિર્ભયતા કોની લેવાની? તો કહે છે કે પ્રાણની નિર્ભયતા લેવાની છે. જીવમાત્રને પોતાના પ્રાણ સૌથી વહાલા હોય છે, સુખની સામગ્રી વહાલી છે. દુઃખની સામગ્રી ગમતી નથી માટે જ મૃત્યુથી ગભરાયેલ જીવો, જીવવા ખાતર બધું જ

ત્યાગ કરીએ છીએ. પોતાનો જીવ વહાલો છે, માટે તેનું જેના દ્વારા રક્ષણ મળે છે તે અભય-દાન છે, જેથી જીવનું વર્તમાન સુરક્ષિત થાય છે. પરંતુ સમ્યક્ જ્ઞાન દાનથી તો તેના ભવોભવ સુરક્ષિત થાય છે.

આ ભવનું મૃત્યુ-સંતાપ-દુ:ખો ટાળે તેનું નામ અભયદાન, ભવોભવના મૃત્યુ-સંતાપ-દુ:ખો ટાળે તેનુ નામ જ્ઞાનદાન આવશે.

ધર્મના ક્ષેત્રમાં થોડી ઉદારતા હોય તેટલા માત્રથી તમે દાનેશ્વરી નથી થઈ જતા. એ ખોટો ભ્રમ છે. અબજો ખરચો તો પણ આ બે દાનની તોલે તે દાન આવતુ નથી. આપણે તમારા આચાર-માં સામાયિકને કેમ ઉંચો ધર્મ કહીએ છીએ? કારણ અભયદાન આવે છે, પુજા-સુપાત્રદાન-ભક્તિ કરતા પૈસાનુ દાન સમાયેલુ છે.

સામાયિકનુ ફળ કેટલુ? તો કહે છે આખી પૃથ્વીને સોનાના રત્નની પ્રતિમાવાળા દેરાસરોથી મઢી લો તો પણ તેનુ ફળ એક ભાવ-સામાયિક ના તોલે નથી આવતું. ઉંચા દાનનો પ્રકાર સામાયિકમાં છે

બીજા દાનોમાં આરંભસમારંભ સમાયેલા છે. જેટલી ઉંચી કક્ષા તેટલો ધર્મ ઉંચો થશે. જેમ ઉપવાસ કરતા આહારનો ત્યાગ આવ્યો એટલે તેટલા જીવોને નહિ ખાવા નિમિત્તે અભય-દાન આપો છો. આમતો શ્રાવક એકપણ રીતે સંપૂર્ણ રીતે અભયદાન આપી શકતો નથી. ગમે તેટલા વ્રતોનિયમો પાળો તો પણ છ કાયના

કોઈપણ જીવને સંપૂર્ણ રીતે તમે અભયદાન આપી શકતા નથી. તેના માટે તો સાધુજીવન જ છે. તમારા જીવનનું માળખું જ એવું છે કે તેમાં હિંસા થવાની શક્યતા પૂરેપૂરી સમાયેલી છે. ૧૨ વ્રત લો તો પણ તેમાં તમે જીવને સંપૂર્ણ રીતે અભયદાન નથી આપી શકતા. હાથી કે માણસને કોઈપણ રીતે નહિં મારુ એવું તમે પચ્ચખાણ નથી લઈ શકતા. કારણ પચ્ચખાણ લીધા પછી પણ ટ્રેનમાં બેઠાને એક્સિડન્ટ થાય તો તમારૂ વ્રત ભાંગી જશે.

જીવને સંપૂર્ણ અભયદાન તો સાધુ જીવનમાં આપી શકાય છે. તેથી જ સામાયિક, પ્રતિક્રમણનું મૂલ્ય વધારે છે. આમ અભયદાનને ઉંચુ દાન કહ્યુ છે.

કોઈ જીવને લાખ રૂપિયા આપી અને કહો કે અઠવાડિયા પછી તને મારી નાખશુ તો એ રૂપિયા લે ખરો? આવુ દાન સ્વીકારે નહિં જ કારણ તેને તેનો જીવ વહાલો છે.

આના પછી દીન દાન મૂક્યુ છે. આપણે આ ગ્રંથમાં મુખ્યત્વે દીનદાનની સમીક્ષા આવશે. તેમાં સંપત્તિથી થતા દાનના પ્રકાર બતાવ્યા છે. તેમાં વિવેક- કર્તવ્ય - ઉચિત આચાર વગેરે ભાવના હોવી જોઈએ.

સભા:- કોઈ માંગવા આવે ત્યારે, લઈ જા છૂટકારો કર, માથું નહિં ખા, આવા ભાવ સાથે દાન અપાય ખરૂ?

સાહેબજી:- આ દાનને દાનધર્મમાં મૂકાય જ નહિ. દાનમાં તો સારી જ વસ્તુ આપવાની છે

તમે ભિખારી આવે તો શું આપો?

સભા:- સારી એટલે કેવી?

સાહેબજી:- તમે જે પોતે ખાતા હો, ભોગવતા હો તમારા લેવલની જ વસ્તુ તે લેવાની છે. મધ્યમ માણસ હોય તો તેના પ્રમાણે, સામાન્ય માણસને તેના પ્રમાણે સમજવાનું છે. તમારી સારી વસ્તુ પાછી તમારી માલીકીની હોયને ઉલ્લાસથી શુભભાવ સાથે દાનમાં આપવાની છે. એંઠુ-જુઠું આપો તો ન ચાલે

સભા:- જમણવારમાં બગાડ બહુ જ થાય છે તે એંઠું જુઠું ભાણામાંથી લઈને ભિખારીને અપાય છે તે શું ઉચિત છે?

સાહેબજી:- અત્યારે તો દેશની પરીસ્થિતિ એવી છે કે ગરીબીના કારણે લોકો ઉકરડામાંથી પણ વીણીને ખાય છે.

સભા:- આ બધાનું કારણ વસતિ વધારો છે.

સાહેબજી:- એવું કંઈ નથી, આ દેશની ધરતી એવી છે કે ડબલ વસતિ થાય તો પણ રસકસ એવા છે કે બધાને પોષણ આપી શકે. કુદરતે ઘણું જ આપ્યું છે. અત્યારે મૂડીવાદ યંત્રવાદનો વિકાસ છે. અને તેના કારણે જ કૃત્રિમ ગરીબી ઊભી થાય છે.

સભા:- હમણાં તો છાપામાં પણ વસતિ વધારાનું ઘણું જ આવે છે.

સાહેબજી:- તમારા માથામાં જ ભૂત ભરાયું હોય તો પ્રચાર જ થાય ને?

આ દેશની જમીનમાં એક દાણો વાવો તો હજાર દાણા આપે એમ છે આ બધી ગરીબી તો કૃત્રિમ છે, અને તેથી એંઠવાડ પણ લોકો ખાય

જાય તેમ છે. પણ આ એઠવાડને દાન આપ્યું ન કહેવાય. તે વખતે દાનનો ભાવ લાવી શકાય જ નહિ. તમે જ્યારે સારી વસ્તુ આપો છો ત્યારે દાન આપવાનો સંતોષ થાય છે, અને સાથે થાય કે આપણે પણ આવા ભવો કર્યા હશે ? અને જો આજે દાન નહિ કરીએ તો આવા કેટલાયે ભવો આવશે. એ લોકો ધર્મ આપણો નથી પામ્યા તેથી જ ભવ આવા તેમને આવ્યા છે. આવા ભાવો જ દાન કરતી વખતે આવવા જોઈએ. આમ સારી વસ્તુ જ દાનમાં આપવાની કીધી છે. ધનદાનનું વર્ણન કર્યું છે, તેમાં તેના ફળનો મહિમા કર્યો છે. તેના બે વિકલ્પો બતાવ્યા છે.

(૧) અનુકંપા દાન

(૨) સુપાત્ર-દાન

અનુકંપાદાન :- (મહિમા) દેવતાઇ, ઇન્દ્ર સબંધી સ્વર્ગલોકના સુખોને આપવાની ક્ષમતા ધરાવતું અનુકંપાદાન છે. તેના બે મુખ્ય વિભાગ છે.

અનુકંપાદાન કોને કહેવાય ?

સુપાત્રદાન કોને કહેવાય ? અને આ બન્નેનો મહિમા શું ? આ બન્ને દાન કરતી વખતે કેવા ભાવ-વિધિ હોવા જોઈએ.

અનુકંપાદાનમાં દેવતાઇ સુખ આપવાની તાકાત છે તો મૃત્યુલોકના સુખ આપવાની તાકાત તો હોય જ. આ જગતમાં ભૌતિકસુખો - જેટલી પણ અનુકૂળતાઓ સગવડતા છે, તે બધુ જ મેળવવાની તાકાત આ દાનના ફળમાં આવી જાય છે.

સુપાત્રદાનથી પુણ્યાનુબંધી પુણ્ય દ્વારા મોક્ષ સુધીની પ્રાપ્તિ થાય છે. પાછું એનો મતલબ એમ નથી કે ઇન્દ્રના દેવતાઇ સુખો તેનાથી ન મળે જ્યાં મોક્ષના પરાકાષ્ઠાના સુખો મળે તેમ છે ત્યાં આ ઇન્દ્રના સુખો તો મળે જ.

અનુકંપાદાન ના ઘણા પ્રકારો છે. જેમકે આર્યદેશની અનુકંપા, અનાર્ય દેશની અનુકંપા જૈનધર્મની અનુકંપા, અજૈન ધર્મની અનુકંપા કેવી હોય વગેરે. ધર્માત્માની અનુકંપા અને અધર્મીની અનુકંપા- કેવી હોય, તેમાં પણ પ્રભુની આજ્ઞા સાથેની અનુકંપા અને આજ્ઞા વગરની અનુકંપા કેવી હોય.

પ્રભુની આજ્ઞા સાથેની અનુકંપાનુ ફળ બતાવ્યુ છે કે જેનાથી ઇન્દ્ર સંબંધી દેવતાઇ સુખો મળે છે.

પ્રભુની આજ્ઞા સાથેની કરાયેલું સુપાત્ર-દાનનું ફળ બતાવ્યુ છે કે તેનાથી પરંપરાએ મોક્ષના સુખો મળે છે.

અત્યારે તમને જે સારી સાધન સામગ્રી મળી છે તેમાં ભૂતકાળના તમારા દ્વારા અપાયેલુ દાન જ છે. જે વળતરરૂપે મળ્યુ છે. અને દુઃખો પણ જે આવે છે તે ભૂતકાળમા બીજાને દુઃખો આપવાના કારણે જ મળેલ છે. અત્યારે તમે જેવો દાન ધર્મ કરશો તેવું જ ભવાંતરમા પામશો.

13 ॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥
૨૦.૭.૯૮ (અનુકંપાદાન)
બુધવાર

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત વ્યવહારને બતાવનાર એવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દ્રષ્ટિએ જગતના બધા આત્મતત્વો મૂળભૂત રીતે સમાન છે. સિદ્ધ ભગવંતનું જેવું સ્વરૂપ છે તેવું જ બીજા બધા જીવોનું સ્વરૂપ છે. સિદ્ધ ભગવંતમાં જેવું કેવળજ્ઞાન, કેવળદર્શન સમાયેલું છે તેવું જ કીડી મકોડા બધામાં છે. જીવમાત્ર પરમાત્મા છે. સર્વજીવો શુદ્ધ બુદ્ધ નિરંજન નિરાકાર છે. પણ તેમનું આ સ્વરૂપ અત્યારે દબાયેલું છે અત્યારે આત્માનું વિકૃત સ્વરૂપ જ દેખાય છે. માટે બધાને સમાન સ્વરૂપે મૂલવાય નહિ. જે વ્યક્તિ જે ભૂમિકામાં હોય તેને જ અનુરૂપ વ્યવહાર કરવાનો છે. જો બધાને સમાન માનવી વ્યવહાર કરીએ તો ચોક્કસ પાપ લાગે, અત્યારની ભૂમિકામાં બધા સમાન છે જ નહિ.

કોઈ ગુણિયલ છે તો કોઈ દુષ્ટ છે. કોઈ સંત છે તો કોઈ શેતાન છે, ને કોઈ ધર્મી છે ને કોઈ અધર્મી છે. આમ બધાની સ્પષ્ટ ભેદરેખા પડશે. છતાંપણ સમાન ભાવ રાખીએ અને વ્યવહાર કરીએ તો દોષ લાગે. આમ દરેક જગ્યાએ ભૂમિકા જોવાની આવશે.

દાનધર્મના બે ભેદ પડે છે. કારણ પાત્રમાં જ ભેદ છે.

અમુક પાત્રો ગુણહીન છે ત્યાં પૂજ્યતાનો ભાવ કરી શકાય નહિ. અમુક પાત્રો ગુણિયલ છે ત્યાં દયાનો ભાવ કરી શકાય નહિ. આમ બધા આત્માઓ સરખા માનવાના નથી.

દયા પાત્રને ભક્તિ પાત્ર નથી મનાતા

ભક્તિપાત્રમાં દયાપાત્ર નથી મનાતા.

આપણે ત્યાં સબસમાનનો ભાવ નથી. બધામાં જ સમાનતાનો ભાવ લાવવો હોય તો તમારે તમારુ લેવલ ઊંચુ લાવી સમતામાં લઇ જવુ પડે. નહિતર અશુભ કર્મ બંધાશે. તમારી કરેલ ક્રિયા ગુણ પોષક બને કે દોષપોષક બને? તમને શું ગમશે? આમ સજ્જન-દુર્જન, ધર્માત્મા, અધર્મી ને સંત-શેતાન ના ભેદ પાડવા જ પડશે. અપૂજ્યને નમસ્કાર કરો તો પણ પાપ લાગે

સભા:- સારો વ્યવહાર કરવાથી પણ પાપ બંધાય?

સાહેબજી:- હાં. નમ્રતા-વિનય એ બધા સારા વ્યવહાર. ખરા કે નહિ! તો પણ ગમે ત્યાં નમ્ર ન બનાય. નમ્રતા દયા જ્યાં કરવા લાયક હોય ત્યાં જ કરાય.

કોઇ મહાત્મા પૂજ્ય હોય ત્યાં દયા કરાય નહિ એનુ મૂલ્ય જેમ દયા ન જ કરાય.

પ્રવૃત્તિમાં દયા કરવાની આવે ત્યારે પણ નાલાયક સાથે દયા ન કરાય. લોકમાં પણ વ્યવહાર છે કે 'દયા ડાકણને ખાય'. બધામાં જ વિવેક જોઇશે. ઉચિત સ્થાને જ ઉચિત ભાવ થવા જોઇએ.

દાનએ સત્કાર્ય છે, સ્વયં પોતાની માલિકીનો અધિકાર સ્વેચ્છાએ ત્યાગ કરવાનો છે. અને ત્યાગ કરો ત્યારે દાન થાય. આમ ઉદારતાનો ગુણ પણ જોઇએ. કોઇ કંજુસ માણસ ઉદારતાના વખાણ કરે દાન કરનાર વ્યક્તિની હાથ જોડી અનુમોદના કરે તેટલા માત્રથી દાનધર્મ થાય જતો નથી. ગમે તે ભાવથી ગમેત્યાં દાન કરો તે યોગ્ય નથી.

ભક્તિ પાત્રમાં સુપાત્રદાન

દયા પાત્રમાં અનુકંપાદાન હોય છે. આ બધી પણ તારરેખા ક્યાંસુધી કે જ્યાંસુધી તમે સમતામાં નથી આવ્યા ત્યાંસુધી, પછી બધુ જ સમાન

સભા:- આ સમતાની ભૂમિકા અત્યારે નથીને?

સાહેબજી:- અત્યારે આ કક્ષાના મહાત્મા છે જ નહિ. શુદ્ધ સમતાને પામેલો એકપણ જીવ અત્યારે નથી, જેમ કેવળજ્ઞાન નથી તેમ આ ભૂમિકાનો પણ વિચ્છેદ છે.

સભા:- છ કાય જીવની રક્ષામાં આતમવત્ભાવ છે?

સાહેબજી:- છ કાય જીવની રક્ષામાં પણ કરૂણાભાવ દયાનો પરિણામ લાવવાનો છે.

સભા:- એ પણ જીવ છે ને?

સાહેબજી:- કીડી મંકોડાને જીવ માનવા તૈયાર છુ પણ મારો જેવો જીવ છે તેવો તેને ન માનું. તેને જોઇને એમ થાય કે કેવો કર્મવશ જીવ છે. આ દુઃખી સંસાર સાગરમાં તે રખડી રહ્યો છે. હુ પણ આ રીતે અનંતીવાર રખડ્યો હોઇશ, અને ચેતીશ નહિતો હજુ પણ રખડીશ.

આવા ભાવથી દયા થવી જોઈએ. બહારનું દુઃખ દૂર કરવાની ભાવના થાય પણ સાથે અંતરભાવદયા ન થાય તો ખૂબ પાપ લાગે

સભા:- પાડો આદિ મરતો હોય ત્યારે નવકાર સંભળાવવાથી લાભ ખરો?

સાહેબજી:- પાડાને કાન નથી, ચઉરિન્દ્રિય સુધી કાન છે જ નહિ. ફક્ત પંચેન્દ્રિય પાસે જ કાન છે. ચકલા-ચકલી સાપ કબૂતર વગેરે પાસે કાન છે. તો તેના કારણે સાંભળી શકે, પણ તમારી લાગણીના કારણે સમજ શકતા લાભદાયક છે.

પંચેન્દ્રિય જીવને ધર્મ સંભળાવવાથી સાથે તેમની લાયકાતના કારણે તેમની સદ્ગતિ થયાના ઘણા દાખલા શાસ્ત્રમાં છે. પરંતુ અસંજ્ઞી હોવાથી સમજ શકતા નથી. આમ ગમે તે જીવને આ ભવચક્રમાં ધર્મ પામવો હોય તો સંજ્ઞીપણું પણ પામવું જ પડે. તીર્થંકરો સદેહે મળ્યા તો પણ અસંજ્ઞી ધર્મ પામ્યા નથી. સમોવસરણમાં ખાલી મનુષ્યોને દેવતાઓ જ આવતા એવું નથી, પણ સંજ્ઞી પશુપંખીઓ પણ આવતા હતા. તેમનું પણ ત્યાં સ્થાન હોય છે. પ્રભુએ ચંડકૌશિકને ધર્મ પમાડ્યો. મુનિસુવ્રતસ્વામીએ ઘોડાને ધર્મ પમાડ્યો. પણ ઝાડ-કીડી મકોડા વગેરેને ધર્મ પમાડ્યો તેવું ક્યાંય આવતું નથી.. આમ ગતિમાં, જીવમાં જો લાયકાત હોય અને પુણ્યનો ઉદય હોય તો ધર્મ પામવાનું નિમિત્ત પામી શકે છે. પણ સર્વ-વિરતી ચારિત્ર ધર્મ તો ફક્ત મનુષ્યભવમાં જ છે. બાકી ધર્મની પ્રાપ્તિ ચારે ગતિમાં શક્ય છે. ઘણાં

ઘણા જીવો તિર્યંચ, નરકમા પણ સમકિત પામે છે
માટે ધર્મ પામવા માટે સંજ્ઞી-પંચેન્દ્રિય તો જોઇએ
જ.. અસંજ્ઞી. ૫ ને ધર્મ માટે ગેરલાયક કહ્યા છે
કારણ તેઓનો વિકાસ અવિકસીત છે, જે મન
વિકસીત નથી ત્યાં ઇન્દ્રિય પણ પુર્ણ નથી.

સભા:- તો પછી બહેરો ધર્મ પામી શકે અરે

સાહેબજી :- હું અસંજ્ઞીપણુ બોલુ છુ
કોઇ આંધળો બહેરો ધર્મ ન પામે તેવુ બોલ્યો નથી.
સંજ્ઞી પંચેન્દ્રિયમા બહેરો હોય પણ તેનુ મન અસંજ્ઞી
પંચેન્દ્રિય કરતા વધારે વિકસિત થયેલુ હોય છે.
મનુષ્યયોનિમા મુંગો બહેરો આંધળો પણ તે તમારી
લાગણીને સમજી શકે તેમ છે. જ્યારે અસંજ્ઞી પં
કશુ જ પકડી શકતા નથી. કુતરો પણ માણસની
આંખ જોઇને સમજી શકે છે. તેમા વેર છે કે
વાતસલ્ય છે, પરંતુ તમારી જેમ તેની પાસે
અભિવ્યક્તિ કરવા ની શક્તિ નથી, કારણ ભાષાનુ
માધ્યમ નથી. મોટા શિકારી કુતરાઓને પણ
પાળતા પહેલા તેને ખુબ લાગણી આપે છે. જેથી
તેઓ શાંત અને ઠંડા થઇ જાય છે. આમ તો તેમની
પ્રકૃતિ માણસને ખાઇ જાય તેવી હોય છે.
પરંતુ તેનો માલિક જો મોડો આવે તો ખાઇ પીએ
પણ નહિ. માલિક માંદો પડે તો બેચેન થઇ જાય
આ બધામા કારણ શું ?

સંજ્ઞી પંચેન્દ્રિય હોય અને બહેરો હોય
તો વાંધો નહિ પણ સાથે જીવમા લાયકાત
જોઇએ અને ભૌતિક રીતે પણ આટલો વિકાસ
તો જોઇશે જ.

અત્યારે આપણે પણ જો અસંજ્ઞી પંચેન્દ્રિય માં જતા રહીશુ તો પછી આપણને ધર્મ પામવાની શક્યતા રહેતી જ નથી. આમ ચારે ગતિમાં સમકિત સુધીની ભૂમિકાને પામી શકાય છે. પણ સર્વ-વિરતિતો મનુષ્ય ભવમાં જ પામી શકાય છે, અને આ મનુષ્ય ભવ પામ્યા પછી પણ અમુક ભૂમિકા નથી આવતી ત્યા સુધી અમુક ધર્મ નથી આવતો. સમતાનો ભાવ તો નિરઅતિચાર ચારિત્ર પામ્યા પછી જ પામી શકાય.

અત્યારે તમારા પર કોઇ ક્રોધ કરતો તે વખતે તમે તેને સિદ્ધ સ્વરૂપથી જુઓ અને ક્રોધ ન કરો તો પાપ લાગે. અને ગુણિયલ પ્રત્યે પુજ્ય ભક્તિ-ભાવ આવવો જોઇએ, નહિતર મિથ્યાત્વનો દોષ લાગે છે. તે ભારે કર્મ છે આત્માની પાયમાલી કરનાર આ કર્મ છે. તેથી જ ગમે ત્યાં ભક્તિભાવ ન જોઇએ.

સભા :- સર્વ ધર્મ સમાન છે

સાહેબજી :- સર્વ ધર્મ સમાન છે આ વાક્ય ખોટુ છે, પરંતુ સર્વ ધર્મ સમભાવ છે. અને તે પણ સમતાની ભૂમિકામાં ગયા પછી જ. સમાન ભાવ જુદી વસ્તુ છે, ને સમ ભાવ જુદી વસ્તુ છે સમભાવમાં ગયેલા પણ સર્વધર્મ સમાન નથી માનતા, પણ સર્વધર્મ સમભાવ છે તેમ માને છે. સમાન કહેશો તો આત્મવંચના થશે. દા.ત આપણા ધર્મમાં રાત્રે ખાવુ પાપ છે. જ્યારે મુસ્લિમ ધર્મમાં રોજા વખતે રાત્રે જ ખવાય, તેમાં તેઓ ધર્મ માને છે. તો પછી સર્વધર્મ સમાન કઇ રીતે

કહેવાય.? તમારે અનાજ- કપડા-માલ બધામાં
ક્વોલીટી પડે, પણ ધર્મમાં જ બધુ સમાન! એમ ન જ
કહેવાય. આ બધાની શુરૂઆત કરનાર ગાંધીજી છે.
જૈન શાસ્ત્રમાં ભૂમિકા કહે છે કે - સર્વધર્મ પ્રત્યે
સહિષ્ણુતા, અર્થાત કોઈ બીજા ધર્મને વખોડવા કે
ધર્મ પ્રત્યે દ્વેષ-તિરસ્કારનો ભાવ કરવો નહિ.
પોતાના ધર્મમા જે તેમને સારૂ લાગતુ હોય, એને
કરતા હોયતો ભલે કરે. જેને જે ગમે તે આચરે.
ધર્મ કાંઈ બળજબરીથી લાદી દેવાની વસ્તુ નથી.
ધર્મ અંતરના ઉમળકાથી, આત્મકલ્યાણ માટે કરવાનો
છે. બીજા ધર્મમા પણ પ્રભુની આજ્ઞા સાથેની જે
વાતો છે, તે અમને પૂર્ણ માન્ય છે. અમે તેમની -
અનુમોદના કરીએ છીએ

પ્રાથમિક સર્વ ધર્મ સહિષ્ણુતા
સર્વ ધર્મ સમન્વય
સર્વ ધર્મ સમભાવ

'સર્વધર્મ સહિષ્ણુતા' એ પ્રાથમિક ભૂમિકા માટે છે
જ્યારે 'સર્વધર્મ સમન્વય' એ જે જ્ઞાની ગીતાર્થ છે
સ્યાદવાદને જાણેલા છે, તેને માટે છે. કારણ જ્યાં
જેટલુ સાચું છે તેને પકડીને તેઓ સમન્વય કરે છે.

'સર્વધર્મ સમભાવ' સમતામાં રહેલાને માટે
આવશે. અત્યારે આપણે સર્વધર્મ સહિષ્ણુતા પકડવાની
જરૂર છે. બીજા ધર્મો પ્રત્યે ઉગ્ર ને આક્રમક બનવાનું
કહેતા નથી, પણ સર્વધર્મને સમાન માનવું તે તો
પુરેપુરો અવિવેક છે.

તેથી જ દયાપાત્રમાં અનુકંપાભાવ કરવાનો
છે " " ભક્તિ " ભક્તિભાવ કરવાનો
છે.

અત્યારે દાનના ક્ષેત્રે બહુ મોટી ગરબડો ચાલે છે. આ બેનો ભેદ પાડવાનો ખ્યાલ બધાને હોતો નથી. અત્યારે અનુકંપા દાન જ દાન તરીકે લાગે છે. બીજું 'માનવ સેવા એજ પ્રભુ સેવા' તેવું બોલાય છે. એટલે બન્નેનો શંભુમેળો થાય છે.

ક્યાં માનવ અને ક્યાં પરમાત્મા!
આ બન્નેની સેવા કદી સમાન થાય જ નહિ. વાસ્તવમાં તમે પરમાત્માને ઓળખ્યા જ નથી. 'માનવસેવા' શબ્દ પણ મિથ્યાત્વ સૂચક છે. માનવની સેવા નહિ પણ દયા હોય. સેવા તો પૂજ્યની જ હોય. આવા શબ્દો બોલતા પણ જો તેવો ભાવ આવે તો મિથ્યાત્વનો લાગે. તમે પણ જમાનાવાદના ઉંધા પ્રવાહમાં adjust થઈ ગયા છો. તેથી જ બોલતા ખ્યાલ નથી રહેતો.

માનવ સેવા તરીકે તમે જે લોકોને લો છો તે બધા લગભગ ગુણહીન હોય છે. આ બધા જીવો સેવા-પાત્ર બને ખરા?

હું જ્યારે ગૃહસ્થપણામાં હતો ત્યારે મુક્તિચંદ્રસૂરિ મોટા આચાર્ય ભગવંત, મહારાષ્ટ્રના એક ગામમાં હતા. અને તે વખતે હું ત્યાં હાજર હતો, ત્યારે એક મોટી વ્યક્તિ ત્યાં આવેલી, અને તેમણે વાતવાતમાં કહ્યું કે આપણે હવે ધર્મના ક્ષેત્રમાં ઢાંચો બદલવાની જરૂર છે. આચાર્ય ભગવંતે કારણ પુછતા તેમણે કહ્યું કે અત્યારે સામાયિક પ્રતિક્રમણ વગેરે જે અનુષ્ઠાનો કરાવીએ છીએ, તેના કરતા તમારે બધાએ સમાજ સેવામાં રસ લેવો જોઈએ, તો જ આપણી જૈન સમાજમાં Value રહેશે.

સાહેબજી કહે કે તમે અમારી પાસે સમાજસેવાનું કામ કરાવવા માંગો છો? તમારે હિસાબે સમાજ એ સેવ્ય છે અને તેમની અમે સેવા કરીએ એટલે અમે સેવક થાય તમે અમને આમતો ગુરૂ કહો છો, તો પછી હવે તમારે અમારી કઈ કેટેગરી રાખવી છે. અમને સેવક બનાવવા તમે માંગતા હો તો તમારાથી અમને ખમાસમણ ન અપાય. અમે પૂજ્ય કે તેઓ પૂજ્ય? સમાજ અમારા માટે સેવ્ય બને ખરો? પહેલાતો ધર્મગુરૂઓને રાજાઓ પણ પૂજ્ય બુદ્ધિથી જોતા. અમે આ અહંકારથી નથી કહેતા. જ્યારે અમે સંસારના બધા પાપોનો ત્યાગ કરી તેમાંથી મુક્ત થઈ નિષ્પાપ જીવન સ્વીકાર્યું છે. ત્યારે પાપમય જીવન જીવનારાની અમારાથી સેવા ન જ કરાય. તમારે પણ માનવતાના કામમાં સેવાનો ભાવ ન લાવવો જોઈએ.

અત્યારે મહાત્માઓ અનાથ આશ્રમો - હોસ્પિટલ ગરીબ દીન દુઃખિયાની સેવા કરવાનો ઉપદેશ આપે છે. તેવી પ્રેરણા અપાય કે તે વાત જુદી છે, પાછા તેમ આવીને કહે કે અમે એવું કામ કર્યું કે એ લોકો જૈન ધર્મની વાહવાહ કરી. પણ આવી રીતે વાહવાહ ન જ કરાવાય. ઘણા લોકો રક્તપીતીયા બાળકોને "અમે ખાવામાં મિઠાઈ આપી", તથા "કળશ લઈ પગ ધોઈ તિલક કરી પહેરામણી પણ આપી." એ લોકો એ તો દૂધથી પગ ધોયા હોય તેવું જોયું જ ન હોય માટે એટલી પ્રશંસા કરીકે ન પૂછો વાત.

સભા:- આવી રીતે જૈન ધર્મ પ્રત્યે અહોભાવ થાય ને?

સાહેબજી:- દયાપાત્રમાં આવી રીતે ભક્તિ ન કરાય.

આધાર્મિક ભક્તિપાત્ર છે કે દીનદુઃખી ભક્તિપાત્ર છે.

સભા:- પણ અત્યારે તો વાહવાહ કર્યા થાય છે તે જ જોવાય છે.

સાહેબજી:- અનાથની ભક્તિ આમ ન થાય ભૂમિકા પ્રમાણે વ્યવહાર છે. માનવ પ્રત્યે સેવાનો ભાવ થાય તો વિવેક ચૂકયા કહેવાય, માનવ સેવા મિથ્યાત્વ છે. તો માનવ-સેવા એ જ પ્રભુ સેવા એ તો મહા મિથ્યાત્વ થશે. તમે સારા ખાનદાન ગૃહસ્થ હો અને તમારી સરખામણી જો કોઈ ગુંડા સાથે કરે તો અને જમવાનું આમંત્રણ આપીને પછી બાજુમાં ગુંડા સાથે બેસાડીને જમાડે તો તમને કેવુ લાગશે?

સભા:- દુઃખ જ થાય

સાહેબજી:- અરે, એટલું જ નહિ, પણ અપમાન સમજીને ઘરે જ જતા રહો. આમ તમે તમારી જાતનું મૂલ્યાંકન કરો છો, તો પછી જગતના સર્વ શ્રેષ્ઠ પરમાત્માને આમ સરખાવો તો શું મહાપાપ ન લાગે? ભિખારીને જમવાનું કઈ રીતે આપો છો અને અતિથી અમે આવીએ ત્યારે તમે કઈ રીતે ગોચરી વહોરાવો? આ બેમાં ભેદ તો પડે જ.

<u>ભાવ પલટાય</u> એટલે વ્યવહાર પણ પલટાય. મહાત્મા આવે ત્યારે તમને તેમના પ્રત્યે અહોભાવ હોવાથી, જરૂર પડે બહાર ઉભા રહી વાટ જુઓને પગે લાગીને પણ લઈ આવો. એકલા ભાવમાં જ નહિ પ્રવૃત્તિમાં પણ ભેદ પડશે જ.

અત્યારે તો લોકો એવું પણ બોલનારા છે કે મંદિરમાં જઈને પૂજા કરવાથી કંઈ ભક્તિ થતી નથી. પ્રભુ તો માનવના હૃદયમાં છે. તેમની પૂજાથી

પ્રભુપૂજા થશે. અત્યારે દયાનો ભાવ અને ભક્તિભાવ ફેરવાઈ ગયા છે.

સભા:- ભાવો હતા જ નહિ.

સાહેબજી:- જન્મથી શરીરથી ભારતીય હોવા છતા એવા ઈમ્પોર્ટેડ માઈન્ડ તૈયાર થયા છે, આવું જ બને. સેવા પૂજ્યની જ હોય અને દયા દુઃખીની જ હોય. નહિતર ગુણ કેળવીને પણ ગુમાવવાનું થશે. પણ જે ગુણો કેળવીને તમારા આત્માને નુકશાન થાય તેવા ગુણો કેળવવાનો શું ફાયદો?

તમે કોઈ ધર્માત્માને જુઓને બહુમાન ન થાય તો તેમાં તમારા ગુણાનુરાગની ખામી છે, જે ધર્માત્મા નથી અને તેના પ્રત્યે બહુમાન થાય તે પણ તમારી ખામી છે.

સભા:- બીજા ધર્મના દીક્ષાર્થી આવે તો બહુમાન થાય?

સાહેબજી:- તે વખતે તમારે લાગણી વ્યવહારનો ભાવ લાવવાનો છે. બધાની દયા હોય નહિ. દુઃખીની જ દયા કરવાની છે, સુખીની દયા કરવાની નથી. તમારે ઘરે બધા આવે તેને દાન ન અપાય પણ તમારે સૌજન્યતા - લાગણી ભાવથી જમાડવાના છે ત્યાં દયાભાવ નથી કરવાનો. દિકરાને દયાભાવથી નહિ પણ વાત્સલ્ય ભાવથી જમાડીએ છીએ. દરેક ઠેકાણે ભાવ જુદા આવશે. દિકરાને જમાડવા કે મહેમાનને જમાડવા તે કાંઈ દાન નથી, આ તો સામાજિક સદ્વ્યવહાર છે.

સભા:- મહાત્માઓને ઉપસર્ગ - રોગ આદિ આવે ત્યારે એવી થાય કે આ દુઃખ હું દૂર કરું.

સાહેબજી :- મહાત્મા રોગ આદિથી ઘેરાયેલા હોય અને તેમના દુઃખ દૂર કરવાની તમને ભાવના થાય, પણ તે વખતે તેમના માટે બિચારાના ભાવ આવે તો અશુભ ભાવ છે. ત્યાં પુણ્યભાવ છે. સુપાત્રને દયા-બુદ્ધિથી દાન કરો તો પાપ લાગે.

દયાપાત્રમાં ભક્તિભાવ કરો તો સમકિત હોય તો પણ ભાગી જાય, ને ન હોય તો આવવાનો ચાન્સ જ નથી. બધે જ વિવેક શીખવો પડે. દાનધર્મ જીવનમાં અનિવાર્ય છે. તમારી શક્તિ હોય અને દાન ન કરો તો અંતરાય કર્મ બંધાય. દાન શ્રેષ્ઠ ધર્મ છે, કરતા આવડે તો મોક્ષ સુધી પહોંચાડે. ભૌતિક સામગ્રી પણ અપાવે. તેનો મહિમા અપરંપાર છે.

તમામ ધર્મોમાં દાનધર્મની વાત છે. પણ જૈન શાસ્ત્રમાં દાનધર્મની ઘણી ઊંડી વાતો છે. વોલ્યુમોના વોલ્યુમ ભરાય તેટલી વાતો છે.

આ ભક્તિપાત્રને ઓળખવા કઇ રીતે?
તેવી જ રીતે દયાપાત્રને પણ ઓળખવા કઇ રીતે?
નવકારમાં 'નમો અરિહંતાણં'થી ચાલુ કરી 'નમો લોએ સવ્વસાહૂણં' ત્યાં પૂરું કર્યું છે. અહિંયા પંચ-પરમેષ્ઠીને પુજ્ય ગણ્યા છે

શ્રાવક ચતુર્વિધ સંઘમાં ભક્તિપાત્ર ખરો પણ નવકારમાં શ્રાવકનો નંબર ન જ લાગે. સાધુ માટે તો શ્રાવક પણ પુજ્ય નથી. અમને તમારા માટે ભક્તિભાવ થાય તો પણ પાપ લાગે. પોતે જે ભૂમિકામાં હોય તેનાથી ઊંચી ભૂમિકાવાળાની ભક્તિ કરવાની હોય.

સભા:- તો પછી આચાર્યોએ શ્રાવકોના જીવન-ચરિત્રો શું કામ લખ્યા?

સાહેબજી! - ક્યાંય તેઓએ હાથ જોડ્યા છે?
પ્રમાણ આપ્યું છે? ભક્તિ નથી કરી. અજૈન હોય
અને તેનામાં મોક્ષ માર્ગાનુસારિતાના ગુણો હોય તો
વિતરાગ પણ તેની અનુમોદના કરે છે. તો પછી એમાં
અમને શું વાંધો હોય. અનુમોદના કરવી જુદી વાત છે ને
પૂજ્યભાવ લાવવો તે જુદી વાત છે. પ્રભુ પણ શાસનનાં
નાયક છે ત્યાંસુધી શાસનની ઉપબૃહણા કરે છે.
તેમણે આનંદ શ્રાવકની અનુમોદના કરી છે

એક વખત આનંદ શ્રાવક પૌષધમાં છે.
ત્યારે રાત્રે દેવો તેમને ચલાયમાન કરવા ઉપસર્ગો
કર્યા છે. આ દસ શ્રાવકોમાં એકએક પાસે એટલું
ધન છે. કે સારા ભારતના ધન કરતા કંઈ ઘણું અધિક
છે. પરંતુ ધર્મ કરવા બેસે ત્યારે તેમની અવસ્થા શું?
તેમના પોતાની પૌષધશાળા મંદિરો જુદા હોય. જ્યારે
પણ ભાવના થાય ત્યારે દિવસમાં પૌષધ કરે અને
રાત્રે પૌષધમાં કાઉસગ્ગમાં ઉભા રહે. તમે તો ઘરે
ન ઉંઘો એટલું અહીંયા ઉંઘો. પરંતુ આ આનંદ
શ્રાવક સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં છે. ત્યારે તેમને
ચલિત કરવા દેવ ઉપસર્ગ કરે છે. પૂણ પોતે તો
ચિંતન ધ્યાનમાં એકાગ્ર છે. તેથી થાકીને દેવ પગે
લાગીને જતા રહે છે. સવારે પૌષધ પાળીને પ્રભુને
વંદન કરવા જાય છે, ત્યારે બધાને બોલાવીને પ્રભુ
કહે છે કે આ સંસારમા ખૂંપેલા છે, છતાપણ આવી
આરાધના કરે છે. જ્યારે આપણે તો આખો સંસાર
છોડ્યો છે, તો કેવી સાધના થવી જોઈએ. આરાધકતાનો
સાચો ગુણ તમારામાં જોઈએ અમે પણ તમારી
અનુમોદના કરીયે. પણ પૂજ્યભાવ ન થાય. નહિતર

વિવેક જાય.

દયાની ભક્તિની વ્યાખ્યા ને માપદંડ પદ્ધતિ શું છે? અમે માનવદયાના વિરોધી નથી પણ માનવસેવાના વિરોધી છીએ. આમ બધું વિવેકપૂર્વક સમજીને વિચારજો.

॥ પ. પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥—

૨૨-૭-૯૮ અનુકંપાદાન ચોપાટી

ગુરૂવાર

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને ધર્મના ઉત્તરોત્તર શ્રેષ્ઠ ભૂમિકાનો પ્રબોધ કરાવનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ આત્મકલ્યાણ સાધક જેટલો પણ ધર્મ છે, તે બધોજ ધર્મમાં સમાવેશ થઈ જાય છે. પરંતુ તેમા ઉચલી કક્ષાને નીચલી કક્ષાનો ધર્મ સમજવો પડે. બધા જ ધર્મોનુ એકસરખું મૂલ્યાંકન કરવાનું નથી.

કઈ ભૂમિકાની કઈ કક્ષા છે, તે સમજવું જોઈએ. દા.ત બાહ્ય તપ કરતા અભ્યંતર તપ ઉંચો છે. અને તેમા પણ ધ્યાનયોગ ક્ષપકશ્રેણીના પાયામાં શ્રેષ્ઠ તપ થાય છે. તેવી જ રીતે દયામાં કઈ દયા ઉંચી, કઈ દયા નીચી તે સમજવુ પડે કક્ષા પ્રમાણે જોઈએ પડે છે.

દાનધર્મમાં આના ઘણા પ્રકારો છે પણ તેમા બધા સમાન સ્તરના નથી. સૌથી શ્રેષ્ઠ

સમ્યક્ જ્ઞાન દાન છે, પછી અભયદાન, પછી ધનની દાતા સંકાર્યો છે. આ ધનદાનના પણ વર્ગીકરણ થાય છે. તે બે છે. અનુકંપાદાન ને સુપાત્રદાન

અનુકંપાદાન કરતા સુપાત્રદાન ઘણું ઉંચુ છે ઉંચા ધર્મને હલકા ધર્મ સાથે તુલના કરવાથી ને હલકા ધર્મને ઉંચા ધર્મ સાથે તુલના કરવાથી પાપ લાગે છે. આ મિથ્યાત્વ છે.

ભક્તિ એ એક પ્રકારનો ધર્મ છે પણ તેમાં ઉંચી ને નીચી ભક્તિ સમજવી પડે. દા.ત ભગવાનના મંદિરમાં જઈ ધુન મચાવો, સંગીતના જલસા સાથે પ્રભુની ભક્તિ ભાવવિભોર થઈને કરો તો પણ એ ભક્તિ સાધુની ભક્તિ સામે નીચી ગણાય. ઉંચી ભક્તિ કરવાનો સાધુને જ અધિકાર છે. મંદિરમાં હૃદયથી જાતને ભૂલીને પરમાત્મા સામે તન્મય થઈને નાચનારા શ્રાવક કરતા સાધુ મહાત્મા, જે મંદિરમાં ન પણ બેઠા હોય અને ઉપાશ્રયમાં હોય તો પણ તે ભક્તિ ઉંચી ભક્તિ છે.

સભા:- તો પછી રાવણ મંદોદરીની ભક્તિ કેવી?

સાહેબજી:- તેમની ભક્તિ, તેમને જેવી શ્રદ્ધા હતી તેવું જ તેમનું સમર્પણ હતુ. જ્યારે બીજાને શ્રદ્ધા પ્રમાણે સમર્પણ ન પણ હોય. આ ફરક હતો. પણ સાધુ ભક્તિની તોલે તો તે ભક્તિ ન જ આવે. આમ પ્રત્યેક ધર્મના અનુષ્ઠાનની કક્ષા પકડો. ધર્મ, ધર્મ જ કહેવાય. માટે હલકો ધર્મ ખરાબ છે એમ નથી પણ હલકા ધર્મનું ઉંચો માનો અને ઉંચા ધર્મને નીચો માનો તો તે ઘણી જ મોટી ગેરસમજ છે.

અનુકંપાદાન અને સુપાત્રદાનમાં મહત્તાની દૃષ્ટિએ સુપાત્રદાન ઊંચુ હોવા છતા અનુકંપાદાન ન કરવાનું નથી કહ્યુ. શાસ્ત્રની દૃષ્ટિએ તુલના કરતા કહ્યુ કે મણ પૂજા વિધીપૂર્વક સ્વદ્રવ્યથી, ચિત્તની એકાગ્રતાથી કરો તેની સામે એક સામાયિકનું ફળ ઊંચુ છે. કારણ તેમાં ત્યાગ સમાયેલો છે, ઉંચા ગુણોનો વિકાસ છે. એટલે આ વાક્ય પકડીને ઉંધો અર્થ નથી કરવાનો કે જ્યારે ટાઇમ મળે ત્યારે સામાયિક જ કરવું ને પૂજા ન કરવી. અવસરે જે કરવાલાયક છે તેજ કરવું ઉચિત છે. એવી જ રીતે અનુકંપાદાન પણ અવસરે કરવા લાયક છે. તીર્થંકરની આજ્ઞા પ્રમાણે કરો એ ધર્મ જ છે. આથી બન્ને ધર્મનું મુલ્યાંકન સરખું ન કરાય. જો તમે પૂજાના અવસરે સામાયિક લઇને બેસો તે પણ દોષ છે. અને સામાયિકના ટાઇમે પૂજા પણ કરો તો દોષ છે. પણ બન્ને અનુષ્ઠાનો પૂજા ને સામાયિકને સરખા ન ગણાય, તફાવત તો રહેશે જ.

પૂજાના સમયે સામાયિક લઇને બેસો તો જે તીર્થંકરોનો આપણા ઉપર ઉપકાર છે, તેમનું ઋણ છે, તેથી તેમનું બહુમાન કરવાનો અવસર ચુકાય જશે.

અત્યારે દુનિયામાં અનુકંપાને ઉંચો ધર્મ માને છે અને સુપાત્રદાનને નીચો બિનજરૂરી ધર્મ માને છે. અત્યારે ઘણા જૈનો એમ બોલતા થયા છે કે હવે દેરાસરો તો ઘણા થયા છે, એ વધારે કરવા જરૂરી નથી. ઓચ્છવ-મહોત્સવ તો ઘણા થયા છે. તેમાં પૈસાના ધુમાડા કરવાની જરૂર નથી. પરંતુ આ કાળમાં ગરીબીના કારણે આ પૈસાથી અનુકંપા કરવાની જરૂર છે. તેમના સુપાત્રદાન કરતા અનુકંપાદાન ઊંચુ લાગે છે.

સાહેબજી :- તમારી પણ આ કક્ષા નથી ને ?

સભા :- થોડી થોડી તો છે જ

સાહેબજી :- મારે જ બનેલો દાખલો છે. ધર્મ કરનારા ભુલાચલ વ્યક્તિત્વ ધરાવતા એક ભાઈનો પરિચય મને થયેલો. તેમને જીવદયાની ખૂબ જ ભાવના. આમપણ જૈન ધર્મના કારણે વારસામાં જ અહિંસા, જયણાનાં સંસ્કારો મળેલા હતા. અત્યારે હિંસા - આરંભ સમારંભ કતલખાના ઘણા જ છે, તેથી જીવદયાનું કામ ઉપાડી લીધુ હતુ. તે કામ સારૂ છે એને વખોડતા નથી. તેઓ જાનનુ જોખમ ખેડીને ઝઘડી-લડીને પણ કતલખાને જતા જીવને બચાવી પાંજરાપોળમાં લઈ જતા, પછી તેના રક્ષણ માટે ફંડફાળો આપે, દાન આપે. જરૂર પડે પચાસો ધક્કા પણ ખાતા. વિચારો તેમનામાં દયાગુણ કેટલો હશે? પ્રાણી દયાનું કામ તો કરતા જ હતા, તેઓ એક વખત વાત કરતા મને કહે "હું ભવોભવ આવી જીવદયા કરી શકું એવી શક્તિ મને મળે." મારા માટે તો આ ઊંચી આરાધના છે, હવે તો મને મોક્ષે જવાની પણ જરૂર લાગતી નથી. આમ જ સંસાર-માં ભવોભવ પશુઓને બચાવી શકું.

આ બધા ધર્મની કક્ષા ને સમજણને કારણે આવુ વિચારે, તમે લાખો કરોડો જીવને બચાવો, તેવુ જીવનો જૈન જતન કરો તો પણ તે ૧ મિનિટના સાધુપણા-ની તોલે ન આવે.

ક્યા ધર્મનુ ફળ મહાન અને ક્યા ધર્મનુ ફળ સામાન્ય ગણાય ? તમે ગમે તેટલા પશુઓને છોડાવો, તો પણ એકપણ જીવને તમે સંપૂર્ણ અભયદાન આપી શકતા નથી. જ્યારે સાધુ તો સર્વજીવોને સંપૂર્ણ

અભયદાન આપે છે. ગાયને ઘાસ ખવરાવતા, બીજા અનેક જીવોની તમે હિંસા કરતા હો છો. (વનસ્પતિ આદિ જીવો) આમ એમાં પણ સંપૂર્ણ અભયદાન નથી જ આપી શકતા.

અત્યારે મધર ટેરેસાને મહાન વ્યક્તિ માનો છો તે માનવ દયાના ઘણા કાર્યો કરે છે. પણ શાસ્ત્રની દૃષ્ટિએ તેના આખા જનમની દયા કરતા, એક સાચા ભાવ-શ્રાવકના સામાયિકનું મૂલ્ય કંઈ ઘણું વધારે છે. તમને તો લાગે છે કે બે ઘડીના સામાયિકમાં શું મોટો ધર્મ થઈ ગયો. નવરા પડે ત્યારે જ કટાસણું લઈને બેસવાનું એમ લાગે છે. બીજા બધા કામ હોય તો સામાયિકનો ટાઈમ મળે ખરો?

સભા:- ઘણા કામ હોયને સામાયિક કરીયે તો?

સાહેબજી:- રસ હોય તો મન થાય. ઘરમાં તમારે કદાચ ગમે તેટલા કામ હોય અને તે જ વખતે એક ફોન આવે કે અત્યારે અહીં આવવાથી ધંધામાં નફો છે તો શું તમે ભાગો કે નહિ? ત્યારે મન લાગી જ જાય છે તમે ધર્મના સ્વાદને લેવાનો પ્રયત્ન કરો. તેમાં એન્જોયમેન્ટ આવે. જ્યાં સુધી ધર્મનું મૂલ્ય સમજાયું નથી તેથી ન કરવાના બહાના છે.

આપણા એક એક અનુષ્ઠાનની મહત્વતાની ખબર છે? સામાયિકમાં જે રીતે જીવોને અભયદાન અપાય છે તેના તોલે આ માનવદયા ન જ આવે. એનો અર્થ એવો પણ નથી કે આખો દિવસ સામાયિક લઈને બેસી જવાનું.

ધર્મમાં ઊંચી નીચી કક્ષા બરાબર સમજવી પડે. જેટલો નીચી કક્ષાનો ધર્મ તેટલો તેનો રાગ-બહુમાન

અત્યારે સમાજમાં અનુકંપાદાનને જ બિરદાવવામાં આવે છે એક માણસ જીન મહોત્સવમાં લાખ રૂપિયા ખરચે તેના કરતા માનવતાના કામમાં વધારે વાહવાહ થાય છે. અત્યારે તમારી કેટલી ઉંધી માન્યતાઓ છે.

સભા:- અત્યારે સુપાત્રદાન વિધીપુર્વક નથી થતુ તેમા ઘણી અવિધી હોય છે

સાહેબજી:- શું અનુકંપાદાનમાં અવિધી નથી થતી? શું સુપાત્રદાનમા જ વિધી આવે? અમારો પણ પણી જ નંબર ને? બધુ જ ભગવાનની આજ્ઞા મુજબ કરવાનુ છે અત્યારે તમે વિધીપુર્વકમા કઇ વિધીનો આગ્રહ રાખો છો? શરૂઆતના પ્રાથમિક ધર્મમાં થોડીક અવિધી હોય જ. નિરતિચારના લેવલ સુધી હજુ આપણે પહોચ્યા નથી

સભા:- પણ અત્યારના લેવલ પ્રમાણે શું?

સાહેબજી:- એમ ન બોલો, અત્યારે પણ ઘણું લેવલ સચવાય છે. જ્યારે મોટી અવિધી થાય ત્યારે જ અમે પણ કડકાઇપુર્વક કહીયે છીએ

અત્યારે જીનમંદિરો બાંધતા કે વિધી-જતના આદિ સચવાવા જોઇએ તે કદાચ ન સચવાય, તો તે વખતે બાંધનારનો ભાવાન ઉદ્દેશ કેવો છે તે જોવાનુ છે, તથા તેણે કોઇ મોટા કુકર્મ ન કર્યા હોય તો તે કામ પણ આદરણીય છે.

અનુકંપાદાન ને સુપાત્રદાનના ભેદ પાત્રના કારણે જ પડ્યા છે. દયા પાત્રમા દયા ભક્તિપાત્રમાં ભક્તિ જ જોઇએ દયાપાત્રમા કરાતુ દાન હલકુ છે, ભક્તિપાત્રમા કરાતુ દાન ઉંચુ છે. અત્યારે તમે પ્રાણીદયા કે માનવતાના કામ કરનારને જોઇને અંજાય જાવ છો. તે પણ ઉંચા લાગે છે. તેથી મધરટેરેસાની દયા ઉંચી દેખાય

છે. અને સાધુમહાત્માની દયા નીચી દેખાય છે. આ વિવેકની ખામી સૂચવે છે.

સભા:- હા. સાહેબ સમજણ ઘણી ઓછી છે.

સાહેબજી:- સમજણ હોવી અગત્યની છે. ઓછી હોય તો માણસ ગમે ત્યાં લપટાઈ જાય છે. તેથી જ સમજણ કેળવવી, અને તેથી માણસ જાગૃત રહે છે.

સભા:- અત્યારે અનાર્ય દેશોમાં અનાથ ખવડાવે છે તે દાન ખરું?

સાહેબજી:- અનાર્ય દેશોમાં દાન-દયા જુદા જ પડવાના છે. તેમના પ્રમાણે તેમની ક્વોલીટીનું મુલ્યાંકન કરીયે તો અમને વાંધો નથી. પણ એવા કામને કરવા લાયક માનો તો તે <u>મિથ્યાત્વ</u> <u>અવિવેક</u> છે.

જૈન તરીકે ધર્મ જુદા આવશે. અત્યારે લોકો માને છે કે ત્યાં પણ લોકો વેજીટેરીયન થવા લાગ્યા છે પણ તમને ખબર નથી કે ત્યાંનો ૯૫% વર્ગ નોન-વેજીટેરીયન છે. તેમને ત્યાં વંશપરંપરાના કારણે રોજ માંસાહાર થતો હોય તેથી તેવા વખતે જો કોઈ ગરીબ આંગણે આવે તો, તેને જોઈને તેને એમ થાય કે હું મારી શક્તિ પ્રમાણે મારી પાસે જે છે તેમાંથી તેને આપું. અને માંસ ખાનારો હોય તો તેમાંથી ટુકડો દયાભાવથી આપે, સાથે નિઃસ્વાર્થ ભાવે કામના વગર આપે માટે તેના માટે તો તે દાન જ કહેવાય. આ એકદમ હલકી કોટિનું દાન છે. અનાર્ય દેશમાં તો આવું જ દાન રહેવાનું.

સભા:- આવું જાણ્યા છતા જૈનો પૈસા આપે છે.

સાહેબજી:- હા. અત્યારે જૈનો ખૂબ જ ભૂલ્યા છે જૈનમાં જન્મ્યા છે પણ જૈન ધર્મના દાનધર્મને એક રકો

પણ સમજ્યા નથી.

વાંદરામાં એક હોસ્પિટલ બને છે જેમાં સૌથી વધારે ડોનેશન આપનારા જૈનો જ છે. તે વધારે સગવડ વાળી આધુનિક હોસ્પીટલ બનશે, અને આમા જૈનો જ તે કામને માન મરતબો આપશે વખાણ પણ કરશે. આ બધાને સત્કાર્ય કહી શકાય. નહિ. આ દાન અનુકંપા - દાનમાં ન જ આવે.

સભા :- સાધુઓ પણ ઉપયોગ કરે છે.

સાહેબજી:- એમ નક્કી કરો કે સાધુઓ જે વસ્તુઓનો ઉપયોગ કરે છે તે બધામાં દાન આપવું. સાહેબજી રોટલી ખાય છે તો આપો ખેતીમાં દાન, સાહેબજી કપડા પહેરે છે તો આપો મિલોમાં દાન.

અત્યારે હોસ્પિટલોમાં કરોડોની હિંસા સમાયેલી છે.

સભા :- પણ અત્યારે આ જરૂરી છે

સાહેબજી:- જેટલું જરૂરી હોય એટલું બધું જ વ્યાજબી ખરૂ ? જરૂરિયાત નહિ પણ ઉત્તમતા જોવાની. પાયાના સિદ્ધાંતો સમજો, તમારી કેટલી પુણ્ય રાશિ ભેગી થાય છે ત્યારે તમે મનુષ્ય ભવ પામ્યા છો, તમે માણસ બન્યા એટલે તમારી સુખશાંતિ માટે બીજા ગમેતેટલા જીવોને અશાંતિ આપી રહેંસી નાખવા તે જરૂરી છે ? એમ તેટલા જીવોના ભોગે પણ તમને શાંતિ જોઇએ છે. મનુષ્યભવ આના માટે નથી મળ્યો

અત્યારે હોસ્પિટલો અને શિક્ષણ આમાં આ જે ક્ષેત્રમાં જૈનોના અબજો રૂપિયા વ્યય છે. આ બન્ને ક્ષેત્ર માનવતાની વ્યાખ્યામાં આવતા જ નથી, પરંતુ અત્યારે આ બન્ને ક્ષેત્રને સમાજના ઉત્થાન તરીકે

બિરદાવવામાં આવેલ છે. તમને થશે કે અત્યારે હોસ્પિટલો માં કેવા ભયંકર રોગોમાં સબડતા - કણસતા લોકો લોહી નિતરતા ઘાયલો, અને રોતા પૈશન્ટો આવે છે તેઓને આના દ્વારા હત્યા કરીને મોકલીયે તો બરાબર નથી? માણસજાતને જીવાડવા માટે તેની સુખશાંતિ માટે લાખો પશુને મારી નાખવા તેવું માનવતાનું કામ નથી છે? તેને સત્કાર્ય ગણી શકાય? તમારે આવી માનવ દયા માનવી છે. આપણા શાસ્ત્રો તો જીવમાત્રની દયા માગે છે.

સભા:- આપણા ધર્મ પ્રમાણે જ કરીયે ને?

સાહેબજી:- ગાંધીજી કહેતા માનવની શાંતિ માટે ગમે તેટલા જીવોને મારો તો પાપ નથી. અત્યારે ગંદકીના કારણે હજારો મચ્છર થાય છે, તો તેને પણ મારી નાખો, માખી બહુ જ રોગચાળો ફેલાવે છે તો તેને પણ મારી નાખો. ઉંદર ઘણો જ બગાડ કરે છે તો તેને પણ મારી નાખો. આ બધાને પાપ નથી માનતા કારણ માણસને શાંતિ મળે છે. શું આ ધર્મ છે?

પહેલાના કાળમાં ભૂતકાળમાં, માણસો માંદા નહોતા પડતા? તેમના પણ ઉપચાર થતા હતા. પ્રભુએ એમ નથી કહ્યું કે તમને રોગ આવે ત્યારે સબડી સબડીને મરી જાવ. અમને પણ રોગ આવે ત્યારે સમાધિ ટકી રહે ત્યાં સુધી દવા નથી કરવાની. પણ જો અમારે પણ સમાધિ ન ટકે તેમ હોય તો દવા કરવાની છે. અને જો ન કરીયે તો દોષ લાગે. અમને પણ જ્યારે આવી આજ્ઞા છે ત્યારે તમને તો હોય જ ને.

કોઈ માણસ માંદો થાય ત્યારે તેને રાહત થાય, શાંતિ થાય તેના માટે પ્રયત્ન કરવાનો જ, પણ પ્રયત્ન કેવો કરવાનો? એક જીવની શાંતિ

માટે ૧૦૦ જીવની અશાંતિ કરીને ન ચાલે. આયુર્વેદિક હોસ્પિટલ ખોલો તો વાંધો નથી. આયુર્વેદમાં પણ હિંસા થશે પણ પેલા જેમ જેવી નહિ. અમને કંઇ હોસ્પિટલ પ્રત્યે પૂર્વગ્રહ નથી. અત્યારે જે, ઘણું નવું શોધાયું છે તેનાથી વધારે તેના બણગા ફૂંકાય છે. આયુર્વેદમાં પણ ઓપરેશનો થતા હતા. આ બધું નવું શોધાયુ છે તે માનવાને કારણ નથી. વિકાસ પણ થયો છે એ શાના ભોગે?

રિપોર્ટ વાંચો તો ખબર પડે, રિસર્ચમાં ૧૦ વર્ષમાં ૧ કરોડ પશુ એક જ દેશમાં મરાય છે. બીજા દેશોની હત્યા જુદી. આ રિસર્ચો કેટલાયે વર્ષોથી ચાલતા હોય છે. પાછી દવાઓ તો જ્યારે શોધાશે ત્યારે. અત્યારે કેન્સરની દવા માટે કેટલાયે પશુ-ઓની હત્યા થઇ છે. તેઓ પાછા કસાઇ કરતા પણ ભયંકર રીતે પશુઓને મારે છે. કસાઇ તો એક ઝાટકે મારે છે, જ્યારે આ તો રિબાવી રિબાવીને મારે છે. તો પણ આ કામને માનવતામાં ખપાવવામાં આવે છે. દવાઓ શોધાય છે. ડોક્ટર્સ તૈયાર થાય છે. હોસ્પિટલ વગેરે બને છે આ બધાને સત્કાર્ય કહેવાય નહિ. આ તો આર્ય દેશની માનવતામાં પણ ન આવે, તો તેને અનુકંપાદાન તો ન જ કહેવાય

Education માં પાપ શીખવવાનું પણ દાન આપવું તે પાપ છે. અત્યારે ઉપાશ્રયોમાં સ્કૂલના પાઠ્યપુસ્તકો, નોટબુકો, સ્કોલરશીપ વિગેરે અપાય છે તે બરાબર નથી

સભા:- કેવી રીતે પાપ છે?

સાહેબજી:- ૧૦૦ વર્ષ પહેલાના કરતા અત્યારે

સમાજ જે નાસ્તિક બન્યો છે. તેનુ મૂળ કારણ શું ? અત્યારે નાના છોકરાઓને શું ભણાવાય છે ? આત્મા નથી. પરલોક નથી વગેરે, ડાર્વિનની થિયરી, બાયોલોજી, કેમીસ્ટ્રીમાં પણ આ જ ભણાવાય છે પાછુ આ એક પણ વસ્તુ તેઓ પુરવાર કરી શકતા નથી. ચાર અબજ વર્ષ પહેલા પૃથ્વી ઉત્પન્ન થઇ છે નાસ્તિકતાના ધોરણો કેવું કેવુ ભણાવાય છે સત્ય વસ્તુ ભણાવવા સામે અમને વાંધો નથી

જૈન સમાજમાં અત્યારે કેટલા ડોક્ટર છે? આ બધામાં શ્રધ્ધાળુ કેટલા? ૯૫% ડો. ને નાસ્તિક કોણે બનાવ્યા ? માબાપે કે વારસાએ નાસ્તિક બનાવ્યા નથી. પણ આ શિક્ષણે નાસ્તિક બનાવ્યા છે. અત્યારે હાઇસ્કુલમાં "Sex is natural instinct" એવુ ભણાવાય છે. બાળકોને sexology ભણાવાય છે. અબ્રહ્મ એ કુદરતી છે. આવું જ બધુ મગજમાં ઠસાવાય છે. પછી તેઓ બ્રહ્મચર્યને કુદરતી નજ માને. આ છોકરાઓ અમને શું માને ? અત્યારે તમારે મોટા છોકરાઓ દેરાસર જતા નથી એટલું જ નહિ પણ પછી તમને પણ ઘરમાં નહિ રાખે. અમને સત્ય સામે વાંધો નથી.

સભા:- સત્ય સમજાવવા ઉપાય પણ સ્કૂલો તો જોઇએ જ ને ?

સાહેબજી:- તમે તે કામ કરી શકો તેમ હો તો હું પીઠબળ આપવા તૈયાર છું. પણ તમે અત્યારે કંઇ કરી શકો તેમ નથી. સરકાર માન્ય જે અભ્યાસ છે. તે તમારે ભણાવવો જ પડે. ભલે તમે સરકાર પાસેથી એક પૈસો ન લો તો પણ.

આ શિક્ષણનો ઝેર છે માટે ભલે તેના પૈસાથી
ભણાવો. પણ તમે તો કમસેકમ દાન ન આપો.
જેનાથી વિદ્યાર્થી આત્મા-પાપ-પરલોક પુણ્ય
વગેરેના વિરોધી બને છે.

સભા:- પણ સરકાર ટેક્ષથી પૈસા લઈ
લે છે.

સાહેબજી:- ટેક્ષથી પૈસાની વાત નથી, પણ
દાનધર્મની વાત ચાલે છે. આજકાલ જૈનોનો
પૈસો જેટલો દેરાસર ઉપાશ્રયમાં નહિ જતો હોય
તેના કરતા કઈ ઘણો પૈસો આ બન્ને ક્ષેત્રમાં
જાય છે. અનુકંપા દાન પણ નહીં તેવા ક્ષેત્રમાં પણ
આપો છો અને તેને ભલું માનો છો.
જેમ એક છોકરો ભણીગણીને તૈયાર થાય જેને મદદ
કરાય છે, તેનાથી તેને કુટુંબને કેટલી રાહત થાય.
એવીજ રીતે હોસ્પિટલમાં દાન કરવાથી મોટા
માણસને પણ દવાથી સાજા કરાય તો તેને ઘણી
શાંતિ મળે, તેના દુઃખ દર્દ ઓછા થાય છે.
પણ આ વાસ્તવમાં અનુકંપાદાન નથી

એક વખત આચાર્ય ભગવંતને સારી
સ્કૂલમાં પ્રવચન આપવા લઈ ગયા, એ મતલબ-
થી કે વિદ્વાન આચાર્ય પધારે તો તેમની* ઉન્નતિ
થાય, પ્રેરણા મળે વગેરે. ધર્મની દ્રષ્ટિએ પ્રવચન
આપ્યું, જેમાં આત્મા-પરલોક-પુણ્ય-પાપ-સ્વર્ગ
નરક તો આવે જ. થોડીવાર પછી બેચાર
છોકરા પૃથ્વીનો ગોળો લાવી પૂછે કે તમે
પુણ્યપાપ સ્વર્ગ નરકની વાત કરો છો, તો આ
ગોળામાં બતાવો કે સ્વર્ગ નરક ક્યાં છે? પૃથ્વીનો

અમુક વર્ષો પહેલા જ થઇ ગએ છે તો પછી અમને આ બધી વાતો શું કામ સમજાવો છો

પહેલા આ જ આર્યદેશમાં આસ્તિકતા ગુંજતી હતી. ૮૦ વર્ષની ડોશી પણ બોલતી કે એકલા આવ્યા છીએ ને એકલા જવાના છે આ દુનિયામાં કોઇ કોઇનું નથી. આ નુકશાન એ આજના શિક્ષણના જ પ્રતાપ છે.

નાસ્તિક બનાવવાના ઉદ્દેશવાળુ જ આજનું શિક્ષણ છે. આ શિક્ષણ એટલા માટે જ મુક્યુ છે કે મંદિરો રહેશે પણ તેને માનનારા નહિ રહે, પરંતુ તમે અત્યારે એની સામે કંઇ જ કરી શકો તેમ નથી. પરંતુ તે ક્ષેત્રમાં દાનધર્મની રીતે પૈસા અપાય જ નહિ.

સભા:- ઉપાય શું?

સાહેબજી:- તમે ખોટા કામમાં ખસી જાવ હિસ્સેદાર ન બનો.. અત્યારે અહીંયા બેઠેલામાંથી શિક્ષણ ક્ષેત્રે નેશનલ કે ઇન્ટરનેશનલ લેવલે કંઇ કરી શકો તેમ નથી. અત્યારે ભ્રષ્ટાચાર વધ્યો છે કેમ? માણસ નાસ્તિક બન્યો છે કેમ? નાસ્તિકતા કેમ આવી? આજનું શિક્ષણ જ આને માટે જવાબદાર છે. આ બધા ભયંકર ટાઇમબોંબ છે. એક જીવતા માણસને મારી નાખવામાં જેટલું પાપ નથી તેના કરતા કંઇ ઘણું અધિક પાપ જેને આસ્તિકમાંથી નાસ્તિક બનાવવામાં છે આ એક ભયંકર પાપ છે. આથી જ આ ક્ષેત્રમાં દાન આપવું ભયંકર છે. સજ્જનમાંથી દુર્જન બનાવવાનો આ ધંધો છે. જો તમારે દિકરો

નાસ્તિક બનશે તો તેનો આ ભવ બગડશે કે ભવો-ભવ બગડશે?

દ્રવ્યહિંસા કરતા ભાવ હિંસા વધારે ખરાબ છે. હું સ્પષ્ટતા સાથે કહું છું કે કતલખાનામાં દાન આપવું જેટલું ભયંકર છે, તેના કરતા કંઈ ઘણું અધિક ભયંકર આ ક્ષેત્રમાં દાન આપવું છે. અમે ઠંડા મગજથી, શાંતિથી, ગંભીરતાથી વિચારીને શાસ્ત્રના બધા તર્કોનું અધ્યાય કરીને બોલીએ છીએ. અત્યારે અમને કોઈ સમજાવી શકે તો સમજવા તૈયાર છીએ.

આજના જમાનામાં અબ્રહ્મ એ કુદરતી છે. અને કદાચ પણ કોઈ પાળશે તો શારિરીક બળ માટે Health ની દૃષ્ટિએ પાળશે.. અત્યારે લાખો સંતો બ્રહ્મચર્ય પાળે છે, આડકતરી રીતે તેમની ઉપરના આક્ષેપો છે. પહેલી ચોપડીથી જ આવું શિક્ષણ અપાય છે. હું જે સ્કૂલ કોલેજમાં ભણ્યો છું, તેમાંથી એ બધી જ વાતો જો મનમાં બેસી જાત તો હું એક નંબરનો નાસ્તિક જ હોત. પરંતુ અમને આ બધી વાતો બરાબર બંધ બેસતી ન લાગી તેથી જ અમે બચી ગયા.

સભા:- તમારૂં પરિવર્તન કેમ થયું?

સાહેબજી:- અમારા સદ્ગુરૂથી. અમને ધાર્મિક સંસ્કારી માબાપ અને આવા સદ્ગુરૂ ન મળ્યા હોત તો અમે ક્યાંય રખડ્યા કરતા હોત, તમે પણ જે વસ્તુ જેવી છે તે સમજતા શીખો.

અનુકંપા દાન ભગવાનની આજ્ઞા સાથે કેવું જોવ ને સમજો, આગળ વધીને ભગવાનની આજ્ઞા

સાધુના સુપાત્ર દાન (સાત ક્ષેત્ર) ની તોલે અનુકંપા આવે નહિ.

સભા:- અભયદાન ઉંચુ ખરૂ કે નહિ?

સાહેબજી:- અભયદાન આપો પણ સાથે સાચી દૃષ્ટિ આપો. તીર્થંકર આખા જગતને જ્ઞાનદાન દ્વારા આખા જગતના દુઃખ દર્દ કાપે છે. શાશ્વત સુખ આપે છે. માટે અભયદાન કરતા પણ સમ્યગ્ જ્ઞાન દાન ઉંચું છે. અને જે આ દાન આપી શકે તેનો ઉદ્ધાર નક્કી જ છે.

સભા:- અમારો છોકરો સારા માર્કસ સાથે પાસ થઈને આવે ત્યારે હરખાવાય?

સાહેબજી:- આવા વખતે તમે હરખાવો તો મિથ્યાત્વ લાગે. તમારે કહેવું જોઈએ કે તું જે આ ભણેલો છે તે સારું નથી, તેનો ઘોર પાપ છે. સાથે આપણા સમ્યગ્ જ્ઞાનની પણ સમજ આપવી જોઈએ. જૈન શાસનને પામેલાએ વિવેક કરવાનો છે. અત્યારે જૈનેતરો બેઠેલા હોય તો અમે જુદી દૃષ્ટિએ સમજાવીએ.

સભા:- એલોપેથી કઈ રીતે ખરાબ છે?

સાહેબજી:- એલોપેથી થી માનવતાની દૃષ્ટિએ પણ ઘણું જ શોષણ થયું છે. એલોપથીના નામે આપણો આયુર્વેદિક ઔષધિ વિદેશમાં જાય છે પછી. ૨૦૦-૪૦૦ ગણા નફા સાથે આપે છે. આમાં ઘણું શોષણ થાય છે. અમે એમનેમ બોલવા ખાતર નથી બોલતા, પણ જો આ બધા સત્કાર્ય હોય અને અમે તેમને નિંદીએ તો અમને પાપ લાગે. આજના education અને દવાઓ દ્વારા જો સત્કાર્યો થતા હોય અને

અમે ના પાડીએ તો અમને કેટલા અંતરાય બંધાય. આ વિષય પર તો ૧૦ પ્રવચનો આપીએ તો પણ ઓછા પડે. અત્યારના શિક્ષણમાં વિજ્ઞાન સાથે ઇતિહાસ ગણિત પણ કેવા ભણાવાય છે

અક્ષરજ્ઞાન, ગુણાકાર ભાગાકાર ક્યાંથી શીખ્યું ભૂતકાળમાં બધા જ ભોળા બુધ્ધુ નહોતા. આવી બધી વાતો જેના મગજમાં બેસી જાય તે નાસ્તિક જ બને પછી સર્વજ્ઞે કરેલી વાતો પર તેને વિશ્વાસ ન જ આવે. આજના ભણેલા, સાધુ મહાત્માઓને બુધ્ધુ બેવકુફ માને છે. નાના છોકરાઓ કોરી પાટી જેવા હોય છે. જેવું આપો તેવું ગ્રહણ કરે.

માનવતાના કામમાં અનુકંપાદાન આવે છે તેની સમીક્ષા આવશે. અનુકંપાદાન કરતાં સુપાત્રદાન ઊંચું છે. માનવતાના લાખ કામ કરો ને સુપાત્રનું એક કામ કરો તો તે બેના ફળમાં આસમાન જમીનનો ફેર છે.

હજારો સુશ્રાવકની ભક્તિ કરો અને તેની સામે એક સદ્‌ગુરૂની ભક્તિ કરો, તેમાં આમ તુલના સરખામણી ન જ થાય, એવી જ રીતે હજાર સદ્‌ગુરૂની ભક્તિ કરો અને તેની સામે પરમાત્માની ભક્તિ કરો તો આ બેની તુલના થાય જ નહિ.

વ્યક્તિનું ગુણની અપેક્ષાએ મૂલ્યાંકન કરવાનું છે ભક્તિ કરતી વખતે જરૂરિયાત કઈ જોવાની છે? ભગવાન ને તમારી પૂજા ભક્તિની જરૂર છે. તમે નહિ કરો તો ભગવાન સિદ્ધશિલા પરથી ગબડી પડશે! પ્રભુ એમ કહે છે કે મારું જ બધુ કરો, આ બધા તો કુવિકલ્પો છે. અત્યારે સંઘજમણમાં પણ જે પૈસા

વપરાય છે તે તમને બધાને બગાડ જ લાગે છે. તમને તો એમ જ થાય છે કે આના કરતાં આ પૈસા ગરીબોને આપો. શું શ્રાવકો પાસે પૈસા નથી માટે તેમને જમાડવાના છે કે જરૂરિયાત જોવાની છે માટે જ ભક્તિ કરવાની છે. આમાં ભાવતો એવો જ થવો જોઈએ કે આવા ગુણિયલની ભક્તિ કરવાનું મને ક્યાં મળે.

સભા :- તમારી શિક્ષણ માટેની વાતો અમારે ગળે ઉતરતી નથી.

સાહેબજી:- શું કામ નથી બેસતી? પહેલાં તો આજનું શિક્ષણ નાસ્તિકતા પોષક છે, તે તો માનો છો કે નહિ? તમે અમને આ શિક્ષણ ધર્મ પોષક તો નથી પણ ધર્મવિરોધી નથી તે સમજાવી આપો. પ્રભુએ ક્યાંય એમ નથી કહ્યું કે, સંસારમાં શ્રાવકે ભણવું નહિ. ૭૨ કળા પુરુષને અને ૬૪ કળા સ્ત્રીને ભણવાનું કહ્યું છે.

અમે શિક્ષણના વિરોધી નથી પણ આજનું આ આધુનિક શિક્ષણ જે નાસ્તિકતા પોષક છે તેના જ અમે વિરોધી છીએ.

પ્રભુ આદિનાથે જ ૬૪ કળા અને ૭૨ કળા પણ તેમણે જ શીખવી. આ બધી જ સ્થાપના પ્રભુએ જ કરી છે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

શુક્રવાર (43) અનુકંપાદાન ચોપાટી

૨૮-૭-૯૪

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવ માત્રને, અજ્ઞાનરૂપ અંધકારમાંથી બહાર કાઢી જ્ઞાન પ્રદાન કરવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ આ જગતમાં મોટામાં મોટો જો કોઈ ઉપકાર હોય તો એ છે કે જીવને સાચી આત્મકલ્યાણની દૃષ્ટિ આપવી. આત્મા માટે હિતકારી અને અહિતકારી શું? તે જ દૃષ્ટિ પણ જગતને આપે છે. અને શાસનમાં ધર્મગુરુને પણ ફરજરૂપે, જવાબદારીરૂપે શું આવે છે કે તીર્થંકરની આજ્ઞા મુજબ જે હિતકારી ને સત્ય હોય તે જગતને જણાવવું.

તમે (શ્રોતા) ખોટાને ખોટા તરીકે છોડી ન શકો, સાચાને સાચા તરીકે આચરી ન શકો તે બરાબર છે. પણ ધર્મને ધર્મ તરીકે અને અધર્મને અધર્મ તરીકે સ્વીકારવા તો જોઈએ જ. ઓછામાં ઓછી આટલી લાયકાત તો જોઈએ જ. હિતકારી ને અહિતકારી બન્ને તમને જણાવવું જ જોઈએ. આ બધુ પણ અમારે સ્વતંત્ર બુદ્ધિથી કહેવાનું નથી, પરંતુ પૂર્ણજ્ઞાનીઓના વચનના આધારે યોગ્ય ને યોગ્ય અને અયોગ્ય ને અયોગ્ય જણાવવાનું છે. અત્યારે તમે કંઈ A grade ના સાધક નથી, તમારા જીવનમાં અત્યારે ઘણી અધર્મની ક્રિયાઓ ચાલે છે. પૈસા કમાવ છો, તેને સાચવો છો ને તેનાથી મોજમજા પણ

કરો છો. તમે પ્રતિક્રમણ આદિમાં પાંચમે પરિગ્રહ બોલો છો, તેને પાપ માનો છો તેથી જ બોલો છો. અમે કોઈ વાત impractical બોલતા હોઈએ તો વિચારવાનું રહે. અઢારે અઢાર પાપસ્થાનક બતાવ્યા છે, તેમાં આ પાપસ્થાનક કઈ રીતે કહેવાય તેની સમજ ઓળખાણ તથા કારણો બતાવ્યા છે

આગળ ઉપર જે વાત વિષયની ચર્ચા થઈ તે તમને impractical વાત લાગે છે. અત્યારે તમને સાધુ માટે એવી છાપ છે કે સાધુઓ કંઈ જ જાણતા નથી, તેમને તો ખાલી પાટ ઉપર જ બેસી રહેવાનું છે, સંસારમાં તો અમારે જ રહેવાનું છે, પરંતુ જે શાસ્ત્રો લખેલા છે, તેઓને સંસારની કંઈ જ ગતાગમ નથી. પણ એવું નથી. અમે બધું જ જાણીએ છીએ, ફક્ત બોલવા ખાતર નથી જ બોલતા. જે વ્યક્તિ પાપને પાપ માનતો નથી તે સાચો ધર્મ કરવાને અધિકારી નથી.

સભા:- અમને દવા કર્યા વગર ચાલતું નથી પણ મહારાજ સાહેબો પણ દવા કરે જ છે ને?

સાહેબજી:- અત્યારે આયુર્વેદિક નથી મળતી માટે એલોપેથી લેવી પડે છે. ભગવાને અમને એમ નથી જ કહ્યું કે રોગ થાય ત્યારે સબડી સબડીને મરી જાવ. ભગવાનની આજ્ઞા પ્રમાણે જો અમે દવા લેતા હોઈએ તો એમાં ગમે તેટલી હિંસા થઈ હોય તો પણ અમને તે હિંસાનું પાપ લાગતું નથી તમે અમારા આચારો પકડો તે ચાલવાનું નથી.

તમે ઘરે ભીંડાનું શાક રાંધ્યું અને અમે એ ભગવાનની આજ્ઞા પ્રમાણે ગોચરીમાં લઈ

આપ્યા ત્યારે ને શાક બનાવવાની હિંસા થઇ તેનું પાપ
તમને લાગે પણ અમને તે હિંસાનું પાપ લાગતુ નથી
અમને હિંસાનુ પાપ ક્યારે બંધાય જ્યારે અમારા
નિમિત્તે બને. અમે તો તેના જે વિકલ્પો છે તેનાથી
બચીને ઉપયોગ કરીયે છીએ. માટે પાપ લાગતુ નથી.
કરણ-કરાવણ-અનુમોદનથી પાપ બંધાયુ છે.
અમે તે શાક રાંધ્યુ નથી ને નથી શાક રાંધવાની
પ્રેરણા કરી, અમારુ આવવાનુ પણ કોઇ ચોક્કસ ન
હોય. સાથે અમારી સંમતિ પણ નથી હોતી.
આમ એકપણ રીતે આવા ભાવ નથી આવતા તેથી
અમને પાપ નથી લાગતું. તમે દેવગુરૂની ભક્તિ કરો
છો પણ ગુરૂને ઓળખતા નથી, સાધુને દૃષ્ટાંત
તરીકે લેવાને બરાબર નથી.

તમે દવાનો ઉપયોગ કરો છો તેનો આશ્રય
લો છો તેની અમે ટીકાટીપ્પણ નથી કરતા. ક્યારેક
પ્રસંગે ખરાબ સાધનનો ઉપયોગ કરવો પણ પડે
પણ તેટલા માત્રથી તે પ્રવૃત્તિને સારી તો ન જ કહેવાય
તેથી દાન આપીને દાનધર્મમાં તો ન જ લેવાય.

અત્યારે કોઇ માણસ સારી આરાધના કરતો
હોય, પણ તેની કોઇ ખામી કે નબળાઇના કારણે
સિગારેટ પીતો હોય, પાછો તેને તે ખરાબ પણ
માનતો હોય. ત્યારે તેને ક્યારેય એમ થાય ખરું?
કે હું આ સિગારેટ બીજાને આપુ? તેની પ્રભાવના
કરું?

હિંસામાંથી ઉભા થયેલા આરંભ સમારંભવાળા
સાધનોને તમે છોડી ન શકવાના કારણે વાપરો
પણ તેને દાન-ક્ષેત્રમાં તો ન મુકાય.

અમદાવાદના એક જમુભને ચર્ચા નીકળતા, એલોપેથી કેટલી ભયંકર છે. આરોગ્યના ક્ષેત્રમાં અત્યારની આધુનિક પદ્ધતિ કેવી રીતે ગૂંચાઈ ગઈ છે. તથા પહેલાની આયુર્વેદિક પદ્ધતિનો કેવી રીતે નાશ થયો છે. આ બન્નેની તુલના કરી સમજાવ્યું ભાઈ educated હોવાથી સમજી ગયા તેમને પણ મનમાં વાત બેસી ગઈ. એ ભાઈ હાર્ટ પેશન્ટ હોવાથી તેમણે વાત કરી કે સાહેબ હું દવા વગર રહી શકું તેમ નથી માટે દવાનો ઉપયોગ કરું છું પણ સાહેબ જો કોઈ માણસ મારી કંપનીમાં કામ કરનારો serious થાય તો તેને હોસ્પિટલમાં ન લઈ જવો? તેને કેવી રીતે મરવા દેવાય?

સાહેબજી:- એ વખતે તમારી ફરજ છે કે તેની સાર સંભાળ પૂરેપૂરી કરવી. અમે હિંસા શીખવીએ તેવા ઉપદેશક નથી. તેથી આવો અર્થ નહિ જ કરતા. તમારી પાસે જો અત્યારે બીજો વિકલ્પ ન હોય, તેને સારવારની તાત્કાલિક જરૂર હોય, આયુર્વેદિક સારી સારવાર મળી શકે તેમ ન હોય, ત્યારે આવા વખતે તેની સારી ટ્રીટમેન્ટ કરવી જ જોઈએ. આ તો તમારી કંપનીનો માણસ છે, પણ જો રસ્તા ઉપર જો કોઈ માણસ મરતો હોય તો તેને પણ ટ્રીટમેન્ટ આપવી જોઈએ.

સભા:- તેમા પંચેન્દ્રિય જીવોની હિંસા સમાયેલી હોય છે?

સાહેબજી:- હજારો પંચેન્દ્રિય જીવોની હિંસા સમાયેલી હોય છે. એક એક સામાન્ય દવાના પણ અખતરા પશુઓ પર કરાયા છે. અરે, ફક્ત દવાની પણ

એકલી વાત ક્યાં કરવી, આ તમારા શર્ટ છે તેમાં આર્ટીફીસીયલ લાગ છે, તેમાના કેમીકલ્સની અસર તમારી ચામડી ઉપર કેટલી થશે તે જાણવા માટે પશુઓનો ઉપયોગ કરાય છે, કારણ તેનો કોઇ ધણી નથી.

આ બજારમાં મુકાતા, detergent પાવડર વાપરતા બહેનોના હાથ ઉપર શું અસર થશે તે જાણવા સસલાની આંખમાં ઉપયોગ પહેલા કરાય છે. આમ કરતા કેટલાયે સસલા આંધળા થઇ જાય છે. આવી તો કેટલીયે ઘોર હિંસાઓ થાય છે. અને છતાંયે તમે ફુલાતા દિલે અરેરાટી સાથે દવા લેતા હો તો હું તમને નાલાયક નહિ કહું. પણ હું તમને એક પણ દવા લેવાની ના કહું તો તમે એમ કહેશો કે મહારાજ સાહેબ અમને મારી નાખવા માગે છે. પણ તમારે એને ખરાબ તો માનવી જ પડે. તમારે તેનો ઉપયોગ કરવો પડે તો ઠીક પણ દાન તરીકે ન જ અપાય.

અનુકંપાદાન કરતા. એમ પણ જોવું જ પડે જ્યાં પાછલે બારણે હિંસા-શોષણ આદિના દોષો પોષાતા હોય તો દાન આપવું વ્યાજબી નથી જ.

શિક્ષણના ક્ષેત્રમાં પણ જે વાત થઇ છે, તેના માટે પણ ઘણા કુવિકલ્પો થયા છે. અમે તોળીતોળીને વિચારીને જ બોલીયે છીએ. ભગવાનની આજ્ઞા સાથે રાખીને બોલીયે છીએ.

વ્યવહારમાં પણ એક માણસને આગ્રહપુર્વક સીગારેટ પીવડાવવી તે ખરાબ કામ મનાય છે.

સભા:- ચોક્કસ ખરાબ કામ છે

સાહેબજી:- તેમાં તો કોઇ મતભેદ નથી ને?

હવે બીજા એક માણસને સીગારેટ નથી પીવડાવતા પણ મગજમાં એવું ઠસાવીએ કે સિગારેટ પીવી ખરાબ નથી. આ વ્યસન નથી, તેમાં તો બહુ જ મઝા આવે છે. આવી રીતે સમજાવવાથી સિગારેટ પ્રત્યેની તેની સૂગ, હિતકામની બુધ્ધિ કાઢી નાખો. હવે એક માણસ કે મજબૂરીથી ખરાબ સમજીને પીતો હોય તો બેમાંથી કઇ વાત વધારે ખરાબ?

એવી જ રીતે એક માણસને પરાણે મિત્રો ભેળા કરીને માંસાહારી બનાવી દો, પણ મગજમાં તો એમ જ હોય કે આ પ્રવૃત્તિ યોગ્ય નથી. જ્યારે બીજો એમ જ માનતો હોય કે માંસ ખાવું ખરાબ કામ નથી ખોરાક તો પોતપોતાની પસંદગીનો વિષય છે. જો બધા જ લોકો એકલું અનાજ જ ખાશે તો બધાને અનાજ મળશે જ ક્યાંથી? પાછા એવું પણ કહેનારા છે કે કહેનારા છે કે સાહેબ જે દેશમાં અન્ન મળતું જ નથી ત્યાં માંસ ખાવામાં શું વાંધો? આવું બધુ જેના મગજમાં હોય તે ભલે માંસ ખાતો ન હોય પણ માંસ ખાવું તે ખરાબ નથી માનતો અને સૂગ પણ નથી સાથે અધર્મીની બુધ્ધિ પણ નહિ તો આ બેમાંથી ખરાબ કઇ વાત છે?

સભા:- ગાંધીજીએ માંસ ખાધુ છે?

સાહેબજી:- ભણીને ઇન્ડીયા આવ્યા પછી જ તેમનામાં પરિવર્તન આવ્યુ હતુ. આજનું શિક્ષણ તમારી બુધ્ધિ બદલે છે, પાપ કરાવે તેના કરતા પાપને પાપ તરીકે માનવાની બુધ્ધિનો નાશ કરે છે.

પહેલાના જમાનામાં પણ ભણતર હતુ જ. અમે પણ શિક્ષણના વિરોધી નથી જ. પણ શિક્ષણમાં

રહેલી વિકૃતિના વિરોધી છીએ. ભણવું જ નહિ અને
ભણવું તો ધર્મનું જ ભણવું. અને સંસારમાં તમારે
કશું જાણવું નહિ એવું અમે નથી કહેતા. જો માણસ
જાતને શિક્ષણ ન મળે તો પશુ કરતા પણ ખરાબ થાય.
શિક્ષણ એ તો મૂળ વિકાસનો પાયો છે. તમે ભણેલા હશો
તો જ અમે તમને ધર્મ સમજાવી શકશું. ગામડામાં
તો તેઓ બરાબર ભાષા પણ નથી બોલી શકતા તેથી
ત્યાં માનસિક વિકાસ ઓછો હોય છે. આ શિક્ષણ
દ્વારા જ આવી શકે. તેથી જ ભૂતકાળમાં પણ ભૌતિક
કલાઓ ભણાવાતી હતી. ભૌતિક ક્ષેત્રે વિકસિત બનો
તેના માટે અમને વાંધો નથી. ભાષાઓ કલાઓ ન
આવડનારને અમે તત્વ પણ ન જ ભણાવી શકીએ
ધર્મશાસ્ત્રો કે ગ્રંથોમાં તેના માટે ક્યાંય 'ટીકા-ટીપ્પણ
નથી આવતી. ઉલ્ટુ તેઓ ૭૨ અને ૬૪ કલાઓના
જાણકાર હતા આ જ વાતો આવે છે. આમ ધર્મને
શિક્ષણ સામે વાંધો નથી પણ જે નાસ્તિકતા પોષક
તત્વ છે, જે વિકૃત છે તેને તો ખરાબ કહેવું જ પડશે.

જે શિક્ષણના મૂળમાં જ આત્મા નથી, પરલોક
નથી, પુણ્ય પાપ કશું નથી વગેરે ભણાવાય છે. આ
બધી વાતોથી ધર્મનો પાયો હચમચી જાય છે.

સભા:- અમે છોકરાઓને ન ભણાવીએ?

સાહેબજી:- તમે વર્તમાન યુગમાં શિક્ષણનું ક્ષેત્ર
ફેરવી શકો તેમ નથી. ફોરેન ભણી આવેલા જ
મોટેભાગે સીલેબસ નક્કી કરે છે. તમારા ખર્ચે સરકાર
નો એક પૈસો લીધા વગર તમે સ્કુલ કરો તો પણ
ભણાવવાનું તો સરકારમાન્ય સીલેબસ જ પડશે.
ઐતિહાસિક ભૂતકાળમાં પણ ઘણા છે. સારો

જાણકાર હોયતો બધા પોઇન્ટસ મૂકીને ચર્ચા કરીયે પણ અત્યારે આમા ઘણા દોષો છે. સ્કૂલ કોલેજમાં મોકલતા હોતો તેઓને એમ તો સમજાવાય જ કે તમે જે ભણો છો તેને સાચુ નહિ માનતા. તેમાં ઘણા ખોટા સિદ્ધાંતો છે. અને સાચી વાતો થોડી થોડી સમજાવતા રહેવુ જોઈએ. જો તમે ખરાબને ખરાબ માનતા હોવ તો આ શિક્ષણને સારૂ સમજીને તો ન જ અપાવાય.

અત્યારે આ ઉપદેશ અમારે સામે પ્રવાહે આપવાનો છે તેવી ઉહાપોહ થવાનો જ. જૈન કુળમાં અવતરેલા તમે વર્ષોથી દેવગુરૂની સેવા કરતા હો પણ તેના તત્વને તો સમજ્યા જ નથી. આવા શિક્ષણની અનુમોદના કરવા પણ કેટલુ પાપ છે. વગર મફતમાં ઘણું જ પાપ બાંધો છો. ખરાબને ખરાબ જ માની તેની અનુમોદના ન કરો અને તેમાં દાન ન આપો

સભા:- પણ સાહેબ કોઈકે તો બદલવાની શરૂઆત કરવી પડશે ને?

સાહેબજી:- એક ખુરશી પણ કૂદી શકો તેમ નહીં ને પાંચ ખુરશી સાથે કૂદવી છે તે કેમ બને? અત્યારે તો ફક્ત ખરાબને ખરાબ માનીને ચાલો તેની પ્રશંસા ન કરો, અને કરવું હોય તો તેને સમજાવી શકો છો. અને સાથે આ ક્ષેત્રમાં દાન આપવું બંધ કરી શકો છો. અત્યારે જો કોઈ પાણીદાર શ્રાવક હોય અને આ કામ કરવા તૈયાર હોય તો હું શાબાશી સાથે મોકલવા તૈયાર છું. પણ શાસનના નામે સમર્પિત થઈને ભોગ આપે તેવા પાણીદાર શ્રાવકો જ ક્યા છે? અને આ

કામ થઇ શકતુ હોયતો બધાએ ધર્મની દૃષ્ટિએ અને ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ પણ સારૂ છે.

અહીંયા શ્રીસંઘમાં જે જીજ્ઞાસાથી આવતા હો તેને સાચુ શું ખોટું શું, સમજાવી શકીયે તેમ છે, પણ વડને તો કાંઇ કહી શકીયે તેમ નથી જાહેર ક્ષેત્રમાં સાધુની ઘણી devaluation થઇ છે. અત્યારેતો શંકરાચાર્ય બોલેતો પણ હાંસી ઉડાવાય છે પણ અમારી પાસે આવનાર વર્ગને તો અમે અમારી શક્તિથી સમજાવી શકીયે છીએ.

સભા :- આપે જે શિક્ષણ ક્ષેત્રની વિકૃતિઓ બતાવી તેની સામે જે સારી વસ્તુઓ છે કે જ્ઞાનને જાળવવા માટે છે, તેમાંથી અમારે શું ગ્રહણ કરવુ ?

આત્મા પરમાત્માનું ઉંધુ સમજાવતા નથી. ઐતિહાસિક વસ્તુઓની અમને અસર થઇ નથી. છતાં તેમાં સારૂ છે તેતો ગ્રહણ કરવું જ જોઇએને ? આપણો ધર્મ ગુણગ્રાહી છે.

દાનની વાત કરોતો, આગમો, બોર્ડિંગો, પાવાગઢ કડી વગેરેમાંથી ૩૦૦૦૦ થી ૪૦૦૦૦ દેરાસરો, અસંખ્ય ઉપાશ્રયનો જાળવનારો વર્ગ ઉભો થયો છે. તથા શકુંતલા, બાબુપનાલાલ જેવી સ્કુલોમા પાયામાં ધર્મનું શિક્ષણ મળ્યુ છે. તેમાંથી ઘણા રત્નો મળ્યા છે. દેરાસરોની વહીવટ આ લોકોમાંથી જેના હાથમાં છે, તેઓ તેનો સારો વહીવટ કરે છે. આ બધી વાતોનું શું ?

સાહેબજી :- હવે આપણે એકએક મુદ્દા પર વિચારીશું.

(૧) કોઇ વસ્તુમાં ખરાબ સાથે થોડુ સારૂ પણ

છે. જેમકે ટી.વી માં અરે હોટેલમા કે બારમોથી પણ સારી વસ્તુ જાણવા મળતી હોય છે. જૈન નિશ્ચય-નય શું માને છે? મૂળથી કોઇ વસ્તુ ખરાબ નથી, સારી નથી. પણ વ્યવહારનય કઇ રીતે ગણના કરે છે? અત્યારે નિશ્ચયનય એકલો લેવાનો નથી, જેમા પ્લસ પોઇન્ટ વધારે અને માઇનસ પોઇન્ટસ ઓછા હોય તે જોવાનું છે

ઘણીવાર વેશ્યાના જીવનમાં પણ સદ્ગુણો જોવા મળે છે, પણ એમ ન કહેવાય કે તેનો પાસેથી સાર મળતુ હોય તો ત્યાં જવામા વાંધો નહિ. ધર્મ-સ્થાનકોમાં આવીને પણ કોઇ બગડી શકે છે. દુષ્ટ ભાવના કરી શકે છે. આમ ધર્મસ્થાનકોને તેથી ખરાબ ન કહેવાય. બે પાસાથી વિચાર કરવો પડે સારા-ખોટાનુ સાચા રીતે તમે મૂલ્યાંકન કરી આપો તો હું જાહેરમાં સ્વીકારવા તૈયાર છું.

નાસ્તિક બોલે ત્યારે તેમાં સાર ન હોય તેવુ નથી. સ્યાદ્વાદ, અનેકાંતવાદના કારણે બધુ ખરાબ જ છે એવું નથી. પણ નાસ્તિકવાદ સારો એમ તો ન જ કહેવાય. જ્યા ખરાબ વધારે હોય અને સારાપણુ ઓછું હોય તેવી વસ્તુના ગુણ ગવાય નહિ.

વેશ્યાના ગુણ ગવાય જ નહિ.

આ બધામાં સારી વસ્તુના ગુણ પણ ન ગવાય અને તેના પર પ્રકાશ પણ ન પડાય. અ અત્યારે આ બધી વસ્તુની ગેરસમજનું મૂળ ક્યા છે? કે વિકૃતિઓ છે તેની ખબર જ નથી. એકંદરી પાસા છે. આ શિક્ષણની પણ થોડીઘણી વાતો તમને ને અમને કદાચ ફાયદાકારક હશે, પણ તેની

પ્રશંસા તો ન જ કરાય. તેને મહત્વ તો ન જ અપાય

સભા:- ભગવાન મહાવીરે કહ્યું છે કે કૃતઘ્ન
બનવું, આનું પ્રાયશ્ચિત પણ નથી. જેની પાસેથી
મળ્યું હોય તેનો ઉપકાર માનવો જ.

સાહેબજી:- આનો જો તમે આવો અર્થ કરતા
હો તો તમે થાપ ખાવ છો. પ્રભુ મહાવીરે ખુદ કહ્યું છે
કે આજે ધર્મ હું સ્થાપું છું, તે સમ્યક્ ધર્મ છે.
જ્યારે બીજા બધા ધર્મો મિથ્યાવર્ગ છે. ખુદ પ્રભુએ
પણ નિંદા કરી છે. અમુક ઠેકાણેથી સારું મળવા છતાં
પ્રશંસા ન કરાય. કૃતઘ્ન ગુણની પ્રશંસા પણ જાહેરમાં
ઉપયોગી થઈ શકે તેમ હોય તો જ કરાય. અયોગ્ય
વ્યક્તિ હોય તેનું જાહેરમાં બહુમાન કરો તો, દોષ જ લાગે.
પ્રશંસાથી પ્રોત્સાહન મળે છે. ખોટાનું ખંડન કરવું જ
પડે. જેઓ આમ નથી કરતા તે સાચું માર્ગદર્શન
આપી શકશે નહિ. હવે ગુણગ્રાહી દૃષ્ટિ માટે વિચારીએ
એકલી ગુણગ્રાહી દૃષ્ટિ હોવી જોઈએ એવું નથી. તેમાં
સાથે વિવેકી બનવું પડે. ગુણદોષ બન્નેનો વિવેક
કરીને સત્યને સમજાવવું હોય તો અસત્યનું ખંડન
કરવું જ પડે

જે દોષને પારખી પકડી મૂલ્યાંકન નથી
કરતો તે ગુણ પણ ગ્રહી નથી શકતો. દોષ જોયા
પછી વ્યક્તિગત રીતે દ્વેષ કરવાનો નથી. અમને
પણ આમાં અંગતરીતે જરાપણ દ્વેષ નથી. ઘણું જ
ખરાબ થઈ રહ્યું છે, તેથી આવું કહેતી વખતે આ
બધી વાતો સમજાવવી પડે છે.

હું વ્યક્તિગત રીતે સમીક્ષા કરવા માંગતો
નથી. સંઘમાં બધા શું કરે ને શું ન કરે તેની જવાબદારી

મારી નથી પણ તત્વ સિદ્ધાંત સમજાવવાની જવાબદારી મારી છે, અમારા વિચારો પણ લાદી દેવા નથી. પણ શાંતિથી વિચાર કરજો. તમારી માન્યતા તમારે બદલવી જ પડશે. સમકિત અને મિથ્યાત્વને માન્યતા સાથે જ સબંધ છે. સારાને સારૂ અને ખોટાને ખોટુ જે માનવા તૈયાર નથી તે કદી સમકિત પામી શકતો નથી.

જૈન શબ્દ લગાડવા માત્રથી જૈન university ન થઇ જાય. તેમાં ધર્મશાસ્ત્ર કહેશો તે ભણાવશો? કે બીજુ પણ સાથે ભણાવવું પડશે જ. બનારસમાં યુનિવર્સીટી છે. ત્યાં હું ભણતો હતો ત્યારે વાર્તાલાપ થયેલો કે ત્યાં જે કોર્સ ભણાવાય છે તે આજ છે અમે પણ ધર્મ એકલો ભણાવવાનું નથી કહેતા સાથે જ્ઞાન વિજ્ઞાન કલા બધુ સંસારનું શિક્ષણ આપો તેમાં અમને વાંધો નથી, પણ શિક્ષણ, ધર્મ-વિરોધી તો ન જ હોવું જોઇએ.

ધર્મ-પોષક ન હોય તો ચાલે પણ ધર્મવિરોધી ન જ હોવુ જોઇએ.

સભા:- અમારે શું કરવું?

સાહેબજી:- અમે જો આ બધુ ન કરી શકતા હોત તો અમે આગળ બતાવ્યા પ્રમાણે કરીશ. અમે પણ આ શિક્ષણ લીધુ છે, પણ વિકૃત લાગ્યુ, અને - તમને વિકૃત ન લાગવાનું કારણ ધર્મનું knowledge નથી. આ તો એક સ્લો પોઇઝન પીવડાવાય છે. આમાં તમારી અજ્ઞાનતા છે. શિક્ષણમાં સુગર કોટેડ ઝેર અપાય છે. અને સંસ્કૃતિનો નાશ થઇ રહ્યો છે. મેકોલીએ લખ્યુ છે કે કલકત્તામાં રોયલ -

એશિયાટીક સોસાયટીની લાઇબ્રેરી છે. તેમાં જે documents છે, તે વાંચવાથી સમજાય કે આ શિક્ષણ-સ્થાપના પાછળનો હેતુ શું છે. વચમાં ટાઇમ્સ ઓફ ઇન્ડીયામાં પણ આનો લેખ આવેલો, કે બ્રીટીશરોનો હેતુ જ આર્ય સંસ્કૃતિનો નાશ કરવાનો હતો. આ ક્ષેત્રમાં ઘણી જ વિકૃતિઓ આવેલી છે. તમે આ ગ્રહણ નથી કરી ને તેની અસર નથી કારણ તમે દેવગુરૂ ધર્મથી હજુ વિમુખ નથી થયા.. મેં પણ સાચું માન્યુ હોત તો હું અહીં ન બેઠો હોત.

તમારા કુટુંબનો વારસો સંસ્કાર ધર્મની શ્રદ્ધાના બળના કારણે તમે કોન્સીડર ન કર્યું તે સારી વાત છે. પણ બધા consider કરશે જ. અત્યારે તો વિજ્ઞાન કહે છે તે નક્કર સત્ય માનવામાં આવે છે. વિજ્ઞાનના નામે ઘણું ઘણું કહેવાય છે. આજથી 100 વર્ષ પહેલા નાસ્તિક વર્ગ કેટલો? અને અત્યારે નાસ્તિક વર્ગ કેટલો વધી ગયો છે. બુદ્ધિજીવી વર્ગ એવો તૈયાર થયો છે કે જો તમે થોડા ધાર્મિક હો તો હાસ્યાસ્પદ બનો.

એક ડૉ. કહેતા હતા કે હું જ્યારે પણ મિટિંગોમાં જાઉં ત્યારે ઉકાળેલુ પાણી લઇ જતો. ડૉક્ટર્સની પેનલ બેઠી હોય ને હું જ્યારે જાઉં ત્યારે 'જય ગુરૂદેવ' કહીને બધા ઉભા થઇ જાય. અને ભગતડા તરીકે જ ઓળખાણ અપાતી. ધાર્મિકતાથી પ્રેક્ટીસ કરવી ને ધર્મ કરવો એ ગુનો આજકાલ ગણાય છે. આ સિસ્ટમ શિક્ષણથી આવ્યુ છે, તે તો સર્વે કરવાથી ખબર પડે. તમને આની અસરથી ખરાબ પરિણામ ન આવ્યા. તેનો અર્થ બધાને આ ખરાબ પરિણામ ન આવે તેવું નથી.

આમારે ભગવાનની આજ્ઞા વિરુદ્ધ એકપણ શબ્દ બોલવો નથી અને જો બોલવાનો વખત આવશે તો અમે મરી જઈશું પણ એક પણ શબ્દ આજ્ઞા-વિરુદ્ધ નહીં જ બોલીએ

એક સારા શ્રીમંત શ્રાવકે મને સલાહ આપેલી કે, ઉપદેશમાં આવા પોઈન્ટસ omit કરો તો તમે તો ટકો વાગી જશો. હું તમારા વ્યાખ્યાનથી ખુશ છું. ત્યારે મેં કહ્યું કે 'જ્યાં સુધી ભગવાનની આજ્ઞા આ પ્રમાણે લાગશે ત્યાં સુધી અમારું મોઢું બંધ નહિ થાય અને જે દિવસે અમને કોઈ સમજાવી શકશે કે પ્રભુએ આજ્ઞા આપી છે' ત્યારે અમે માફી માંગીને બેસી જઈશું. અત્યારે મને કોઈ આવેશ કે ઉકળામણ નથી. અમે પણ સમજીએ છીએ આજના આ વિરોધી વર્ગ આ બધું સ્વીકારી નહિ શકે, પણ આમાંથી જો પાંચ જણને પણ આ વાત મગજમાં ઉતરી જશે તો તેના આત્માનું હિત થઈ જશે. ખોટી અનુમોદનામાંથી બચી જશે.

57 ।। પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ।।

૨૧-૭-૯૭ અનુકંપાદાન ચોપાટી

સોમવાર

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને માર્ગાનુસારીની વ્યવસ્થાથી માંડીને ઉત્તમ મુનિ જીવનના આચારનો બોધ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે. જ્ઞાનીઓ નીચલા સ્તરની ભૂમિકાથી માંડીને ઉત્તમ ભૂમિકા સુધીના આચારનો બોધ કરાવે છે. તેમાં પ્રાથમિક ભૂમિકામાં માર્ગાનુસારિતાના ગુણો આવે છે. તેમાં એક ગુણ શિષ્ટાચાર પ્રશંસા છે.

ગુણિયલ જીવનો સ્વભાવ કેવો હોય કે જે ઉત્તમ અને ઉચિત પ્રવૃત્તિ હોય તેની જ પ્રશંસા કરે, અનુમોદના કરે. પશુમાં તો વાણીનો વિકાસ જ નથી. જ્યારે આપણને મનુષ્યભવમાં વાણીની શક્તિનો સદુપયોગ કરતા આવડે તો વાણી દ્વારા ઘણું પુણ્ય બાંધી શકીએ. જો સારાની પ્રશંસા કરતા આવડે તો આપણે આજુબાજુમાં, સમાજમાં સારાને પ્રોત્સાહન આપી શકીએ. અને જો વાણી બરાબર વાપરતા ન આવડે તો ખોટી પ્રશંસાથી ખોટાને અનુમોદન અને પ્રોત્સાહન આપીએ. આમ વાણી દ્વારા પુણ્ય પણ બંધાય અને વાણી દ્વારા પાપ પણ બંધાય. જેથી લેવાદેવા વગર અસંખ્ય પાપો બંધાય છે. તેથી જ ખોટાની પ્રશંસા ન કરો, અને સારાની પ્રશંસા કરો. તેના દ્વારા મોટું પુણ્ય બાંધી શકશો. સારાની જ પ્રશંસા હોય, ખોટાની નહિ. અને જરૂર પડે ટીકા-ટિપ્પણ પણ કરવી જોઈએ. આ માર્ગાનુસારીના ગુણ સમજાવે જાય તો જૈન ધર્મની અપેક્ષાએ પ્રશંસા કરવા

લાયક અને નહિ કરવા લાયક બધુ જ સમજાય જાય।

આમતો ભગવાને આખા સંસારને હેય કહ્યો છે પણ માર્ગાનુસારિમાં જે દોષ ગણાય તેવી પ્રવૃત્તિમાં વખાણ અનુમોદના કરોતો ઘોર પાપ બંધાય, આ બધુ નહી જાણતા તે માત્રથી તમે કોઇ પાપમાંથી છુટકી નથી શકતા,

અત્યારે તમે પાચમાં આરામાં કલિકાળ ઉંડા અવસર્પીણીમાં જન્મ્યા છો, અત્યારે ૨૦ની સદીમાં ભૌતિક વિકાસ ઘણો છે, પણ સાથે અધઃપતન પણ ઘણુ છે, આમ ગમેતેમ અનુમોદના કરોતો ફસાયા વગર રહો નહિ. જો અક્કલ સાથે વિવેક ન હોય પાપ બાંધવા માટે મહાન આખું મોકળું પડ્યુ છે.

આજના વિજ્ઞાનના કામમાં જો તમે અનુમોદના કરોતો બધા જ દોષોના પાપ આવીને તમારા માથે પડશે. જેમકે અત્યારે research centre ખોલાયું હોય, ત્યારે મોટા આરંભસમારંભ જ થાય. મોટી વ્યક્તિઓની હાજરી હોય, અને શ્રીમંતો તેમાં દાન આપે અને ભાષણમાં તેની બધી સારી બાજુ જ બતાવે, કે આ centre દ્વારા કેન્સરની દવા શોધાશે જેથી લોકોના બધા દુઃખ દર્દ દૂર થશે. ત્યારે તમને સાંભળીને એમ થાય કે આતો માનવતાનું મોટુ મહાન કામ છે, અને અનુમોદના કરો. પણ તમને ખબર નથી કે સાથે આ પ્રવૃત્તિમાં કેવા હિંસક કામો થશે. તે પાસુ સમાજ સમક્ષ મુકવામાં આવતુ જ નથી, તેથી એકતરફી જ્ઞાનને લીધે સારી સાઇડ જોઇ તમે અનુમોદના કરવા લાગી જાવ. પાછા આવા કામ કરનારાને મોટા મોટા

એવોર્ડ મળે છે. રોગ ઉપર દવા શોધો તો દુનિયામાં
નામના અને પ્રાઈઝ પણ મળે છે. આથી લોકોને પણ
દવા શોધવા શું શું કર્યું તે જોવાની ફુરસદ નથી.
આવી પ્રવૃતિથી અંજાઈને અનુમોદના કરો તો ઘણા પાપ
લાગે. પ્રવૃતિનું મુળભૂત સ્વરૂપ સમજ્યા વગર
અનુમોદના થાય નહિ.

સભા:- ત્યારે અમે મૌન રહીએ તો?

સાહેબજી:- મૌન રહો તો સારૂ. તેથી જ આ કહીએ
છીએ. અત્યારે આ બધી વાતો તમારા વિચારોથી
વિરૂદ્ધની વાતો છે. તમને થશે કે સીધા સાદા
ધર્મની વાત કરો, શું કરવા આવી પંચાતમાં પડો છો.
આમ માનવતાની પ્રવૃતિમાં વર્ગીકરણ કરવુ પડે
કે પ્રવૃતિને અનુકંપામાં ગણી શકાય તેવી જ લેવાની
છે. આ રીતે જે પ્રવૃતિ અનુકંપામાં ન ગણી શકાય
તેવી પ્રવૃતિ સમજાવવા અમે પ્રયત્ન કરીએ છીએ.
તેથી જ તમને માનસિક સંઘર્ષ થાય છે. તમારે
મન અત્યારે એક માનવતાનુ કામ એજ છે.
1) આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્ર. આ બન્ને ક્ષેત્રને
આ કાળમાં ઊંચા-ઉત્તમ કામ તરીકે બિરદાવ્યા છે
કે બન્ને અનિવાર્ય જરૂરીયાત છે, અને એમાંજ
બધાનો ઉત્કર્ષ સમાયો છે. આવું બધુ તમારા
મગજમાં ઠસાવી દેવામાં આવ્યુ છે, ત્યારે આવી
વાતો કરીએ ત્યારે અમે તમારે મન કેવા લાગીએ?

સાહેબજી સભા:- orthodox લાગો.

સાહેબજી:- " લાગવામાં કોઈ જ
વાંધો નથી. અમે તો ચોક્કસ orthodox છીએ.
તીર્થંકર પરમાત્માએ સ્થાપેલી આર્ય સંસ્કૃતિને તેની

વિચારધારાને માનનારા ચોક્કસપણે છીએ. ખરાબ જો જૂનું હોય તો છોડવા તૈયાર છીએ, અને નવું પણ જો સારૂ હોય તો સ્વીકારવા તૈયાર છીએ. હા અમે બોલીયે તે ન સમજ પડે તો જવાબ આપવા તૈયાર છીએ. અમે વિચારપૂર્વક બોલીયે છીએ, ને જીંદગીભર જૂઠું ન બોલવું તેના પચ્ચખાણ કર્યા છે માટે અમે એકેવસ્તુ પણ ખોટી બોલવા તૈયાર નથી. પણ સાચુ-ખોટુ જે લાગે તે કહેવાની અમારી જવાબદારી છે. સારૂ હિતચિંતન આપવું તે અમારી ફરજ છે પછી ભલે રાજકીય, સામાજિક કે ધાર્મિક ક્ષેત્રે હોય. અમે સીધો સંસારનો ઉપદેશ ન આપીયે પણ સંસારના હિત અહિત ચોક્કસ કહી શકીયે. એ અમારો અધિકાર તમે છીનવી શકો તેમ નથી. અને સાથે અપેક્ષા એટલી જ રાખુ છુ કે જિજ્ઞાસાથી બધુ પુછજો, પણ મનમાં રાખીને બહાર જઈને ન બોલતા. જાણીની વાણી અને ઉપદેશક માટે બોલશો તો ઘોર પાપ લાગશે, અને ગમેતેમ બોલવાથી બીજાને પણ બુધ્ધિભેદ થાય. તમે એમ પણ કહેશો કે સાહેબજી તમે આવું કહો છો ને બીજા સાધુઓ આમ કહે છે. તો અમારે સાચુ શું માનવુ?

સાહેબજી:- અમારો દાવો નથી કે અમે સાચા છીએ, અને બીજા ખોટા છે. પણ તમે બન્ને વાતો બરાબર સાંભળો અને પછી તટસ્થતાથી વિચારીને સાચુ હોય તે પકડો.

સભા:- દૂધ દહીં બન્નેમાં પગ રાખીયે તો?

સાહેબજી:- સારો વચલો વિકલ્પ શોધ્યો છે તમે સીધા શાસ્ત્ર ભણી શકો તેવુ કદાચ જ્ઞાન ન હોય

પણ અમે જે વાતને સરળ કરીને સમજાવીએ છતા તમે સમજી ન શકો તેવા ઢોર તો નથી જ. તમે તો ભોળા સાધુ હોય તેને પણ રમાડી જાવ તેવા છો વાત સાંભળીને તટસ્થતાથી વિચારી શકો તેવા છો.

સભા :- આ શિક્ષણ હિતકારી ન લાગે શકે છતા તેના વગર ચાલી શકે તેમ જ નથી.

સાહેબજી :- જે વસ્તુ વગર ચલાવી ન શકાય તે બધી જ જરૂરિયાત સારી જ છે એમ તો ન જ કહેવાય. રસોઈ માટે આગ સળગાવવી પડે છે તો એ પણ કેવી દઝાડે તેવી. માંદા પડો છો ત્યારે પણ દવાઓ ખાવ છો, એ દવામાં પણ કેટલાકમાં પોઈઝન ખરું ને? વગર રોગે દવા ખાવ તો નુકશાન કરે જ. Poison છે છતા દવા પણ લેવી પડે છે, માટે એમ ન કહેવાય કે દવા સારી છે. અનિવાર્યતા, ઉપયોગિતા, શું સારું ને શું ખોટું તે બધી જુદી વાતો છે.

અત્યારે શિક્ષણમાં એવા તત્ત્વો ગોઠવાયેલા છે કે જેથી ભાવ હિંસા થાય છે. દ્રવ્ય હિંસા કરતા ભાવ-હિંસા કેઈ ગણી ખરાબ છે. માણસને મારી નાખવામાં તો ખાલી દ્રવ્યહિંસા થાય છે. તેના ભાવ પ્રાણનો નાશ નથી થતો. જ્યારે માણસના સદ્ગુણોથી ધર્મથી ભ્રષ્ટ કરો તો ભાવ હિંસા થાય. કલ્પસૂત્રમાં દસ અચ્છેરા આવે છે, તેમાં એક અચ્છેરું એ છે કે યુગલિક મરીને નરકે ગયા.

એક માળી છે, જેને સુંદર પત્ની છે, જેનું રૂપ અદ્ભુત છે. આવા સામાન્ય-માણસની સુંદર પત્નીને રાજાએ એક વખત જોઈ, અને તેથી

તેને તેનું આકર્ષણ થયું. આમ તો રાજા મોહિત થયો હોવાથી તેનું અપહરણ કરાવ્યું. અને રાણી તરીકે બેસાડી. આથી માળીને ઘણો જ આઘાત લાગ્યો, તેથી માનસિક અસર ઊંડી થવાથી ગાંડો થઇ ગયો અને આખો દિવસ વનમાળી વનમાળી બોલ્યા કરે છે. ઘર-કુટુંબ વ્યવસાય બધુ ભૂલીને રખડ્યા કરે છે. આમ તો તમાશાને તેડું ન હોય, અને છોકરાઓ પણ તેને બહુ જ હેરાન કરે છે. અને એ પણ સામે ગાંડપણના કારણે એવા હાવભાવ કરે છે. ઘણો સમય ગયા પછી એકવખત રાજમાર્ગ ઉપર વનમાળી-વનમાળી બોલતા પસાર થાય છે, તે આ રાજારાણી ઝરૂખામાં ઉભા છે એમ આનંદ પ્રમોદ કરી રહ્યા છે. ત્યારે તેને પસાર થતો જુએ છે. અને તેની આ દશા જોઇ બન્નેને ખુબ જ દુઃખ થાય છે. રાજાને થાય છે કે હું આના જીવનમાં આવ્યો તેથી જ તેમની આવી દશા થઇ છે, અને આટલો દુઃખી થઇ રહ્યો છે. આની સાથે રાણીને પણ થાય છે કે મારે કારણે જ આવી પરીસ્થિતિ થઇ છે. આમ તો આ બન્ને જીવો કંઇ દુષ્ટ બુધ્ધિવાળા નહોતા, પરંતુ આસક્તિના કારણે આ બની ગયું હતું. આમ આ બન્ને રાજારાણીનો શુભભાવ થાય પશ્ચાતાપ થાય છે. જોગાનુજોગ તે વખતે આયુષ્યનો બંધ પડે છે, અને તે વખતે વીજળી પડતા બન્નેનું મૃત્યુ થાય છે. અને મરીને યુગલિક થઇ જન્મ લે છે.

માળીએ જ્યારે વીજળી પડતા, બન્ને મૃત્યુ આંખો સામે જોયું તો તેથી શોક લાગવાથી સાજો થઇ ગયો, ને ગાંડપણ જતુ રહ્યું. અને સાજો થતા બન્નેને ઓળખી જાય છે. અને તેને લાગે છે કે સારુ થયુ, પાપીઓ-

શું પુણ્ય ખુટ્યુ. તેમને તેના પાપની સજા મળી. આ ઠેકાણે તમારો કોઈ દુશમન જો સલવાય તો તમને કેવા ભાવ આવે ?

સભા :- ખીજ લાગતી હતી.

સાહેબજી :- તો પછી તમારી ચોવીસે કલાક લેશ્યા કેવી ? અને આના કારણે સતત કર્મ બંધાતુ હોય

વૃત્તિમાં તો તેના તરફ દ્વેષ પડેલો છે જ. ગાંડો થયો ત્યારે પણ આ વૃત્તિ હતી. નિમિત્ત મળ્યુ ત્યારે દ્વેષ બહાર આવ્યો.

સભા :- રાણી પ્રત્યે પણ દ્વેષ ખરો ? શું કામ ?

સાહેબજી :- રાજાએ ભલે પહેલા અપહરણ કર્યું હતુ. પણ પછી તો તે સારી રીતે આનંદપ્રમોદ કરતી ત્યાં રહેતી તો તે વખતે તેને દ્વેષ તો આવે જ. હવે તો આ સાવ એકલો પડી ગયા, સાથે સાજો પણ થઈ ગયો હોવાથી વિચાર કરે છે કે મારે શું કરવુ ? આમ આ રીતે દુઃખ ગર્ભિત વૈરાગ્ય થાય છે તેથી તે તાપસ થયો અને તપત્યાગ, સંયમ પાળીને દેવલોકમાં ગયો. પણ દ્વેષ હોવાના કારણે ત્યાં પણ ઉપયોગ મૂક્યો કે હું ક્યાંથી આવ્યો છુ, બધુ જોતા વિચારે છે કે મારા દુશ્મનો ક્યાં છે ? રાજારાણી તો શુભ ભાવમાં મર્યા હતા. એથી યુગલિક બન્યા છે. આ બન્ને પતિ-પત્નિ થઈને આનંદપ્રમોદ કરતા જોઈને મનથી બહુ દુઃખી થાય છે. તમારો કર્મભૂમિનો મનુષ્યભવ તો કેવો હોય, પૂરેપૂરી હાડમારી વાળો. શ્રીમંતના છોકરો પણ શાંતિથી ન બેસી શકે. તમારે છોકરા, ૨ વર્ષના થાય ત્યારથી ભણાવાની હાડમારી, પછી કમાવવાની ઘર માંડવાની કેટકેટલી જવાબદારીઓ છે. જ્યારે ત્યાંનો

ભણવા-ગણવા-કમાવવાની કશી જ જવાબદારી નહિ
દોડમારી નહિ. દેશકાળને પુણ્યબળ જ એવા હોય કે
ત્યાં મોજમજા જ હોય, અને પાછા મરીને ત્યાંથી
દેવલોકમાં જ જાય. તમારી માફક કોઈ ધર્મઆરાધના
પણ ન કરે. દર્શન-પૂજા-ઇરીયાવહીય કંઈ ન કરે
પણ સંસારના પાંચે ઇન્દ્રિયના ભોગ ભોગવે છે
અને કષાયો મંદ હોવાના કારણે નિયમા દેવલોકમાં
જ જાય.

સભા:- કર્મબંધ ઓછો થાય?

સાહેબજી:- હા કષાયોની અલ્પતાને કારણે
કર્મબંધ ઓછા થાય. ધર્મ આરાધના કરો તો જ પુણ્ય
બંધાય એવું નથી. બીજા શુભ પરિણામ દ્વારા પણ
ઘણું પુણ્ય બાંધી શકો છો. તેમના કષાયો તમારા
કષાયો કરતા હજારો ગણા મંદ હોય છે. અત્યારે
તમારે એકબીજાને ગમે તેટલા લાગણીના સંબંધ હશે
પણ તમારે કુટુંબમાં ક્યારે પણ મનદુઃખ નથી થતું
એવું ન જ કહી શકો.

સભા:- અસંભવ છે

સાહેબજી:- તમારા માટે અસંભવ છે, તમને વાત-
વાતમાં ખોટું લાગે, ખરાબ લાગે, આવેશ આવી જાય
અને કમાન છટકે ત્યારે તો કેવું બોલી નાખો!
જ્યારે આ યુગલિકો તો અસંખ્ય વર્ષ સાથે રહે છતાં
પણ તેમને અણબનાવ થાય નહિ. ઝઘડા પણ થાય
નહિ

સભા:- પણ તેમને નિમિત્ત જ નહિ

સાહેબજી:- ઘરમાં તમારો <u>સ્વભાવ</u> જ નિમિત્ત
છે. આણે આમ કર્યું ને તેણે તેમ કર્યું. પાડોશી

ત્યાં જ્યારે અને અમને ઓછુ આવ્યુ. જ્યારે અહીંતો
લાખો યુગલિકો સાથે રહેતા હોય તો પણ તેમને અણ-
બનાવ થાય નહિ ત્યાંતો પાછી રાજવ્યવસ્થા નીતિ-
નિયમો પણ નહિ. છતા પણ શાંતિથી રહે મૂળમાં
તેનો સ્વભાવ જ કારણ છે.

સભા:- તેમને કોઈ વસ્તુનો અભાવ પણ
નહિને?

સાહેબજી: શ્રીમંતોને પણ ખાવાપીવાનો અભાવ
નથી. પણ તમે એમ માનો છો કે એમને જોઈતુ મળી
જાય તો એ પણ શાંત બની જાય! પણ તમારી
આવશ્યકતાનું લિસ્ટ તો, જેમ મળે તેમ વધતુ જ જાય.
અત્યારે તમને કલ્પવૃક્ષ મળેતો શુ કરો? મૂળિયા
સાથે કાઢી નાખો ને? તેમની પ્રકૃતિમાં નમ્રતા-
સરળતા - સંતોષ કેટલાય ગુણો હોય એમનેમ
દેવલોક નથી મળતો

આગળ માળી વિચારે છે કે પાછા આ
રાજારાણી તો પાછા મરીને દેવલોકમાં જશે, અને
ત્યાંપણ મજા કરે તેમ છે. ત્યારે તેના મનમાં
દ્વેષ થાય છે કે સજા મળવાને બદલે આતો
ફાવી ગયા., આમ વિચારી અત્યંત દુઃખી થાય છે
અને વિચારે છે કે કોઈ રીતે એમનું બધુ બગાડુ.
ભાવ હિંસા સમજાવવા આ દૃષ્ટાંત આપુ છુ.
દુઃખી કરવા માળી વિચારે છે કે આ મારા
દુશ્મનોને બહુ જ ખરાબ રીતે મારે સબડાવવા
છે. જો યુગલિકના હેઠાળે રહેશે તો કશુ જ નહિ
કરી શકાય. શુભપરિણામથી મજા કરશે. ગયે.
આમ વિચારીને તેઓને ઉપાડીને કર્મભૂમિમાં લઈ-

યુગલિકના તો દેહ- આયુષ્ય મોટા હોય, દૈવતા કેટલી હદ સુધી ફેરફાર કરી શકે છે તેનો આ નમૂનો છે. તેમના દેહ અને આયુષ્ય પણ કર્મભૂમિ પ્રમાણે કર્યા.

સભા:- આયુષ્ય ઓછુ થાય?

સાહેબજી:- આયુષ્ય ઓછુ થાય પણ વધે નહિં અકાળે મૃત્યુ માન્યુ છે. અહીંયા તો નિરૂપક્રમ હતું તો પણ ઘટાડ્યુ. ૯૦ વર્ષનું આયુષ્ય હોય તો પણ નિમિત્ત આપો તો તૂટતા વાર ન લાગે.

હવે જો આ યુગલિકને દુઃખ જ આપવું હોત તો રાઈ રાઈ જેટલા ટુકડા કરી નાખતે. હેરરે હેરરે પણ મારી શકતે. પણ એવું ન કરતા રાજ આપ્યુ - સત્તાધીશ સમ્રાટ બનાવ્યા, સંપત્તિ એશ્વર્ય બધુ જ આપ્યુ. આ બધુ આપ્યા પછી પણ જો પ્રકૃતિ સર્જન હોય તો પુણ્ય બાંધે, પણ તેણે તો વાતાવરણ જ એવું ગોઠવ્યુ કે પ્રકૃતિથી તેઓ દુષ્ટ વ્યસની, માંસાહારી, દુરાચારી બને, મતલબ તેઓની બુદ્ધિ ફેરવી નાખી.

સભા:- પણ સાહેબજી, આટલુ પુણ્ય હોય તો પણ આમ થાય?

સાહેબજી:- દૈવતા કેટલુ ય ફેરવી શકે છે. આ અસર છે. કર્મવાદ એવો છે કે કર્મ પુરુષાર્થથી પરિવર્તન પામી શકે છે. 100% કર્મ જેવું બાંધ્યુ તેવું જ ભોગવવું પડે, તેવો જ વિપાક આવે તેવું નથી. તમારુ પુણ્ય પ્રબળ હોય તો ઇન્દ્ર પણ વાળ વાંકો ન કરી શકે. પણ પ્રબળ એટલે નિકાચિત સમજવાનુ. પણ પ્રબળ ન હોય તો સામાન્ય

માણસ હેરાન થઇ જાય. નબળા માણસને સબળો માણસ હેરાન કરી શકે છે. આપણા પુણ્ય પાપના ઉદયમાં બીજા વ્યક્તિ નિમિત્ત બની શકે છે. તમારૂ પુણ્ય તમારે ભોગવવાનુ છે, તમારૂ પાપ પણ તમારે ભોગવવાનુ છે. તમારૂ બાંધેલુ તમારે ભોગવવાનુ, તમારે જ ખપાવવાનુ. જે મારૂ બાંધેલુ મારે જ ભોગવવાનુ જે મારે જ ખપાવવાનુ. પણ બીજાને અશુભ કર્મ બંધાવવામાં નિમિત્ત બની શકીયે છીએ. નિમિત્તને સમજો કતૃત્વને સમજો. તમારા કર્મના કર્તાહર્તા ભોક્તા તમે જ છો. બીજાના કર્મનો કર્તાહર્તા ભોક્તા આપણે નથી પણ નિમિત્ત જરૂર થઇ શકીયે છીએ. બીજાને તમારે પાપ બંધાવવાનુ મન હોય તો એવી સળી કરે કે તમે તરત જ ગુસ્સે થઇ જાવ.

સોના:- સાહેબજી તેને પણ પાપ બંધાય ને ?

સાહેબજી:- એના ભાવ પ્રમાણે એને પણ પાપ બંધાય, તમારા ભાવ પ્રમાણે તમને બંધ થાય. નીતી-નિયમો Crystal- clear છે. યુગલિકે જે પુણ્યપાપ બાંધ્યા તે તેને જ ભોગવવા પડ્યા. અત્યારે પેલા દેવની તેના તરફ અતિશય દ્વેષ થવાથી વિચારે છે કે તેમને દુઃખી કરવા હોય ને, પાપના હિસ્સેદાર બનાવવા હોય તો પાપની બુદ્ધિ જ પેદા થાય એવા વાતાવરણમાં જ મુકી દેવા. આમ આ પાપની બુદ્ધિ તેમનામાં (યુગલિકમાં) પેદા કરવાથી આત્મા-પરમાત્મા-પુણ્ય પાપ બધુ ભુલીને, કુકર્મ કરવાથી મરીને સાતમી નરકે ગયા. આનાથી ખ્યાલ આવે છે. મારવાથી બદલો વધારે લીધો કે ભાવ બદલવાથી ?

સીધા સીજાવી રીબાવીને માર્યા હોત તો આમ

ભવોભવ ન બગાડતે. સાતમી નરકના સાગરોપમના આયુષ્યને એકવખતના મૃત્યુ આગળ અસંખ્ય મૃત્યુ થશે.

એક વ્યક્તિને સીધી રીતે મારી નાખવામાં જે પાપ છે, તેના કરતા આત્મા, પરલોક, પુણ્ય પાપ શ્રદ્ધાથી તેને ચુકાવી દો તો ઘણું ભયંકર પાપ બંધાય છે. આમ ભાવહિંસાથી ભવોભવ બગાડે છે. આ ભાવહિંસા કેટલી ભયંકર છે તેનો ખ્યાલ આવે છે. શિક્ષણ, કુશિક્ષણ એ ભાવહિંસા છે.

જેમ, તમારી બુદ્ધિ બગાડે અને કતલખાનામાં દાન આપો, આમતો જૈનો કતલખાનામાં દાન આપે જ નહિ. પણ અનાર્ય દેશમાં આપે છે. તેમ અહીં કોઈ આવું કામ કરે તો કેટલું ભયંકર કહેવાય. પણ આતો તેના કરતા પણ ઘણું જ ભયંકર છે.

પણ તમને તો દ્રવ્યહિંસા જ હિંસા તરીકે દેખાય છે તમે તો જૈન છો. ખરા માબાપ તો દિકરાઓની શારીરીક ચિંતા કરતા આધ્યાત્મિક ચિંતા જ વધારે કરે. પણ ન કરનારા માબાપ તેના હિતેચ્છુ નહિ પણ દુશ્મન જ છે. જે માબાપ દિકરાને આત્મિક રીતે નુકશાન થાય તેમ ઉછેરે તે માબાપ કસાઈ કરતા પણ ભૂંડા છે. કસાઈ તો એક ભવનુ મૃત્યુ કરશે પણ માબાપ તો ભવોભવના મૃત્યુ કરશે.

દ્રવ્યહિંસા કરતા ભાવ-હિંસા વધારે ભયંકર છે.

સભા:- અમારો દિકરો ડોકટર થાયને અમે તેમાં હરખાઈએ, તો પાપના ભાગીદાર ખરા કે નહિ?

સાહેબજી:- હા ભાગીદાર ખરા, ડૉ. બનવા માટેની તમે પ્રેરણા આપી હોય, તેમાં તેને સહાયભુત થયા

તો. ડૉ. બનવા માટે એને પહેલા હિંસા ઘણી જ કરવી પડે. હાઇસ્કુલમાં આવે ત્યારથી જ dissection ચાલુ થાય. તમારા દિકરાઓ પંચેન્દ્રિય જીવોને જાતે ચીરે પછી તેમના ભાવો કેવા થાય?

સભા:- પણ પછી તો જીવો બચાવશેને?

સાહેબજી:- પૈસા લઇને કામ કરશે ને? અત્યારે ડૉ. ની છાપ કેવી છે, કેટલા ડૉ. સેવાભાવી પાકે છે?

સભા:- સાહેબજી, બધા આવું જ વિચારશે તો ડૉ. કોણ બનશે?

સાહેબજી:- ભૂતકાળમાં પણ બધા માંદા પડતા હતા ને? બધા કાંઇ સબડી સબડીને નહોતા મરતા. આયુર્વેદીક ટ્રીટમેન્ટ થતી જ હતી. બધા નિર્દોષ ઉપચારો હતા. અત્યારે પણ તમારો હોંશિયાર વર્ગ જો આયુર્વેદિકમાં ભણતો થાય તો ડેવલપમેન્ટ ચોક્કસ થાય. અને ઓછી હિંસાથી તથા ઓછા ખર્ચે થઇ શકે. આપણે તો જીવમાત્ર પ્રત્યે દયાનો ભાવ કરવાનો છે. માણસ દુઃખી થઇને મરી જાય તેવું અમારૂં કહેવું નથી. બીજી treatment નો જો કોઇ વિકલ્પ જ ન હોય તો વિચાર કરવો જોઇએ. કસાઇના ધંધાને આપણે વગોવીએ છીએ ને? ત્યાં આવું નથી વિચારતા કે બધા જ જો કસાઇ નહિ બને તો કસાઇ કોણ બનશે. તેથી કંઇ ગમે તે ધંધો પકડી ન જ લેવાય.

તમે લોકો સીધી કતલ જુઓ તો અરેરાટી થઇ જાય. પણ દસ માઇલ દૂર કતલ થાય પછી તેના પર Processing થાય ને માંસ લેવાનું હોય

ત્યાં તમને હિંસા દેખાતી નથી.

હોસ્પિટલમાં તો સીધી દયા દેખાય છે. પણ પાછળ કારણે થતી હિંસા દેખાતી નથી. હમણાં નરેન્દ્રભાઈ એક પુસ્તક 'તબીબી ક્ષેત્રે હિંસા' વાંચવા લાવેલા જે ડોકટરે લખી છે, તેના reports વાંચો તો અરેરાટી થઈ જાય.

સભા:- ડોકટરથી કરાયેલી હિંસા દ્રવ્યહિંસા ન કહેવાય?

સાહેબજી:- દ્રવ્યહિંસા જ છે, તે જીવોને જ મારે છે. જ્યારે education એ ભાવહિંસા છે. જે ભણવાથી વ્યક્તિ આત્મા પરમાત્મા ભૂલીને ધર્મની વિરુદ્ધ જાય તે શિક્ષણથી ભાવહિંસા થશે.

અત્યારે સ્કૂલના ભણતરથી વિદ્યાર્થી આત્મા-પરમાત્મા ભૂલી જાય. હું જ્યારે નવમીમાં હતો ત્યારે એક વા[illegible] સર સાથે ઝઘડો થઈ ગયેલો. તેમણે બાયોલોજીમાં ચાલુ કર્યું કે આપણું શરીર cell માંથી બને છે ને સ્વતંત્ર હજારો સેલો છે. જ્યારે માણસ જીવતો હોય છે ત્યારે સેલમાં protoplasm હોય છે અને મર્યા પછી તે protoplasmનો નાશ થઈ જાય છે. ત્યારે મેં કહ્યું કે "જો પ્રોટોપ્લાઝમથી જ લાઈફ ચાલતી હોય તો એ જ પ્રોટોપ્લાઝમ ને 30 કેમીકલ્સમાંથી બને છે તેને લેબોરેટરીમાં બનાવી જડ વસ્તુમાં inject કરો તો જીવ બની શકે." રસાયણ શાસ્ત્રથી જો આ બનતું હોય તો ચાલુ કરો. આવું સાંભળતા સર એકદમ ચિડાઈ ગયા. અમે કહ્યું કે જો આત્મા નથી તો દલીલથી અમને સમજાવો. પણ તેઓ જવાબ ન આપી શક્યા. આ

ભણતરથી વિદ્યાર્થીઓ નાસ્તિક જ બને.

હોસ્પિટલમાં દ્રવ્યહિંસા છે. અને ભણતરમાં ભાવ હિંસા છે. તે વધારે ખરાબ છે.

સભા:- આપણે ન ભણાવીએ તો થોડું ચાલે તેમ છે?

સાહેબજી:- આપણે સુખી માણસ છીએ. તમે તેને ઘરે પણ સારી રીતે ભાષાજ્ઞાન ગણિત વગેરે ભણાવીને તૈયાર કરી શકો તેમ છો. અત્યારે ડીગ્રી વગરના પણ લાખો રૂપિયાના ધંધા કરે જ છે. પણ જો તમારો દિકરો તમારા સમાજમાં ન ભણવાથી અભણ કહેવાશે એમ હોય તો તેને ભણાવો પણ તે ખોટું છે તે તો માનો જ. સાથે સાથે સાચું શું છે તે પણ સમજાવો. ને ખોટાને સારૂને સાચું સમજો તેમાં દાન ન જ આપો. અને અનુમોદના ન કરો. તમારે એમાં ક્યાંય સમર્થન ન લેવું જોઈએ. આ ક્ષેત્ર અનુકંપાનું નથી.

આ શિક્ષણ ન જ છોડી શકો તો પાઠશાળા ઊભી કરો, તે ઝેરના મારણ તરીકે ઓસડનું કામ કરશે.

સભા:- રોજીરોટીનો સવાલ હોય તે શું કરે?

સાહેબજી:- બધા જ ભણેલાને રોજીરોટી મળે છે? કેટલાયે ડીગ્રીવાળા બેકાર જ ફરતા હોય છે.

સભા:- શિક્ષણથી વિકાસ થાય છે ને?

સાહેબજી:- અમે શિક્ષણના વિરોધી નથી પણ તેમાં રહેલી વિકૃતિના વિરોધી છીએ. નીતિશાસ્ત્ર ભણીને જે તૈયાર થાય તેમાં બુદ્ધિનો ઝબકારો આવે છે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

૨૯.૭.૯૪ અનુકંપા દાન ચોપાટી

મંગળવાર

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને દાનધર્મની ઉચિત મર્યાદાનો પ્રબોધ કરનારા ધર્મ તરીકે સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દ્રષ્ટિએ ધર્મમાં દાન-શીલ-તપ-ભાવ છે, તેમાં દાનધર્મને પહેલો મૂક્યો અને શ્રેષ્ઠ બતાવ્યો છે, તેમાં ભેદ-પ્રકાર-ભૂમિકા છે. દાન કયું શ્રેષ્ઠ ને કયું હલકુ વગેરે ઊંડાણથી સમજાવ્યુ છે

દાન કરવાથી, દાન કરતા શુભભાવનો હશે જ પણ કેવળ સ્વાર્થબુદ્ધિથી કરાતી દાન પ્રવૃત્તિ જેમકે advertisement વગેરે માટે, ત્યારે આ કહેવાતા દાનમાં તો વાસ્તવમાં શુભ ભાવ હોતો નથી. admission વગેરે માટે અપાતા donationમાં પણ આપનારને દાનનો ભાવ નથી હોતો. લેનારને લાંચનો ભાવ છે. ઓફિસમાં પણ મોટી કંપનીના સોદા થાય ત્યારે મોટાભાગે મેનેજરોને ખુશ કરવા પડતા હોય છે. gift વગેરે આપવી પડતી હોય છે. જેના લાખો રૂપિયા થતા હોય છે. તેમા પણ શુભ ભાવ હોતો નથી. આ અશુભ ભાવની પ્રવૃત્તિ હોય છે. ઉદારતાના ભાવ સાથે સ્વ-માલિકીની વસ્તુ આપવા તૈયાર થાય ત્યારે જ દાન કહેવાય. મોટા ઘરાકને સાચવવા ૨૦૦-૩૦૦ ખર્ચી નાખો તે દાન નથી. ત્યાં તો ઉદારતાનો ભાવ પણ નથી દાનનો ભાવ પણ નથી. આ તો સ્વાર્થ સાધવાની પ્રવૃત્તિ છે.

સભા:- સ્વાર્થ અને પરમાર્થ બે ભેગા હોય તો

સાહેબજી:- શબ્દ ઉંધો છે. પરમાર્થ નહિ પણ

પદાર્થ બીજો. તેમાં જેટલો શુભ ભાવ છે તેટલુ પુણ્ય ને અશુભ ભાવ છે તેટલુ પાપ બંધાય.

દેરાસર ઉપાશ્રયમાં દાન આપો તે વખતે તમારી નામની જાહેરાત થાય, તથા તમારી માનવૃત્તિ પોષાતી હોય તો તે પ્રમાણે પાપ બંધાય, પરંતુ આતો ઉત્તમ કાર્ય છે. ધર્મકાર્ય છે. આમાં સ્વ ને પરનું હિત છે. આવો શુભભાવ હોય તેટલુ પુણ્ય બંધાય. જેટલા ટકા શુભભાવ તેટલા ટકા પુણ્ય ને જેટલા ટકા અશુભભાવ તેટલા ટકા પાપ બંધાય. અને એકલા અશુભ જ ભાવ હોય તો પાપ જ બંધાય.

સભા :- ઉદારતાનો ભાવ એટલે શું?

સાહેબજી :- જીવ મારું મારું અનંતકાળથી કરતો આવ્યો છે. માટે જે.

પોતાની માલિકીનું છે, તેથી બીજાનું હીત કે ભલું થતુ હોય તો સ્વના લાભને ગૌણ કરી બીજાના ઉપયોગ માટે ઘસાવાની બુદ્ધિ તે ઉદારતા.

બધા જ દાનમાં ઉદારતા તો જોઈશે જ જેનામાં ઉદારતા નથી તે દાન નથી કરી શકતો આમાં પણ ક્વોલીટી આવશે:

જૈનેતરો પણ ભુખ્યાને અન્નદાન વગેરે કરે છે, પણ સાથે વિવેક ન હોવાના કારણે રાત્રે કંદમૂળ આદિ ખવડાવે છે. દાનમાં ઉદારતાનો ભાવ છે પણ હિંસા-અહિંસાનો વિવેક નથી અનાર્ય દેશમાં જન્મેલાને ક્યાંય જીવનમાં ભક્ષ્ય-અભક્ષ્ય-ની ખબર નથી. માંસાહાર તથા દારૂ ૯૫% ના જીવનમાં હોય છે. તેમને ત્યાં કોઈ ભિખારી આવે તો દાનમાં પણ દારૂ પણ આપતો

વસ્તુ જ આપશે. ઇશુખ્રિસ્ત. મહમદ પયગંબર વગેરેના
પુર્વના જીવનમાં માંસાહાર હતો. ઇશ્વરતુલ્ય જેની ભક્તિ
કરવામાં આવે છે, તેમના જીવનમાં પણ આ દૂષણો
હતાં

એક વખત. ઇશુખ્રિસ્ત ભિક્ષામાં પાંચ માછલી
લાવ્યા તેમનામાં પરોપકાર ઉદારતાની વૃત્તિ ઘણી હતી તેથી
જ્યારે ભોજન કરવા બેઠા ત્યારે તેમાંથી ભિક્ષુકને પૂરા
ત્રણ માછલી દાનમાં આપી દીધી. આમ વિચારો તો પોતાના
માટે લાવેલી વસ્તુ, પોતે ભૂખ્યા રહીને પણ આપી દીધી.
આમ શુભભાવ હતો પણ તે હલકી કક્ષાનું કહેવાશે.

સભા :- અનુકંપા હોય પણ પોતે રાત્રે દાન આપે
તો ચાલે.

સાહેબજી: - કઇ ભૂમિકાનો તે માણસ છે તે જોવું પડે.
શ્રાવક હોય તો જે ભૂમિકાની વ્યક્તિ હોય તે ભૂમિકા પ્રમાણે
ઉચિત વ્યવહાર આવે.

સભા: - અમારા દિકરા રાત્રે જમતા હોય અને
બીજા આવે તો રાત્રે અપાય કે નહિ?

સાહેબજી:- જો તમારા ઘરે રાત્રિભોજન થતું
હોય તો તમારે આપવું પડે. જો તમારા ઘરમાં શ્રાવકા-
ચાર પળાતો હોય તો તેને આપવાની જરૂર નથી.
તમારી ભૂમિકા પ્રમાણે કરવાનું છે. તમારા દિકરાને
જમાડો ને બીજાને ન જમાડો તો પારકા પોતાનો ભેદ
કર્યો કહેવાશે. આ તો ખોટું કર્યું કહેવાય. આમાં
તો એવું જ થાય કે મહેમાન આવે ને રસોઇ કરતી
હિંસા થાય અને તમારા માટે જ હિંસા ન કહેવાય.

દાનના ઘણા પ્રકાર પડે છે

હલકા શુભ પરિણામ વાળાથી થોડું પુણ્ય બંધાશે

અશુભ પરિણામ વાળાથી ઘણું પાપ બંધાશે.

ઈશુ ખ્રિસ્તે મુખલાનું દાન ઉદારતાથી કર્યું છે, કારણ ભૂખ્યા લોકોને વસ્તુ આપી છે, ઉદારતા-પરોપકારવૃત્તિ પણ છે. પણ આ હલકું દાન કહેવાશે આ દાનની અનુમોદના કરી શકાય નહિ, કારણ તેમાં હિંસા ઘણી છે. અંદરમાં ક્રુરતા-કઠોરતાનો અશુભ ભાવ ઘણો જ છે. આમ અશુભનું બાધક જોરદાર બનતું હોય તો દાન કહેવાય નહિ. આવા દાન અનાર્ય દેશના કરે તો આપણે નિંદા નથી કરતા, પણ જો આર્ય દેશના લોકો કે ધર્મ પામેલા છે, આસ્તિક છે. તે જો આવી પ્રવૃત્તિ કરે તો તે વાજબી ન જ ગણાય. અનાર્ય માટે તો એ જ લેવલ છે ત્યાં હાઈલેવલના વિચારો સ્ફુરી શકે તેમ નથી. જો તેઓને આવા દાન-ની ના પાડશો તો કંજુસ બનશે. તેમની સમાજ-વ્યવસ્થામાં ભલે તે દાન કહેવાય. તેમાં થોડા શુભ ભાવ સાથે વધારે અશુભ ભાવ હોવાના કારણે દાન ન કહેવાય.

તમે દ્રવ્યહિંસાને જ હિંસા તરીકે માનો છો. માટે તમને આ બરાબર લાગે છે. જનાવરની કતલ કરીએ તો અરેરાટી થઈ જાય છે. અમે તો પાંદડાને અડીએ તો પણ અમને પાપ લાગે છે, તો તોડવાની વાત જ નથી આવતી. દ્રવ્યહિંસાને હિંસા તરીકે ગણીએ છે. તમે હજુ ભાવહિંસાને દ્રવ્યહિંસા કરતા ખરાબ નથી ગણતા ને ભાવહિંસાને હિંસા પણ નથી ગણતા

સભા :- આપે જ બતાવ્યું.

સાહેબજી :- જૈન ધર્મમાં હિંસામાં ડગલે ને પગલે ભાવહિંસા આવે છે. ભાવહિંસામાં આત્માનું

અહિત છે, અને દ્રવ્યહિંસામાં શારિરીક મોત છે. જ્યારે ભાવહિંસામાં તો ભવાંતરે ઘણું જ દુઃખ આવશે આમ આત્માના અહિત કરતી પ્રવૃત્તિ કરે તો પાપ બંધાય, અને શરીરને કષ્ટ આપીને જે પાપ બંધાય છે તે બન્નેમાં ઘણો ફેર પડે છે.

શાસ્ત્રમાં કોઈપણ વ્યક્તિને ધર્મથી ભ્રષ્ટ કરીને અધર્મના માર્ગે લઈ જવાને મોટું પાપ કહ્યું છે. ઉત્સૂત્ર ભાષણ સમાજને ઉંધા માર્ગે લઈ જાય તેવો ઉપદેશ જો અમે આપીએ તો અમે કસાઈ કરતા ભૂંડા છીએ, તેવું શાસ્ત્ર કહે છે. તત્વ સમજીને આ વાત કરી છે. બાહ્ય કષ્ટ દ્વારા થતી હિંસા તેના કરતા ઘણી સામાન્ય છે. યુગલિકના દૃષ્ટાંતમાં તેઓને દુઃખી કર્યા હશે શું કર્યું? એણે આ લોકોને ક્યાંય ચીટીયો પણ નથી ભર્યો. એવા પાપોથી ઘેરાયા કે અનંતકાળ સુધી ભટક્યા જ કરે. બાહ્ય દૃષ્ટિએ ઉંચુ પદ આપીને રાજારાણી બનાવ્યા તેમને બધું આપી ભોગ સામગ્રીના સાધનો આપ્યા. દેખાવમાં તો એમ જ લાગે કે સારી પ્રવૃત્તિ છે પણ ultimately વધારે અહિત કર્યું; જેથી સાતમી નરકના દુઃખ એમને ભોગવવાના આવે

બીજા દૃષ્ટાંતમાં રોહિણીયો ચોર છે, ભગવાન મહાવીરની દેશનાના એક વાક્યથી તે મોતના મુખમાંથી પાછો આવે છે, ને હૃદયનું પરિવર્તન થયું છે

રોહિણીયાનો બાપ લોહખુર નામનો મોટો ચોર હતો, મરતી વખતે તેણે આ રોહિણીયોને પૂછે છે કે તમારી અંતિમ ઇચ્છા કહો, ત્યારે તેનો બાપ

તેને કહે છે મારી કોઈ અંતિમ ઇચ્છા નથી. જે મારે
મેળવવું હતું તે મેળવી લીધુ છે, અને ભોગવવાનું
ભોગવી લીધુ છે. પણ મારા ઉપર બાપ તરીકે
લાગણી હોય તો એક મારી તને ખાસ ભલામણ
છે કે જે અત્યારે વર્ધમાન તરીકે વિચરે છે, તેની
વાણી કદી સાંભળતો નહિ. આ કહેવાનું તેને
કારણ એ હતું કે, પોતે પાકો ચોર હોવાથી તેને
થાય છે કે મારો દિકરો ચોર જ છે પણ ઊંડે ઊંડે
પણ અજ્ઞાનતા હોવાથી. તેને નિમિત્ત મળતા
લુંટવામાંથી અજ્ઞાન થઇ જશે, તેથી તેમના ધંધાની
ચિંતાથી આવી ભલામણ કરેલી. બાપ પ્રત્યે
લાગણી હોવાથી બાપની આજ્ઞા માને છે: અને પ્રભુ-
ના પડછાયો પણ નથી લેતો. પણ યોગાનુયોગ એવું
થાય છે કે એકવાર તે તે બાજુ ગયો હોવાથી
પ્રભુની વાણી તો જીવનગામિની હતી તેથી તેણે કાનમાં
આંગળીઓ ખોસી દીધી છે. પણ તે જ વખતે ક-
પગમાં કાંટો વાગવાથી આંગળી નીકળી ગઇ.
આમ જીવનો સ્વભાવ ક્રૂર છે વસ્તુ કરવાની ના
પાડી હોય તે પહેલી કરે. ભલે કાન ખુલ્લા હોય પણ
બેધ્યાન હો તો સંભળાય નહિ. પણ પ્રભુની વાણી
સાંભળી અને જ્યારે આ વાણી દ્વારા મોતના મુખમાંથી
બચી જાય છે. ત્યારે તેને એમ થાય છે કે જો
પ્રભુના એકપણ વચનથી આવું થાય તો, પ્રભુની
વાણી કેવી હશે? આમ વિચારી દેશના સાંભળવા
ગયો. અને જ્યારે પહેલવહેલો ધર્મ પામ્યો ત્યારે
તેને સૌથી વધારે ગુસ્સો તેના બાપ ઉપર
આવ્યો. દુશ્મન પણ ન કરે તેવું કામ મારા બાપે

મારા માટે કર્યું છે. એના કરતાં તો મને મારી નાખ્યો હોત તો સારૂ હતુ. આટલુ ભયંકર તો ન જ થાત.

બાપે તો લાગણીથી સલાહ આપેલી, ને તે કરોડોની સંપત્તિ મૂકીને ગયેલો. રાજાશાહીથી રહેનારો ચોર છે. જે ગામમાં રહેતો હતો ત્યાં તેની છાપ સોના જેવા માણસની છે. બધાના ઉપર તેનો ઉપકાર છે. બધુ જ દીધો. સંપતિ કળા તેના બાપે આપ્યુ છે. આ કામ બાપે લાગણીથી કરેલું પણ તે ઝેર હતું. તમે લાગણીથી સારી પવૃત્તિ કરો પણ જો તમારામાં વિવેક ન હોય તો તેમ ધર્મથી ભ્રષ્ટ થાવ. આ જ ભાવહિંસા છે

હું અત્યારે એ સ્પષ્ટીકરણ કરવા માંગુ છું કે જે મુદ્દા પર ચર્ચા ચાલે છે, તેમાં મને કહેવામાં આવ્યુ છે કે તમે તમારે આગળ ચલાવજો પ્રશ્નો તો પૂછાતા જ રહેશે, પણ આ બધી વાત સ્પષ્ટતાથી સમજ જાવ ત્યાં સુધી ખુલાસા દલીલો સાથે સમજાવીશ. ચર્ચાનો ઉદ્દેશ જ એ છે કે તેનાથી તમને બોધ થવો જોઈએ. આ બધા ફક્ત ચર્ચાના વિષય નથી પણ ઘણાં જ અગત્યના ગહન વિષય છે. તપ, ત્યાગ, આરાધના કરનારા પણ આ બધાની એવી અનુમોદના કરે છે કે તેમની આરાધના પર પાણી ફેરવાય જાય.

હું ક્યાં ક્રિશ્ચિયન અને આવા શિક્ષણ-ક્ષેત્રનુ દાન એ અનુકંપાદાન નથી.

સભા:- લંબાણથી ચર્ચા કરવામાં બીજી વાતો રહી જશે.

સાહેબજી:- પણ જેને આ વાત જ નહિ બેસે

તેને આગળની વાતો જરાપણ નહિ બેસે. આગળની
વાતો વધારે સખત આવશે. પ્રભુએ આખા સંસારને
હેય બતાવ્યો છે, જેને આટલુ પણ ખરાબ ન બેસે
તેને આખો સંસાર જ હેય છે તે નહિ જ બેસે
આગળ વધીને ન્યાય - નિતી - સદાચારથી કમાયેલુ ધન
પણ પાપ - અધર્મ છે. અનુકંપા જ જો નહિ સમજાય
તો આગળ કશું જ નહિ બેસે
જૈન શાસ્ત્રના ધર્મનો વિવેક અદ્ભૂત છે
જૈન શાસ્ત્રને વિવેકથી સમજી તેના સિદ્ધાંતોને યોગ્ય
ન્યાય આપી શકો તેવી તમારી ભૂમિકા જ નથી.
તીર્થંકર કથિત ધર્મ સમજવાનો છે. નાનામાં નાના
કીડિયા જેવા જીવની પણ હિતચિંતા કરવાની છે
જગતના જીવમાત્રની હિતચિંતા કરવાની છે. આવી
બધી વાતો સ્થૂળ બુદ્ધિથી વિચારો તો ન ચાલે
ઉપદેશમાં એવી કેટલીયે વાતો આવે છે કે જે
અત્યારે સમાજને નથી ગમતી, પણ અમને હિતકારી
લાગે છે ને સાચી છે તેથી અમે કહીશુ જ.
અત્યારે જે ભ્રષ્ટાચાર છે તે ૧૦૦ વર્ષ
પહેલા નહોતો. કારણ ધર્મગુરુઓના નૈતિક
મૂલ્યને તમે સમજવામાં તમે નિષ્ફળ ગયા છો
૧૦૦ વર્ષ પહેલા પણ ધર્મવ્યવસ્થા હતી ધર્મગુરુ હતા
બધુ જ હતુ અને અત્યારે પણ છે, પણ અત્યારે
આટલી નાસ્તિકતા કેમ છે? તમારે બધી સમીક્ષા
ઉપરછલ્લી જોઈએ છે. પણ આ આખા સમાજનું
પરિવર્તન ક્યાંથી આવ્યુ? કેળવણી દ્વારા જ..
તેના દ્વારા જ જીવનું ઘડતર થાય છે.
સભા: - તો તો સાહેબ અમે ખર્ચેલા રૂ. ખોટા

થઇ ગયા ?

સાહેબજી :- દાનરૂપે ખરચેલા હોય તો ખોટા જ કહેવાય. ખોટી વસ્તુને જો તમે પ્રોત્સાહન આપ્યું તો તેનો પસ્તાવો કરવાનો.

સભા :- તો સાહેબ પુણ્ય ખપી જાય ને ?

સાહેબજી :- પુણ્ય બાંધ્યુ હોય તો ખપે ને. હલકા દાનમાં એવું પુણ્ય બંધાય છે. પશ્ચાત્તાપ શેનો છે ? અશુભ પરિણામનો પશ્ચાત્તાપ છે માટે પાપ ખપે અને પુણ્ય ખપાવવું હોય તો ભોગવીને ખપાવાય. હલકા પુણ્યને સ્વેચ્છાએ ત્યાગ કરીને લાત મારો તો ખપે. તમે જે અત્યારે સગવડતા ભોગવો છો તે અમે ભોગવી શકીએ નહિ ?

એકવખત શું બનેલું કે એક વિહાર કરીને આવતા અમે આખા પરસેવે રેબઝેબ થઇ ગયેલા ને આઠ-નવ વાગી ગયા હતા, સાથે થાકી પણ ગયા હતા. પાણી લોટો પણ ખાલી. તે વખતે સામેથી આસ પાસ બાઇઓ લાકડા લઇને આવતી હતી, તે આવીને અમને એમ કહે કે સાહેબ તમે કેવા પાપ કર્યા હશે કે આવું વેઠવાનુ આવ્યુ છે. તમારા ભક્તો તો મોટરમાં ફરે છે. મજા કરે છે

અમે તો બધુ આ સ્વેચ્છાએ છોડ્યુ છે. પુણ્યને લાત મારી શકાય તો તેમા આત્માનું હિત ઘણુ થાય છે.

તમારે ઘરે ખાવાનુ નથી હોતુ તેથી ઉપવાસ કરો છો ? તમારો કેવો પાપોદય કે ભૂખ્યા તરસ્યા રહેવું પડે છે ? આ તો બધો સ્વેચ્છાએ કરેલો ત્યાગ છે. પાછુ સમજવુ પડે તમારે ક્યુ

પુણ્ય ખપાવવું છે અને કયુ બાકી રાખવું છે. ઉપયોગી પુણ્ય ખપાવવાનું નથી, તેનો ઉપયોગ કરવાનો છે

દુનિયા માત્ર વિષય કષાયો પ્રત્યે દોડી રહી છે ક્રોધ-માન-માયામાં ફસાયેલી છે. તેના તરફ દોડવું તે જ અધર્મ છે.

સભા : ધર્મની બીજી વ્યાખ્યાઓ પણ છે ને?

સાહેબજી:- આ વ્યાખ્યાને કોઈ ખોટી નહિ કહી શકે. તમે સંસાર માંડ્યો અને અમે છોડ્યો એટલે અમે ઉંચા એટલે જ તમે અમને પાટ પર બેસાડો છો. તમારી લાઈનમાં નથી ચાલ્યા તેથી જ ઉંચા બેસાડ્યા છે ને? બીજા ધર્મો પણ દયાની વાત કરે છે પણ આપણો ધર્મ દયા દાનને બીજા ધર્મ કરતા જુદી રીતે મુલવે છે

પહેલા જ્ઞાન પછી દયા. અજ્ઞાનીની દયાની ફૂટી કોડીની પણ કિંમત નથી. દયામાં પણ ભાવ-દયા ને દ્રવ્ય દયા આગળ આવશે

સભા :- બહારથી ફસાય ગયેલા અંદરથી શું ભાવ રાખીયે?

સાહેબજી:- વેપાર કરતા શું ભાવ રાખો છો? શિક્ષણ આપતા પણ શું ભાવ રાખવા. પણ તમે ખોટાને ખોટું માનતા હશો તો જ તમારે શું ભાવ રાખવા તે સમજવાનું રહેશે

સભા :- વસ્તુપાલ તેજપાલે મસ્જીદ કેમ બંધાવેલી.

સાહેબજી:- તેમણે મસ્જીદ બંધાવી તે વિશેષ વ્યક્તિ માટે વિશેષ કારણે બંધાવી છે.

પણ શાસ્ત્રમાર્ગે તે ન લેવાય.

દાનના આઠ ક્ષેત્ર છે. તેમાં સાત ક્ષેત્ર સુપાત્ર દાનના છે, એક ક્ષેત્ર અનુકંપાદાનનું છે. તે વિશાળ છે ને તેમાં બધું જ આવી જાય છે. પણ અનુકંપાદાનને સમજવાનું છે. લોકોત્તર અનુકંપા દોષપાત્ર બને છે લૌકિક અનુકંપા છે, જે દોષપાત્ર નથી બનતી. તેથી જ અમુક અનુકંપા થાય અમુક વર્જ્ય ગણાય. ક્યાંને સત્કાર્ય કહેવાયને ક્યાંને ન કહેવા વગેરે સમજવાનું.

જેમ દા.ત. જીવનલેખનું દાન આવકથી ન જ કરાય. ઇશુ ખ્રિસ્તે જેમ ગળ માછલીનું દાન આપ્યુ તેમ તમે ન જ કરી શકો. જાળ અપાવીને ગાંધીજીએ માછીમારોને રોજરોટી અપાવી તેવું કામ આપણે અનુકંપામાં ન જ ગણીએ.

દાન માટે આપણે ત્યાં આઠ જ ક્ષેત્રો છે

સભા:- પણ સાહેબજી બધા સાધુભગવંતો જુદુ જુદુ કહે છે.

સાહેબજી:- બધા જુદુ જુદુ કહે એટલે આપણે કોઇ વાતને મગજમાં ન જ બેસાડવી એવુ નથી આમતો ઘણા મતભેદો છે છતા મૂર્તિપૂજાને કેમ રાખી છે? સાધુઓ બધા એકીઅવાજે બોલતો જ એ અમે સ્વીકારીશું, તેવું તમારૂ માનવુ ખોટુ છે તટસ્થતાથી સાચા ખોટાનો વિચાર કરીને જ મત પકડવાનો છે. બાપદાદાથી ચાલતુ આવ્યુ છે તેથી જ જો મત પકડ્યો હશે તો તમે મિથ્યાત્વી છો આ અભિગ્રાહીક મિથ્યાત્વ છે. અને તેમનામાં કદી મોક્ષમાર્ગ કે સમકિતની ભૂમિકા નથી આવતી

પ્રભુએ કહ્યુ છે મારો એક ધર્મપણ મમતાથી

ન પકડો. મારી વાત પણ તત્વ દૃષ્ટિથી સાચી લાગે તો જ સ્વીકારો. આત્મકલ્યાણ માટે જે આત્માને હિતકારી ને સાચું હોય તે જ પકડજો. મારા બાપદાદાથી આ ચાલું છે તેથી ચાલી આવે છે તેમ વિચારવાથી દૃષ્ટિરાગ થશે.

|| પ. પૂ. શ્રીયુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ||

૨૭.૭.૯૯
બુધવાર

અનુકંપાદાન

ચોપાટી

અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને અનુકંપાદાનનો વિશેષ પ્રકારનો સાચો બોધ કરાવવાને, ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ દાનધર્મને વિવિધ પાસાથી સમજવા જેવો શ્રેષ્ઠ કક્ષાનો ધર્મ છે. જો જીવ આ ધર્મને સાંગોપાંગ રીતે સમજી જાય તો તેનું કલ્યાણ તે તેના દ્વારા નક્કી કરી શકે છે. તિર્થંકર કથિત ધર્મમાંથી એક પણ ધર્મને જો સર્વાંગી રીતે સમજી લઇએ તો ઠેઠ મોક્ષ સુધી પહોંચાડી શકે છે.

દાન - શીલ - તપ - ભાવ આરાધનાના અસંખ્ય યોગ છે, તેમાંથી એક પણ યોગ લઇએ તો તે યોગથી અનંતા મોક્ષે ગયા છે. પ્રત્યેક યોગની આરાધના દ્વારા મોક્ષે જવાય છે. આમ કોઇપણ યોગને પરાકાષ્ઠા સુધી લઇ જઇ શકીએ તો તેનામાં મોક્ષ આપવાની તાકાત છે, તેથી જ તેને સર્વાંગી રીતે સમજવો જોઇએ. દાનધર્મ જો શ્રાવક બરાબર

રીતે સમજુ લેતો વિકાસ કરતા આગળ વધી શકાય. બીજા ધર્મના દાનધર્મ કરતા આપણો દાનધર્મ પાયામાંથી જુદો પડે છે. આપણા તીર્થંકરે આપણને કંઈક વિશેષ આપ્યું છે.

અનુકંપાદાન દયાપાત્રમાં થાય જ્યારે સુપાત્રદાન ભક્તિપાત્રમાં થાય. ભક્તિપાત્રમાં અનુકંપા થાય તો પાપ લાગે ને અનુકંપામાં ભક્તિ થાય તો પાપ લાગે એ અવિવેક, મિથ્યાત્વ છે. તીર્થંકર ભગવંતે ભક્તિપાત્ર સાત ક્ષેત્રે વહેંચી આપ્યા છે. તેની બહાર કોઈ પણ ભક્તિ પાત્ર રહેતુ નથી. પાયામાંથી સાત ક્ષેત્રમાં દાનની સમીક્ષા બતાવી છે. હલકા ઉંચા નીચાનો ભેદ બતાવ્યો છે. સુપાત્ર દાન અનુકંપાદાન કરતા અસંખ્ય ગણુ ઉંચુ છે, તેના કણને અનુકંપા સાથે સરખાવાય નહિ. નહિતર અવમૂલ્યન થશે. અનુકંપા કોઈ પણ ક્ષેત્રમાં કરો તો સુપાત્ર સાથે સરખામણી ન કરવી. નહિતર આશાતનાનું પાપ લાગશે.

વર્તમાન યુગમાં અનુકંપાદાનની જ બોલબાલા છે. અને સુપાત્રનું અવમૂલ્યન કરાય છે. અનુકંપાદાન દાનની સામે સા[illegible]ની ગુણવત્તા ઓછી આંકવાનું કામ કરતા નહિ. એવી ધર્મ કરનારને મારા અંતરથી ભલામણ છે. પ્રચાર દ્વારા ઘણો વર્ગ આવું માનતો થઈ ગયો છે કે રપ લાખનું દેરાસર કે ઉપાશ્રય કરાવવો, ઉપધાનો કરાવવા, મહોત્સવો કરાવવા, તીર્થયાત્રા કરાવો આ બધામાં પૈસાનો ધુમાડો કરવાનું શું કામ? તેના કરતા દેશના ગરીબો ઘણા છે, તેના માટે કંઈક કરવું જોઈએ. દેરાસર ઉપાશ્રય ઘણા થઈ ગયા છે, તેની હવે જરૂર નથી. પાલીતાણામાં

આટલી બધી પ્રતિમાઓ છે તો ત્યાં અબજો રૂપિયાના ખર્ચે પ્રતિમા - દેરાસરો કરાવવાની શું જરૂર છે. ? આવું વલણ વધતું જ જાય છે. પણ બોલનારને ખબર નથી કે આના દ્વારા કેવા કર્મબંધ થાય છે. કઇ ભૂમિકાની તમે આશાતના કરો છો તેનો ખ્યાલ નથી પરમ ભક્તિને સત્કાર્યનું ક્ષેત્ર સુપાત્રદાન છે. એનું તમે Conversion કર્યું કહેવાય. સુપાત્રમાં વધારે હિસ્સો છે તેથી તેમાંથી થોડો હિસ્સો અનુકંપામાં વાપરો તેવું થાય. દા.ત તમારે ઘરમાં ૧૫૦૦૦ ની આવક હોય, અને તેમાં તમારી માની દવાનો ખર્ચ ૧૫૦૦ થી ૨૦૦૦ હોય. સાથે બીજા ખર્ચા જેવા કે ટીવી. વિડીયો મોજશોખના. સાધનો વગેરેમાં ખર્ચો વધારે થતો હોય ને આવક ઓછી પડતી હોયતો તે વખતે એમ થાય કે માની દવામાં કાપ મુકું તો આ કેવું કહેવાય. ? પોતાના મોજશોખ ખાધાખોરાકીમાં કાપ મુકવાનો વિચાર ન આવ્યો અને માના જ ખર્ચા આંખે આવ્યા ?

દેવ-ગુરુના ઉપકારની તોલે કોઇ જ આવી શકે તેમ નથી. આમતો અત્યારે વધારે કાંઇ આ ક્ષેત્રમાં ખરચાતુ નથી. અત્યારેતો આ આંકડાની રમત છે ભૂતકાળમાં લાખની કિંમત હતી તે હાલ કરોડની પણ નથી. પણ કરોડ બોલાતા મોંઢું મોટુ થઇ જાય છે. ભૂતકાળમાં દાનનો પ્રવાહ હતો તેના કરતા અત્યારે કાંઇ વધારે કરી શકાય તેવો નથી. આંકડાના સરવાળા બાદબાકી જ છે. તમારાં માબાપ માં જે શ્રદ્ધા ધર્મભાવ હતો તેના કરતા અત્યારે તુમારી શ્રદ્ધા સદાચારમાં કાપ આવ્યો છે. અત્યારે તમ પહેલા કરતા વધારે આપો તેવું નથી કહેતા. આમ ટોટલ

થઇને બાર મહિને પાંચસાત કરોડ ખરચાતા હશે. આ તો સમગ્ર ભારતની વાત કરૂ છું. આની સામે બધા જૈનોનો મનોરંજનનો ખર્ચ કેટલો આવે ? હોટેલોનો ખર્ચ કેટલો આવે ? ભારતમાં એક દિવસનો મનોરંજનનો ખર્ચ અબજો રૂપિયાનો થાય છે, ત્યાં તમને કાપ મૂકવાની જરૂર નથી લાગતી! ભગવાનની ભક્તિ કરવામાં જ કાપની જરૂર લાગે છે. અમારી દ્રષ્ટિએ સુપાત્રમાં કાપ મૂકી અનુકંપામાં વધારે કરવું તે મહાપાપ છે, વિચાર માત્ર પણ મહાપાપ છે. અત્યારે દેવદ્રવ્યમાં પૈસો ઘણો છે તેવો પ્રચાર થયો છે પણ કુલ દેરાસરોનું જો સમારકામ કરાવવામાં આવે તો પૈસો ઓછો પડે. આ સરકારનો રિવ્યુ છે. મરામત કરાવવી પડે તો સરકારને સામેથી પૈસા આપવા પડે. સુપાત્રદાનને હલકુ માનવું તે તમારી બુદ્ધિ હલકી થઇ છે તે સૂચવે છે. ભલે પછી આખો દિવસ પરમાત્માની ભક્તિ કરતા હોય. માનવ હૃદયમાં પ્રભુ છે તેવું તો તમે નથી માનતા ને ? મંદિરમાં પથ્થરની મૂર્તિ છે જો એવું માનીને પૂજા કરતા હો તો તમારી ભક્તિ જ ખોટી છે, પૂજા કરવાની જરૂર જ રહેતી નથી.

આજના લોકો ભાન ભૂલ્યા છે. ભારતના બધા ધર્મો આવું બોલતા નથી. છતાંપણ પ્રચાર ખોટો થાય છે. સમાજમાં હજારો માણસોની વિચારધારામાં આ ચેપ ફેલાયો છે. બહાર જ નહિ ઘરમાં પણ આ ચેપ લાગી ગયો છે, તેથી જ hammering કરીને તમારી દ્રષ્ટિ બદલવા માંગુ છું.

સભા:- ઘી બોલીને પૂજા કરીએ તેના કરતા અનુકંપામાં ખરચીએ તો ?

સાહેબજી :- અનુકંપામાં કોણ આવે ? દયા પાત્ર - ગરીબ દીન દુઃખી બધા અનુકંપામાં આવે છે. આ બધા કાંઈ સદ્ગુણી નથી લુલા-લંગડા, દુઃખી જીવો છે, ગુણીયલ ને ગુણહીનનો ભેદ વિચારો.

સ્વયં ગુણ એ જ ધર્મ છે. ગુણથી જ ધર્મની પ્રાપ્તિ થાય છે. પરાકાષ્ઠાના ગુણો પરમાત્મામાં છે

સભા :- જલ્દી પુણ્ય થઈ, તે ભાવથી બોલવા કરતા અનુકંપામાં કરવું વધારે સારું.

સાહેબજી :- જે પૂજા બોલો છો તે પરમાત્મા પ્રત્યેના અહોભાવથી બોલો છો ને ? જલ્દી મળવા કરતા પહેલી કરવા મળે તેનો તેને મન આનંદ છે. તમે પણ આ જ વિચારે શું બોલો છો ?

સભા :- દેખાદેખીમાં બોલે છે.

સાહેબજી :- બધા જ દેખાદેખીમાં બોલે છે તેવું નથી હોતુ. તેમનામાં શુભભાવ હોતો નથી એવું તમે સ્થાપિત કરી શકશો ? એમાં અહંકારથી દેખાદેખીમાં બોલાય તો અમે પણ એની ટીકા કરીયે, પરંતુ ઓછી-પ્રવૃત્તિને વખોડાય કે તેમાં રહેલા ખોટા ભાવની ટીકા જ કરાય. અત્યારે તો સાધુઓ પણ એવા તૈયાર થયા છે કે લાખો રૂપિયાની આંગીમાં ખરચો તેના કરતા અપંગોને આપો, તેવુ બોલતા થયા છે. આ સાધુઓની પણ બુદ્ધિ બગડી છે. ક્યાં ભગવાનની આંગી-ને ક્યા અપંગોની સારવાર. ?

અનુકંપાને સુપાત્ર સાથે સરખાવાય જ નહિ તેના ફળ પણ સરખા નહિ.

સભા :- દીનદુખિયાની સેવામાં પ્રભુ-ભક્તિ આવી જાય ?

સાહેબજી :- દીનદુખિયાની સેવા ન હોય, સેવા તો પૂજ્યની
જ હોય. ભિખારીને દાન, ભક્તિબુદ્ધિથી નહિ પણ
દયા બુદ્ધિથી આપવાનું છે. તેમના પ્રત્યે અહોભાવ થાય
તો મિથ્યાત્વ લાગે. અનુકંપા દાન નહિ કરવાનું કહેતા
નથી. પણ તેની સરખામણી સુપાત્રદાન સાથે થાય નહિ.
જ્યારે તમે તો દયાને સેવા બોલો છો. ભૂતકાળમાં પાપ
કર્યા હશે તેથી જ તેઓ આ અવસ્થા પામ્યા હશે.
અત્યારે પણ તેમનામાં મોટા ભાગે ધર્મ નથી જ, ગુણ
નથી. સેવા નથી, ને ભક્તિ પણ નથી, તેની સેવા કે ભક્તિ
ન જ હોય. સુપાત્રનો મહિમા તમે નથી સમજ્યા, સુપાત્ર
કોને કહેવાય તે પણ સમજ્યા નથી. પ્રભુએ છેલ્લા
૧૬ પહોર દેશના આપી છે. બીજા કોઈ પ્રભુએ આવી
દેશના આપી નથી.

દૃષ્ટાંત રૂપે, પુણ્યપાલ રાજાને સ્વપ્ન આવ્યા
છે. રાજા ભક્ત છે, શાસન સાથે એકમેક થઈ ગયેલા
છે. આમ તો પોતાને સ્વપ્ન આવે તો પોતાને જ ફળ
મળે પણ, આમના સ્વપ્નનું ફળ પ્રજાને મળે છે. શાસનને
મળે છે. ફળાદેશ પૂછ્યો ત્યારે કે "મારા શાસનનું શું
થશે?" ત્યારે જવાબ એ મળ્યો કે "જેમ ખેડૂતો વાવણી
કરે ત્યારે. તે વખતે સામાન્ય રીતે ચારેકોર સારી રસકસ વાળી
જમીનમાં સારું ઊંચું બિયારણ વાવશું તો પાક વધારે
ઉતરશે. જ્યારે તેના બદલે તમે રસકસ વગરની
જમીનમાં સારું બિયારણ નાખો તેની જેમ જ ફળદ્રુપ
માં નહિ વાવતા ખડકી જમીનમાં વાવશો,
તે ફળ પણ તેવું જ મળશે

સુપાત્રમાં દાન આપવાનું મહત્વ નહિ લાગતા
અનુકંપામાં જ દાન આપવાનું મહત્વ લાગે છે. આ

ઊંધો પ્રવાહ છે. નાને પણ ધર્મ અવસરે કરવાની પ્રભુની આજ્ઞા છે. અનુકંપા પણ અવસરે ન કરો તો પાપ લાગે. અનુકંપા કરવાની જરૂર છે. પણ સુપાત્રના લોકો નહિ.

## સેવા સ્વાર્થની હોય છે.

આ યુગમાં સ્વાર્થની તાસીર છે. ડોકટરો પણ જો દર્દીને દવા કરે છે તો પણ પ્રસંગે તેને સેવા જ કરીએ છીએ, એમ જ બોલે છે. આમ તો ડોકટરે પણ સમાજને અર્પિતતા જ હોય છે. સેવા શબ્દ વાપરવો એ સ્વાર્થીનો વ્યભિચાર છે. પછી તો ખેડૂતો, બેન્કવાળા વકીલો બધા જ કહેશે અમે સેવા આપીએ છીએ. સેવા તો મફતમાં આપવાની હોય.

દયા પાત્રમાં દયા જ હોય. અપુજ્ય પુજ્ય ભક્તિભાવ હોય જ નહિ, સ. છે નમ્રતાનો વ્યવહાર કરો તો પણ પાપ લાગે. મહાત્માના દાખલામાં, જેઓ અત્યંત પવિત્ર હતા. અતિશય ગુણવાન હોવા છતાં ખોટી નમ્રતાને અપૂજ્યમાં સેવાનો ભાવ હતો તેથી છેક સુધી મિથ્યાત્વમાં રહ્યા. (તામલી તાપસ)

તામલી તાપસ ઊંચી કક્ષાના સંન્યાસી છે. ખાનદાન શ્રીમંત કુટુંબના નબીરો છે સાથે પરોપકારી સજ્જન છે. પ્રસંગો ગામમાં બધાને સહાય કરે છે. તેથી બધા તેમને બાપની જેમ પૂજે છે. ખુબ જ સત્કાર્યો કરે છે. આ તાપસને એક દિવસ વિચાર આવે છે કે મને આવું પુણ્ય મળ્યુ છે તેથી આ સત્કાર્યો કરી શકુ છુ. પણ પછી આવતા ભવે જો પુણ્ય નહિ મળે તો સત્કાર્ય નહિ કરી શકુ. તેથી વધુ પુણ્ય બાંધવા શુ કરવું તેનો વિચાર

કરે છે. તેમના શાસ્ત્રમાં લખ્યુ છે કે ઉંચુ પુણ્ય ત્યાગ આખું
કર્મથી બંધાય છે. માટે તે સંન્યાસી બને છે. આ વખતે,
કામ કરે છે. તેમનામાં કેટલી દયા-લાગણી હશે તે
સૂચવે છે. જે દિવસે સંયમ લીધો ત્યારથી છઠ્ઠના
પારણે છઠ્ઠ કર છે, પારણામાં પણ પાછા માલપાણી
ખાવાની વાત નથી. ભિક્ષામાં એકલા ભાત લાવવાના
તેના ચાર ભાગ પાડી, એક ભાગ પંખીને નાખે છે -
ખેચર. બીજો ભાગ પાણીમાં માછલા વગેરેને નાખે છે
જલચર. ત્રીજો ભાગ કૂતરા આદિને નાખે છે - સ્થળચર.
આમ ત્રણ ભાગ કાઢી ચોથો ભાગને, ૨૧ વખત
ધોઈને પછી તે વાપરે છે. આમ જુઓ તો તેની સાધના
વિચારો તો આનાંદ થઈ જવાય. સાથે ગુણોનો પણ
પાર નથી, પરોપકાર - તપ - સંયમ - વૈરાગ્ય - બ્રહ્મચર્ય
ઉદારતા બધુ જ છે. આવો તપ તે વખતના આયુષ્ય
લાંબા હોવાથી ૬૦,૦૦૦ વર્ષો સુધી કરે છે, પણ સાથે
અવિવેક એ છે કે, એમના મનમાં વાત બેસી ગઈ છે
કે આત્મા માત્રમાં ભગવાન વસે છે, તેથી ગુણી-દુર્ગુણીનો
વિચાર નહિ કરવાનો, તેથી જ જ્યારે જ્યારે
ગોચરી લેવા જાય ત્યારે કે ગાય- કૂતરા- પશુ માણસ
મહાત્મા કે ગુંડો બધાને ભક્તિભાવ પૂજ્યભાવ સાથે
હાથ જોડે છે

સભા :- આને સમભાવ કહેવાય?

સાહેબજી :- સમભાવમાં તો બન્નેના આત્માને
સરખો કહ્યો છે તેથી ત્યાં પગે લાગવાનું નથી.
સમતા આવ્યા પછી કોઈ પૂજ્ય નથી કોઈ પૂજક
નથી. તમારી જાત કરતા બીજાની ભૂમિકા ઊંચી
લાગે તો જ હાથ જોડવાના છે.

આ તાપસને તો બહુ જ નમ્રતા છે, વિનય છે, સર્વ પ્રત્યે
પૂજ્યભાવ છે. તેથી જ આટલી કપરી આરાધના કરવા
છતાં તે સમકિત ન પામી શક્યો. મિથ્યાત્વમાંથી બહાર
ના નીકળી શક્યો. શાસ્ત્રમાં લખ્યું છે કે આને જેટલી
આરાધના -સાધના કરીને બીજા કોઈ જીવોએ કરી હોત
તો આટલી આરાધનામાં સાત જીવો મોક્ષે ગયા હોત.
જ્યારે આ તાપસ મિથ્યાત્વને લીધે, અવિવેકના
કારણે ફળ ન મળ્યું. વ્યક્તિનું ગુણ દ્વારા મૂલ્યાંકન હોય
તો કરવું જ પડે. જ્યાં પૂજ્ય યોગ્ય, નમવા યોગ્ય
ત્યાં આવો ભાવ ન જ લવાય. તમને એમ થશે કે
આમાં શું ખોટું છે? નમ્ર થઈને વિનયથી પૂજે છે
પણ શેતાનમાં ભગવાનના દર્શન કરે અને ભગવાન
માં શેતાનના દર્શન કરવા અને ભગવાનને શેતાન
સાથે સરખાવે તો આશાતના થાય જ. તેઓ ઈતર
ધર્મના અનુયાયી હોવાથી મિથ્યાત્વી કહ્યા એવું
નથી પણ આ મિથ્યાત્વ અવિવેકના કારણે જ છે
બીજાના ગુણદોષને પારખી, યોગ્ય ગુણનું વિશ્લેષણ
કરીને ઉચિત બહુમાન કરવું જોઈએ.

અનુકંપામાં કોને લેવાય, કે જે દુઃખીમાત્ર
છે, દયાને પાત્ર છે. ઉંદરને બિલાડી મારતી હોય
તો કોની દયા કરવી? ફક્ત ઉંદરની જ કે
બિલાડીની પણ દયા કરવાની છે?
મરનાર પર દયા કરવાની? કે મારનાર પર
દયા કરવાની? કસાઈ પણ જો ભૂખે મરતો હોય
તો તેની પણ દયા કરવાની છે. અહિંસકની
દયા - હિંસકની દયા - પાપી દુર્જનની પણ દયા કરવાની
છે.

સજ્જનની જ દયા કરવાની છે એવું નથી. આ દયાનું શાસન broad base ઉપર છે. છતાંપણ ભક્તિ-પાત્રને અનુકંપા ન કહેવાય. કેટલાક ક્ષેત્રમાં અનુકંપાને હેય ગણી છે. દરેક જગ્યાએ ભાવ કેવો જોઈએ તે સમજવું પડે.

અત્યારે સંઘ-જમણ સાધર્મિક ભક્તિ પહેલા જેવી થતી નથી. અને છતા કહેવાય છે કે પૈસાનો બગાડ થાય છે. આ બધું કરવાની શી જરૂર છે? પરંતુ ગરીબ દુઃખીયાને આપો. આવી મનોવૃત્તિ ડગલેને પગલે થતી હોય છે. આ દેરાસરમાં જે વપરાય છે તે સમાજ પર બોજો છે. દેરાસરોમાં લાખો મણ દૂધ વપરાય છે. ચોખ્ખા ઘીના દીવા બળે છે જ્યારે ગરીબોના દિલો જલે છે. આવું ને આવું ચર્ચાતુ જ હોય છે પાછા બોલનારા બોલે લાખો રૂપિયાના કેસર પાણીમાં જ જાય ને? એ બધો જ ખર્ચો બોજારૂપ લાગે છે.

જ્યારે અત્યારે advertisment, megazine,ના કેટલા ખર્ચા થાય છે. અબજો રૂપિયા, પાછા નાખવાના પસ્તીમાં. આવા તો કેટલાયે બિનજરૂરી ખર્ચા છે ઇન્ડીયા દર વર્ષે ૨૦ હજાર કરોડ રૂ. ગટરમાં નાખે છે. એક દિવસનો પેટ્રોલનો ખર્ચ કેટલો થાય છે આ બધા ખર્ચા દેખાતા નથી.

ધર્મ સમજનારા વિચારજો કે સુપાત્રની કક્ષામાં આ ન આવે. પરમાત્માની એક વખતની સાચી કરેલી ભક્તિથી ચોક્કસ સંસાર કપાવવાનું શરૂ થાય છે.

તમે ભક્તિ પણ કરીકરીને કેટલી કરશો? સુપાત્રનો મહિમા ક્યાંય પણ ઘટવો જોઈએ નહિ.

સુપાત્રમાં જરૂરિયાત કે આવશ્યકતાનો વિચાર કરાય જ નહિ.

ભગવાનને જરૂર છે, કે સાધુને સાધર્મિકને જરૂર છે માટે ભક્તિ કરવાની એવો જો ભાવ આવે તો આશાતનાના પરિણામમાં જાય.

॥ પ. પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

ગુરુવાર
૨૮.૭.૯૪ અનુકંપાદાન ચોપાટી

અનંતજ્ઞાની, અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને જે અત્યંત દુઃખી થયેલા છે માટે સુખના સાધનરૂપ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દ્રષ્ટિએ જીવને જે દુઃખ આવે છે, તેનું મૂળ કારણ બાહ્ય દ્રષ્ટિએ નિમિત્તોને સમજતા હોય. પણ તેમા પૂર્વે કરાયેલા અશુભ કર્મો જ કારણરૂપ છે, દીન, દુઃખી અનાથ લુલા લંગડા કે પણ આપત્તિથી ઘેરાયેલા છે તેઓના હાથે ભૂતકાળમાં જોરદાર અશુભ કામો થયેલા છે, અને તેના ઉદયરૂપે જ આવી તકલીફો આવે છે. આવા જીવોનું વર્તમાનમાં જો ખુશનસીબ હોય, ધર્મ પામીને સદ્ગુણો આદિ કેળવ્યા હોયતો ભલે ગમે તેટલા દુઃખમાં હોય પુણ ધર્મના કારણે તેઓ પામી જવાના છે. પરંતુ જેઓ હજુ ધર્મ પામ્યા નથી, જે પાપમય જીવન છે સાથે ગુણહીન છે, આવા જીવો ભૂતકાળમાં અનેક પ્રકારના પાપકર્મોથી વર્તમાનમાં

દુઃખી છે. અને અત્યારે પણ પાપમય જીવનથી પરંપરાએ દુઃખો પામ્યા કરશે. આવા જીવો પ્રત્યે કરુણા દયા જ કરી શકાય છે. દુઃખી પણ ધર્મમાં હોવતો બહુમાન કરી શકાય છે. પણ જે ગુણી સદાચારી નથી તેઓનું બહુમાન કરી શકાય નહિ. તે તો દયાને જ પાત્ર છે

અનુકંપાદાનમાં કરવા લાયક કર્તવ્યો ચાર છે. સાથે એક બીજો પ્રકાર છે. આમ કુલ પાંચ છે

(૧) ભુખ્યાને ભોજન અન્ન પાણી દાન

(૨) વસ્ત્રદાન

(૩) ઔષધ દાન

(૪) આશ્રય દાન

(૫) આજીવિકા દાન.

ભૂખ્યા તરસ્યા માણસને ભોજન પાણી વગેરે આપવું તે અનુકંપામાં આવશે.

નિર્વસ્ત્ર ગરીબ હોય તેને ઢાંકવા લાયક વસ્ત્ર આપવા તે વસ્ત્રદાનમાં આવશે.

માંદાને ઔષધ આદિ આપવું તે ઔષધ દાન કે ઘર વસાવી આપવું તે આશ્રય દાન. કાયમ માટે જીવનનિર્વાહ ચાલી શકે તે માટે આજીવિકાના સાધનરૂપ હોય તે દાન અનુકંપામાં આવશે.

અનાર્ય દેશમાં અનુકંપાદાન જુદી રીતે થાય છે. આર્ય " " " "

આર્યમાં પણ ધર્મોમાં નું અનુકંપાદાન જુદીરીતે થાય. છે.

આ પાંચે દયાબુદ્ધિથી કરવામાં આવેતો અનુકંપામાં જાય છે

અનાર્ય યોગ્ય કરાતુ દાન જુદુ
આર્ય ״ ״ ״ ״
તીર્થંકર કથિત કરાતુ અનુકંપાદાન જુદુ.

૧) અનાર્ય દેશમા આચારવિચાર જ એવા છે કે દયાદાન થશે જ નહિ. કારણ તેમાં તેના જીવનની હીન પ્રવૃતિઓનો પડઘો પડે છે. આર્ય અનાર્યનો ભેદ તીર્થંકરોએ બતાવેલો છે. ગૌતમે પુછેલા પ્રશ્નોના જવાબમાંજ આ ભેદનું વિધાનો બતાવ્યા છે. પાયાથી આ ભેદ પડે છે

જેનો વારસો - લોહી - સંસ્કારો હલકાં હોય તેને અમે અનાર્ય કહીયે છીએ. જેનો પાસ. વારસો - લોહી - સંસ્કૃતિ પરંપરા સમાજ વ્યવસ્થા ઉંચી હોય તેને અમે આર્ય પ્રજા કહીએ છીએ. આનું વિશેષ વિવરણ તત્વાર્થ સુત્રમાં બતાવ્યુ છે

અનાર્યમાં પણ ઉંચા પરિવાર, નીચા પરિવાર તેના પણ ભેદો આવશે. જેમ કચ - કચીસ તેના ભોજા આચાર જુદાં ગણાય. ઉચ્ચ કુટુંબના આચાર વિચાર જુદા પડવાના.

આર્ય અનાર્યનો ભેદ સ્થાપિત હાવો જ જોઇએ આ બધા ભેદ તમને તો ગેરવ્યાજબી જ લાગશે. ઘણાને તો ત્યાંના આચારવિચાર ઉંચા લાગે છે, ત્યાંની પ્રજામાં સંપૂર્ણ દુર્ગુણો છે તેવુ નથી, ઘણા સદ્‌ગુણો પણ છે તેવું યે નથી પણ છેલ્લા ૧૦૦ વર્ષમાં તેઓનુ ઘણું અધઃપતન થયુ છે. તેમને ત્યા સંપત્તિ ધોરણો ઉંચા છે. પણ સદાચારની કોઇ જ કિંમત નથી. Character જેવી કોઇ વસ્તુ નથી. freedomના નામે કેટલા

પાપ બંધાય છે. પાયામાંથી જ માનવ જાતની
કૌટુંબિક લાગણીઓનો અભાવ છે. ત્યાં ગુણવત્તાની
દૃષ્ટિએ ઘણું જ નીચું ધોરણ છે. નિતી પણ કેવી
પાળે છે તે જોવું પડે છે. ભગવાન પણ જો રાગ-દ્વેષ
થી બોલતા હોય તો તેમને પાપ બંધાય. આ બધુ ખુદ
તીર્થંકરે કહ્યુ છે. મનુષ્ય જાતિમાં આર્ય - અનાર્યનો ભેદ
પ્રથમ ખાતે ચાલ્યો આવે છે. સંસ્કાર વારસો પ્રત્યક્ષ
દેખાય છે. આમ આર્ય કરતા અનાર્યના વિચારો
જો હલકા સમજતા હોઈએ તો દાનમાં ફેર આવશે જ.
તેમનુ દાન ઉતરતી કક્ષાનું જ રહેવાનુ, કારણ તેમના
આચાર વિચાર હલકા છે.

આર્યદેશના અન્નદાનમાં જે રિવાજો છે તેમાં
અહિંસકતા, સાત્વિકતા ઘણી જ છે. જ્યારે અનાર્ય દેશમાં
આહાર પાણીમાં હિંસા ઘણી જ છે, તે ભુખ્યાને પણ
અન્નદાનમાં પણ તે જ વસ્તુઓ આપશે, જેમાં ઘણી જ
પ્રકારની હિંસા સમાયેલી છે. તેઓ હજુ માનવ પ્રત્યે તો
દયાબુદ્ધિથી જોશે, પણ પશુ પ્રત્યે તો ઘણા જ દૂર હોય છે
તેઓ ત્યાં અભક્ષ્ય. અપેય. અખાદ્ય વસ્તુઓ વપરાતી
હોય છે. આવુ તામસીને વિકારી અન્નદાન કેવું હોય?
પોતાના લેવલ પ્રમાણે તેઓ અન્નદાન આપે છે. દયા-
બુદ્ધિથી અન્નદાન કરે તો પણ અવિવેકને કારણે હલકુ-
દાન થશે. તે જ પ્રમાણે વસ્ત્ર, ઔષધમાં પણ ગણાશે.
આજીવીકામાં પણ ગમે ત્યાં મિશનરીમાં ગોઠવી દેશે
આમ આ અનુકંપાદાનમાં ભક્ષ્ય-અભક્ષ્ય. પેય-અપેય
નો વિવેક નથી. થોડા શુભ પરિણામો હોય પણ
અશુભ પરિણામ વધારે છે તેથી હલકુ દાન ગણાશે.

ભલા!- ઓછું પુણ્ય બંધાય છે, અને પાપ વધારે

બંધાય છે તો શું કામ દાન આપે?

સાહેબજી:- નહિ આપે તો પણ પાપ બંધથી અટકી જવાના નથી, સાથે જે થોડું પુણ્ય બંધાય છે તે પણ નહિ બંધાય. દાન ન આપે તો પણ હિંસક ભાવો તો ઘટી જતાં નથી. અનાર્ય દેશમાં જનમવાના કારણે અમુક વૃત્તિઓના કારણે તો પાપબંધ ચાલુ જ છે. હિંસા એમને પરંપરાથી ચાલી આવે છે. શાકભાજી સમારવું જે આપણને સ્વાભાવિક લાગે છે, તેમ તેઓ પણ તે બધી ચીજથી ટેવાઇ ગયા છે. સારા ખોટાની વાત અત્યારે નથી.

સભા:- અનાર્ય પ્રજાનો પૈસો અહીંયા વાપરીયે તો?

સાહેબજી:- અનાર્ય પ્રજા ખુદ કે અહીંથી ગયેલા જૈનો જે છે તે તો આર્ય જ કહેવાશે. દેવ-ગુરુ-ધર્મ છોડી પૈસા કમાવા કે ભોગના ખાતર અનાર્ય ભૂમિમાં ગયા છે. તેથી અનાર્યનાં સંસ્કાર નથી. પૈસા ઉપર કોઇ છાપ નથી. પૈસામાં ધર્મક્ષેત્રમાં કેવી રીતે વાપરવા તે આગળ આવશે. એમાં તો ઘણી જ જટિલતા છે. અત્યારે તો એવું મનાય છે કે blackનો પૈસો ધર્મના કામમાં વપરાય તો ધર્મનું કામ પણ મેલું થાય. આપણા શાસ્ત્રો સાધન-શુદ્ધિને માને છે. ધન એ દાન દ્વારા સત્કાર્ય કરવાનું સાધન છે, ને શુદ્ધ હોય તો વધારે લાભ છે. તેનું વિવેચન આગળ આવશે. પૈસાનો સંબંધ જાત સાથે ગોઠવવાનો નથી.

તમારો પૈસો કે બીજાનો પૈસો તેમાં ભેદ નથી પડતો પણ કમાવાની રીત પર અવલંબે છે.

કોઇપણ સમાજમાં અનુકંપાદાન પ્રચલિત હોય છે, સમાજમાં વિકૃતિ કે સ્વાર્થ આવે તો તેમાં ઘટાડો થતો આવે છે. foreignમાં અત્યારે ઘણા -

અનુકંપાના ક્ષેત્રો બંધ કરી દીધા છે. જેમકે ભિખારીને ભીખ માંગવાનો અધિકાર નહિ. દીન, દુઃખી, લૂલા, લંગડાની જવાબદારી સરકાર લે છે. પછી ભલે સરકાર તમારી પાસેથી ટેક્ષ લઈને સાચવે. પણ આમાં દાનનો ભાવ રહેતો નથી.

માર્ગાનુસારિના ગુણમાં આવે છે કે નબળા વર્ગને લૂલા લંગડા વગેરેને સ્વેચ્છાએ શક્તિ પ્રમાણે સાચવવા. તેઓ એવું પણ માનતા કે આપણે સદ્ધર હોઈએ તો નબળા સમાજને સાચવવાની આપણી જવાબદારી છે. સમાજનું આપણા પર ઋણ છે. આમ આ વિચારીને સાચવતા. હવે તો આ બધુ જ કાઢી નાખ્યુ છે. બધુ જ સરકાર સાચવે તેવી મનોવૃત્તિ આવી ગઈ છે. પહેલાના વખતમાં સમાજ અમને સાચવે છે ને સામે એમ હતું કે આપણી પણ ફરજ છે. આમ બન્ને બાજુ શુભભાવ હોવાના કારણે પુણ્ય બંધાતુ. એવી જ રીતે અત્યારે પણ અનુકંપાના ક્ષેત્રો ચાલુ પણ થયા છે. જેમકે research Centreમાં દાન આપવું. પણ આ બધામાં વિકૃતિ એટલી બધી છે કે આ ગુણવત્તાની દ્રષ્ટિએ ઉલટુ દાન [illegible] ગણાશે

આર્ય પણ જૈનેતરોના ધર્મમાં પણ પોતાને ત્યાં શક્તિ મુજબ દયા-પરોપકાર ભાવો કરવાના છે તેમનામાં પણ <u>અતિથિ દેવો ભવ</u>. આંગણે આવેલો ખાલી હાથે પાછો ન જાય. થોડુ પણ આપીને જમો આપણામાં જેમ સાધુ ધર્મ - શ્રાવક ધર્મ છે તેમ ગૃહસ્થધર્મ પણ છે. એકલું ગૃહસ્થ જીવન અધર્મ નથી. પણ અમુક ટકા ધર્મ - સદ્‌ગુણો - પરોપકાર દયા નો ભાવ તેમાં સમાયેલો છે. તેથી જ લોક-

ભોગવતા પાપ જ કરીયે છીએ તેવું થાય છે. તેથી
જ સત્કાર્ય કરીયે, જમતી વખતે કૂતરાને રોટલો વગેરે
આપીયે છીએ તથા ગરીબોને ભિખારીઓને આપ્યુ
કે નહિ તેનો વિચાર કરીયે છીએ. ભાણે બેસીને
સીધા ઝાપટી લઇએ તેવી ભાવના ન જોઇએ.
છતાં પણ જૈન ન હશે તો તેને કેવા વિકલ્પો જેમકે અભક્ષ્ય
રાત્રિભોજન, દ્વિદળ આદિનો તેઓ વિચાર ન જ કરે.
આની આગળ પાપની પરંપરા ચાલશે તેનો વિચાર તેઓ
ને હોતો નથી. તેવી જ રીતે વસ્ત્ર ઔષધ વગેરેમાં પણ
ભેદ પડશે. તેઓમાં ભૂદાન, ગૌદાન, કન્યાદાન,
તળાવો ખોદાવવા, બગીચા બંધાવવા આ બધા દાનના
કાર્યો છે. જ્યારે જૈન હશે તો આ બધા દાનોમાં ઘણો
જ વિવેક કરશે. ત્યાં જેવું જીવન હોય તેવા જ ભાવમાં
ફરક પડશે. જૈન જો ગરીબ જૈન પરણ્યો ન હોય
તો તેને કન્યા પરણાવી આપુ એમ વિચારી અનુકંપા
દાન નહિ કરે. આપણે સંસાર માંડ્યો છે તો તેને
પણ મંડાવી આપુ એવો વિચાર જૈન નહિ કરે
વ્યવહાર થી પણ આવા દાનને દાન નથી કહેતા
જ્યારે ઇત્તર ધર્મમાં કન્યાદાનને મોટુ દાન કહ્યુ
છે. તેઓ કન્યાદાન પાછળ લાખો રૂપિયા ખરચે છે
અને તેને ઉત્તમ કાર્ય માને છે.

ભૂદાન ગૌદાન વગેરેને અનુકંપા તરીકે આપણે
ત્યાં સ્થાન નથી, દીન દુખિયા, અધર્મી હોય તેની
દયા હોય પણ ધર્માત્માની ભક્તિ જ હોય.

જે જીવો ધર્મહીન છે, અને પાપના ઉદયથી
દુઃખી છે. તેની પણ દયા કેવી રીતે કરવાની
કે તમે મોજમજા કરતા હો અને આવા દુઃખીને

કાંઈ ન આપો તો તમારા હૃદય કઠોર-નિષ્ઠુર થઈ જશે
તેથી તેઓને ખાવાપીવાની પ્રાથમિક જરૂરિયાત જેટલી
મદદ કરવાની છે. દીન દુઃખીની પણ પ્રાથમિક જરૂરીયાત
પુરી કરવાની છે. આટલું ઔચિત્ય છે. મોજમજાના
સાધનો વસાવી આપવાની જવાબદારી નથી રહેતી.

સભા:- પાલીતાણાની જાત્રા કરવી હોય તો
તેઓને કરાય ?

સાહેબજી:- ભક્તિથી જાત્રા કરવા માગતા હોય તો
કરાવાય, પણ હરવાફરવાના સ્થાન તરીકે ન કરાવાય
ત્યાં તો પછી ભૂતકાળમાં બનેલી, કલાકૃતિ જોવા માટે
કે બાપદાદાના વખતથી સારા સારા દેરાસરો વગેરે
ને જોવા કુતૂહલથી ન જવાય. આમ તો આ બધા
જોનારા દેરાસરમાં પાંચ મિનિટ પણ ન બેસે પણ
કોતરણી જોવા કલાકો કાઢે.

સભા:- સારો ભાવ આવી જાય તો ?

સાહેબજી:- કોઈને આવી જાય એવી પણ
શક્યતા છે, પણ તે ન જોવાય. બહારથી આવેલા કોઈ
મર્યાદા ન જ પાળે. તેમને મન તો ભગવાન રમકડા જ
લાગે. કલાકૃતિની દૃષ્ટિએ સ્થાપના છે, એમ જ માને.
પરંતુ અધ્યાત્મની દૃષ્ટિએ પરમાત્માની સાથે અનુસંધાન
કરવાનું તેને કુટાનતો ન જ માને.

તમારી મર્યાદા તથા શિસ્ત પાળવાનું હોય
અને દર્શન કરવા આવે તો વાંચી નથી પૂરા તેવા
બહુ ઓછા હોય. મેલા અશુદ્ધ કપડા હાથ ગમે
ત્યાં અડકે. ભગવાનને પણ ઉંધાચત્તા કરે.
ફોટાઓ પાડે, પૂજારીને ઊપાયની નોટ પકડાવી
દે પછી શું બાકી રહે ? અંદરથી સિગારેટના

ઠંડા પણ ઘણા મળી આવે. આપણી મર્યાદાઓ એ તોડે તો ન જ ચાલે અને આવામાં ભાવ થઈ જાય તેવું મનાય નહિ.

તીર્થો આપણને વારસામાં મળેલી અદ્ભુત મૂડી છે. આટલું પવિત્ર વાતાવરણ બીજે ક્યાંય નહી મળતુ. હજારો વર્ષોથી પવિત્ર આત્માઓની આ ભૂમિ સેવાઇ હોય છે. અનેક પવિત્ર આરાધનાના પરમાણુથી વાસિત કરેલી ભૂમિથી આપણે કંઇક પામવાનું છે. તેથી જ આચરણમાં ક્યાંયે વિકૃતિ ન આવે તે જોવું પડે. એવી જ રીતે મંદિરો પવિત્ર ભક્તિનું સ્થાન લાગતુ હોય તો ભલે આવે પણ નીતિનિયમો સચવાવવા જ જોઇએ. ફક્ત ઇન્દ્રિયોના આનંદ મોજ મજા માટે ન જવાય.

સભા:- ભૂદાન ગોદાન એ આસ્તિકતાના અનુસંધાનમાં ગણાય?

સાહેબજી:- ઇતર ધર્મે વૈદિક પરંપરામાં ગાય-ભૂમિને પવિત્ર માન્યા છે. તેમનું ધર્મનું માળખુ આપણા કરતા જુદુ છે. તેઓ ગાયને ઇશ્વરનો અંશ માને છે. શંકરાચાર્ય પણ ગાયને પગે લાગે છે. તે તો જગતગુરુના સ્થાને છે. ગાય પવિત્ર-પૂજ્ય છે ને અનેક દેવતાઓનો તેમા વાસ છે, તેવી તેઓની બુદ્ધિ છે. આ બધુ આપણી બુદ્ધિમા બેસતુ નથી.

અપૂજ્યમાં પૂજ્ય બુદ્ધિ મિથ્યાત્વ છે.

ગુણયુક્તમા જ પૂજ્ય બુદ્ધિ હોય છે. ગાયમાં શું સંતો કરતા વધારે ઊંચા ગુણો હોય છે? તેઓ તો પામર પશુ છે. રખડી રખડીને ખાય છે. તેઓ એમ માને છે કે તેના પૂંછડામાં કરોડો

દેવતાઓનો વાસ છે. તે કેવી રીતે મનાય?
પૂછડા પરતો બગાઈઓ ફરતી હોય છે. મોંડમાંડ
ખાવા ભેગી થતી હોય છે. આમ એને પુણ્ય માનીને
ચલાઈ જ નહિ. ઈતર ધર્મમાં ધર્મનું સામાજીકરણ
ઘણુ જ થયુ છે. જ્યારે આપણ ધર્મમાં Social
work ની વાત નથી. તેમને બધુ ભેળસેળ થઇ
ગયુ છે. ગાય સામાજીક ક્ષેત્રે કામની છે તેથી
દાન આપવાનું ચાલુ થયુ. આજીવિકા માટે ગાય
આપો તો આજીવિકાનું દાન થયુ પણ તે ગોદાન તરીકે
ન અપાય. તેમનામાં કન્યાદાનને પવિત્ર કહ્યુ છે ને
પુણ્યનું કામ ગણ્યુ છે. તેઓમાં તો સંતતિને પણ
સદ્ગતિનું કારણ માન્યુ છે. માને છે કે જેને સંતાન
નથી તેઓ મરીને દુર્ગતિમાં જાય છે. સદ્ગતિ પામવા
સંતાન હોવું જોઈએ, આથી તો તેમણે અબ્રહ્મને
સમર્થન આપ્યુ કહેવાય. પ્રજોત્પત્તિને પણ ધર્મનું
કામ કહ્યુ. આ બધા દાન અનુકંપામાં આવે નહિ.
કન્યાદાન પાપ જ છે; કારણ સંસાર માંડવો તે
પાપ છે. અબ્રહ્મ પાપ છે તેથી તેના સાધનો ઉભા
કરવા તે પાપ છે

સભા :- સાધારણના પૈસા ક્યા ક્ષેત્રે વપરાય?

સાહેબજી :- કોઈપણ ક્ષેત્રમાં આવશ્યકતા ઉભી
થાય ત્યારે આ ખાતાના પૈસા તેમાં વાપરી શકાય.
સાત ક્ષેત્ર સિવાય પણ કોઈ ખાતામાં જરૂર હોય તો
વપરાય. પણ સુપાત્રનો એકપણ પૈસો અનુકંપામાં
જાય નહિ. અનુકંપાએ આઠમુ સ્થાન છે, ને તેથી
હલકુ સ્થાન છે. જીવદયાનો પૈસો જુદો જ મુકાય
સાત ક્ષેત્રમા નીચેના ક્ષેત્રમાંથી ઉપરના ક્ષેત્રમા

લઈ જવાય. મારા કે તમારા જીવનું (આત્માનું) પરમાત્મા સુધી
લઈ શકાય. આધારનું આધારણ તરીકે જ વપરાય

અત્યારે તો એનો ખાતા તરીકે મૂકી દીધા છે.
પણ ભૂમિકા ભાવતો સમજવા જ પડે. તમારે અનુકંપા-
માં કૂતરાને રોટલા નાખવા. ગાયને ઘાસ નાખવું
પીંજરાપોળમાં તથા શાહતખાતા વગેરે બધા જ તેમા
આય. પેટા તરીકે હજાર ભેદ છે. પણ આપણે સંક્ષેપ
માં પાંચ કર્યા છે. પણ આ પાંચ ભેદને પૂરા જૈન
જુદી રીતે આચરશે. જૈનોના આગમમાં જુદા છે
સુપાત્રમાં, દુઃખ છે તેથી દૂર કરવાનું નથી. દુઃખ
દૂર કરવાનું તો અનુકંપામાં હોય છે. દયાનો કરુણાનો
ભાવ અનુકંપામાં કહ્યો છે. સુખી પ્રત્યે અનુકંપાનો
ભાવ થાય પણ નહિ.

આ દયાને ભગવાનની આજ્ઞા મુજબ લાવવી
હોય તો, ઉત્તમમાં ઉત્તમ ભાવથી પરમાત્માની પૂજા
કરે ત્યારે પૃથ્વી, અગ્નિ વાયુ, વનસ્પતિના જીવોની
જે હિંસા થાય છે તેવી જ રીતે દીવો કરતા અગ્નિ-
કાયના જીવોની, પ્રતિમા બનાવતા પૃથ્વીકાયના જીવોની.
જેમાં એક કણિયામાં અસંખ્ય પૃથ્વીકાયના જીવો રહેલા
હોય છે. ધાતુ પણ પૃથ્વીકાયના પેટાભેદ છે
મંદિર બનાવવામાં અસંખ્ય જીવોની હત્યા થાય, પક્ષાલમાં
પણ અસંખ્ય જીવો મરવાના, ફૂલો ચઢાવો તો વનસ્પતિ-
કાયની હત્યા થાય છે. જિનપૂજા કરતા ધર્માત્માને
મન આ અનુકંપાનો ભાવ તો જીવહિંસા થતી હોવાથી
આવે જ. જે જીવો મરી રહ્યા છે તેના ઉપર અનુકંપા
નો ભાવ કેવી રીતે કરવાનો કે આ ઉત્તમ
કાર્ય કરતા જીવહિંસા થઈ રહી છે. તેના ઉપર

અનુકંપાનો ભાવ લાવવાનો છે. પ્રભુની આજ્ઞા સાથે આંગી કરતો હોય તો તે વખતે પ્રભુ પર ભારો ફૂલ ચઢાવવાના..

સભા:- સમર્પણ કરીને ધન્ય બને છે.

સાહેબજી:- આ બધા જીવોની ભવ્ય તરીકે છાપ નક્કી થાય છે. અભવ્ય હતા તે ભવ્ય થવા થઇ ગયા એવું નથી. પણ જે ચઢ્યા તે ભવ્ય જ છે. જે તમે જાણતા નહોતા તે તેમની ભવ્યત્વનું પ્રમાણ તમને મળ્યું. એમને કોઇ વિશેષ લાભ નથી થતો. ભગવાન પર ચઢવાથી હું ધન્ય બનું છું એવો કોઇ શુભભાવ તેમને નથી હોતો. ઉલ્ટાની તેમને તો આકુળામણ હોય છે

મને શુભ ભાવ હોય તો મને જ પુણ્ય મળે.
તમને " " " " તમને જ " " .
તેમને " " " " તેમને " " " .

ઇતર ધર્મમાં લખ્યું છે કે યજ્ઞ કરતા પશુ હોમો તો તેનો ઉદ્ધાર થઇ જાય. તો તો પછી તમારો પોતાનો જ હોમ કરવો જોઇએ, અર્પણ થવાથી જો ધન્ય બની જવાનું હોય તો તમારે જ અર્પણ થવું જોઇએ.

ભક્તિ કરતા. સમર્પણના ભાવમાં પણ ધર્મની વિશુદ્ધિ હોય તો લાભ છે. જે જીવ ભવ્ય હોય તે જ ભગવાનના અંગ પર ચડે.

સભા:- ભગવાનના ખોળામાં રૂપિયાની નોટ મૂકે તે શું અડાડાય? સિક્કો અડાડે તો ચાલે?

સાહેબજી:- લોખંડ હલકુ દ્રવ્ય કહેવાય. લોખંડની વસ્તુ દેરાસરમાં લઇ જ ન જવાય અશુદ્ધ દ્રવ્ય પણ દેરાસરમાં લઇ ન જવાય.

ભાવશુદ્ધિ માટે આ સાધનો મૂક્યા છે. તમારે તો ઊંધો પ્રવાહ ચાલ્યો છે. તમે તો આખુ માથુ જ ભગવાનના ખોળે મુકી દીધો ને? પણ હાથને છોડીને ભગવાનને અડાય જ નહિ. હાથની પણ છૂટ કેમ આપી કે તેના સિવાય પુજા કરી શકાય જ નહિ. હાથ પણ ચોખ્ખા પાણીથી ધોઈને સ્વચ્છ વસ્ત્રથી લુછવા જોઈએ. પછી પુજાના કપડાને પણ ન અડાય. આનો ભોજ અમાસમણુ આપો. હાથ જમીન પર અડાડી પાછા તે જ હાથે ભગવાનની પુજા કરી કેમ ભગવાનનો તમારા કબજામાં છે ને? પુજા કરતા શરીરને (તમારા) હાથ અડે તો પણ ધોવા પડે

સભા:- જ્ઞાન નથી.

સાહેબજી:- દરેક ક્ષેત્રમાં ટ્રેનીંગ લો છો ને? પુજા કરવી છે તો વિધી જાણવાની જરૂર લાગવી જ જોઈએ. ગમે તે રીતે સ્પર્શ ન જ કરાય.

સભા:- ૨ કલાક ઉભા રહીને પુજા કરવાની આવે તો શું થાય?

સાહેબજી:- કળશ તથા ચોખ્ખુ કપડું સાથે લઈને ઉભા રહેવાનું. મુખકોશ બાંધ્યા પછી પણ પુજા ન થાય હાથ ધોવા પડે

સભા:- મોજા જ પહેરી લઈએ તો?

સાહેબજી:- હાથને ચોખ્ખા નથી રાખી શકતા કે મોજાને ચોખ્ખા રાખી શકશો? બહુ કાઠના ઉંદર પેસે તેવુ છે.

|| પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ||

|| પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ || 

(અનુકંપાદાન)

શુક્રવાર
29-7-94 ચોપાટી

અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને આ દુઃખમય સંસારમાંથી મુક્ત કરી આત્માના સુખની પ્રાપ્તિ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે

જ્ઞાનીઓની દૃષ્ટિએ દરેકને પોતપોતાની પરાકાષ્ઠાનો વિચાર છે સાથે જગતની હિતચિંતાનો પણ વિચાર છે. જૈનશાસનમાં દયાધર્મની ઘણી વિશાળતા બતાવી છે. બીજા કોઈ ધર્મમાં આટલી સૂક્ષ્મ દયા નથી બતાવી. ભગવાનના શાસનની દયા, માનવદયા સુધી પૂરતી નથી, આગળ વધીને પ્રાણીદયાનો પણ તેણે સ્વીકાર કર્યો છે, અને એથીએ આગળ વધીને સૂક્ષ્મ જીવોની દયા પણ બતાવી છે. આ અભિગમ સમજવા માટે ઉદાહરણ તરીકે એકેન્દ્રિય જીવોને પણ લીધા છે.

આ બધા જીવો અવિકસિત ગણાય. મોટાભાગનો વર્ગ તો આને જીવ તરીકે જ નથી માનતો. વનસ્પતિમાં જીવ છે. તેવું કોઈ બીજા ધર્મમાં ઉલ્લેખ છે, પણ જયણાનો તેમાં કોઈ ઉલ્લેખ નથી આપણા જ શાસનમાં આ બધા જીવોની હિતચિંતા બતાવી છે. ને દયા બતાવી છે.

જે જીવોનું હૃદય ઘણું જ કોમળ હોય, દયા ભરપૂર હોય, મારી પોતાની જેમ જ બીજા જીવોને સુખદુઃખની લાગણી છે, એવી માન્યતાવાળા જ આ દયાને સ્વીકારી શકે છે. પરંતુ મોટાભાગના જૈનોમાં

પણ આવો વિચાર કરનારા ઓછા છે. હજી વનસ્પતિને જીવ માને છે, પણ પૃથ્વી અપ, તેઉ, વગેરેમાં જીવ માનનારા ઘણાં જ ઓછા છે. તીર્થંકર કથિત છ-કાયના જીવોની શ્રદ્ધા ઘણી જ ઓછી છે, તેથી તેની રક્ષાનો ખ્યાલ ન જ આવે. સાથે સેજ કરતા હોવાથી કઠિન થઈ જાય. જ્યારે અહીંતો અનુકંપાની બાબતમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવ પણ લીધા છે.

જ્યારે શ્રાવક ભક્તિભાવથી જીનપૂજા- જીનભક્તિ કરે છે, ત્યારે આ નબળા જીવો (પૃથ્વી- અપકાય વગેરે) મરી રહ્યા છે. તેની ઉપર અનુકંપા ભાવ છે. પૂજામાં છ કાયના જીવની હિંસા છે. આ દેખીતી હિંસા હોવા છતાં દાવો અનુકંપાનો કરાય છે. જ્યાં એક બાજુ જીવ મરી રહ્યા છે તેના ઉપર તેને અનુકંપાનો ભાવ છે આમ વિરોધાભાસી કથનનો મેળ ન જ બેસે. ત્યારે વિસ્તારથી આ સમજાવવા અનુકંપાની વ્યાખ્યા શું?

અલ્પ જીવોને પીડા હોય અને અધિકને શાંતિનું પ્રદાન હોય, તેવી કામનાથી કરાતી પ્રવૃત્તિ અનુકંપામાં ગણાય છે. કોઈનું દુઃખ દૂર કરવા નીકળી અને એનાથી ઘણા જીવોને દુઃખ થાય અને તેની સાથે ઓછાને શાંતિ થાય તેવી પ્રવૃત્તિને અનુકંપામાં ગણવામાં આવી નથી. જેમ ભૂખ્યાને ભોજન આપો ત્યારે ૨-૪ કલાક સુધીની ભૂખ દૂર થશે. આજે છ કલાક શાંતિ મળે તેને માટે જે અન્ન આદિ આપવું પડ્યુ તેમાં છ કાય જીવની હિંસા થશે. અનેકને ત્રાસ થશે અને અનેકને કામચલાઉ શાંતિ થશે. આમ વિચારોતો કેવુ લાગે? કે કોઈ જીવને મહત્વ આપવા બીજાના સુખને ગૌણ-

ગણ્યુ. અલ્પ જીવોને દુઃખ થાય તેવા પ્રકારના પુરુષાર્થની
પ્રવૃત્તિને અનુકંપા કહેવાય છે. અડધો મણ ઘાસ ગાયને
નાખો તો ગાયને ધરપત થશે, પણ ઘાસના જીવોનો
કચરઘાણ નીકળી જશે. તેમનામાં પણ ચેતના તો
છે જ. આ તો બહુ જ ગંભીર વાતો છે. એના
એકપછી એક ખુલાસા ક્રમસર આવશે.

અલ્પ જીવોને ત્રાસ હોય અને આંશિક શાંતિ
તેવી પ્રવૃત્તિને જ અનુકંપામાં લેવા માંગીયે છીએ.
દુનિયામાં કહેવાતી બધી જ અનુકંપાની પ્રવૃત્તિઓ
બકાત થશે. આપણા ભગવાન ફક્ત માનવદયાને
પ્રાણી દયાને જ દૃષ્ટાંત તરીકે ન મુક્યા પણ સુક્ષ્મ
જીવહિંસાની પણ જયણા કરવાની કહી છે.

જીનપૂજા કરતી વખતે છ-કાયના જીવોને
પણ અનુકંપામાં ગણ્યા છે. માનવદયા કે પ્રાણીદયા જ
તમારા મગજમાં છે કે આગળ વધીને નાના જીવો
સુધી પણ દયા કરવી છે? ઘણાના મનમાં એકલી
માનવદયા કે પ્રાણીદયા જ વસે છે. તેથી જ જૈનોમાં
જીવદયામાં અઢળક રૂપિયા અપાય છે. બીજી કોમ કરતા
જૈનો જીવદયામાં વધારે દાન આપે છે. જૈનોના હૃદયમાં
પ્રસંગે દયા ઉભરાતી હોય છે. પશુઓ માટે કાઇક
કરી છૂટવાની ભાવના હોય છે, પણ પ્રાણીદયાથી વધીને
જીવદયા સુધી જવાનો અભિગમ નથી?

ગાંધીજીની અહિંસા ફક્ત માનવ પુરતી
મર્યાદિત. માનવ દુઃખી હોય તો તેના દુઃખદર્દને દૂર
કરવાનો પ્રયત્ન કરવો, તે તેમની દયાની વ્યાખ્યામાં
આવશે, પણ પશુઓની દયા નથી આવતી. તેથી
જ જ્યારે ગાંધીજીને પુછાયું કે તમે માંસાહારને માનો

ખરા? તેમણે જવાબ આપ્યો કે દરેકને ખોરાકની પસંદગી પોતપોતાની છે, તેથી આનારને અમે ખરાબ નથી કહેતા. મુસ્લિમ માંસાહાર કરતો હોય તો ટીકાટીપ્પણ નથી કરતા. ખવડાવવું પડે તો એમા કોઇ વાંધો નથી. કારણ તેમની જીવહિંસા માનવ સુધી જ સીમિત છે.

સૃષ્ટીમાં માનવ તરીકે જનમ્યા છીએ. તેથી લાભ નુકશાન માણસ જાત સાથે જ સંકળાયેલા છે. તેથી સુખ શાંતિ માટે માણસ જાત સાથે જ સારૂ વર્તન કરવું. ને પશુઓ માટે આ અભિગમ ન હોય તે યોગ્ય નથી. આજે પશુને પણ મારો તો રાડ પાડે છે ને પપાળીયે તો ગેલમાં આવી જાય છે. સુખદુઃખની લાગણી તેઓ પણ વ્યક્ત કરી શકે છે. મેનકા ગાંધી પ્રાણી દયામાં ઘણો ભોગ આપે છે. સલામતી રક્ષા માટે ઘણી મહેનત કરે છે, પણ તેમની દયા પણ જીવદયા સુધી નથી આવતી.

માનવ વિકસિત છે તેથી તેને જ જીવવાનો અધિકાર છે, અને બીજા નાના નબળા જીવોને અધિકાર જીવવાનો નથી એવું નથી

નબળા પ્રત્યે સદ્વ્યવહાર ન કરો તો પાપ લાગે.
સબળા " " " " પાપ છે, એવું
કેમ? નાના જીવોને મારો તો પણ પાપ છે જેમ મોટા જીવોને મારવાથી પાપ છે.

અમુક પ્રકારની હિંસામાં માફી હોય છે? કે જીવ, જીવ તરીકે જનમ્યો છે તેને જીવવાનો અધિકાર છે. તેથી તેના તરફનું ગેરવર્તન પાપ છે. પછી ભલે તે નાનો જીવ હોય કે મોટો જીવ હોય.

સભા :- નાના જીવને મારીએ તો ઓછું ને મોટા જીવને મારીએ તો વધારે પાપ બંધાય એવું ખરું ?

સાહેબજી :- એક નાના કેંથવાને પણ જો તમે તીવ્ર ભાવે મારો તો ઘણું જ પાપ બંધાય, અને એક મોટા પુરુષને પણ ભાવ વગર મારો તો ઘણું ઓછું પાપ બંધાય. તમારા ઘરમાં માંકડ થયા હોય અને એક માંકડ રાત્રે બહુ જ કરડતું હોય ને પછી હાથમાં આવી જાય તો શું કરો ? કેવો ભાવ આવે ? કે આનું ક્યારનું લોહી પી ગયું છે, અને તેથી તેને કેવા તીવ્ર ભાવથી મારો ? આ ભાવથી મારો તેની સામે એક દયાળુ માણસ ગાડી લઈને જતો હોય અને કુતરું અજાણતા અડફેટમાં આવી જાય. માણસને કુતરાને મારવાનો કોઈ ભાવ નથી. તો આ પ્રાણીહિંસા થવા છતાં તીવ્ર ભાવથી માંકડ મારવા કરતા ઓછું પાપ બંધાય છે.

પંચેન્દ્રિયની હિંસા કરો તો જ વધારે પાપ લાગે ને એકેન્દ્રિયની કરો તો પાપ ઓછું લાગે તેવું નથી. તેમ જ મોટા જીવની હિંસામાં મોટું પાપ ને નાના જીવની હિંસામાં નાનું પાપ આવું બધું સાચું માનો તો તે ઉત્સૂત્ર ભાષણ છે.

હિંસા એટલે કોઈપણ જીવની હિંસા જ છે.

સભા :- પણ સાહેબજી, આ બન્ને જીવની હિંસા કરતા ભાવ સમાન હોય તો ?

સાહેબજી :- સમાન પાપ બંધાય છે. પણ શાસ્ત્રમાં અપેક્ષાએ લખ્યું છે કે, જેટલો જીવ વિકસિત, તેની હિંસા કરવામાં ભાવ વધારે તીવ્ર થવાની શક્યતા છે. હૈયું વધારે કઠોર

કરવું પડે છે.

દા.ત. એક પાંદડાને તોડો, તેને તો આંખ, કાન નાક મોઢું કશું જ નથી, તેથી તેને માટે લાગણી વ્યક્ત કરવાની શક્યતા જ નથી, તે તરફડીયા પણ મારી શકવાનું નથી, તેમ જ બચવા માટે પણ ફાંફાં મારી શકતું નથી. અવિકસિત હોવાથી લાગણી વ્યક્ત કરવાની તેનામાં ક્ષમતા નથી.

તેની સામે જ્યારે કુતરાને તમે મારવા જાવ ત્યારે તે છૂટવા પ્રયત્ન કરશે, ચીસાચીસ કરશે આમ જેટલો જીવ વિકસિત તેટલી તેની હિંસા કરવા માટે હૈયુ કઠોર કરવું પડશે. જ્યારે એકેન્દ્રિય જીવો કોઈ લાગણી અભિવ્યક્ત કરી શકતા નથી સંજ્ઞી પંચેન્દ્રીય જીવો દુઃખ આપતા લાગણીઓ જોરદાર વ્યક્ત કરશે ને તમારે વધારે ક્રૂર થવું પડશે. હિંસક ભાવ પણ વધશે. એ અપેક્ષાએ લખ્યું છે કે મોટા જીવને મારતા પાપ વધારે લાગે.

એનાથી વધતી કઠોરતાના ભાવ પ્રમાણે બંધ આવશે.

સભા:- વિકસિત જીવને કોઈ મારવા આવે ત્યારે તેને વધારે કર્મબંધ થાય?

સાહેબજી:- ઉપર જણાવ્યા મુજબ વિકસિત જીવને ચેતના વધારે છે. તેથી તે મારવા આવનાર વ્યક્તિને ઓળખે છે, જોઈ શકે છે. કોઈ કારણ વગર મારતા વધારે દ્વેષ થાય છે. મન વિકસિત હોવાના કારણે આર્તરૌદ્ર ધ્યાન વધારે થાય છે જ્યારે પાંદડાને સમજવા મન ઇન્દ્રિય નથી, તેથી તીવ્ર આર્તરૌદ્ર ધ્યાન થતું નથી.

સમ્યક્ દૃષ્ટિ - જીવો ચારિત્ર-કર્મના કારણે સંસારમાં હોય છે, ને કદાચ રાજા હોય તો તેમને યુદ્ધ પણ કરવા પડે છે. તે વખતે લાખોનો સંહાર થાય છે, તે છતા તેઓ બહું જ હલકુ પાપ બાંધે છે જ્યારે તેની સરખામણીમાં મિથ્યાદૃષ્ટિ જીવો નાના કીડી-મંકોડા મારતા પણ વધારે પાપ બાંધે છે

સભા:- એક મોટુ પ્રાણી ગાયને છોડાવવા કરતા નાના ૬ કબુતરને છોડાવવા વધારે સારા?

સાહેબજી:- જીવદયા નંગથી કરવાની નથી આના એ કરતા તમારુ હૃદય કોમળ રહે. તમારો નિષ્ઠુર ને કઠોર ન થાય તે માટે કરવાની છે.

સભા:- પણ તેનાતો ગુણ બચે ને?

સાહેબજી:- મોતમાંથી છોડાવવાની વાતને જ મહાપુરૂષો ના પાડે છે આનો આશય આગળ આવશે. એક ગાયને બચાવી પછી, તેને જીવાડવા બીજા કેટલા જીવને મારવા પડશે. આમ આપણો આશય જુદો છે. કબુતરની નંગથી દયા ચાલુ કરશો તો પછી એક ગાય સામે આઠ કબુતર, ને આઠ કબુતર ની સામે ૫૦ કીડી મંકોડા ને વળી તેની સામે ૧૦૦ કૈથવા લો, તેની સામે વનસ્પતિ વગેરે લો. આમ ગણતરી નગણાય;

સાહેબજી:- આમાં પણ ભાવ સમજવા પડશે નહિ તો મૂળ તત્વ મરી જશે. મારો પોતાનો એક અનુભવ કહુ છુ

વ્યાખ્યાનમા જવાનીયા આવતા. તેમાંથી એક જણ એક વખત મને કહે કે સાહેબ આપણે

સંવત્સરીના દિવસે જે જીવ છોડાવીયે તેમાં તો
કસાઈને ખબર જ હોય છે કે આ લોકો આજે આ જીવો
છોડાવવા આવશે. આથી તૈયાર થઈને જ બેઠા હોય
છે. આપણી પાસેથી ઠોઠા ભાવ લે છે. અને જ્યારે
બજાર ભાવે પણ ખરીદે ત્યારે એ પણ તે પૈસાથી પાછા
બીજા જીવો લઈને પછી તેને મારે છે. આતો ઉલમા-
થી ચુલમા પડવા જેવું થાય. આતો કસાઈઓના હાથ
આપણે વધારે મજબુત કરીયે છીએ. આથી જીવદયા
કરવાનું આપણા શાસ્ત્રમા કહ્યા લખ્યુ છે?

પહેલા તો જીવદયા માટે પરિણામ શું? તમારી
સામે આવેલા કોઈપણ જીવનું દુઃખ જોઈને તમે કઠોર
ન થઈ જાવ. આમતો તમારા સુખદુઃખની તમને ૨૪
કલાક ચિંતા હોય છે. જ્યારે આપણી સામે બીજો
જીવ તરફડતો હોય ત્યારે તમે ૧૦૦-૨૦૦ રૂ માટે કંઈ ન
કરો તો શું થાય? તમારુ હૃદય કઠોર થઈ જશે.
તમારા હૃદયને કઠોર રાખવા માટે સામે પ્રસંગ આવે
ત્યારે જીવદયા કરવાની છે. આપણી સામે ગાયની
વાત હોય ત્યારે આઠ કબુતરની વાત કરીયે તો
કેવુ અજુગતુ લાગે.

સંસારનું સ્વરૂપ જ એવું છે, જીવો એક
નહિને બીજી રીતે મરતા જ હોય છે. તેમા આપણે કંઈ
જ કરી શકતા નથી. પણ વખતે આવા પ્રસંગે દયા
કરવાની છે. કસાઈ પાછળથી શું કરે છે તે જોવાનું
નથી. પણ તત્કાળ જોઈને પ્રવૃત્તિ કરવાની છે.
એકને બચાવીને પાછા પાંજરાપોળમા મુકો,
તેને ભરણપોષણ માટે ઘાસ આદિનો જીવો
મારો. છતાંપણ આ પ્રવૃત્તિને જીવદયા કહી છે

કારણ કે બચને તમારે તમારા ભાવ જોવાના છે

સભા:- જીવદયાનો પૈસો રાખી શકાય ?

સાહેબજી:- જીવદયાનો પૈસો રખાય જ નહિ. અંતરાય પડે. અને પૈસે જીવ છૂટી શકે તેમ હોય છતાંપણ તમે તેને ન છોડાવો તો મારવાનો દોષ લાગે. જીવદયાન માટે તમને કોઈએ પૈસા આપ્યા હોય અને એમ થાય કે ૨ મહિના પછી આપશું. તો ત્યાં સુધી તે [illegible] તમને કેટલો અંતરાય પડે ?

સભા:- પાંજરાપોળ ન ચલાવાય ?

સાહેબજી:- પાંજરાપોળ ચલાવાય પણ કયા ભાવથી તે સમજવું પડે. અત્યારેના જીવોને મોતમાંથી છોડાવવાની વાત નથી પણ આપણા ભાવને સાચવવાની વાત છે. તેમ પાંજરાપોળ ચલાવવામાં ભાવ જુદા આવશે.

જીવ છોડાવવાના જે કારણે પૈસા લેવાયા હોય તે જ રીતે વપરાય. નહિતર દાન [illegible] [illegible] કરનાર ને પાપ લાગશે. જીવદયાનો આશય નક્કી હોવો જોઈએ; દુષ્કાળ, ધરતીકંપ વગેરેમાં લેવાયેલું ફંડ માનવ માટે જ થશે. જ્યારે પ્રાણી દયા માટે લેવાયેલું ફંડ પ્રાણી માટે જ થશે. આમ સ્પષ્ટતા જોઈએ.

સભા:- સંઘમાં જે જીવદયાની પેટી મૂકી હોય છે. તે કેવી રીતે વપરાય ?

સાહેબજી:- એ તો કોમનમાં જ જાય.

સભા:- એ જીવનું પાપકર્મ છે, માટે તેને ખાવાનું નથી મળતું ને ?

સાહેબજી:- તેઓનું તો તે પાપકર્મ છે, પણ બીજા પૈસા લઈને રાખી મૂકે તો તેને અંતરાયકર્મ બંધાય જ. માનવદયા, પ્રાણીદયા, જીવદયા સુધી જૈન-

ધર્મમાં દયાનું સ્થાન છે. માટે કોઈપણ જીવની હિંસાએ
પાપ છે. નાના જીવની હિંસામાં ઓછું પાપ ને મોટા
જીવની હિંસામાં મોટું પાપ, એવું ધોરણ ન બંધાય
આપણે વિકસિત ભવમાં છીએ, અને પશુઓ અવિકસિત
છે. જ્યારે એકેન્દ્રીયના વિકાસનું સ્તર એકદમ
નીચું છે.. માટે જેના વિકાસ વધારે તે શક્તિશાળી,
તેથી તેને નાના જીવને મારવાનું લાઈસન્સ ન જ
મળે. તમારા ઘરમા પણ નાનું બાળક જન્મે ત્યારે
તે પછી તે આળોટે, જમીન પર ઘસડાઈને ચાલતું
હોય ત્યારે તમે તેની કેવી માવજત કરો છો? પછી
જેમ જેમ તે વધારે સમજતું થતું જાય તેમ માવજત
ઓછી કરતા જાવ છો.

જેમ નબળો તેમ માવજત વધારે
" સબળો તેમ " ઓછી. આમ
નબળા જીવોની હિંસા કરવી તે પાપ છે. તેથી જ
અમુક જીવોની હિંસા એ હિંસા ને અમુક જીવોની
હિંસા પાપ નહિ તે સિદ્ધાંત બરાબર નથી

પ્રભુ મહાવીરે તો અહિંસામાં, કોઈ જીવની
બાદબાકી નથી કરી. બધા જ જીવોનો તેમા સમાવેશ
થાય છે. જીવમાત્રની જયણા પાળવી જોઈએ.
અમુક જીવને માનીતા કરવાને અમુક જીવને
ઓરમાયા કરવા તેવું નથી હોતું. અમુકના રક્ષણ
માટે બીજાને મારવા તે બરાબર નથી. માણસને
બચાવવા પશુને ન મરાય તેથી જ માંસાહારના
દાનને આપણે ખરાબ કહીએ છીએ.

વ્યવહારમાં કેટલું અનુકંપાનું કાર્ય છે
તેમાં અમુક જીવોને શાંતિ આપવા માટે બીજાને

અશાંતિ આપવી પડે છે, તેથી જ તેને અનુકંપામાં
નથી ગણાતા.

તેરાપંથી પંથ નીકળ્યો જેમાં પ્રભુ મહાવીરના
સિદ્ધાંતોને માને છે પણ અહિંસાના મતમાં જુદી રીતે
ગયા છે. સ્થાનકવાસી પણ જુદું જ માને છે કે
પરમાત્માની ભક્તિમાં આટલી હિંસા ન થાય. તેઓ
મૂર્તિને નથી માનતા. મૂર્તિનો આકાર, વિતરાગના પ્રકાર
સામે તેમને વાંધો નથી.

સભા:- પથ્થરની ગાય જેમ દૂધ નથી આપતી
તેમ આ મૂર્તિ શું આપશે તેમ માને છે.

સાહેબજી:- આકારનો વિરોધ હોય તો ફોટો
પણ શું કામ રાખવો જોઈએ. બધા જ પ્રભુનો ફોટો
પથ્થરની ગાય છે તેથી દૂધ નથી આપતી, તો કેટલી
જડ વસ્તુ છે તેની તમારા મન પર અસર નથી
થતી? જો કોઈ સારો કલાકાર હોય તો સિંહનું
પૂતળું એવું કોરે કે જોઈને ડર લાગી જાય.
આકારમાં ભાવ ઉત્પન્ન કરવાની શક્તિ છે. આમ
તો પ્રભુનો આત્મા સિદ્ધશીલા પર છે, પણ તેમનો
આકાર વગેરેથી ભાવોમાં પ્રાણ પુરાવવા માટે
આલંબન છે.

હિંસા છે તેથી જો બધું ત્યાજ્ય છે તો
તીર્થમાં પણ હિંસા છે. ઉપાશ્રય (સ્થાનક) બાંધવામાં
પણ હિંસા થાય છે. આ બધું અડધું સમજવાથી
પંથો પડ્યા છે.

તેઓને ફૂલની હિંસા દેખાય છે. તેઓ
એમ માને છે કે મહાવીરના ધર્મના નામે આ ઢોર
અ જીવોની ખોલવાની? તેમને આ હિંસા દેખાય છે.

તો સંઘ જમણમાં હિંસા થાય જ છે. અહીંયા તો મંદિરમાં નાનો દીવો થાય છે ત્યાંતો મોટા ચૂલા સળગે છે. ફક્ત પરમાત્માની ભક્તિ કરતા જ હિંસાનું પાપ લાગે ને સાધર્મિક ભક્તિ કરતા હિંસાનું પાપ ન લાગે એવું નથી. સ્થાનકવાસી પાંજરાપોળો ચલાવે છે પ્રભુને ફૂલ ચડાવવામાં જ હિંસા ? પણ ગાયને ઘાસ ખવરાવવામાં હિંસા આવે જ છે.

તેરાપંથી પંથ પણ માને છે કે કોઈપણ જીવની દ્રવ્ય દયા કરવી તે પાપ છે

કલકત્તાના વસવાટ દરમિયાન ત્યારે તેરાપંથી પરમાત્મા લેવા આવતા કે કબુતરને ચણ નાંહ નાખવા, ગાયને ઘાસ નાંહ નાખવું, કૂતરાને રોટલા નહિ નાખવાના, અનાથાશ્રમમાં દાન નહિ આપવું. કોઈપણ જીવની માવજત કરતા બીજા જીવો મરે છે માટે પાપ છે એવું તેમનુ માનવું છે

સભા:- આ લોકો એકાંતવાદને નહિ માનતા હોય ?

સાહેબજી:- આ બાબતમાં ઘણી જ સમજણમાં ગેરસમજ તેઓએ કરી જ હોવાથી આવું બધુ માને છે. હકીકત છે કે કોઈપણ જીવને બચાવવા જતાં હિંસાતો આવશે જ, પણ જૈનની દયા સમજવાની છે ઉપાધ્યાયજીએ પૃથ્વી આદિના જીવોનું દૃષ્ટાંત આપ્યુ તો શુ માનવ- પ્રાણી ન દેખાયા ? એકેન્દ્રિયો જીવો ન દેખાયા ?

તમારે પણ જિન પુજા કરતા ભાવ એ જ રાખવાનો કે પોતાની શક્તિ હોય તે પ્રમાણે તે ભાવના સાથે ભક્તિ, અંગરચના કરવાનુ કર્તવ્ય મારૂ છે. લાખ ફૂલોથી આંગી કરાવી, આગળ વધીને

આખુ દેરાસર ફૂલોથી મઢી દો. દીવાની રોશની પણ
એવી કરીકે આખુ દેરાસર ઝળહળતુ થાય. આ
બધુ કરવા જાવો તો મરવાના જ છે છતા પણ
આવુ કરવાનુ બતાવ્યુ છે. કારણ,

પરમાત્મા એ અદ્વિતીય આત્મકલ્યાણનું આલંબન
છે. આપણને મહાપુરુષોદ્વયે મળ્યુ છે. અને જો કોઈ
લાયક જીવ હોયતો દર્શન કરતા જ બોધીબીજ પામી
જાય. પ્રભુ પ્રત્યે અત્યંત અહોભાવ પેદા થવાથી
બોધિબીજની પ્રાપ્તિ થશે. અને તેનાથી જ ભવાંતરે
પાછુ તેનુ જ શાસન મળશે, તેથી ફરીથી તેના
અહિંસા આદીના પરિણામોથી છ-કાય જીવની રક્ષા
કરશે. આ બધુ જોઈને જગતના જીવો અહિંસાધર્મને
પામશે અને આચરણ કરતા થશે. આવા જ ભાવો
મનમાં લાવા જોઈએ

સભા:- ફૂલ જે નીચે પડે તે જ પ્રભુ માટે લેવાના
કે તોડાય ખરા?

સાહેબજી:- જે ફૂલ પડે તે જ લેવાના તેવું નથી
વિધી એ છે કે જે ફૂલ આપમેળે પડી જાય જેવાકે
રાતરાણી, જુઈ, પારિજાત વગેરે, જે જાતે પડી જતા
હોય તેને તોડવા નહિ. માટે રાત્રે કપડું મુકી રાખવુ
તેમાંથી સારા ફૂલોને લઈ વાપરવા. પણ જે આપમેળે
પડે તેવા ફૂલો નથી ને કરમાઈ જેવા ફૂલોને
ચુંટવાની આજ્ઞા છે. નહિતર તો ગુલાબની પુજા તો
કદી કરી શકાત નહિ. તેને (ફૂલને) ઓછી પીડા
થાય તે માટે તેમાં પણ જયણાનો વિવેક છે.
તાંબાના, ચાંદીના, સોનાના નખ બનાવવા, અણીદાર
કરવાના જેથી તરત ચુંટાઈ જાય. આ રીતની વિધી

બતાવી છે આરીતે કરોડો ફૂલ ચઢાવીતો પણ હોય નહી.

સભા:- ઓચમાં ન પરોવાયને?

સાહેબજી:- જયણા પાળવાની છે. ફૂલ ચૂંટી લીધા પછી તે જડ નહી થઈ જતા. ભગવાનના અંગ પર ચઢાવો ત્યાસુધી જીવે છે. પરંતુ પોષણ માટેનું જે સાધન હતુ તે ચૂંટવાથી કપાઈ ગયું પણ નિર્જીવ નથી થતા. ગમે તેમ તેને પ્રભુના અંગ પર ખોસોને પરોવીતે બરાબર નથી.

દરેક વર્ષે કલ્પસૂત્રમાં સાંભળો છો કે દેવતાઓ ભગવાનની કેવી ભક્તિ કરે છે. કેટલા કળશોથી પ્રક્ષાલ કરે છે. એક કરોડને સાઠ લાખ પાછા કળશ પણ કેટલા, તમારી ટબુડી જેવડા નહિ તે યોજન પ્રમાણ હોય છે. ભગવાનનો આ રીતે પ્રક્ષાલ કરે તો અસંખ્ય જીવો મરે છે. એક વખત ઇન્દ્ર મહારાજને પ્રશ્ન થાય છે કે આટલા પાણીના ધોધમાં પ્રભુને તકલીફ નહિ થાય ને? બધા સમકિતી દેવતા છે

તમે પુજા કરતા, પાણીની કરકસર કરોતો પાપ લાગે, તમને એમ થાયકે આટલુ બધુ પાણી શું કામ ઢોળવુ? દશ જણા સાથે હાથ લગાડો લોતો ચાલે.

સભા:- ઉકાળેલા પાણીથી પ્રક્ષાલ કરીયે તો?

સાહેબજી: તમારે કાચુ પાણી ન વાપરવું તેવુ પચ્ચખાણ છે? તમારે કાચા પાણીને અડવુ પણ નહિ એવું હોય તો અમે તમને પ્રક્ષાલ કરવાની ના પાડશું. સાધુઓને પચ્ચખાણ હોવાથી પ્રક્ષાલ

નથી કરવાનો હોતો. આમ તો તમે તમારા પોતાના ઉપયોગ માટે ગમે તેટલી ડોલો વાપરવામાં તમને વાંધો નથી લાગતો, અને અહીંયા જ કરકસર કરવી છે? તમે પોતે જે જીવનમાં બેઠા છો તે પ્રમાણે પાણી ફૂલ આદિનો બાધ નથી, પણ જયણા જરૂરી છે

આવી રીતે ઘણા પરિણામોનો ખ્યાલ, ઘણા પાસાથી વિચાર કરવો પડશે

શંકા:- દેરાસરમાં લાઈટ વપરાય?

સમાધાન:- લાઈટથી તમે દેરાસરમાં આધુનિકતા લાવી છે, પણ હિંસાની દૃષ્ટિએ વિરોધ નથી આમ તો દીવામાં પણ હિંસા તો છે જ. બીજુ દીવાથી લખતા સચવાય. લાઈટથી પણ જીવજંતુને નુકશાન થાય છે તે ન થાય. સાથે વાતાવરણમાં સાત્વિકતા રહે છે.

ઉત્પાદનમાં થતી હિંસા પૂજામાં જોવાની નથી આમ તો ધાતુમાં ફેક્ટરીમાં હિંસા તો થતી જ થતી હોય છે. અનુબંધ નથી માટે હિંસા વ્યાજબી માનવી પડે વિધીમાં આવતી હિંસા વ્યાજબી કહી છે. કારણકે તે મહા અહિંસાનું સાધન બને છે.

 ||પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ||

સોમવાર
૧-૮-૯૪ ચોપાટી

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને એકીતે સુખ અને શાંતિનું સાધન બને તેવા ધર્મતીર્થની સ્થાપના કરે છે

જ્ઞાનીઓની દ્રષ્ટિએ ધર્મનું લક્ષ્ય બિંદુ આપણા આત્મા પરમ સુખની શાંતિ અને બીજાને પણ તેવી જ શાંતિ અપાવવામા સહાયક બને. જે વ્યક્તિ આરાધક બને તેના જીવનમા પરપીડાનો પરિહાર થાય છે અને પોતાના આત્માનું કલ્યાણ તેના દ્વારા જ સાધવાનું છે

આ બન્ને પ્રકારનો ધર્મ આરા આરાધકે સાધના આચરવાનો છે. આપણા તીર્થંકરો પંચાક્ષાની-અહિંસાની વાત કરનારા છે. છતા પણ ડગલે ને પગલે જો પરપીડા દુઃખ પરિહાર હોય તો તેમા આરંભ સમારંભ આવે છે.

આપણા ધર્મમા 'અહિંસા પરમો ધર્મ' સૂત્ર છે. જે જીવમાત્રને લક્ષીને કહેવાયુ છે. તેઓને સર્વ જીવના દુઃખ દૂર કરવા, તેમના પ્રત્યે તેમને કરૂણાનો ભાવ છે. છતાપણ ધર્મના નામે આરંભ સમારંભ કેમ બતાવ્યો ?

મહાપુરુષોએ જીન પુજામા થતી જીવોની વિરાધના બતાવી છે. પરમાત્માની ભક્તિ કરતા છ કાયના જીવની હિંસા થાય છે. પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો છે. માટીના એક કણીયામાં પણ અસંખ્ય જીવો છે તથા ને પથ્થરો પણ દૂર થી લાવતા રસ્તામા ઘણા ત્રસ જીવોની હિંસા થાય છે. તેવી જ રીતે મંદિર બાંધવામા પણ હિંસા થવાની. ધુપ-દીપ બધામાં પણ

હિંસા સમાયેલી હોય છે. અત્યારે લોકોને જીવોનું સ્પષ્ટ જ્ઞાન સ્વરૂપ ખબર ન હોવાથી ફક્ત વનસ્પતિકાય ની જ હિંસા દેખાય છે. તેથી જ ફૂલ ઓછા વાપરવા ન વાપરવા તેની ચર્ચા કરે છે. આ બધા પાયામાંથી જ ચૂકે છે

જગદીશચન્દ્રે સિદ્ધ કર્યા પછી વિજ્ઞાન પણ 100 વર્ષથી માનતું થયું છે કે વનસ્પતિમાં જીવ છે, પરંતુ જીવ છે એમ માન્યા પછી પણ જયણા કરવાનો કોઇ ઉદ્દેશ તેમના મનમાં નથી. વનસ્પતિમાં જ્યારે જીવ નહોતા માનતા ત્યારે તેની જેટલી હિંસા થતી હતી તેના કરતા અત્યારે જીવ માનતા થયા પછી કાંઇ હિંસા ઓછી નથી થઇ. એટલે આવું જ્ઞાન તો ફક્ત માહિતીરૂપે જ હોય છે, આચારમાં નથી હોતું.

જીવ માનવામાં થોરણ રૂટ આપણે તો તીર્થંકરોના શાસ્ત્રોના વચનથી જીવ માનવાનો છે. તીર્થંકર છ કાયમાં જીવ કહ્યો છે. ફૂલમાં એક જીવ છે. જ્યારે પાણીના એક ટીપામાં તો અસંખ્ય જીવ છે. એક જ્યોતના કણિયામાં પણ અસંખ્ય જીવ છે.

હિંસાની દૃષ્ટિએ જુઓ તો ફક્ત ફૂલપૂજામાં તમને આરંભસમારંભ દેખાય છે. કારણ જીવનની પૂરી માહિતીની બાબતમાં અધૂરા છો. ક્યાં તો તેમને જૈન ધર્મમાં આસ્થા ઓછી છે. આ બધી એકાંગી દૃષ્ટિકોણ છે. અત્યારે આના ઉપર પ્રચાર પણ ઘણો જ આવ્યો છે. અત્યારે લાખો ફૂલની આંગી થાય છે. આખા દેરાસરો સુશોભિત કરાય છે, તેમાં કેટલી હિંસા થાય છે જ્યારે આપણો ધર્મ તો અહિંસામય છે. પરંતુ તેઓને

ફક્ત ફૂલમાં જ આ બુદ્ધિ થાય છે. બીજે હિંસા દેખાતી નથી. વનસ્પતિમાં જ ફક્ત જીવ માનવો તે અધૂરી શ્રદ્ધા છે. છએ કાયમાં જીવ માનવા જોઈએ

કેટલી પણ ક્રિયા પુજા છે, જેમ કે પ્રભુ ભક્તિ. સાધર્મિક વાત્સલ્ય, વરઘોડા, તીર્થયાત્રા, દાનની બધી પ્રવૃત્તિમાં આરંભસમારંભ સમાયેલો છે. જેમાં સંપૂર્ણ પણે હિંસા ન હોય તેવુ ધર્મ અનુષ્ઠાન એક જ છે જે ધ્યાન. તેમાં સીધી હિંસા નથી પણ આડકતરી રીતે તો ખરી. તેમાં શ્વાસોશ્વાસમાં વાયુકાય જીવની હિંસા છે. પરંતુ શ્વાસોશ્વાસ લેવો તે કાંઈ ધ્યાનની પ્રવૃત્તિ નથી. તેથી તેમાં જવાય જીવહિંસા થતી નથી. પરંતુ ધ્યાનમાં બેસવાથી જ ધર્મ નથી થઈ જતો. ધ્યાન પણ કઈ વિધીથી, શું ભાવ સાથે, કરવાનો છે તે સમજાવવા ઉપદેશ આપવો પડશે. તેમાં પણ હિંસા છે. ઘણાને અહિંસાનું ભૂત વળગ્યુ છે, તેથી જ કહેતા ફરે છે કે જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ હોય?

શ્રીમદ રાજચંદ્રે લખ્યુ છે કે જ્યાં એક ફૂલની પાંદડી પણ દુભાય તે મહાવીરનો ધર્મ નથી જરાપણ જીવને દુઃખ થાય તેવી પ્રવૃત્તિ કરવાની ન હોય. તો પછી ધર્મ ક્યાં રહેશે? શ્રીમદ ને કોઈએ પુછ્યુ નહિ કે આવું ક્યા શાસ્ત્રમાં લખ્યુ છે?

જ્યાં હિંસા આરંભ સમારંભ હોય ત્યાં ધર્મ ન હોય, તો પછી સંસારમાંતો પાપ જ પાપ છે તો ધર્મમાં પણ કરવાનુ? ભગવાનના નામથી હિંસા કરવાની? આવુ સાંભળીને લાખો લોકો ભડકી જાય છે. ને વાત સાચી માનવા લાગે છે. પણ અહીંયા જ પાયામાં થાપ ખાય છે. શું મહાપુરૂષોને

જીવહિંસા વગરનો કોઈ ધર્મ બતાવવામાં આમ નહોતો?
જીવહિંસા વગર કોઈ ધર્મ શક્ય જ નથી. તેમના હૃદયમાં કેટલી કરૂણા હતી. દેરાસરો - ઉપાશ્રયો બંધાવવા, વરઘોડા કાઢવા, શાસ્ત્ર લખવા, લખાવવા વ્યાખ્યાન સાંભળવા આવવું તેની સાથે વ્યાખ્યાન આપવા સુધામાં હિંસા તો થવાની જ. સંસારનું સ્વરૂપ જ એવું છે.

જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ ન ગણાય એવું હોય તો આ બધી પ્રવૃત્તિ પાપ જ થશે. તો પછી ધ્યાન એ એક જ માર્ગ રહેશે. અને બીજી બધી આરાધના પ્રતિક્રમણ, પૂજા, સ્વાધ્યાય, વ્યાખ્યાન શ્રવણ વગર ધ્યાનમાં જવું શક્ય જ નથી.

શ્રોતા:- જીવવા માટે તો કરવું જ પડે ને?

સાહેબજી:- સંસારમાં રહેવા તો હિંસા કરવી જ પડે પણ આ તો ધર્મમાં હિંસાની વાત છે. સંસાર આખો ૧૮ પાપસ્થાનકોથી ભરેલો છે, તેથી હિંસા ચાલુ જ છે.

૮૪ લાખ જીવયોનિમાં અનંતા કાળથી જીવ ભટકીને દુઃખ ભોગવી રહ્યો છે. આજ સુધી અનંતીવાર દુર્ગતિના દુઃખ ભોગવ્યા છે, અને હજીપણ ભોગવશું માટે આનાથી છૂટવું હોય તો આરાધનાનો કોઈક માર્ગ જોઈશે જ.

શુક્લ ધ્યાન સાધ્યા પછી જે કેવળજ્ઞાન પામ્યા પછી પ્રભુએ દુનિયાને બધો ધર્મ બતાવવો હોય તો તેમને પણ વિહારમાં તથા ઉપદેશ આદિમાં હિંસા તો થવાની જ. સાધુઓ ભલે હિંસક સાધનો ન વાપરે પણ ચાલતા બેચાર જીવોની હિંસા તો

થવાની જ. કેવળજ્ઞાની તીર્થંકરો ઉપદેશની પ્રવૃત્તિ કરે છે. વિહાર કરે છે, તેમાં હિંસા તો થાય જ છે. પણ આના દ્વારા અહિંસા ધર્મ આપીને લોકો પર મહાન ઉપકાર કર્યો છે. જો હિંસાવાળી પ્રવૃત્તિ ખોટી જ હોય તો પ્રભુએ પણ કશું જ કરવાનું નહિ, અને મોક્ષે જતા રહેવાનું, અને પછી બીજા બધાને પણ એમનેમ ધ્યાનની ભૂમિકા આવે ત્યારે મોક્ષે જવાનું નહિતર ૮૪ લાખ યોનિમાં ફર્યા કરવાનું. આવો જ અર્થ થાય.

ધર્મનો માર્ગ ચલાવવા અમુક અનિવાર્ય હિંસામય ધર્મ પણ અનિવાર્ય છે. આત્મકલ્યાણનો ધોધ ચાલુ રાખવો હોય તો, આરાધનામાં હિંસાને અહિંસાના સાધન તરીકે રાખવી પડશે, નહિતો તેનો મૂળમાંથી લોપ થઈ જશે. આવું બધુ ન સમજવાથી જ સ્થાનકવાસી, તેરાપંથી બન્યા છે. દેરાવાસીમાં પણ ઘણાની આવી માન્યતા છે,

ભગવાનના જન્મ વખતે પર્યુષણમાં શ્રીફળ-અખંડ લીલુ ફળ ઉપાશ્રયમાં ફોડીએ તો હિંસા થાય જ છે. પાછું તેને વધેરે ને તેના પર કીડીઓ આવે અને એ પણ હિંસા થાય.

અમે ઉપદેશક તરીકે પાટ પર બેઠા હોઈએ તો ભગવાનની આજ્ઞા તરીકે જે ખોટુ લાગે તે અમારે કહેવું જ પડે. અંગત વ્યક્તિગત રાગદ્વેષના કારણે ઉતારી પાડવા ટીકા-ટીપ્પણ કરતા હોઈએ તો પાપ લાગે. પણ સાચો ઉપદેશ આપવો હોય તો જેટલી ખોટી માન્યતાઓ હોય તેની, અમારે ગુરુ તરીકે ફરજ છે કે અમારે સત્ય કહેવું જ પડે. તીર્થંકરોએ પણ પ્રસંગે ખામીઓ બતાવી છે.

સુગુરુનું લક્ષણ શું? કે તમારી ખામી હોય ત્યાં ટકોર કરે, પણ ન કરનારા સુગુરુ નથી. બાપ પણ દિકરાને પ્રસંગે ટકોર ન કરે તો (જ્યાં ટકોર કરવાની હોય ત્યાં) તો બાપ કેવો કહેવાશે?

ભગવાનની આજ્ઞા વિરુદ્ધ વિચારધારા ફેલાયેલી હોય તો ખંડન તો કરવું જ પડે. સારાં ગુરુ કાલિને પગલે ઉન્માર્ગનું ઉન્મૂલન કરીને સન્માર્ગની સ્થાપના કરે. નહિતર સત્યને છુપાવનાર કહેવાશે. ધર્માચાર્યો ઉપદેશ આપતા ત્યારે અન્ય ધર્મોની પણ સમીક્ષા કરતા. તીર્થંકરોએ પણ કરી છે સાચાને સાચા તરીકે સ્થાપિત કરવું હોય તો સામાની ક્ષતિઓ બતાવવી જ પડશે. અમારી ભૂલ હોય તો મિચ્છામી દુક્કડં પણ આપીએ. અમને વ્યક્તિગત રીતે રાગ દ્વેષ નથી.

ધારો કે રસ્તામાં એક ખાડો છે ને રસ્તામાં સામેથી એક માણસ આવી રહ્યો છે ને તેને ખાડાની ખબર નથી એ વખતે તમે ત્યાં છો અને ખાડો છે તેની જાણ તેને ન કરો અને ચુપચુપ બેસી રહો તો ન જ ચાલે. ત્યાં તમારી જવાબદારી છે. તમે એમ કહો કે મને એણે કંઇ પુછ્યુ નહોતુ. આવા પ્રસંગે મૌન રહેનારને વાસ્તવમાં પછાડવાનું પાપ લાગે છે. ન પુછે તો પણ જાણકારે કહેવુ જ પડે. ગુરુનિશ્રામાં જે ભણવા આવે ત્યારે ખોટા મતથી બચાવવા જ પડે. નહિતર તે ઉપદેશક તરીકે યોગ્ય નથી.

શરણે આવેલાનું અહિત જોવા છતા, આંખમિંચામણા કરે તે કસાઇ કરતા પણ ભૂંડા

છે.

પ્રભુના જન્મ વખતે શ્રીફળ વધેરવાની પરંપરા સેંકડો વર્ષોથી ચાલી આવે છે, તે તોડવાની વાત આવે તો વિચાર કરવો પડે, ખોટી જ હોય તો તોડવામાં વાંધો નથી. પરંતુ આવી હિંસા શ્રાવક માટે અધર્મ નથી બનતી. પર્યુષણમાં તમે તે વખતે પૌષધ લઈને નથી બેઠા હોતા. પૌષધ-સામાયિકમાં હોય તે વધેરતા જ નથી. આમ તો તમે પણ બહાર નીકળીને ગાડી કે વાહનમાં જ બેસવાના છો. અને લાગ આવે ગાડી નીચે લીલોતરી ચગદાય. જ્યારે વર્ષમાં એકવખત ગુરુમુખે પ્રભુના જન્મનું વાંચન થાય તેમાં તમને આનંદ થયા વગરનો જ રહે. તમારે ત્યાં દીકરો જન્મે ત્યારે કેવો આનંદ થાય છે? તમારે ત્યાં તો કાંઈ બત્રીસ લક્ષણા દિકરા થોડા જ જન્મે છે. એક સામાન્ય પુત્રની વધામણી વખતે જો આટલો આનંદ થાય તો આ તો ત્રણલોકના નાથ, દેવાધિદેવનો જન્મ છે, તો હરખ કેવો થાય?

તેથી જ શ્રીફળની વધેરવાની પ્રવૃત્તિ રાખી છે. શ્રીફળ શુકનવંતું છે. હર્ષ ઉલ્લાસ માટે આ જ વસ્તુ છે. તેથી જ સમગ્ર સમીક્ષા દ્વારા ચોક્કસ કહીએ કે શ્રીફળ વધેરવાની પ્રવૃત્તિ આનંદની અભિવ્યક્તિ માટે છે.

એકેન્દ્રિય (નારિયેળ) ની હિંસાની બાદબાકી તમારે કરવાની હોય તો પછી કયો ધર્મ તમારા માટે રહેશે? હિંસાના નામથી ભડકો છો તો દુનિયાનો કોઈ ધર્મ હિંસાના નામથી મુકવો નહિ પડે. આ જગતમાં સંપૂર્ણ અહિંસા હોય તેવા એક જ સ્થાન છે.

(1) મોક્ષ - જ્યાં દ્રવ્ય કે ભાવ હિંસા નથી. ત્યાં સંપૂર્ણ હિંસાનો ત્યાગ ને અહિંસા ધર્મ પ્રાપ્ત થાય. પણ ત્યાં પહોંચવા માટે પણ આવી હિંસા કરવી જ પડે તેથી જ આવો આગ્રહ ન રખાય.

(2) નિગોદ - સંસારમાં રહીને ધર્મ જ્યાં અહિંસા જ હોય તે નિગોદ છે. બસ તો પછી નિગોદમાં જઈને રહો સૂક્ષ્મ નિગોદમાં મારવાનું નહિ.

અહિંસાના નામથી વિકલ્પો ઊભા કરી દીધા છે બુદ્ધિભેદ ઊભો ન થાય તેથી આ બધું સ્પષ્ટ જણાવવું જ પડે.

પ્રશ્નસભા:- પર્યુષણમાં શ્રીફળ વગેરેને ખાય છે તે યોગ્ય છે?

સાહેબજી:- આ પ્રશ્ન છે. વધામણીરૂપે છે શોખથી ખાવાની વસ્તુ નથી. જેણે ત્યાગ કર્યો હોય કે એકાસણા - ઉપવાસ હોય તેણે ખાવાની વાત નથી પણ જેને ત્યાગ નથી તેને નિષેધ નથી. પ્રભુના જન્મની વધામણી રૂપે શ્રીફળ ખાય છે.

પર્યુષણમાં જમે છે તે જ તેની નબળાઈ છે કોઈને અમુક જ ત્યાગ કરવો હોય તો શું કરી શકાય? અમે પણ ત્યાગને જ સમર્થન આપીએ છીએ ભોગને સમર્થન નથી આપતા. જે વસ્તુનો ત્યાગ કર્યો હોય અને જે વસ્તુની છૂટ રાખી હોય તેને જે વસ્તુનું પાપ તો લાગ્યા જ કરે છે. સંપૂર્ણ ત્યાગ કરનારને અમે ખાવાનું નથી જ કહેતા. પણ જેણે ત્યાગ ન કર્યો, અને તે ખાય તો તેની નિંદા ન જ કરાય. ખાવામાં બધાનો ત્યાગનો પરિણામ સરખો ન હોય. થોડો ત્યાગ કરી શકે તેટલા માત્રથી તે નકામો નથી બની જતો.

વ્યક્તિ જેટલો ત્યાગ કરવાની ક્ષમતા ધરાવતી હોય તે પ્રમાણે ત્યાગ કરવાનું કહ્યુ છે. આ આત્મકલ્યાણ માટે કરવાની વસ્તુ છે.

સભા !- પર્યુષણમાં ફળ વપરાય?

સાહેબજી:- લીલોતરી ફળનો ત્યાગ કરો તો લાભ જ છે તે ઉત્તમ છે. નહિતર હિંસાનો દોષ લાગશે જ. પણ ન જ ચલાવાય તેવું નથી, ન જ ચલાવી લેવાય તે જરૂર છે.

સભા:- પણ, બધા બધાની રીતે સાચા જ હોયને?

સાહેબજી:- અમે કંઇ બોલવા માટે સ્વતંત્ર નથી મને કોઇ પુછે તો પુરેપુરા તર્ક દલીલો આપવા પડે. અમે તો હજી નાના છીએ આચાર્યો પુછી શકે છે. તર્કો શું દલીલો શું? અને પછી બરાબર સાંભળ્યા પછી વિચારવાનું કે સાચુ શું ખોટુ શું?

એકેન્દ્રયની હિંસા શ્રાવક જીવનમાં થતી જ નાહિ રહેતી હોય છે. તેનાથી થતો ધર્મ માન્ય છે. સંપુર્ણ હિંસા એવો કોઇ આરાધના માર્ગ નથી, સિવાય ધ્યાન. જો એ હિંસાથી થતો ધર્મ, ધર્મ કહેવાય તો તેમાં કઇ હિંસા લેવાની તે જાણવું જોઇએ.

તમારા જીવનમાં જે હિંસા ચાલુ છે. તેનાથી થતો ધર્મ માન્ય છે.

ફુલપુજા, પ્રક્ષાલ માન્ય છે. પણ આ જ વસ્તુ હું સાધુ હોવાથી ન જ કરી શકું, કારણ અમે સંસાર છોડ્યો, પાપ છોડ્યુ, પ્રભુની પુજા પણ ભક્તિ છે છતા અમે નથી કરતા.

બીજા ધર્મમાં તો, સાધુને આ કરવાનો અધિકાર, ભગવાનને નવડાવે પણ તે જ, બધી ભક્તિ

તે જાતે જ કરે. મંદિરોના બધા અધિકાર તેમના હાથમાં જ હોય છે. જ્યારે આપણા ધર્મમાં સાધુ આવી પૂજા ન કરે કારણ તેની પાળવાના રહસ્યો ગંભીર છે.

જેમ જુઠું બોલવું ખરાબ કામ કહી શકાય પણ પૂજા કરવી એ કાંઈ ખરાબ કામ નથી, છતા પણ અમને પૂજા કરવાની ના પાડી અને કદાચ મન થાયતો ઓઘો મૂકી દેવાની પ્રભુએ આજ્ઞા કરી છે

જેણે જીવનમાં બધી જ હિંસાનો ત્યાગ કર્યો છે. કરણ-કરાવણ-અનુમોદન રૂપે. પોતાની જાત માટે જેણે ત્યાગ કર્યો છે તેણે પરમાત્માની ભક્તિ માટે હિંસા કરવાની નથી.

તમે પોતે છ-કાય જીવની હિંસા કરતા જ હો તો તેથી જ જાત માટે કરાતી હિંસાથી થતો ધર્મ વ્યાજબી છે. તમે પોતે પચ્ચખાણ લો કે વનસ્પતિકાયની હિંસા કરીશ નહિ, તો તમારે ફૂલ ચઢાવવા તે પાપ થશે જ્યાં સુધી જાત માટે હિંસા કરો છો અને પરમાત્મા માટે જ નહિ વાપરો તો પાપ લાગશે જ. વાહનમાં બેસીને જાત્રાએ જાવ છો કારણ તમે વાહનનો ઉપયોગ રોજ કરો જ છો પણ જેને વહાનમાં બેસવાનો ત્યાગ છે. તેણે જવાની જરૂર નથી. કાચા પાણીને અડવું પણ નહિ એવા જે પચ્ચખાણ લીધા હોયતો પ્રક્ષાલ કરવાની જરૂર નથી, ત્યારે એ જ ઉંચી આરાધના હશે.

તમને જ્યારે ભૂખ લાગે ત્યારે ભર્યું ભાણે ખાવ ને મહેમાન આવે ત્યારે જ વિચારો કે, આમને જમાડવામાં ઘણી જ હિંસા છે, શું કામ વગર મફતનું પાપ કરવું. એવી જ રીતે શરબત પીતા

હોઇએ અને કોઇ આવે તો તેને એક ગ્લાસ પાણીનો
પીવડાવતા એમ ન જ વિચારાય કે, પાણીના એક
ટીપામાં કેટલા જીવોની હિંસા થશે.

આવું વિચારો ત્યારે કેવું કહેવાય? તમને
બીજા માટે કરતા જ હિંસાના વિચારો આવે છે
અને ધર્મ કરતી વખતે હિંસા જ દેખાય છે, ને જીવો
મરી જશે એવો વિચાર આવે છે. તો આવું
વિચારનારાનું સમકિત નાશ પામે છે, અને જો
ન આવ્યું હોય તો ભવાંતરમાં દુર્લભ થાય છે.
સાથે ભયંકર કર્મ બંધાય છે.

પોતાને ન્હાવા ત્યારે આખી ડોલ પાણી
જોઇતું હોય અને ભગવાનને પ્રક્ષાલ કરતા જ
એક પાણીના ટીપામાં અસંખ્ય જીવોના વિચાર આવે
તે વ્યાજબી નથી. દયાના નામથી જેને અહિંયા કરકસર
સૂઝે છે તેવા જીવો બોધીબીજ સમકિત પામી શકતા જ
નથી. અવિવેકી ને સ્વાર્થી જીવ બોધીબીજને
ઠગનારો જીવ છે. તેથી જ આત્મકલ્યાણ સાધવા
આવી હિંસા કરવી જ પડે છે.

જેવીરીતે પૈસો કમાવા લોકો ત્યારે
ધંધો કે નોકરી જોઇએ. ધંધા માટે ન પૈસાની મૂડી
ને નોકરી માટે ડીગ્રીની મૂડી જોઇશે. આ
ડીગ્રી મેળવવા પણ પૈસાતો ખરચેલા જ છે. ગરીબ
કરતા શ્રીમંત વધારે કમાઇ શકે છે ને? ધન
કમાવવા માટે ધન ખરચવાની ત્રેવડ હોય તો જ
તે માણસ વધારે કમાઇ શકે છે. કમાવવા માટે
પૈસો ખર્ચો છો તેજ વધારે કમાવવાનું
સાધન સમજો છો ને?

આવી જ રીતે અહિંસામય ધર્મને પામવા માટે પહેલા થોડી હિંસાવાળો ધર્મ આચરવો પડશે થોડી હિંસાનો અર્થ તે ગમેતેમ કરવાની વાત નથી પરંતુ જે હિંસા તમે સંસારમાં કરતા હો, તેવી હિંસા ઓછી થતો ધર્મ લેવાનો છે. સામાયિક કરતા દીવો-આરતી-પૂજા કરો તો દોષ લાગે. આમ તો આરતી ઉતારવી એ ઉત્તમ કામ છે, છતાં પણ સામાયિકમાં ઉતારવાની ના પાડી. કારણ તમે સામાયિક કરતા અગ્નિકાયના જીવોની હિંસાનો ત્યાગ કર્યો છે માટે ભક્તિ કરતા પણ આ હિંસા લેવાની નથી. તમે જેટલુ છોડતા જાવ તેટલો અહિંસામય ધર્મ જ અમે બતાવીયે છીએ. ભગવાનને હિંસા કરાવવાનો શોખ નથી. પરંતુ તમે જે હિંસામાં બેઠા છો તે હિંસાથી ઘટતો ધર્મ કરવાનો છે.

વ્યાખ્યાનમાં જતા રસ્તામાં કેટલા જીવો મરી જશે તે વ્યાજબી લાગે છે, તેવી જ રીતે વાહનમાં નહિ બેસવાના પચ્ચખાણ હોય તો તેમાં બેસીને વ્યાખ્યાન માટે આવવાની જરૂર નથી.

તમારે પૂજામાં બધા એકેન્દ્રિયના હિંસાની છૂટ છે. વખત આવે ગાડીમાં પાછા જતા રસ્તામાં કોઈએ નાખેલું શીકણ જો પડ્યુ હોય તો ચગદાય જાય છે.

સભા:- ટ્રેનમાં બેઠે જાત્રા કરાય?

સાહેબજી:- બીજે બધે કામસર કરવા તમે ટ્રેનમાં જાવ જ છો, તો જાત્રા કરવા પણ જઈ જ શકો. હા, છ'રી પાળતા સંઘમાં વાહનમાં ન બેસવાનું પચ્ચખાણ હોય છે. માટે જ ચાલીને જાય છે.

સભા: સાહેબજી ગાડીમાં બેસીને પુજા કરવા જવાય?

સાહેબજી: ગાડીમાં બેસીને આવવુ હોય તો ગાડીમાં શુધ્ધિ રાખવી પડે. ધર્મના ક્ષેત્રમાં ઔચિત્ય પ્રમાણે જોવવાની વાત છે. પહેલાના વખતમાં મોટા રાજાઓ - શેઠીયાઓ, મંત્રીઓ બધા પગપાળા પુજા કરવા જતા હોતા આવતા પણ પાલખીમાં બેસીને કે બીજા વાહનમાં ઔચિત્ય પ્રમાણે પુજા કરવા આવતા સાથે વરસીદાન કરતા કરતા આવતા. પણ વાહનમાં શુધ્ધિતો રાખવી જ પડે. સામાન્ય માણસ તેમાં આવે તો બરાબર બાકી પણ રાજા પગપાળા આવેતો તેમની શોભા ન સચવાય. તેથી પાલખીમાં આવતા.

પુ. હેમચંદ્રસુરિજીએ લખ્યુ છે કે, ગૃહસ્થને પ્રતિદીન એક સામાયિક આવશ્યકમાં છે. અને સામાયિક ગુરુનિશ્રામાં કરવુ જોઇએ. પરંતુ ઘણાને વ્યવસાયને કારણે માંડ-માંડ સામાયિકનો ટાઇમ મળતો હોય તેથી ઉપાશ્રય જતા પહેલા ઘરેથી સામાયિક લઇને પછી જયણાપુર્વક ચાલતા ગુરુની નીશ્રામાં સામાયિક કરવા આવતા. પરંતુ શોભાદાર મંત્રી રાજા વગેરે જો ગુરુ પાસે જઇ ન શકે તેમ હોય તો ઘરે જ સામાયિક કરી લેવાનું. ઘરે જ સામાયિક લઇને પગપાળા ઉપાશ્રયે જાય તો તેમની શોભા ન જ સચવાય. આ બધામાં કેટલો બધો વિવેક છે. ગમે તે માટે ગમે તે આજ્ઞા નથી.

<u>હિંસા પણ તેને ધર્મમાં રહેલી ભુમિકા પ્રમાણે કરવાની આવશે.</u>

તમારા જીવનમાં પૃથ્વી, અગ્નિ, વાયુ કાયો

હિંસા છે માટે એ જ હિંસાથી થતો ધર્મ દાન દયા-પરોપકાર- ભક્તિ પૂજા વગેરે કરવાથી પુણ્ય બંધાય છે

પર્વના દિવસોમાં સંઘ-જમણ આદિ થાય છે તેમાં ચૂલા સળગાવાય છે તો હિંસા તો થાય જ છે, પણ સાથે તમારા ઘરે પણ ચૂલા તો ચાલુ જ છે. આમ ભૂમિકા પ્રમાણે ધર્મ કરવાનો છે

સભા :- આગેવાનો રાત્રિભોજન કરે તો ચાલે?

સાહેબજી :- રાત્રિભોજનનો ઉપદેશ તો આ કાળમાં આપવો જ પડે છે. બાકી પહેલાના વખતમાં તો બધાને રાત્રિભોજનનો ત્યાગ જ હોય. ઓછામાં ઓછું નવકારસી. ચોવિહાર તો કરે જ. રાત્રિભોજન એક મોટું પાપ છે નરકનું દ્વાર કહ્યું છે. તે કરવું તો ખોટું જ છે. પરંતુ ફક્ત આગેવાનો માટે જ આ નિયમ કેમ? બીજા બધા માટે કેમ નહિ? આ રીતના ધર્મનો આપણે સ્વીકાર કરતા નથી. જેટલું છોડો એટલું પાપ ઓછું લાગે. બધા માટે ધોરણ એકસરખા જ હોય. બધા જ રાત્રિભોજન ન કરે તે ઉત્તમ છે.

135 || પ. પૂ. શ્રીયુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ||

મંગળવાર અનુકંપાદાન ચોપાટી

૨. ૮. ૯૭

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને લોકોત્તર ધર્મની પ્રાપ્તિ કરાવવાને માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે. જ્ઞાનીઓની દૃષ્ટિએ લોકો જેને ધર્મ તરીકે સમજે છે, તેના કરતા આગવી વિશેષતાનો બોધ કરાવવા તેઓ સ્થાપના કરે છે. તેઓએ પરિપૂર્ણ સાધના કરીને જાણ્યુ કે જગત જે ન જાણતુ હોય તેવું અદ્ભુત તત્વ જગતને જણાવવું જ જોઈએ. તેઓ કરુણાબુદ્ધિથી લોકોત્તર ધર્મને સમજાવે છે.

સામાયિક, પ્રતિક્રમણ, પૂજા આદિમાં જ લોકોત્તર ધર્મ છે તેવુ નથી. ૧૨ બધા જ અનુષ્ઠાનમાં લોકોત્તર ધર્મ છે.

અનુકંપાની વ્યાખ્યામાં આપણે જોયુ કે કોઈના દુઃખ દૂર કરવાની ~~સાચે~~ ભાવના હોય પણ તેમાં અલ્પ જીવોને ત્રાસ અને ઘણા જીવોને શાંતિ મળે તેવી પ્રવૃત્તિ. એ જ અનુકંપાદાનમાં આવી શકે જ્યારે અત્યારે તો ઉંધુ જ થતુ હોય છે. ઘણાને ત્રાસ ને થોડાને શાંતિ એ અનુકંપામાં ન આવે. દા.ત. કોઈ બિલાડી ભૂખી હોય તેને ઉંદર ખવડાવીને તેની ભૂખ ન દૂર કરાય. આને દયા ન કહેવાય. આ રીતની દયામાં કામચલાઉ બિલાડીને થોડી શાંતિ મળે પણ ઉંદરના શું હાલ થાય. ? આવી દયા એ અનુકંપાની વ્યાખ્યામાં આવતી નથી

અહિંયા ગ્રંથકારે ઉંચામા ઉંચુ અનુકંપાનું ~~દૃષ્ટ~~ દૃષ્ટાંત બતાવ્યુ છે.

ધર્મમાં વળી હિંસાની પ્રવૃતિને દ્દષ્ટાંત તરીકે લીધી
છે. તેમાં અલ્પ જીવોને ત્રાસને અધિકને શાંતિ માટે છે
દા.ત. ઉપાશ્રય બંધાવવાની ભાવના કરનાર. હવેતો
જોકે સંઘના ઉપાશ્રયો થઈ ગયા. પહેલાતો મંદિર-
પૌષધ શાળા પોતાના જ હોય. જ્યારે પણ ધર્મ આરાધના
કરવાનું મન થાય ત્યારે પૌષધ કરી આરાધના કરતા.
અને મહાત્મા પણ પધારેતો આરાધના કરાવવામાં નિમિત્ત
બનતા. તમારેતો અત્યારે ફાળો ઉઘરાવીને ઉપાશ્રયો
બનાવવા છે. ઉપાશ્રય બંધાવતા આરંભ સમારંભ તો હોય
જ. પાયો ખોદતા જ ત્રસ જીવો અસંખ્યની સંખ્યામાં મરશે
એકેન્દ્રિય જીવો પણ અનંતા મરશે. તમે બંગલો બંધાવો
છો તે પણ પાપ પ્રવૃતિ જ છે. તેવી જ કહ્યું છે કે
સારા ધર્મમાં શ્રાવકોએ તૈયાર મકાનમાં જ રહેવું.
ભાડે ન તૈયાર કરાવવું. ભાડે બંધાવવાને કર્માદાન.
આરંભ સમારંભની પ્રવૃતિ કહીયે છીએ. જેનાથી ખુબ જ
પાપ બંધાય. તેવી જ રીતે ઉપાશ્રય વગેરે બંધાવવામાં
આ જ રીત આવશે, તેમાં પણ હિંસા આરંભ-
સમારંભ. ને અનંતા જીવો મરશે, પરંતુ આ ઉપાશ્રય
બંધાયા પછી તેમાં ઘણી આરાધના થશે. મહાત્મા-
ઓ આરાધના કરશે, કરાવશે, બીજા પણ ઘણા
જીવો અહીં આવીને પામશે કે કૈક હિંસક પ્રવૃતિ
ઘટાડી અહિંસા આદિના આદર્શો પોતાના જીવનમાં
લાવશે.

સારી પ્રેરણાઓ ઉપદેશ આ ઉપાશ્રય થી લોકો
પામશે. ઉપાશ્રયો વગર ઘરબેઠા પ્રેરણા અહિંસાની
નથી જ મળવાની. આમ સદ્દગુણો પ્રાપ્ત કરવાનું આ
મોટુ આલંબન છે.

અહિંસાને ફેલાવવા સ્થાપિત કર્યા આ જ કેન્દ્ર સ્થાનો છે. આમ પરંપરા રૂપે આના દ્વારા જ સુખશાંતિનું સાધન બનશે. આવી રીતે વ્યાખ્યા પ્રમાણે 'થોડાનું અશાંતિ અને વધારેને શાંતિ" તે આ વ્યાખ્યામાં બંધ બેસે છે અમને ઉપાશ્રયો બનાવવાનો મોહ નથી પણ તમે જ વિચારો કે આવા ધર્મસ્થાનકો ન હોય તો અહિંસા ન જ ફેલાય. અહિંસા અને સદ્ગુણો ફેલાવવાના સાધનોરૂપ આ બધા સ્થાનકો છે.

મુંબઈ જેવા શહેરમાં જો દેરાસર, ઉપાશ્રય ન હોય તો તમારા બધાની પરીસ્થિતિ કેવી થાય? ધર્મ આ બધા ધર્મસ્થાનકો દ્વારા જ ટકે છે. નવો-બોધ, નવું સિંચન, ઉપદેશ આના દ્વારા જ મળે છે. અને ધર્મક્રિયાઓ વધે છે

જે જીવોની હિંસા થાય છે તે અનુકંપાનો વિષય છે. જ્યારે પરમાત્માની ભક્તિ સુપાત્ર છે, ને સાધુની ભક્તિ પણ સુપાત્ર છે. પણ આમ મરતા જીવો કાંઈ સુપાત્ર નથી એ તો અનુકંપા છે. તો સવાલ થાય છે કે સુપાત્રમાં અનુકંપાનો સમાવેશ કેમ કર્યો છે. ત્યારે તેના જવાબમાં ઘણા ગ્રંથોમાં આ પ્રમાણે આવે છે એથી જ સુપાત્રદાન કરતા જે હિંસા થાય છે તે જીવો માટે અનુકંપા લેવાની છે, ને તેના ભાવ લેવાનો છે.

સાચો ધર્માત્મા શ્રાવક ઉપાશ્રય બંધાવતી વખતે પાણી વગેરેમાં મરતા જીવો પ્રત્યે હિંસાનો ભાવ ન જ હોય, પરંતુ વિચારે કે આના દ્વારા ધર્મ-આરાધના મોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રવાહબદ્ધ રૂપે ચાલુ રહે જેથી મારા આત્માનું કલ્યાણ થાય અને અનંતા આત્માનું કલ્યાણ થાય. તેવી ભાવના હોય છે. જે ધર્મ પામીને

આવી પ્રવૃત્તિ કરે તેને આવો જ ભાવ હોય. આમાં હિંસા ઓછા જીવોની છે. પણ અહિંસા ઘણા જીવોની થશે. કોઈ જીવને ઉપદેશ સાંભળતા વૈરાગ્ય થાય અને સંસાર ત્યાગ કરીને સાધુ બનીને અહિંસા પાળશે, તેમાં અહિંસાનું સ્તર કેટલું વધી જાય. અને સાધુ જ્યાં જાય ત્યાં અહિંસાનું આચરણ, પ્રવૃત્તિ કરે અને અહિંસાનો ઉપદેશ આપશે. તથા કોઈ ધર્માત્મા આવીને પૌષધ-સામાયિક આદિ કરશે. અને બીજા નાસ્તિક પણ ઉપદેશ સાંભળી બારવ્રતધારી શ્રાવક બનશે, તો તેના જીવનમાં અહિંસા આવશે. આ બધામાં કારણભૂત ઉપાશ્રય છે.

ઉપાશ્રય બંધાવવામાં જે હિંસા થઈ તેના કરતા ચક્રવર્તી વ્યાજ સાથે અહિંસા થઈ. આવી રીતે આ બધી પ્રવૃત્તિમાં ધર્મ થશે, ત્રાસ ક્ષંતવ્ય છે, સહન કરવા લાયક છે. જો કોઈને શાંતિ થતી ન હોય તો ઉકેલ નાર - પડે તેનું મૂલ્યાંકન જુદી રીતે આવશે

સભા:- પ્રક્ષાલના પાણીમાં અનુકંપા કેવી રીતે?

સાહેબજી:- પ્રક્ષાલના પાણીમાં જેટલા જીવોની હિંસા થાય, હકીકતમાં આ બધી પ્રવૃત્તિ કરવાનું શું કારણ છે તો [illegible] છે કે પરમાત્માની પૂજા પાછળનું ધ્યેય સ્વકલ્યાણનું ધ્યેય છે. પ્રભુની ભક્તિ એવી ઉત્તમ રીતે અને બહુમાનપૂર્વક થવી જોઈએ કે તે જોઈને લાયક જીવો ધર્મ પામી જાય, અને તેમને વિતરાગ પ્રત્યે આકર્ષણ પેદા થાય.

ધર્માત્મા જો શક્તિસંપન્ન હોય તો રાજાના મહેલ કરતા પણ સુંદર મંદિર બંધાવે. અને લોકો અંદર આવે તો પ્રતિમા ને કલાકારીગરી જોઈ આભા જ થઈ જાય એવી પ્રતિમાઓ ભરાવે. સાથે આંગી

પણ એવી કરેકે આળજવી જોતા જ રહે. આમે દુનિયામાં સત્તા સંપત્તિનો મોહતો રહેવાનો જ તેથી વિતરાગતાનું આકર્ષણ કરવું મુશ્કેલ છે. પણ આવી આંગી રચના જોતા તેનામાં આકર્ષણ થાય તો બીજ રોપાઈ જાય ને ભવિષ્યમાં તેને સાચો ધર્મ મળી શકે. પરંપરા એ આગળ વધી અહિંસા પાળશે.

એક જીવ જો મોક્ષે જાય તો અનંતા અનંત જીવોને અભયદાન મળશે. આપણો જીવ જ્યાં સુધી અનંતા જીવોને આપણા થકી ત્રાસ થવાનો. એક જીવ ૮૪ લાખ જીવયોનિમાં ભટકે છે તેમાં તેના એકલાના આત્માને દુઃખ નથી પણ તેના દ્વારા અનંત જીવોને દુઃખ ત્રાસ થાય છે. આમ એક પણ જીવને મોક્ષે મોકલીએ તો પરાકાષ્ઠાની અહિંસા થશે.

પૂજા કરતાં પણ વિતરાગતા પ્રત્યેનું આકર્ષણ તેનાથી વૈરાગ્યભાવ પામી મોક્ષમાર્ગ પર ચઢી આગળ જતા પોતાનું તથા સાથે અનેકનું કલ્યાણ કરતા અહિંસા પાળશે.

ધારોકે મજૂરના ૫૦૦રૂ આપવાના છે, પણ તેમાં નફો ૨૫૦૦૦ છે તો ખોટી કિંમત કહેવાશે? કસવાળો જ છે? ત્યારે એમ નથી થતું કે ભલે અત્યારે ૫૦૦રૂ. જતા શું કરવા આપીએ કારણ તેના બદલામાં ૨૫,૦૦૦ મળવાના જ છે. આમાં આપણે પાસુ કયુ જોઈએ છે? કે લાભ-નુકશાન શેમાં છે? લાભ જેમાં વધારે હોય તે જ પ્રમાણે પ્રવૃત્તિ આપણે કરીએ છીએ.

સભા:- પરમાત્માના અંગ પર જે જીવ ચઢે છે તે ધન્ય બની જાય છે?

સાહેબજી:- પરમાત્મા અંગ પર ચઢતા જીવો ભવ્ય જ હોય છે. એટલે આ જીવો ભવ્ય હતા તે

તમને ખબર નહોતી કે પ્રભુના અંગ પર ચડવાથી ખબર પડી. પણ તેથી તે ઉત્તમ થઈ ગયા એવું નથી.

મુસ્લિમો ઈદના દિવસે બકરાને વધાવે ત્યારે એમ માને છે કે તેનો મોક્ષ થઈ જશે. વૈદિકમાં પણ યજ્ઞમાં પશુના બલિ ચઢાવે ત્યારે માને છે કે આ જીવોનો છુટકારો થાય છે ને તે સદ્ગતિ પામે છે આવી રીતે જ જો સદ્ગતિ મળતી હોય તો તમે પોતે જાતે જ હોમાવી દો ને? તમારા દિકરાને હોમો. મહાપુરુષોએ તેથી જ ટીકા કરી કે આવો ધર્મ ન હોય ગમે તેમ હિંસા કરવાથી ધર્મ ન થાય. હિંસા જેટલી પણ થાય તેનાથી અનેક ઘણા જીવોને સુખશાંતિ મળી જોઈએ તો જ તેને અનુકંપામાં સ્થાપિત કરી શકાય.

દાખલા તરીકે આ શાસ્ત્ર છે, તેને લખવું, છપાવવું તેમાં હિંસા થયા વગર નહી જ રહેવાની કાગળ પણ હિંસામાંથી જ બનશે. શાહી, પ્રેસ વગેરે બધામાં આરંભ-સમારંભ આવશે. તેથી અસંખ્ય જીવો મરી શકે છે. કોઈ ધર્મની પ્રવૃત્તિ એવી નથી કે જેમાં હિંસા ન હોય, [illegible] આ શાસ્ત્રો લખાયા પછી વાંચીને સમજેલો, જગતને પ્રતિબોધ કરશે અને તેના દ્વારા કેટલું પરિવર્તન આવે જેનાથી જગતમાં ઘણી અહિંસા ફેલાશે. અમે આના મૂળમાં 'શાસ્ત્ર' છે. અમને પણ શાસ્ત્રો મળ્યા તેથી જ પામી શક્યા છીએ. હું કાંઈ મહાવીર પ્રભુને મળવા નથી ગયો; ગુરુઓ શાસ્ત્રો દ્વારા વાંચતા વાંચતા જ પામી શક્યા છીએ. અને તેનામાં શાસ્ત્ર જ છે. હવે પ્રમાદથી જતી અહિંસામાં આગળ થયેલી હિંસા જોવાશે નહિ.

સભા:- કેનુ આ પ્રવૃત્તિથી પરિવર્તન થયું તેનામાં અનુકંપા થઇ ?

સાહેબજી:- પરિવર્તન ક્યાં થયું ? પરિવર્તન આવ્યુ તેમાં અનુકંપા નથી. જે જીવ જે પ્રવૃત્તિથી ધર્મ પામ્યો તેમાં જે જીવો મર્યા તેમાં અનુકંપા થઇ છે. કારણકે પામેલો જીવ પાછો તેમાં જ જીવોની જયણા કરશે.

આ જીવો દ્વારા અનેક બીજા જીવોની દયા થશે.

આ દેખાવની હિંસા છે સ્વરૂપ હિંસા છે. પણ તે પરંપરાએ અહિંસાની શૃંખલા બને છે. એ જ quality ના જીવો માટે overall દયા જ થઇ. એકેન્દ્રિય જીવની દયાથી જ એકેન્દ્રિય જીવની હિંસા થાય છે અને તે જ હિંસા દ્વારા પરંપરાએ અનંતા જીવોની અહિંસા થશે.

જેમકે એક તોફાની ટોળું હોય અને નુકસાન કરતું હોય તો તેમાંથી બે ચારને ઠપકારવા પડે. તેમ નબળા જીવોની અહિંસા કરવા માટે તેનાથી થોડા જીવોની હિંસા કરવી પડે.

સભા:- ધૂપ દીપના સાધનો કેવા હોવા જોઇએ અને હેરાકાળ પ્રમાણે કેવા ઠાઠથી પ્રજ્વલિત કરાય ?

સાહેબજી:- ધૂપ દીપના સાધનો પણ અતિ-મૂલ્યવાન અને સુંદર હોવા જોઇએ કે જોનારને અહોભાવ થાય. ધૂપ પણ એવા જ વાપરવાના કે જે અતિ સુગંધી હોય, ને પેટાવવાથી આંખ બળે તેવા હલકા વાપરવાના હોતા નથી. મૂલ્યવાન વસ્તુઓ જ વાપરવાની હોય છે.

કલકત્તાનો વરઘોડો તમે જોયો હોય તો હવે તો જોકે વિશેષ જાહોજલાલી રહી નથી.

છતા હજુ પણ તે વખણાય તેવા હોય છે. અત્યારે આ કાળમાં કિંમતી જવેરાત આદિ બરાબર ન સચવાય તેથી બધુ ખોટુ કર્યું છે

જેમણે પાલીતાણામાં બાબુનું દેરાસર બંધાવ્યુ છે તેમણે ૭૦ લાખ રૂા નો ખર્ચો તે જમાનામાં કરેલો કેટલી ઉદારતા હશે? તેઓના વિનય ભક્તિ પણ કેવા હશે? તેમના ઘરમાં તો જેટલા સભ્ય તેટલા દીઠ બે નોકર હોય. આવો વૈભવ હોય. એમને ત્યાં ઘર દેરાસર હોય જ, તેમાં પૂજારી ન રાખે એક પણ નોકર નહિ. વાસણ, ઝાડુ કાઢનાર પણ કોઈ નહિ રાખવાના. આવા કુટુંબની પુત્રવધુઓ રાજકુમારી-ઓ, કે ઘરમાં એક તપેલું પણ ન ઉચકતા હોય. તેઓ દેરાસરમાં બધુ જ કામ જાતે કરે, વાસણ. ઉટકે, કાજો કાઢે અને સાથે પૂજા ભક્તિ પણ કેવી હાઠ કરે. હવે આ લોકોનું વર્તન જ્યારે બંગાળી બાબુઓ જુએ અને તેમને પણ આપણા પ્રભુ પ્રત્યે બહુમાન થાય કે, આવા વૈભવશાળી હોવા છતા પણ આવુ કામ જાતે કરે છે. તેમના પ્રભુ કેવા હશે? તેથી જ જ્યારે વરઘોડો નીકળે ત્યારે પાલખી ઉચકવા જાતે આવે, પડાપડી કરે. આ બધુ જોઈ બાબુઓ રેતીમાં આળોટી જાય. વિચારવા જેવું છે કે આ બધુ જોવાથી પ્રભુ પ્રત્યે કેટલુ બહુમાન જાગ્યુ હશે કે આવું વર્તન કરે. આવી અનુમોદના કરવાથી તેઓ પામી જાય

તમે પણ પૂજા કરવા જાવ તે વખતે માળી સાથે જો સારા ફૂલ હોયતો જરાપણ ભાવતાલ ન કરવા. તમારી ઉદારતાથી એમને અહોભાવ થાય

અને ધર્મ પામી જાય. તમે જ સ્વયં આરાધના કરીને પામો તેમ નહિ પણ તમારાથી બીજા ઘણા જીવો ધર્મ પામીને ઘણા જીવોની અહિંસા કરતા થશે. તે લક્ષ્ય પણ સાથે હોવું જોઈએ. હિંસા કરતા કેટલું વળતર મળે છે તે વિચારવાનું, આવી હિંસામાં ઘણા જીવોની દયા-જયણા સમાયેલી છે. ને આમાં જે જીવ મરે છે તે અનુકંપાના અંગ તરીકે મરે છે તેને અહિંસાના સાધન માટે તેને ઘટાવવાની છે.

વરઘોડો કાઢતા કેટલા જીવોની વિરાધના થશે રથ આવશે, પશુઓ આવશે, બેન્ડવાજા આવશે સાથે શણગારેલા પુષ્પો આવશે. વાહનો ચાલશે, તેને જોવા લોકો દોડાદોડીને આવશે તેથી નાના જીવોનો તો કચ્ચરઘાણ નીકળી જશે. આમ ઘણી હિંસા થશે. પણ આ બધી જનતામાં જો એક લાયક જીવ પામી જાય, શાસન પ્રત્યે તેને બહુમાન થઈ જાય તેનાથી બોધીબીજની પ્રાપ્તિ થાય અને તેના દ્વારા ભવાંતરમાં શાસન પામી પરંપરાએ અહિંસા-ધર્મ આચરશે ને પમાડશે.

શંકા:- ક્ષેત્રમાં જઈને ત્યાં ઉપદેશ આપી શકાય?

સાહેબજી:- પહેલા એ બોલો કે ગૃહસ્થ માટે આ પ્રશ્ન છે કે સાધુ માટે? જો ગૃહસ્થ માટે હોય તો શાસ્ત્ર વગેરે ભણીને બોધ પામેલો હોય તો શ્રાવક તરીકે ત્યાં જઈ લાયક જીવોને ધર્મ પમાડી શકે. અહીંયાથી આપણા જ શ્રાવકો ત્યાં સંપત્તિ વગેરે માટે ત્યાં વસેલા છે, તેઓને પણ માતૃભૂમિ યાદ આવતી હોય છે. દેવ-ગુરુ-ધર્મ પણ

તેઓને સારા લાગે છે. આમ આવી રીતે શ્રાવક કહીને ધર્મ પમાડી શકે તો તે સારૂ જ છે. પણ જો સાધુ માટે આવી વાત હોય તો સાધુ થી ના જ જવાય. અમારા આચારમાં અહિંસા રહેશે જ નહિ. જેના અમે પચ્ચખાણ લીધેલા છે. તમે જે ધર્મમાં હિંસા કરો છો તેની પણ અમને ના પાડી છે. દેરાસર ઉપાશ્રય બંધાવવાના તથા સાચવવાના પણ શ્રાવકે જ હોય છે. સાધુઓએ તો ફક્ત આરાધના કરવી ને કરાવવી એ એટલુ જ હોય છે. અમારે માલિકી કે વહીવટનો સવાલ જ નથી આવતો. અહીંયા પણ અમે permission લઈને જ રહીયે છીએ. જઈએ ત્યારે ભળાવીયે છીએ. આવી ધર્મની પ્રવૃત્તિઓનો પણ અમે ત્યાગ કર્યો છે. માટે અમારા કર્તવ્યો જુદા જ આવશે.

અનુકંપા પણ શ્રાવકે જ કરવાની છે. ધનથી થતા કાર્યો પણ અમારે કરવાના નથી હોતા. અને કરીયે તો પાપ લાગે. આ બધા કર્મોમાં આરંભ-સમારંભ હોય જ. દેરાસર ઉપાશ્રય બંધાવીયે અને તેના વળતર રૂપે પણ અહિંસા જ મળવાની હોય તો પણ અમારે નથી કરવાનું. જેણે અહિંસાના વ્રત લીધા છે તે ભાંગીને બીજાનું કલ્યાણ કરવાનું નથી.

આત્મકલ્યાણને નેવે મૂકીને કલ્યાણ કરવાનું નથી. પરકલ્યાણ કરતાં સ્વકલ્યાણ ગુમાવવાનું ન જ હોય.

શાસ્ત્રોમાં તર્કો સાથે સમજાવ્યું છે કે સ્વકલ્યાણ મુખ્ય છે, પરકલ્યાણ ગૌણ છે.

ખંધક મુનિનું બહુ જ સરસ દૃષ્ટાંત છે.

આ ખંધક મુનિ મુનિસુવ્રત-સ્વામીના શાસનમાં
થઇ ગયા. જ્યારે ભગવાન ખુદ સદેહે વિચરી રહ્યા
હતા. તેમને પોતાને પણ ૫૦૦ શિષ્યો હતા. ભગવાનની નિશ્રામાં
દેશના સાંભળે છે ને આરાધના કરે છે. ભક્તિ કરે છે.
આ ખંધક મુનિ ઘણા વખતથી બહેન બનેવી જ્યાં
વસતા હતા ત્યાં ન ગયા હોવાથી તેમને જવાનો
ઘણો જ આગ્રહ હતો. આથી મુનિ એ બાજુ
વિચરવાનું વિચારે છે. એઓ પોતે રાજકુમાર હતા
જ્ઞાન ધ્યાન કરી મહાન ધર્માચાર્ય બનેલા છે. એ બાજુ
જતા પહેલા પ્રભુની આજ્ઞા લેવા જાય છે, ને પૂછે છે
કે આ રીતે ૫૦૦ શિષ્યો સાથે આ બાજુ જાઉં?
પરંતુ મૌન રહ્યા. પ્રભુ તો કેવળજ્ઞાની હોવાથી જાણતા
હોય છે, હિત લાગે તો જ જવાબ આપે; હિત ન દેખાય
તો મૌન રહે.

આ ધર્માચાર્ય મુનિ પણ શાસ્ત્ર ભણેલા જ હતા
તેથી વિચારે છે કે પ્રભુના મૌનનું કારણ શું હશે.
મારૂં અહિત તો થવાનું નહિ હોય ને? ફરીથી પૂછતા
પ્રભુ કહે છે કે તમારા વિચરણમાં ૫૦૦નું હિત છે
ને તમારૂં અહિત છે. આ છતાં ખંધક મુનિને
થાય છે કે જો ૫૦૦નું હિત થતું હોય તો તેની
સામે ભલે મારૂં અહિત થાય. પરોપકારની ભાવના
કેવી પ્રબળ હશે! સ્વકલ્યાણને ગૌણ કરી, પ્રભુ
ને કહ્યું કે અમે વિહાર કરીએ છીએ ત્યારે ફરી
પ્રભુ મૌન રહી ગયા છે. ખંધક મુનિને મનથી
૫૦૦ શિષ્યોનું હિતનો ઉલ્લાસ છે તેથી જવા
નીકળે છે.

બહેન બનેવી પણ તે બાજુ સામેથી

જાહોજલાલી સાથે લઈ આવે છે. ધર્મની આરાધનાઓ પણ થાય છે. પરંતુ ત્યાં પાલક છે જેને ભવોભવથી તેમની સાથે વેર છે. ને અયોગ્યતાના કારણે દ્વેષ છે તેથી જ તક મળતા રાજાના કાન ભંભેરી સત્તા હાથમાં લઈ મુનિને મારવાનું નક્કી કરે છે. આ દૃષ્ટાંતનો મર્મ પકડજો. હવે ખંધકમુનિના એક એક શિષ્યને આચાર્યની (તેમની) સામે જ ઘાણીમાં પીલે છે. લોહી માંસના ફુવારા ઊડે છે ને હાડકા તૂટે છે. પરંતુ આચાર્ય ઠરેલા, બોધ પામેલા છે તેથી એક એકને બોધ પમાડે છે ને સમજાવે છે કે કર્મ ખપાવવાનો આવો અવસર આવ્યો છે. પરમાત્મા જેવાએ પણ કેવળજ્ઞાન પામતા કેવા કષ્ટો સહન કર્યા છે. તેથી શિષ્યો પણ કેવળ-જ્ઞાન પામી મોક્ષે ગયા. ફક્ત હવે છેલ્લા બ બાળમુનિ બાકી છે, જે કુમળા કળી જેવા છે. અત્યાર સુધી હૈયાની કોર જેવા શિષ્યોને આવા ટાઈમે હિંમત આપી, સમાધિથી મોત આપ્યું છે, તેમની ધીરતા ગુણવત્તા બતાવે છે. પરંતુ અહીં આ કુમળા બાળમુનિ માટે એમને થાય છે કે પહેલા તેને પિલતા પહેલા મને પીલો કારણ હું તેને મરતા નહિ જોઈ શકું

આમ જોતા ભૂલ આચાર્યની છે કે એમને એમ વિચાર ન આવ્યો કે મારી ગેરહાજરીમાં આને સમાધિ કોણ આપાવશે? કર્મના ઉદયથી એમને ઊંધો વિકલ્પ સુઝ્યો. પાલક પણ અનાડી હોવાથી ને વેરીલો હોવાથી ને અભવ્ય જીવ હોવાથી તેમની સામે જ બાળમુનિને પીલે છે.

બસ આ જ વખતે આચાર્યના ભાવ બદલાય છે. ગલણી પિલાતા કાંઈ બોલ્યા નથી. છતાં બાળ મુનિ માટે આટલી વાત માની નહિ તેથી તેના આવા ક્રૂર વ્યવહારને જોઈને તેમને ક્રોધ આવી ગયો, રાજા ને પ્રજા પણ કેવી કે આવા સંતો આદિના ક્રૂર વ્યવહારને પણ જોતા નથી, આ વખતે તેઓ સંકલ્પ કરે છે કે "ભવાંતરમાં આનું વેર લેવાવાળો થાઉં." આમ તો ધર્મ આરાધના ઘણી કરી હોવાથી આવા આવેશ સાથે મૃત્યુ પામીને દેવલોકમાં ગયા ને ત્યાં ઉપયોગ મૂકીને જાણ્યું. અહીં આવી દંડક પાલક જ નહિ રાજા-દેશ-પ્રજા બધાને જીવતાં સળગાવી મૂક્યા.

આ દ્રષ્ટાંતથી સમજાય છે કે ૫૦૦નું કલ્યાણ કર્યું પણ પોતાની પરિસ્થિતિ શું થઈ? અહીં પણ જીવતા સળગેલા જીવો આર્ત રૌદ્ર ધ્યાનથી દુર્ગતિ આદિમાં ગયા. કેટલાયે મહાત્માઓની આરાધના લૂંટી આવી રીતે કેટલાયે જીવોનું અકલ્યાણ થયું. સ્વનું ચૂકીને પરકલ્યાણ કરવા જાવ તો સરવાળે નુકશાન જ થાય છે. એક સાધુ પોતાની સાધુતાને ગૌણ કરીને બીજાનું કલ્યાણ કરવા જાય તે ન જ ચાલે.

<u>સ્વ કલ્યાણ કેન્દ્રમાં રાખીને જ પ્રવૃત્તિ કરવી જોઈએ.</u>

॥પ. પૂ. શ્રીયુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥ 148

૭.૮.૯૮ અનુકંપાદાન ચોપાટી

બુધવાર

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રની હિતચિંતાથી ધર્મતીર્થની સ્થાપના કરે છે, શાસનનો એવો કોઈ જીવ નથી કે તેની હિતચિંતા માટે પ્રભુએ સમ્યક્ રીતે સમુચિત વિચાર ન કર્યો હોય. અત્યારે ધર્મ આરાધનામાં કેટલો ધર્મ ગુણપોષક છે તે વિચારાય છે. અને સાથે દોષોનું પોષણ થતું નથી તે જોવાય છે. દેખાતી હિંસા છે ને સામે વળતરમાં હિંસા આવે છે.

દરેક ધર્મની પ્રવૃત્તિ કરતા હિંસા દેખાય તો વિચારવાનું કે આનાથી અહિંસા કેટલી થશે. જે જીવો મરે છે તેમાં પણ અહિંસા જ સમાયેલી છે, અને લાંબાગાળે તેમાં ઘણી જ અહિંસા છુપાયેલી છે.

ભૂખ્યાને અન્ન આપો, નગ્નને વસ્ત્ર આપો પશુને ઘાસચારો નાખો, ઘર વગરનાને ઘર આપો સારસંભાળ માટે ધંધો રોજગાર આપો આ બધી જ પ્રવૃત્તિ સાથે સાથે કૂતરાને રોટલા આપો, કબૂતરને ચણ નાખો, કીડાને લોટ નાખો આ બધામાં જે જીવોને શાંતિ આપો છો, તેના કરતા અધિક જીવોને ત્રાસ થાય છે. જેમ ઘાસ ખવડાવવાથી ગાયને થોડા વખત માટે શાંતિ મળશે પણ સાથે ઘાસના જીવોને કેટલો ત્રાસ પડશે! કૂતરાને રોટલા નાખો કે કબૂતરને ચણ નાખવામાં પણ આ જ નિયમ લાગુ પડશે, આમાં ઘણા જીવોનો ખાતમો બોલાશે.

એવી જ રીતે મનુષ્યની દયા કરવામાં રોજગાર આપશો તો કેટલી હિંસાની પરંપરા ચાલશે

તળાવ બંધાવવામાં પણ પાણીના જીવોને ત્રાસ થશે, માછલા આદિને પણ ત્રાસ થાય હિંસા થશે. છીડાને શાંતિ આપતા ઘણાને ત્રાસ થશે. તો પછી આ બધી પ્રવૃત્તિને અનુકંપામાં ગણવી કે નહિ?

આવા અનુકાર્યોને જૈન ધર્મ અનુકંપામાં નથી ગણતો. હવે જો આ કાર્યો અનુકંપામાં ન ગણાય તો શિષ્ય દ્વારા પ્રશ્ન થયો કે શાસ્ત્રમાં તો સંભળાય છે કે સંપ્રતિ રાજાએ ઘણી દાનશાળા ખોલી, વસ્તુપાળ તેજપાળે કેટલા કૂવા-તળાવ ખોદાવ્યા તથા જગડુશાહે દુકાળ વખતે બધે જ અનાજ આદિ પુરા પાડેલા. પરદેશમાં પણ અનાજ મોકલેલું. દુકાળના એંધાણ મળતા તેમની શક્તિ મુજબ અનાજના કોઠારો ઉભા કરી દીધા, તેથી દુકાળ સમયે બધાને અનાજ પુરુ પાડી શક્યા. આવા વખતે તો બીજો માણસ ધારે તેટલા પૈસા ઉભા કરી શકે, પણ આમણે તો છૂટે હાથે દાન પ્રવૃત્તિ કરી. આવાતો અનેક દ્રષ્ટાંતો પુરાણ શાસ્ત્રમાં છે.

હવે આમાં સમજી શકો છો કે આ પ્રવૃત્તિ કરતા વ્યક્તિઓના દુઃખ દૂર કરવા માત્રની ભાવનાથી આ પ્રવૃત્તિઓ નથી કરી. પણ

શાસન પ્રભાવનાના લક્ષ્યથી આ પ્રવૃત્તિઓ કરેલી જેથી આના દ્વારા જગતમાં જૈન ધર્મનો મહિમા ને પ્રભાવ વધે અને લોકોને જૈન ધર્મ પ્રત્યે બહુમાન થાય, એ ધર્મ પામી આત્મકલ્યાણ કરી શકે. આ જ ભાવનાથી આ પ્રવૃત્તિઓ થયેલી.

સંપ્રતિ રાજાએ પણ દાનશાળાઓ ખોલી તેમાં

આ જ લક્ષ્ય હતુ તેથી તે અનુકંપા ગણાય.

શ્રોતા:- સાહેબ આ તો પૈસાવાળાની વાત થઈ પણ અમારે શું?

સાહેબજી:- જ્યારે પણ અનુકંપા કરવાની આવે ત્યારે યથાશક્તિ ધર્મ કરવાનો છે. શક્તિથી અધિક ધર્મ કરો તો પણ પ્રભુની આજ્ઞાનુ ઉલ્લંઘન છે પરંતુ અત્યારેતો શક્તિ પ્રમાણે પણ કરતા નથી તેથી આના ઓઠા નીચે ધર્મ મુકી દેવાનો નથી તપ ને દાન બન્નેમાં શક્તિથી વધારે કરવાનુ કહ્યુ નથી નાના માટે નાનુ ને મોટા માટે મોટુ. આ દાનવીરો હજારોને આપી શકે તો તમે થોડાના માટે કરી શકો છો પણ કરવાનુ કેવી રીતે?

ધર્મ પ્રભાવનાના લક્ષ્યથી કરવાનુ છે.

આ રીતે ભૌતિક રીતે દુઃખી છે, તેથી તેમના શોક - તાપ દૂર કરવા માટે કરવાનું નથી.

કોઈ પણ પ્રવૃત્તિમાં ખોટ હોય તેનાથી વધારે નફો માંગવો જ જોઈએ. જેટલી હિંસા છે, તેનાથી કંઈ ગણી અધિક અહિંસા સરવૈયે આવવી જ જોઈએ

ધર્મ એટલે શું? જગતના જીવમાત્રને સુખ શાંતિ આપવાનો ઉદ્દેશ. તેથી બની શકતો સર્વજીવને શાંતિ આપી શકાય તેવી પ્રવૃત્તિ કરવી. પરંતુ આ તો બહુ જ ઊંચી ભૂમિકાની વાત છે. સાધુપણામાં અનિવાર્ય વસ્તુ છોડીને કોઈ જ હિંસા કરવાની નથી તેથી એ ભૂમિકામાં હિંસાવાળી કોઈ જ પ્રવૃત્તિ કરવાની આવતી નથી.

શ્રોતા:- અનુકંપા જાતે વ્યક્તિગત કરીયે કે જૈન સંસ્થા મારફત કરીયે તેમાં ખરી અનુકંપા

સાહેબજી :- સીધી વાત છે, બીજી સંસ્થા દ્વારા કરેલા દાનથી જૈન ધર્મને યશ મળશે નહિ. ભગવાનના શાસનને યશ આપવાના હેતુથી જ આ કામ કરવાના છે. ફક્ત જીવોના દુઃખ દૂર કરવા માટે નહિ. મંદિર ટ્રસ્ટને દાન આપશો અને તે જે પ્રવૃત્તિ કરશે તેનાથી કંઈ જૈન ધર્મની પ્રભાવના થતી નથી. વ્યક્તિગત રીતે પણ થાય છે. પણ અનુકંપા ગુપ્ત રીતે કરવાની નથી. સુપાત્રદાન ગુપ્ત હોઈ શકે છે અનુકંપા દ્વારા શાસનની પ્રભાવના કરવાની છે. અને આ જ તેનું ધ્યેય છે

એક ગરીબ માણસ કે ધર્મોના નહીં, પાપના ઉદય વાળો છે, જે તે રોજગાર વગરનો ભૂખ્યો તરસ્યો છે. તેને રોજગાર આપો તેમાં તેનો નિર્વાહ ચાલી શકે પણ તેના નિર્વાહ દ્વારા કેટલા જીવોની હિંસા થશે? પછી ખાઈ પીને મોજમજા કરશે, ફરીથી પાપ બાંધશે આથી દુર્ગતિમાં જશે. પરંપરાએ હિંસાની શૃંખલા ચાલશે, વળતર રૂપે અહિંસા સાથે મળે તેમ નથી. મનુષ્ય વિકસિત છે, માટે તેની સારસંભાળ કરવી તેના માટે નબળા જીવોનો કચ્ચરઘાણ નીકળે તો વાંધો નહિ, પણ સબળા જીવોને જ આપવવાના બાકી બીજાનો ભોગ લેવાય તો વાંધો નહિ એવું નથી હોતુ.

સામાન્ય ભૌતિક દુઃખ દૂર કરવામાં વાસ્તવમાં અલ્પમાં શાંતિ છે જે ઘણાને ત્રાસ છે

સભા :- બીજા ધર્મના નોકરીએ લગાડી-દે તો અનુકંપા કહેવાય?

સાહેબજી :- જો ધર્માત્મા હોય તો ભક્તિપાત્ર થાય તો તે લેખે લાગશે. પણ અમને કે પાપના ઉદયથી દુઃખ આવે છે. તમે તેના દુઃખને દૂર કરવા પ્રયત્ન કરશો પણ જો ધર્મ ન હોય તો સુખી થઈને પાપ જ કરશે, તેથી આપણે ભાવદયા સાથે દ્રવ્યદયા કરવાની છે. ભાવ દયા - આત્માની દયા

દ્રવ્ય દયા - ભૌતિક દયા કરવાથી દુઃખી સુખી થઈ પાપ બાંધી દુર્ગતિમાં જઈ, પરંપરાએ હિંસા કરશે

સભા :- તો અનુકંપાદાન કરવાનું કેવી રીતે?

સાહેબજી :- જૈન શાસનની સમજાવેલી પદ્ધતિથી કરો જેનાથી જૈન ધર્મની યશ પ્રભાવના થાય તેવા કામો કરવાના છે. દાન કરનારને જશ ન મળે તો વાંધો નહિ, પણ <u>જ્ઞાન-ધર્મ</u> દ્વારા શાસન પ્રભાવના તો થવી જ જોઈએ

જગડુશાહના દૃષ્ટાંતમાં આવે છે કે તેમના દાન ધર્મથી તેમના ઘણાં વખાણ થતા ત્યારે લોકો તેમને દેવ તરીકે માનતા, પણ તેમનો તો જવાબ આ જ રહેતો કે અમારા ધર્મ પ્રમાણે તો શક્તિસાર પણ કંઈ કરતો નથી. આટલું કરવા છતા પણ તેને આ ઓછું લાગે છે તો ધર્મમાં કેટલું બતાવ્યું હશે? ધર્મ પણ કેટલો ઊંચો ને મહાન હશે.

સભા :- અમારે તો પૈસા ખર્ચીએ પણ બન્ને બગડે.

સાહેબજી :- હા, પૈસા જાય અને હેતુ સરે નહિ. અનુકંપા દ્વારા જે ઉદ્દેશ છે, તેને ચરિતાર્થ કરવો હોય તો પદ્ધતિ સમજવી જ પડે

<u>અનાર્ય કરતા આર્યની અનુકંપા જુદી.</u>

~~આર્ય કરતા~~ જૈન શાસનની અનુકંપા જુદી

સભા: - અપાત્રને અનુકંપા કેવી રીતે કરાય ?

સાહેબજી: - પાત્રને કરો તો બરાબર, પણ જો અપાત્રને કરશો તો તે પાપ જ કરશે. તે વખતે તમારા આત્માની કોમળતા કરુણા સચવાય તે માટે અનુકંપા કરવાની છે. ભાવદયાના સાધન તરીકે અનુકંપા કરવાની છે

- તમારા આત્માની ભાવદયા ખાતર, તથા જૈન શાસનની અપભ્રાજના અટકાવવા માટે અનુકંપા કરવાની છે

દેલવાડાની કારીગરી અત્યારે નવી બનાવવી શક્ય જ નથી, પણ સમારકામ કરનાર પણ કોઈ મળતું નથી. આ બનાવતી વખતે પાણીની જેમ પૈસા ખરચ્યા છે. એ વખતે ૧૮ કરોડ સુવર્ણમુદ્રાઓ ખરચાઈ છે. એ જમાનામાં ૬ સોના મહોરથી ૧૨ મહિના આરામથી ઘર ચાલી શકે. (આરામાં સારી રીતે) હવે આટલા નાણાં જેણે સુપાત્રમાં ખરચ્યા હોય અને તે વખતે કોઈ ગરીબ આવે અને હડધૂત કરો તો તેને ઘણો જ દ્વેષ આવે તેથી જ

સુપાત્રનું ઊંચું કામ કરો ત્યારે અનુકંપાના કામ પણ કરવાના છે. આની પાછળ અપભ્રાજના અટકાવવા તથા પ્રભાવના માટે છે. ગરીબના દુઃખ દૂર કરવા માટે નથી.

મનુષ્ય જ દયાપાત્ર છે ?, પ્રાણી પણ દયા પાત્ર હોય તો ઘાસ આદિ પણ દયાપાત્ર જ છે. ટૂંકમાં બધા જ જીવો દયાપાત્ર છે અનેકના ભોગે એકના રક્ષણની વાત નથી છતાં. શાસન પ્રભાવના, અપભ્રાજના અટકાવવા

કોઈ બદમાશ લોય અને સ્મગલીંગ કરીને માલ લાવ્યો હોય તે વખતે તમને તે મહેનત કરીને લાવ્યો છે. એને સસ્તા ભાવે મળે છે માટે લઇ લો, અને કદાચ પછી સરકારને ખબર પડેને તે માલ સાથે પકડાય ને તમને પણ પકડી જાય ત્યારે એમ ન જ કહેવાય કે ભાઇ, 'એ તો મહેનત કરીને લાવ્યો હતો', તેથી જ મેં લીધું. તમને ખબર છે આવો માલ લેવો ગુનો છે છતાંપણ લો જ છો.

આમ આવા કરણ કરાવણના પાપથી તમે ઘેરાયેલા જ છો. આવા પાપનો તમારે ચાલુ જ છે આ આત્મકલ્યાણની ભાવના માટે આપવાનું થશે

સભા:- ભિખારીઓના ધંધા ચાલે છે.

સાહેબજી:- અત્યારે તમારે બધે sophistication આવી ગયું છે. બદમાશ માણસ બધુ જ કરે છે. પણ તેમાં તમારા આવા વિચાર હશે તો સારા માણસ પણ મરી જશે. અમુક ટકા સાચું છે જ પણ સંપૂર્ણ નથી. અત્યારે પ્રચાર પણ ચાલે છે કે ભીખ માંગવી હરામખોરી છે, પરંતુ આર્યોની પરંપરા છે કે દીન-અનાથ-લૂલા લંગડા બધા આવા લોકોને ભીખ માંગવાનો અધિકાર છે. સાથે સમાજની પણ ફરજ છે કે આવા નબળાઓને સાચવી લેવા કારણ તમારા પર સમાજનું ઘણું ઋણ છે. તેથી જ કર્તવ્ય તરીકે ભિક્ષાદાન અપાય.

તીર્થંકરોએ પણ યાચકને દાન આપ્યું છે. દેલવાડાના દેરાસરોની પ્રતિષ્ઠા થઇ ત્યારે એક જ દિવસમાં ૩૨ લાખ સુવર્ણમુદ્રા યાચકોને

આપી છે. અત્યારે વિચારો કેટલો અજબ થાય? વસ્તુપાળ તેજપાળ માટે તો કહેવાય છે કે તેમને રાજ-સભામાંથી પુરસ્કારમાં ૨-૫ લાખ સુવર્ણમુદ્રા મળે તો તેમના ઘરે પહોંચતા સુધીમાં આ બધી મુદ્રાઓ દાનમાં આપી દેતા. આમ કરે કેવી રીતે કે જેથી જૈન શાસનની પ્રભાવના થાય ને લોકોને ભગવાનના શાસન પ્રત્યે બહુમાન થાય.

સભા:- તો આપનારે પણ લાયકાત કેળવવી પડશે?

સાહેબજી:- હા. દાન કરવા માટેની જે લાયકાત છે તે જોઈએ, પણ તેના માટેનું ધોરણ શું માનશો? અમે પણ સાધન શુદ્ધિમાં માનીએ છીએ. પણ તેનું વિવેચન આગળ આવશે. અત્યારે એવું બોલાય છે કે દાન કરનાર બધા કાળાબજારિયા છે. નામથી જ જુદી પડી છે પણ આ બધી misunderstanding છે. કાળાબજાર-ધોળાબજાર બધાના નીતિનિયમો નથી. પણ શાસ્ત્રમાં નીતિનિયમોના ધોરણો જુદા આપ્યા છે. અત્યારે દેશકાળ એવા છે કે તમારે આવું બધુ કરવું જ પડે છે.

અત્યારે અર્થતંત્રમાં તેમને જો જરૂર પડી તો એ જ લોકો કાળાનાણા ધોળા કરી આપશે જરૂર પડે તો ધોળાને કાળા કરી આપે. શું કરશો? એક બોન્ડ બહાર પાડી દે એમાં ગમે તેટલા પૈસા રોકો તો તેમાં ટેક્ષ ન લાગે ને પૂછપરછ પણ નહિ. એક જ કલમના ગોદાથી કાળું નાણું ધોળું કરી આપશે.

આપણા શાસ્ત્રમાં નીતિ અનીતિની વ્યાખ્યા

જુદી છે. શાસ્ત્રની રીતે ૯૯% તમારું નાણું અનીતિનું છે.
તમે કહેશો કે અમે whiteના પૈસા દાનમાં આપીએ છીએ પણ white કર્યા કઈ રીતે? tax Planning કરો છો, ચોપડા બધી maintain કરો છો. પછી પાર્ટનર તરીકે જે તમે તેને પાર્ટનર તરીકે rights આપ્યા છે? ફક્ત tax planning માટે પૂતળા તરીકે રાખ્યો છે. આ બધી જ વસ્તુ અનીતિ છે.

આજે ઘણો જ વર્ગ એવો છે કે જેને ધર્મમાં આવતું દાન કાંટાની જેમ ખૂંચે છે, બીજા ક્ષેત્ર કરતા એક ટકો દાન આ ક્ષેત્રમાં આવતું નથી તે પણ બંધ કરવું છે. પાપના પૈસાથી શું દેરાસર અભડાઈ જતું નથી. અમારું પાપના પૈસા લાવવાનું પ્રોત્સાહન નથી. પણ આ ધન શુદ્ધિ આગળ આવશે. અત્યારે તો મુદ્દો એ છે કે ફક્ત ભૌતિક દુઃખો દૂર કરવા દાન કરશો તો તે લૌકિક દયા કહેવાશે. લોકોત્તર નહિ કહેવાય. શાસન ચલાવવા, શાસન અપભ્રાજના અટકાવવા, પોતાના આત્મ ભાવ દયા. આ બધામાંની કોઈપણ પ્રવૃત્તિની હિંસા થાય તો તે વધારે અહિંસા માટે જ ગણાશે. છતાં પણ જો હિંસા વગરનો ધર્મ થતો હોય તો અમે બતાવવા રાજી છીએ. પણ તેમ કરવા જતા ધર્મ માર્ગનો જ લોપ થઈ જશે, માટે હિંસાથી થતો ધર્મ બતાવીએ છીએ. દેરાસર ઉપાશ્રય બંધાવતા જેટલી હિંસા છે તેના કરતા કંઈ ગણી અહિંસા ફેલાશે. તેથી આ ધર્મનું કામ થયું. આ બધું, આ અનુષ્ઠાન કરવાનું કોને? કે જેના જીવનમાં રોજની હિંસા હોય, તેને તેથી હિંસાથી થતો ધર્મ

કરવાનો છે. સાધુએ આ કામ કરવા કરાવવાના નથી.

સાધુ ફક્ત તમારા કર્તવ્યરૂપે ઉપદેશ આપે. દેરાસર બંધાવવાનું ન કહે નહિ તો આરંભસમારંભનું તેમને પાપ લાગે. પણ આ શ્રાવક માટે લાભ છે. સાધુને સાવદ્ય અનુમોદનાની છૂટ છે, પણ કરણ કરાવણનો નિષેધ છે

અહીંયા તમે ૫-કે ૫૦ રૂ.ની પ્રભાવના કરો તે ધર્મ છે. સાધર્મિક ભક્તિ કરવાથી લાભ જ મળશે પરંતુ હવે તે પૈસાથી કોઈ શાક લાવે, અનાજ લાવે વગેરે પાપના કામ થયા તેથી પ્રભાવના ન કરવી તેવું નથી. પ્રભાવના કરવાથી શ્રાવકને લાભ જ થાય પણ સાધુ પ્રભાવના ન જ કરી શકે

સભા:- સાહેબ તમે ક્યાંથી લાવો ?

સાહેબજી:- ગોચરીમાં લાવું કે તમારા જેવાને પકડીને કરાવું તો મને પાપ જ લાગે. મારા માટે આ વાજબી ન જ કહેવાય.

ભૂમિકા પ્રમાણે ધર્મઅધર્મનો ભેદ છે. તેમાં ભેળસેળ કરાય નહિ. કરણ કરાવણની જરા પણ છૂટ નથી હા, સાધુ જ્ઞાની જ્ઞાનની પ્રભાવના કરી શકે પણ મિથ્યા જ્ઞાનની નહિ. જ્ઞાન પૂજા જો આરંભ-સમારંભ માટે વપરાય તો અમારે નહિ કહેવાનું.

સાધુ જ્યોતિષ વિદ્યા જાણતા હોય તેથી દેરાસર બાંધવા માટે પાયો ખોદવાનું જો મુહૂર્ત કઢાવવા જાય તો અમારે મુહૂર્ત કાઢી આપવાની ના કહી છે. કારણ આરંભસમારંભ થશે.

તમે જોષી પાસે મુહૂર્ત કઢાવી આવો પછી અમે સાચુ છે કે ખોટું તે કહી આપીએ.

જ્યાં પણ હિંસાનો દોષ લાગે ત્યાં અમારે જ્ઞાનનો ઉપયોગ કરવાનો નથી. અમે કરણ-કરાવણ છોડ્યુ છે, તેથી એ અમારો ધર્મ નથી.

સભા :- સાધર્મિકને રોકડા રૂપિયા અપાય?

સાહેબજી :- તમે ઘરમાં નોકરને 100-200 રૂ આપો તેમાં તમને વાંધો નથી હોતો પણ સાધર્મિકને જ આપતા તે મોજમજા કરી પાપ બાંધશે તેમ વિચારીને ન આપો તે બરાબર નથી. એટલું તો જરૂરથી વિચારજો કે એ તો પાપમાં જ બેઠો છે. હા, તમારે કોઈપણ જાતની હિંસા ન કરવી એવા પચ્ચખાણ હોય તો પ્રભાવના કરવી નહિ, કરાવવી નહિ. પછી તો પૂજા કરવાની પણ જરૂર નથી કારણ તે <u>સંવાસાનુમતિ</u> શ્રાવક છે.

સભા :- અચ્ચારના કાળમાં હોય શકે?

સાહેબજી :- હા છે. મેં જાતે જોયા છે

સભા :- ગીઝર વગેરે ધર્મસ્થાનકોમાં વપરાય?

સાહેબજી :- ઘરમાં વાપરવું તેને ગેરવ્યાજબી કહેવાય છીએ તેને ધર્મસ્થાનકમાં ન કરાય. ઘરમાં બટાટા ખાતા હો તેથી કાંઈ ઉપાશ્રયમાં સંઘ જમણમાં ન જ ખવડાવાય. ગૃહસ્થને યોગ્ય થતી હિંસાને જ હિંસા-માં લેવાની છે, પણ જે જીવનમાં કલંકરૂપ ગણાય તેવી પ્રવૃત્તિ ધર્મમાં ન જ કરાય. સિગારેટ પીઓ છો તેથી કંઈ તેની પ્રભાવના ન જ કરાય. જે વસ્તુ ગેરવ્યાજબી નથી તેવી હિંસાથી થતો ધર્મ તમારી ભૂમિકામાં કરવાનો ઉચિત છે.

તમે જાતે જરૂર પડે તો ૨૫ વાનગી ખાવ, શરબત પણ પીઓ, અને જ્યારે બીજાને

પીવડાવવાનું આવે ત્યારે જ હિંસા ગણી તો પછી તમે સ્વાર્થી ગણાશો. તેથી જ શોખની હિંસા જે કીમત છે તે લાંછનરૂપ નથી તેથી જ હિંસાથી થતો ધર્મ કરવાનો છે. નહિતર વિવેક ચૂકી ગયા કહેવાશે.

સભા:- ધાર્મિક સાધન સામગ્રી પ્રભાવનામાં અપાય?

સાહેબજી:- અવશ્ય જ ઉપયોગમાં લેવાનું છે. દરેક વ્યક્તિ ધર્મ પોતાના આત્મકલ્યાણ માટે કરે છે. ઉલ્લાસથી પોતાના સ્વંય બાલદાનથી કરવાનો છે. બીજાના પૈસાથી ધર્મ કરશો તો ચોરી ઉપર ગણે છે તેવો ભાવ થઈ જાય. પ્રભાવના કરવાની છે તે ભક્તિ માટે પ્રભાવના કરવાની છે. ભક્તિ ક્યારે થઈ ગણાય કે જ્યારે તેની જરૂરિયાત, અનુકૂળતા પોષાય તો ભક્તિ થઈ ગણાય.

દાખલા માથુ દુખતુ હોય અને તમે આવીને પગ દાબો તો ભક્તિ નહિ થાય. તેથી જ જે જરૂરિયાત હોય તેવી વસ્તુ આપવી જોઈએ. અમને પણ ઉપયોગી હોય તેવું આપો તો જ અમારી પણ ભક્તિ કરી કહેવાય.

સભા:- અહીંયા બધા સુખી છે, તે હિસાબે તો જરૂરિયાતવાળા ઓછા છે તેમ વિચારીને આપીયે તો?

સાહેબજી:- સુખી માણસ હોય તેણે તો પોતાના પૈસે જ દ્રવ્ય લાવવાનું છે. સાધર્મિકમાં સુખી દુઃખી નથી જોવાનું પણ તેના જીવનમાં વધારે ઉપયોગી હોય અને તરત વાપરી શકે તેવું આપવાનું છે. પ્રભાવના કરતી વખતે ભાવ એ જ

કરવાનો કે સામેનાને કેમ વધારે અનુકૂળ થાય તેમજ તેની સગવડ કેમ સારી રીતે થાય. તે વખતે હિંસાનો વિચાર કરાય જ નહિ. પરંતુ જે સાધર્મિક એવા છે કે જે સ્વઇચ્છાથી કરી શકે તેમ નથી અને તેને ધર્મમાં ચડાવવાના છે તેવાને જરૂરિયાત પૂરતું આપો તો બરાબર છે

સભા :- ઘરમાં પ. પૂ. સાધ્વી હોય અને કટાસણા ગણાવવામાં આપીએ તો સંવત્સરી પ્રતિક્રમણ વખતે કામ લાગે.

સાહેબજી :- નબળા ને જરૂરિયાતવાળા છે? કે પછી સબળા છે પણ ભાવ નથી, જો તેવાને આપશો તો માથે મારવા જેવું થશે. શ્રીમંત હોય તો સુખીના ઘરમાં તો હોય જ. ધર્મ પરાણે કરાવવાનો નથી. નબળા હોય તો જરૂરિયાત માટે આપવાનું છે.

સભા :- અજૈનને નોકરી આપણે દયા આપવાની?

સાહેબજી :- કયા ભાવથી આપવી છે? દયાના ભાવથી કે તમને ઉપયોગી છે તેથી? તમારે જરૂરિયાત છે માટે આપવી છે? તેનામાં ઓછી આવડત હોય તે છતાં આજીવિકા માટે રાખો તો દયાદાન કહેવાય. પણ તેમાં પણ આપણી ગણતરી શરત ન હોય તો લૌકિક દાન કહેવાશે.

૭.૯.૯૭ અનુકંપાદાન

ગુરૂવાર

સોનાલી

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને દયામુલક પરમ-ધર્મની પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ જૈન શાસનમાં ધર્મની ભૂમિકા પામવા માટે કુણા માખણ જેવું કોમળ હૃદય જોઈએ. પોતાના જ દુઃખની અસર થાય અને બીજાના દુઃખની અસર ન થાય તેવો નઠોર ભાવ હૃદયનો ન જોઈએ. ધર્મ પામવો હોય તો બીજા પ્રત્યે કોમળતાની ભાવના ભાવવી જ જોઈએ. સતત દયાના પરિણામ જોઈએ. જે વ્યક્તિ સતત દયાના પરિણામને નથી જાળવી શકતો તે સારી રીતે ધર્મને નથી પામી શકતો.

તો પછી વિચારવાનું શું? બીજાના દુઃખ દૂર કરવાની ભાવના સતત જોઈએ. કરૂણાનો પરિણામ ઉંચો અને વિવેકપૂર્ણ કેવી રીતે થશે, તે જોઈએ.

પૂ. હેમચંદ્રસૂરીજીએ કરૂણાનો પરિણામ કઈ રીતે કરવાનો તો યોગશાસ્ત્રમાં કહ્યું છે કે બધાના દુઃખ - દર્દ - સંતાપ મટી જાય તે નથી જોવાનું, પરંતુ એમ વિચારવાનું કે આ બધા દુઃખો આવે છે તે તેના પાપના ઉદયથી આવે છે. દુઃખનું મુળ સંસારમાં જ છે, માટે જ જો તેના મુળનો નાશ નહિ કરીએ તો ફરી દુઃખ આવવાનું જ છે.

કેને પણ સાચા અર્થમાં દુઃખથી

મુક્ત કરવો હોય તો પાપમુક્તિ તરફ લઈ જવો પડે.
જો તેને પાપમુક્તિ ન જોઈતી હોય તો તમે કામચલાઉ
રાહત આપી શકો, પણ દુઃખની ગર્તામાંથી બહાર
નહિ કાઢી શકો. તેથી જ ભાવના એવી ભાવીએ કે
કોઈ જીવ પાપ ન કરે. અમે પણ એવી જ
ઈચ્છા રાખીએ છીએ કે જો તમે પાપ નહિ કરો તો
દુઃખી નહિ થાવ. પાપ કરશો તો અમે તમને
છોડાવી નહિ શકીએ.

ભાવ-દયા-પૂર્વકની દ્રવ્યદયા કરવાની છે.
એમાં જ વિવેક જળવાય છે. બાકી તો ભૌતિક
શાતા માટે પ્રયત્ન કરશો તો તે અવિવેક પૂર્વકની
કરુણા કે દયા કહેવાશે.

જેવી રીતે, એક સ્ત્રીને એકનો એક
દિકરો વહાલો છે. તેને જરાપણ કાંઈ થાય તો
અડધી અડધી થઈ જાય છે. તેની આરસંભાળમાં
જ તેના રાજીપો છે. આવી રીતે માને દિકરાની
વાત્સલ્યથી બધી ઈચ્છા પુરી કરવામાં જ રસ છે.
પરંતુ આજના જમાને છોકરો ગમેતે ખાવા ધીંગલ
ધમાલ કરે, આખો દિવસ શરદી થયા છતા આઈસ-
ક્રીમ ખાય, જાણે કે તેમ જ વધારે પસંદ કરે
ને શરદી કફ પુષ્કળ થાય ને શ્વાસ લેવાની પણ
તકલીફ પડતી હોય. તો મા આઈસક્રીમ ખવડાવે
ખરી? દિકરો રડે તે પણ ગમતુ નથી. પરંતુ
કફ રૂકવાનું બંધ કરાવવા માટે તેની ઈચ્છા પૂરી
ન જ કરે. થોડુ રડવુ હોય તો રડી લેવા દે.
અને વહાલથી ખવડાવી પણ દે તો ડબલ
ન્યુમોનિયા જ થાય. તો તમે માને શું કહો?

કે માએ જ દિકરાને મારી નાખ્યો, એનો બાપ પણ
આમ કહેવાનું ન છોડે. આમ વ્યવહારમાં પણ હિતાહિત
નો વિચાર કરાય છે. મા કઠોર બને તે છતા માને
કોઈ ખરાબ ન જ કહે. પણ ખવડાવે તો જ અહિત
કર્યું એમ કહે:

જગતના જીવો પાપ કરીને દુઃખ પામતા છે
અને પાછા દયાળુ થઈને તેને પાપ પ્રવૃત્તિ કરવાના
સાધનો ગોઠવી આપે જેથી તે ફરી પાપ કરીને દુઃખી
થાય. તેથી જ ફીરી દયા નથી કરવાની કે ભૌતિક
છે. મોજમજાના સાધનો નથી આપવાના જેમ કોઈને
પરણવું છે, કોઈને મકાન જોઈ, ધંધા ધાપા માટે પૈસા
નથી. આવાતો કેટલાયે દુઃખ દર્દો હોય છે.

જગતમાં ભૌતિક સુખી ના જીવો કેટલા?
એક ટકો પણ ન આવે. બધા દુઃખીઓ પાછા
ધર્મ-આરાધના કે આત્મકલ્યાણમાં કે પુણ્ય પાપ
સમજતા નું હોય, સંસારમાં અધર્મની પ્રવૃત્તિમાં જ
રસ રાગ હોય છે. આપણે કઈ દયા અને અનુકંપા
સાચી કહી છે ને જૈન શાસન પામ્યા છે તેથી
તીર્થંકરે પ્રરૂપેલી દયા કેવી હોય તે સમજવા પ્રયત્ન
કરવો જોઈએ ભગવાનની બતાવેલી દયા લોકોત્તર
છે. બીજા ધર્મની દયા જુદી. વ્યાખ્યા જુદી. ને
પ્રવૃત્તિ પદ્ધતિ બધુ જ જુદુ છે. જ્યારે આપણી
દયા કરતા ભાવ આશય જુદા આવે છે.

આ આપણા ધર્મની વિશેષતા છે.
આમતો બધા જ ધર્મમાં દયાની વાત આવે છે
કબીર કહે છે કે 'દયા ધર્મકા મુલ હૈ'. તો પછી
આપણા ભગવાને શું નવું કહ્યું?

આપણે આપણા ધર્મની વિશેષતા સમજવી જ જોઈએ. આ શાસનની અદ્ભુતતા અપાર છે, જો તેમ લાગે તો જ શાસનની કદર કરી શકો. અમો કબીરે કહેલી વાત ખરાબ નથી કહેતા, અન્ય ધર્મમા પણ સારી વાતો ને સમર્થન આપીયે જ છીએ. દયાને આપણે કંઈ અધર્મનું મૂળ નથી કહેતા. દયાથી જ હૃદયની કરુણા દ્વારા ગુણો કેળવી શકાય છે.

સમ્યગ્દર્શનમાં આવવા માટેનું પહેલું લક્ષણ દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા જ જણાવાય છે.

તીર્થંકર ભગવંતોએ જણાવેલી દયામા ઊંડાણ, વિશેષતા છે. જગતમા જૈન શાસન પ્રત્યેક આરાધનાની અદ્વિતીય વાતો કરે છે. આટલો ઊંડો બીજા કોઈ ધર્મએ વિચાર નથી કર્યો.

એકને શાંતિ આપતા બીજાને દુઃખ નથી થતું ને? પણ જો સરવાળે વધારેને શાંતિ થતી હોય તો દયા કહેવાશે. તીર્થંકર ભગવંતે ઊંડાણથી વિચાર્યું છે. માને દિકરાના દૃષ્ટાંત માં, મા આઈસ્ક્રીમ ખવડાવે તો તે દયા કેવી કહેવાય કે જે દિકરાનો ભોગ લે તેવી.

જગતના જીવો પાપથી જ દુઃખ પામ્યા છે, માટે જ તેને પાપના માર્ગથી ખસેડવાના તે જ પ્રથમ કરવા યોગ્ય પ્રવૃત્તિ છે.. ફક્ત ભોજન વગેરે આપવા તે સાચી દયા નથી. કોરી ભાવ દયાને જૈન શાસન દયા કહેવા તૈયાર નથી.

જગતમાત્રના જીવ પ્રત્યે પરમ કરુણા અને અંતિમ વાત્સલ્ય પ્રભુને છે, છતા પોતે આવી દયા કરી નહિ ને ન ઉપદેશ આપ્યો. કારણ

કરૂણામાં સમ્યક્ત્વના વિવેકના કારણે ભાવના રૂપે ચરિતાર્થ કરે છે, તેથી જ આપણામાં બીજા જેવું અનુકંપાદાન નથી. બીજા જે કરે છે તે લૌકિક દયા જ છે. પરંતુ આપણી કરેલી દયામાં તો શાસન પ્રભાવના સાથેની અનુકંપા છે. આવી ઝકઝક વાત કરનારા મહાપુરુષો છે આવું જો સમજ હોત તો દ્રષ્ટિકોણ જ બદલાઈ જશે.

જૈન કોમ નાની છે. ૯૦ કરોડની વસ્તીમાં એક ટકા પણ જૈનો નથી. છતા પણ જૈનો વધારે દયાના કામ કરે છે. પ્રસંગે દુકાળમાં છુટ્ટે હાથે દાન આપે છે. શ્વેતામ્બરોનું ડોનેશન એક અબજનું હતું. મોટા ભાગની પાંજરાપોળ જૈનો જ ચલાવે છે. જીવદયાની ટહેલમાં ઉદારતાથી દાન આપે છે. જૈનોમાં ગળથુથીમાં જ આવા ગુણો છે. છતાંય જૈનો હજુ યથાશક્તિ દાન નથી કરતા, તે છતા બીજી કોમ કરતા કે જૈનેતરોથી તો તે વધારે જ દાન કરે છે.

સભા :- બ્રાહ્મણોતો લેવાવાળા છે.

સાહેબજી :- તેઓ પણ પ્રસંગે અમુક ડોનેશન તો કરે જ છે. આપણામાં અનુકંપાદાનમાં વિવેક ચાલ્યો ગયો છે તેથી જ જેમાં ઊંચુ પુણ્ય બંધાવવા જોઈએ તથા જૈન શાસનને જે લાભ થવો જોઈએ તે થતો નથી. અમને દયાદાનના કામ ગમે છે, પણ તેમા વિવેક, ઔચિત્ય, પદ્ધતિ ભુલાઈ ગઈ છે, તે જ ખટકે છે. કોરી દ્રવ્ય દયાને ધર્મ માનતા નથી. અને કોરી દ્રવ્ય દયા જ ધર્મ તરીકે મનાય તો તે પ્રવૃત્તિ બાળક જેવી થશે. પાપમાં રહેલા જીવોને પાપના જ સાધન આપશો

આ શરીર ~~આત્માના~~ મૂળ ઉખાડ્યા વગર આપે રાખ્યા
તે ન જ ચાલે. જગતનાં જીવો ભૌતિક દુઃખમાંથી છૂટવા
માંગતા હોય અને ભૌતિક સુખ મેળવવા માગતા હોય તો
પૂર્ણ કરવું તે જ ઉદ્દેશ નથી. તેથી જ જગતના જીવ-
માત્રની ભૌતિક નહિ પણ આત્મિક દયા કરવાની છે
બધા તીર્થંકરોએ ભાવના એ જ ભાવી કે સંસારનું
સ્વરૂપ જોયા પછી તેમના દુઃખદર્દ જોઈ તેમના પ્રત્યે
કરુણાનો ભાવ જાગ્યો ત્યારે એમ જ વિચાર્યું કે
તેમને મુક્ત કરવા હોય તો 'સવિ જીવ કરૂં શાસન
રસી'.

તીર્થંકરોએ પણ એમ નથી વિચાર્યું કે જેટલા
ગરીબ હોય તેમને શ્રીમંત બનાવી દઉં, માંદાને સાજા
કરી દઉં, ભૂખ્યા તરસ્યાને અન્નપાણી આપું, મોજમજાના
સાધનો આપું તેમ કરતા ક્યાંય દુઃખ, શોક સંતાપ
રહે જ નહિ. આવી ભાવના રાખવી પ્રશસ્ત છે

સભા:- જેટલા આવે તેટલા બધાને ધર્મ પમાડવો?

સાહેબજી:- જો જીવ ધર્મ પાળવા માટે લાયક હોય
તો જ ધર્મ કરાવાય. એમનેમ વળગાડાય નહિ
પરાણે ધર્મ ન કરાવાય. અનુકંપા કરવા યોગ્ય જે
વ્યક્તિ આવે અને તમને જો તેનામાં લાયકાત
લાગે તો ધર્મ પમાડવા બધો જ ઉપયોગ કરવો
જોઈએ. તેથી ભાવ દયા લાવવા માટે જેટલી દ્રવ્ય
દયા કરવી પડે તે યોગ્ય છે. દ્રવ્ય દયા કરતા
સાથે સમજાવે કે તારા પૂર્વકર્મના ઉદયે આવી
પરિસ્થિતિ આવી છે, જેનાથી તું દુઃખ અને
સંતાપ ભોગવી રહ્યો છે. હવે આ ભવમાં પણ
નહિ વિચાર કરે તો અનંતકાળ દુર્ગતિમાં

રખડવું પડશે, તેથી જ આ ભવમાં જેટલા બને તેટલા
ઓછા પાપ કરજે, બની શકે તો પાપથી દૂર રહેજે
સાથે બને તેટલા સત્કાર્યો કરજે, આમ સમજાવી
ફક્ત ઉપદેશ જ નથી આપવાનો પણ સાથે અવસર-
દયા પણ કરવાની છે. તેની પાપની રુચિ તોડી ધર્મની
રુચિમાં જોડવાની કોશિશ કરવી. જો તમે તેને
ધર્મના માર્ગે લાવી શકશો તો જ તેનું કલ્યાણ થશે
જેટલા દયાપાત્ર છે તે બધા જ ધર્મ પામી જાય તેવી
લાયકાત-વાળા નથી હોતા. અને જે ધર્મ પામી જાય
તેવી લાયકાતવાળા હોય તો તેને પાછી [illegible] દયા કરવી
તે સમજવું જોઈએ. અધર્મીની સામે ચાલીને દયા
કરવાની નથી. જ્યારે અત્યારે તો શું કહેવાય છે, કે
આટલા દુઃખી હોય ત્યાં સુધી ધર્મમાં પૈસા ખરચાય
જ નહિ. આ બધી ગરીબી - કરવાની જવાબદારી
ધર્મની કે ધર્મગુરુઓની નથી. આ [illegible] મોજશોખમાં
કરોડો ખર્ચી નાખે ત્યાં તેમને વાંધો ન હોતો.

સામે ચાલીને દયા કરવાનો પ્રસંગ આવે ત્યારે
ધર્મ પામે તેવા લાયક જીવ ન હોય તો તે વખતે દયા
શાસન પ્રભાવના વધારવા કરવી કે જેથી એ પ્રવૃત્તિ
જોઈને બીજા જીવો ધર્મ પામી જાય. અથવા
તમારા આત્માની ભાવદયા ખાતર દયા કરવાની છે
કોઈના ને કોઈના સાધન તરીકે દયા કરવાની
આવશે

સભા:- આમાં સ્વાર્થ નથી?

સાહેબજી:- તીર્થંકરે બતાવેલો માર્ગ છે
આખી દુનિયાનું હિત આ જ માર્ગથી થવાનું છે
મોડો કે વહેલો કોઈપણ જીવ આને પામશે તો જ

સૌનું કલ્યાણ કરી શકશે. કોઈપણ જીવને જો આ શાસન પમાડી શકશો તો જ તેનું કલ્યાણ થશે આમા તેવી સ્વાર્થ આવતો જ નથી. ના તમારી કે મારી વાહવાહ માટે આ પ્રવૃત્તિ કરવાની નથી. સ્વ-પ્રભાવના એ સ્વાર્થી વૃત્તિ છે. પણ આમાં તો તમારે કંઈ જ વળતર મેળવવુ નથી. જગતના જીવોની સાચા માર્ગ ઉપર ભક્તિ થાય, રૂચિ થાય અને જો જીવ સાચા માર્ગ ચડી જાય તો તેના અનંતા અનંત દુઃખો દૂર થશે. અને તેના દ્વારા અનંતા જીવોને શાંતિ મળશે. તેથી જ એક જીવને મોક્ષ માર્ગે ચઢાવો તો એટલું પુણ્ય બાંધો છો કે કરોડ માણસની ગરીબાઈ દૂર કરો કે અબજ પ્રાણીઓને દુઃખમાં છોડાવી લૌકિક રીતે સુખી કરો અને તે વખતે જે પુણ્ય બંધાય, તેના કરતા પેલુ પુણ્ય અનંત ગણુ વધારે બંધાય છે. તીર્થંકર ભગવાને આવી જ ભાવના કહી ને આજ ખરી મૈત્રીભાવના છે. આજ ભાવનાથી શાસનની સ્થાપના કરાય છે તેમાં જ દયા - કરૂણા - પરોપકાર - દાન બધુ જ આવી જાય છે

તમારી સામે કોઈ ગરીબ આવે તો દયા કરવાની છે પણ તેના માટે આખો દિવસ રખડવાનુ નથી.

પ્રભુના જન્મ સમયે ઇન્દ્ર મહારાજા મહોત્સવ કરવા લઈ જાય. કરોડો દેવતા હાજર રહે. બધા તેમના ચરણો ચૂમે તેમની શક્તિ - સંપત્તિ નો તો પાર નથી હોતો છતાયે ભગવાને ગરીબોની ગરીબાઈ કે દુઃખદર્દ દૂર નથી કર્યા

ભગવાન ધારેતા એક જ દેવતા પાસે બધુ કામ કરાવી શકે તેમ હતા, છતા ભગવાને બધા દુઃખીઓના લૌકિક દુઃખો દૂર નથી કર્યા.

સભા :- તો વર્ષીદાન કેમ આપ્યુ ?

સાહેબજી :- આનો જવાબ આગળ આવશે કોરી દ્રવ્ય દયાને આપણે સ્વીકારતા નથી, ભાવદયાના સાધન તરીકે જ દ્રવ્યદયા લેવાની છે

સભા :- આ બધુ Practical નથી

સાહેબજી : આ બધુ practical છે પણ તમે કદી આ દ્રષ્ટિએ વિચાર્યું નથી. એક જીવ મોક્ષ પર ચડ્યો એટલે ધર્મી બન્યો, હવે તે આરાધના કરશે, બધી ભૂમિકાઓ પ્રચાર કરશે. સમકિત બનવાથી બધાને ધર્મ પમાડશે જેમ એક દીવો ચારાસ્થાને મુકેતો બધે દીવા પ્રગટાવે. તેમ તે સાધુ બનશે તો જ્યાં જશે ત્યાં પોતે પણ અહિંસા પાળશે, અને તેનો પ્રવાહ ચલાવશે, સાથે કેટલાયે જીવોને મોક્ષમાર્ગે ચડાવશે. ક્યાંય મોક્ષે જશે ત્યારે જગતના જીવમાત્રને અભયદાન મળશે. સંસારમાં જ જો રહ્યો હોત તો તેના આત્માને પણ અનંતુ દુઃખ મળત.

<u>મોક્ષે</u> <u>જાય</u> <u>એટલે</u> <u>૧૪</u> <u>રાજલોકમાં</u> <u>અહિંસાનો</u> <u>ડંકો</u> <u>વગાડ્યો</u>

સભા :- કોઇ દિક્ષા લેતુ હોયતો પ્રોત્સાહન આપવુ ?

સાહેબજી :- દિક્ષા કોની ? કોઇકને પ્રોત્સાહન આપવાનુ કે કે પોતાના દિકરાને દિક્ષા અપાવવા પ્રોત્સાહન આપવાનુ છે ? તમારેતો પારકાને બલિ બનાવવો છે. આવો જ જો ભાવ હોયતો

વ્યાજબી નથી. પહેલા તો તમને અહિંસક જીવન પ્રત્યે બહુમાન થવું જોઈએ. દુનિયાનો કોઈ સંન્યાસી આવું જીવન જીવતા નથી. આપણા સાધુજીવનની તોલે કોઈ આવી શકે નહિ. માનવભવની સફળતા સાધુજીવનમાં જ છે એવું મનમાં બેઠેલુ હોવુ જોઈએ.

સભા:- પાલીતાણાના પર્વત પર અનુકંપા કરવી વ્યાજબી છે?

સાહેબજી:- તમે પર્વત પર અનુકંપા કરો તો તેઓ જે પર્વત પર આશાતના કરે છે, તેમાં તમે વાયા વાયા ભાગીદાર થશો. તેથી જો તમારામાં વિવેક આવી જાય તો બધાએ નીચે આવીને જ અનુકંપા કરવી. આમ પણ તેમને પહાડ ચડવામાં રસ નથી હોતો પણ મજૂરી જ જોઈતી હોય છે. તેથી જ નીચે જ દયાદાન કરી લો તો તેઓ ઉપર આવવાનો વિચાર ન જ કરે. આમ આશાતના ટાળી શકાય.

સભા:- પણ સાહેબજી પહાડ પર આપીયે તો વધારે લાભ નહિ?

સાહેબજી:- ભિખારીઓ ધર્મ પામેલા નથી હોતા તેની કક્ષા પ્રમાણે વ્યવહાર કરાય, નહિતર નવા દોષો ઊભા થશે. ભગવાને પુણ દયા વિવેકપૂર્ણ રીતે કરવાનો ઉપદેશ આપ્યો છે

સભા:- દયા કરતા નાલાયક જીવ આવી જાય તો?

સાહેબજી:- શ્રાવકે વિચક્ષણ તો બનવું જ જોઈએ
વિચક્ષણતા એ ગુણ છે.
ભુરચાઈ એ દોષ છે.
શ્રાવકે તો નોકર પણ લાયકાત જોઈને જ

રાખવાનો હોય છે. જો લાયક નોકર હોય તો તેની સાથે વ્યવહાર પણ જુદો આવે, તેની સાથે ઉત્તમ જ વ્યવહાર કરાય. નોકર પણ શેઠને બાપથી અધિક માને. તેને હૈયે વિશ્વાસ હોય કે વખતે શેઠ મને મદદ કરશે જ. તેથી જ બધે જ વિચક્ષણતા જોઈએ

દેરાસર બંધાવે ત્યારે કડિયાની પણ લાયકાત જોવાનું કહ્યું છે, અને લાયક હો તો તેની સાથે ભાવતાલ ન કરે, પણ લાયક ન હોય તો તેને મહેનતાણા જેટલું જ આપે. જરાપણ વધારે ન જ આપે. ગેરલાયકાતને પોષણ આપવાનું નથી. તેમાં પણ વિવેક આવે જ. વિચક્ષણતા અતિ આવશ્યક છે પણ તેની વિધિ સમજવી જોઈએ.

દ્રવ્ય દયા અને ભાવદયા વચ્ચે તફાવત છે ભાવદયા માટે દ્રવ્ય દયા અધિન છે. જેને કોઈ રીતે ધર્મ પમાડવાની વાત છે. પાંજરાપોળ પણ કઈ રીતે ચલાવવાની તે સમજવું પડે. આમ તો પાંજરાપોળ ચલાવતા કેટલા ત્રસ જીવોની, સ્થાવર જીવોની હિંસા થાય. એટલે ઢોરો પ્રત્યે જ દયા છે ને અને બીજા જીવો પ્રત્યે દયા નથી? પણ તે દયા શાસનની પ્રભાવનાનું અંગ બનતું હોય તો જ અનુકંપામાં ગણાશે. નહિતર અન્ય ધર્મ જેવી દયા થશે. જો આ બધું બરાબર સમજો શાસ્ત્રો મહાપુરુષોની બુદ્ધિ પર આફ્રિન થઈ જશો. જશો.

પ્રવૃત્તિ કરતા છેલ્લે સુધી માઈનસ કરતા પ્લસ વધવા જોઈએ. જેમ તમે ધંધામાં પણ જાવક કરતા આવક વધારે જ માંગો છો. તેથી દરેક ધર્મ પ્રવૃત્તિ કરતા. સરવાળે વધારે અહિંસા

આવવી જોઈએ. બીજા ધર્મોમાં કેટલા સત્કાર્યો છે, તેના માટે તેઓ ઇષ્ટકર્મ પૂર્તકર્મ કહે છે. કામો જેવાકે તળાવ, કૂવા-વાવડી - બગીચા - પાણીની પરબો - ચબુતરા બંધાવવા માનવોને રોજગારી ઔષધાલયો ખોલવા વગેરે આ બધા કામોને ઇષ્ટ-પૂર્ત કામ કહ્યા છે

પરોપકાર કરવા યોગ્ય છે કે નહિ એવું જ્યારે ઉપાધ્યાયજીને પૂછાયુ ને સાથે આને તમે દયાધર્મ માનશો કે નહિ? ત્યારે તેમણે ચોખ્ખું કહ્યુ કે અમે આને દયાધર્મ નથી માનતા. અનુકંપામાં આનો સમાવેશ થાય નહિ. કારણ દયા ભાવથી આખા ગામને પાણીની તકલીફ છે પાક ઉગાડવા પાણીની જરૂર છે, કારણ પાક ના હોતો લોકો ખાશે શું? આ બધુ કામ દયા-પરોપકારની ભાવનાથી થાય છે છતા પણ તેને દયા નથી કહી કારણ આમા અનેકની હિંસા છે અને થોડાને જ ઉપકાર છે. થોડાને શાંતિ ને અનેકને ત્રાસ થાય તેવી પ્રવૃત્તિ જૈન શાસન-ની અનુકંપામા આવી શકે નહિ

શ્રાવકો જેમકે વસ્તુપાળ, તેજપાળ - સંપ્રતિ રાજા - જગડુશાહ આ બધાએ જે દયાના કામો કર્યા તે શાસનની પ્રભાવનાના આશયથી જ કર્યા છે. દાનશાળાઓ ખોલે ત્યારે લખાતું કે 'આ રાજા જ્યારે વિતરાગનું શાસન નહોતા પામ્યા ત્યારે તેમનામાં વિશિષ્ટ પરોપકારની ભાવના નહોતી. - પણ જૈન શાસન પામ્યા પછી જ આવી આવી વિશિષ્ટ પરોપકારની ભાવનાથી રાજા દયાળુ ને પ્રજાવત્સલ બન્યો છે

1 આમ લાયક જીવોને ધર્મ પ્રત્યે કેટલો અહોભાવ થાય. તેમાંથી એક જીવ મોક્ષ માર્ગે ચડી જાય તો અનેકની અહિંસા ફેલાશે. તે આ હિંસા લેખે લાગશે. ૨૦૦૦ વર્ષ જુના ઉપરના લખાણના શિલાલેખો મળે છે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજય જી સદ્ગુરુભ્યો નમઃ ॥

૫.૮.૮૮
શુક્રવાર — અનુકંપાદાન — ચોપાટી

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને સર્વ દુઃખમાંથી મુક્ત થઈ આત્માના પરમાનંદ એવા મોક્ષને પામવા ધર્મતીર્થની સ્થાપના કરે

જ્ઞાનીઓની દૃષ્ટિએ જગતના જીવમાત્રની જેવું સુખ ઇચ્છે તે સુખ મેળવવું હોય, આપવું હોય તો તેને માટે એક જ વિકલ્પ છે કે સંસારમાંથી બહાર કાઢી તેને મોક્ષે મોકલવો. જ્યાં સુધી અહીંથી નહિ નીકળી શકે ત્યાં સુધી આત્માના પરમાનંદ સુખને પ્રાપ્ત નહિ કરી શકે. ભલે જગતના જીવો સમજે કે ન સમજે પણ સાચો મહાત્મા, પરોપકારી દયાળુ હોય તો તેને કેવી કરુણા થશે કે બીજા જીવોને વાસ્તવમાં હિતકારી હોય. અને પ્રવૃત્તિ પણ એવી જ કરે.

તીર્થંકરો પણ પહેલેથી સિદ્ધ દશાને પામેલા નથી હોતા. સાચી સાધના કરી વિકાસ કરી આગળ વધે છે. તેમની સાધના સમકિતની ભૂમિકા પછી ચાલુ થાય છે, ત્યારે એમ થાય છે

આ સંસારના દુઃખમાંથી મુક્ત થઈને મોક્ષના સુખને પામુ. ધર્મમાં મૂળ દયા લીધી. ભાવદયા તે પોતાના આત્માથી ચાલુ થાય છે, ત્યાંસુધી બીજાની દયા કરવાની લાયકાત કે અધિકાર નથી. જેનામાં સ્વ-આત્મદયા નથી તે કદાચ કરૂણાથી પરોપકારની પ્રવૃત્તિ કરતો હોવતો તેના માટે મહાપુરૂષોએ લખ્યું છે કે જેમ નાટક કરનાર, નાટકીયા હાવભાવ કરે તે પાત્રને અનુરૂપ ભાવભાવ કરે પણ તે પાત્ર સાથે તેને નિસ્બત નથી હોતી, તેની જેમ જ જે પોતાની ભાવ દયા નથી કરતો અને બીજાની દયા કરે છે તે નાટકીયા જેવી છે. ફક્ત કરૂણા જાગે તેટલા માત્રથી સાચી દયા કરવાના અધિકારી નથી. નાસ્તિકો પણ આવી દયા કરે છે. એવા ઘણા ડોક્ટર્સ છે જે હજારો પેશન્ટોને free of charge દવા, સેવા આપે છે. પણ આત્મા પુણ્ય-પાપને માનતા નથી, તેઓને ધર્મ સાથે નહાવા નિચોવવાનો સબંધ નથી, તેમનામાં આ બધા દયા- પરોપકાર- કરૂણા હોવા છતા આટલે મોટી ખોટ છે. પોતાના આત્માની જ દયા નથી. "મારૂ શું થશે?" "હું એટલે કોણ?" મારૂ સ્વરૂપ શું? આ ૮૪ લાખ જીવયોનિમાં રખડતા રખડતા મનુષ્યભવ પામ્યો છું, અને આવા મનુષ્ય-ભવમાં મારો જ નંબર કેમ લાગ્યો? એની પાછળ સંચાલક બળ ખરૂ? અને છે તો કયુ બળ છે? આવો વિચાર કોઈ દિવસ જેણે કર્યો નથી. સ્વની ચિંતા માટે આંધળાભીત જેવા છે. તેઓ ભલે લાખોની દયા કરે પણ છતા પુણ્ય પાપાનુબંધી-પુણ્ય હલકુ બાંધે.

પુણ્ય બંધાય છે, પાપ નથી બંધાતુ. શુભ પરિણામ માત્ર પુણ્ય બંધાવે. પણ તેમા જવાપણ કશ નથી. જેને આત્માની સાચી દયા નથી તેનો બીજાના પણ આત્માની ચિંતા નથી ફક્ત ખોળિયાની જ દયા છે. તેઓ તત્વને પકડી શક્યા નથી તેમ જ કહેવુ પડે.

આ બધાને જો ભાવ-દયાનું મૂલ્ય સમજાય તો તમે સાચી આરાધના કરી શકશો. ભાવદયાના સાધન રૂપે અનુકંપાદાન એક અંગ છે. આપણા શાસનના બધા જ અનુષ્ઠાનો કરતા અનુકંપાદાન ભળેલુ હોવું જોઈએ અનુકંપાદાન એ ભૂષણ છે, પણ કરવાનું કઈ રીતે? તેમા ભાવો કેવા કરવાના? ઉંચા વિવેકવાળા ભાવો પરિણામો તેમા હોવા જોઈએ.

સભા:- જૈનેતર જે અનુકંપા કરે છે, તેમાં તેઓ ધર્મ સમજ્યા ન હોય તથા તેમને કોઈ સમજાવનાર મળ્યુ ન હોય તો તેમની દયા કેવી છે..?

સાહેબજી:- અજ્ઞાનતાનો ભાવ છે, પણ તેનાથી ઉંચો લાભ ન મળે. સંસારમા પણ જેમ ઘણી મજૂરી કરે પણ, બુદ્ધિ-સમજ ન હોય તો થોડુ જ મેળવે તગારા ઉપાડનાર કેટલુ કમાય? અને ખુરશી પર બેસીને ફક્ત ફોન પર બુદ્ધિશાળી કેટલું મેળવે? ધર્મ ન સમજનારા ઉંચા ભાવ લાવી જ ન શકે. ને ઉંચા ભાવ વગર ઉંચી ક્રિયા થવાની નથી. તેથી જ લાભ પણ ઉંચો મેળવી શકતા નથી.

અનાર્ય જે દયા કરીને ફળ મેળવશે, તેના કરતા આર્ય દયા કરીને વધારે ફળ મેળવશે. એમા પણ જૈનશાસન પામેલો ધર્માત્મા તો એનાથી ઉંચુ પુણ્ય બાંધશે. યથાર્થ ભાવો સાથે થતી ક્રિયાથી

થોકબંધ પુણ્ય બાંધી શકો છો. તમને આવો ઉત્તમ ધર્મ મળ્યો છે. પણ જૈનોએ તેને ન્યાય આપી શકાય તેવી કક્ષા જ કેળવી નથી. તમને તો એમ વિચાર આવે કે નકામી શું કામ પંચાત કરવી. આમ ભાવ રાખો કે તેમ ભાવ રાખો. માંડ અનુકંપા કરે છે તો આ બધી પીંજણથી તે પણ કરતો બંધ થઇ જશે. પણ અમે તો તમે થોડા ધર્મથી પણ ઉંચો લાભ મેળવી શકો તે માટે આટલું કહીએ છીએ. ઉંચામાં ઉંચી સામગ્રી તમે ભવાંતરમાં પામી શકો તે માટે અમારી આટલી મહેનત છે. શાસ્ત્રમાં લખ્યું છે કે જે ઉંચા વિશિષ્ટ આશય વગર લૌકિક દયા કરે છે તેની તો આપણાથી પ્રશંસા પણ ન કરાય. સ્કુલ હોસ્પિટલોને તો અનુકંપામાંથી પણ રદ કર્યા છે. પણ કુવા, તળાવ ખોદાવવા, ઔષધા-લયો ખોલવા રોજગારી આદિ માટે તથા બીજા કહેવાતા સત્કાર્યો કે જેની અત્યારે ઘણી જ બોલબાલા છે પણ અહીં જૈન શાસનનો વિવેક ન હોવાથી દાનની પ્રશંસા કે અનુમોદના કરીએ તો તેમાં થતી હિંસાનું પાપ લાગે. આવા કાર્યોને સમાજ જનતામાં અનુકંપામાં સ્થાપિત કર્યા છે, છતાંપણ ધર્મબુદ્ધિએ અનુમોદના ન કરાય.

સભા:- ધર્મબુદ્ધિએ ન કરે તો કઇ રીતે કરે?

સાહેબજી:- એક વ્યક્તિ સ્વમહેનતથી કમાઇને સત્કાર્ય કરવાવાળો છે જ્યારે બીજો કમાઇને દુરાચાર અનાચાર, મોજમજા કરવાવાળો સાથે બીજાને જરાપણ ભોગવવા ન દે તેવો સ્વાર્થી છે. જ્યારે આ બંનેની સરખામણી કરવામાં આવે ત્યારે સ્વાર્થી માણસ કરતા આનામાં દયા આદિ ગુણો છે માટે

સ્વાર્થી કરતા સારો ગણાય.

4) અનીતિમાન નાસ્તિક છે ને સામે પ્રમાણિક નાસ્તિક છે તો એ બેમાં સારો પ્રમાણિક ને જ કહેવાય. કોઈ પ્રમાણિક બને નીતિમાન બને એને અમે સારો જ કહીએ. દુનિયા આખી દુરાચારી હોય તેમાં, અમારું સીધું કે આડકતરી રીતે કોઈ જ પ્રોત્સાહન ન હોય. અમે કોઈ દિવસ દુરાચાર ને દુર્ગુણોનો પાટ પર બેસીને ઉપદેશ આપતા નથી. ટીકા જ કરીએ છીએ તેને બિરદાવતા નથી જ. આમ નાસ્તિકના જીવનમાં ખરાબ આચરણ હોય તો અમે કહીએ કે આ વ નથી કરતો. તેના દયાદાનની પ્રશંસા પણ ન કરીએ. કોઈના પણ જીવનમાં આત્મકલ્યાણનું કારણ બને તેવા ગુણો હોય તો અમે પ્રશંસા કરીએ અને તેના ગુણો આત્મકલ્યાણનું કારણ બને તેવા ગુણો ન હોય તો અમે પ્રશંસા ન કરીએ. જે ગુણ ફક્ત પુણ્ય પણ પાપાનુબંધી બંધાવે. આત્મકલ્યાણનું સાધન પણ ન બને તેવા ગુણોની અનુમોદના કરવી તે મિથ્યાત્વ બુદ્ધિ છે. પરંતુ જે ગુણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે અને ધર્મસામગ્રી દ્વારા આત્મકલ્યાણનું સાધન બની આગળ વધારે તેવા પુણ્યના અમે વિરોધી નથી.

સભા:- પણ સાહેબ અમે કંઈ તેમના ભાવો નથી જાણી શકતા કે આ તેના કેવા ગુણો છે.

સાહેબજી:- સામૂહિક ધોરણે પ્રશંસા કરવાની આવે ત્યારે એમ જ સમજવાનું કે પ્રભુની આજ્ઞા સાથેના ગુણ હોય તો અનુમોદના છે, પણ વ્યક્તિગત રીતે આવે ત્યારે ગુણોની પરખ કરવી જ પડે. અનુમોદના વિવેક સાથે જ કરવી પડે. જાણકારી

છે એટલે ગમે તે રીતે ગમે ત્યાં વાપરવાની નથી. તેનો ઉપયોગ પ્ર.નુ આજ્ઞા પ્રમાણે જ કરવો જોઇએ

મોક્ષમાર્ગમાં આવેલા આત્મા ગમે તે ધર્મમાં રહેલા હોય તો તેની અનુમોદના કરવાની, પણ સમ્યક્-દૃષ્ટિના ગુણની અનુમોદના મિથ્યાદૃષ્ટિના ગુણની જેમ ન કરાય.

અમે શ્રાવકની પ્રશંસા કરીએ પણ એષિકમુનિના ગુણની અનુમોદના સાથે ન મૂકીએ. જેનું જે લેવલ ભૂમિકા હોય તે પ્રમાણે અનુમોદના થાય. જે ગુણો પોતાના આત્માનું હિત ન કરે તેની પ્રશંસા ન થાય શુભભાવથી દાન કરવાથી પુણ્ય બાંધે, પુણ્યથી ભોગ-સામગ્રી મેળવી તેનાથી પાપ બાંધે અને દુર્ગતિમાં જાય.

સભા:- આ બધામાં મૂળ કષાયો જ કામ કરે ને

સાહેબજી:- હા, કષાયો તો રહેલા જ છે, અશુભ ભાવ પણ કષાયથી બંધાય છે, અને પુણ્ય પણ કષાયથી બંધાય છે. જેનામાં કષાયો ન હોય તેને પુણ્યપાપ બંધાતુ નથી. મૂળમાંથી કષાયો જાય તેને વિતરાગ કહેવાય. ૧૧-૧૨ ગુણસ્થાનકે આત્મા વિતરાગી હોય છે, ત્યાં બધા કર્મનો બંધ અટકી જાય છે, ફક્ત શાતાવેદનીય આવે છે, પણ અડીને ખરી જાય છે માટે બંધાતુ નથી. કોઇપણ આત્માને કર્મ બાંધવા માટે રાગદ્વેષની ચીકાશ તો જોઇએ જ

વિતરાગને જૂનુ કર્મ ભોગવવાનું રહે, ભોગવીને પુરૂ કરે એટલે મોક્ષ નક્કી. પણ કષાયો કોને કહેવાય તે સમજો.

તમે તો ક્રોધનો અર્થ શું કરો છો?
માણસ લાલચોળ થઇ જાય ને થપ્પડ મારવા

ઊભો થવાથી ક્રોધ કર્યો કહેવાય? ના, તેવું નથી.
Politicians નો ક્રોધ ડેકોરેટ સામેની વ્યક્તિ પર
ગમે તેટલો ક્રોધ હોય છતા પણ જરૂર પડે ત્યારે
સામાને ભેટે પણ ખરો. આવી રીતે પ્રકૃતિમાં જે
કામ, ક્રોધ, માન માયાની વૃત્તિઓ પડી છે તે જ ડખાટો
છે, તે પછી નિમિત્ત મળતા જ બહાર આવે. તમે પણ
વગર કારણે ગુસ્સે થાવ તો શું લાગે? ગાંડામાં
જ ખપોને? તેમ વ્યક્ત નથી કરતા તેથી મનમાં
અહંકાર નથી એવું નથી. નિમિત્ત મળે ત્યારે બહાર
આવે. જેમ કોલસાને પેટાવ્યા પછી તેના પર રાખ
વળી જાય એટલે એ દેવતા ઓલવાઈ નથી ગયો,
પણ જરાક ફૂંક મારતા એટલે સળગવા માંડે. તેવી જ
રીતે તમે અંદરથી ઉભો જ છો, બહાર જ ખાલી
રાખ બાઝી ગઈ છે.

સભા:- ભેળાન માણસને કર્મ ઓછું બંધાય ને?

સાહેબજી: ભેળાન માણસ ભાનમાં આવે અને
ગાળ આપે તો શું કહેવાય અંદર તો હોળી સળગેલ જ છે
ને તેથી જ કર્મબંધ ચાલુ જ છે. ને ઊંઘમાં પણ
બંધાય છે. કષાય બહાર કાઢો તો જ કર્મ બંધાય
તેવું નથી. જો એમ જ હોય તો અમે તમને એક
ઊંઘની ગોળી આપી દઈએ કે કર્મબંધ અટકી જાય.
આમ તો સામાયિકમાં પણ મન બધે ફરી આવે છે
ને કર્મ બંધાય છે, એના કરતા તો ઊંઘાડી દઈએ
તો ઓછુ કર્મ બંધાય, પણ એવું નથી. ઊંઘમાં પણ
જેટલી સારી વૃત્તિઓ છે તેનું પુણ્ય બંધાતુ હોય
છે અને ખરાબ વૃત્તિઓથી પાપ પણ બંધાતુ હોય
છે.

સભા :- તો પછી પાપાત્મા કેમ ઉંઘતા સારા?

સાહેબજી : ધર્માત્મા જાગતા સારાને, પાપાત્મા ઉંઘતા સારા. દુનિયા આખામાં પાપાત્મા જ ઉપદ્રવ મચાવે છે બીજા અનેકને અશાંતિનું કારણ બને છે. સત્તાવાળાઓ આખો દિવસ શું કરે છે? આવા પાપાત્મા એકેન્દ્રિયમાં જાય તેવી ઈચ્છા કરવાની શાસ્ત્રમાં કહી છે.

પૂ હેમચંદ્રસૂરિજી કહ્યુ છે કે 'હે પ્રભુ જે પાપી આત્માઓ છે, જેમને શાસન ઉપર, મોક્ષમાર્ગ ઉપર, ધર્મ પર ને ધર્મ વ્યવહાર પર વિરોધ છે. અને આખા જગતને ઉંધે રસ્તે દોરે છે, તેવા આત્માઓ લૂલા, લંગડા, બોબડા બને તેવું ઈચ્છીએ છીએ. આવું કહેવામાં પણ તેમા જ તેઓના આત્માનુ હિત છે. એકેન્દ્રિયમાં કાન, મોઢુ, માથુ નથી બધી રીતે crippled છે, તેથી પોતાના આત્માનુ અહિત નહિ કરે અને જગતનુ પણ હિત છે. તેઓ કરૂણાભાવથી આમ વિચારે છે. વિવેકપુર્વક કરૂણાભાવને સમજવા દીર્ઘદ્રષ્ટિ જોઈએ. વિતરાગ સ્તોત્રમાં કહ્યુ છે કે, જે આપના વિરોધી છે સન્માર્ગના વિરોધી છે તેમના માટે અમે આવુ ઈચ્છીએ છીએ એટલે એનો અર્થ એમ નહિ કે જેનામાં પાપનો પાપનો પરિણામ છે, અને ઉંઘી ગયો છે તેથી પાપ નથી બંધાતુ. ધર્માત્મા ઉંઘમાં પણ પુણ્ય બાંધે છે. મનની વૃત્તિઓ જેટલી શુભ છે તે પ્રમાણે જ પુણ્ય બંધાય છે.

વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ સુધારે તો જ ઉંચા પુણ્ય બાંધી શકે છે. મલિન વ્યક્તિત્વ

હોય તો પુણ્ય બાંધી શકાય નહિ. અજૈનોની દયા-દાનની પ્રશંસા કરાય નહિ. પરંતુ અન્ય ધર્મમાં પણ જીનવચન પ્રમાણે હોય તો માન્ય છે

સભા:- વ્યવહારમાં વખાણ ન કરીએ તો ખરાબ લાગે.

સાહેબજી:- તમારે જ્યાં કુવાઈ થવાનો હોય ત્યારે કેવી વાણી નીકળે! બધાને વહાલા થવાની વૃત્તિ છે. આવા માણસો કદી પણ સાચો ધર્મ ન કરી શકે. અપ્રિય બોલવાનું અમે નથી કહેતા, પણ વગર કારણે શીંગડા ભીડાવવાની પણ જરૂર નથી પણ સાચી વાત કરીએ ને મનદુ:ખ થાય તો લાયકાત તેની ઓછી કહેવાય.

સભા:- લાયકાત જોવાય?

સાહેબજી:- લાયકાત ન હોય તો કહેવાય પણ નહિ, પણ વગર કારણે ટાપસી પણ ન પુરાય. મુખ્ય વાત એ છે કે પ્રભુની આજ્ઞા ન પાળનારની પ્રશંસા ન કરાય નહિ તો મિથ્યાત્વનો દોષ લાગે.

લૌકિક દયા દાનની અનુમોદના કરીએ તો માણ વધુનું પાપ લાગે છે.

સભા:- તો પછી નિંદા કરવી?

સાહેબજી:- બીજા નિંદા કે ટીકા-ટીપ્પણ ન કરીએ પણ ધર્મ બુદ્ધિએ અનુમોદના ન કરીએ અને બીજુ ના પાડીએ તો જેનાથી આજીવિકા ચાલતી હોય તે બંધ થાય અને અમને અંતરાય થાય કે અંતરાયનુ પાપ લાગે, અને અનુમોદના કરીએ તો હિંસાનુ પાપ લાગે

સભા:- આ તો બન્ને બાજુ પગ રાખ્યો ?

સાહેબજી - બન્ને બાજુ જો પગ રાખ્યો હોય તો
અનુમોદના પણ કરે અને નિંદા પણ કરે, આ તો
ત્રીજો જ માર્ગ કાઢ્યો છે. મૌન રહેવામાં જ
આરાધના ધર્મ અચવાય.

બાપને અનાડી છોકરો હોય ને તેને સલાહ
આપે ત્યારે તે ગાળો બોલતો હોયતો બાપ
હિતશિક્ષા ન આપે ને મૌન જ રહે. ગેરલાયક
હોય તો મધ્યસ્થભાવ કેળવવાનો છે.

જેમાં બોલવામાં હિત નથી ને સંમતિમાં નુકશાન
છે તો મૌન જ રહેવાય. આપણે અન્ય ધર્મની
નિંદા વગોવણી નથી પણ પ્રશંસા કે અનુમોદના
નથી કરતા. જૈન તરીકે તમારે આવી અનુકંપા કરવાની
નથી પણ જૈનશાસનની રીતે અનુકંપા કરવાની છે.
તમારી અનુકંપાથી બીજાનું હિત થાય તે જોવાનું
અને જો તે ન થતું હોય તો તમારા આત્માનું હિત
થાય છે કે નહિ તે જોવાનું. જૈન શાસનની પ્રવૃત્તિમાં
આત્મા પોઈન્ટ તે સેન્ટર પોઈન્ટ છે. આરી પ્રવૃત્તિ
આત્મકલ્યાણનું સાધન બનતી હોય તો તેમાં થયેલી
હિંસા સ્વીકારવા તૈયાર છીએ.

એક આત્માના હિતમાં ખરી દયા છે.
અનુકંપા - મૈત્રી - પરોપકાર બધું જ સમાયેલું છે.
એક વખત આંગણે આવેલા ભૂખ્યા માણસને ખાવાનું
આપીને તેની ટેમ્પરરી ભૂખ શાંત કરો, અને
તેની સામે બીજો ગરીબ માણસ છે તેને દુઃખ
છે. ને દુઃખ દૂર કરવા આજીવિકાનું સાધન
ગોઠવી આપો તો આ બેમાંથી કઈ દયા ઊંચી
કહેવાય?

વ્યવહારથી કામે લગાવો તે ઊંચી દયા કહેવાય.

સભા:- રોજગારી પણ ગમે તે અપાય?

સાહેબજી:- રોજગારી તમારે ગૃહસ્થ તરીકે કરવા હોય તેવા જ રોજગારમાં ગોઠવાય નહિતર તમે પાપના હિસ્સેદાર બનશો. જેમકે કસાઈ, દારૂ, જુગાર-ખાનું માછીમારું આવા બધા ધંધા ન અપાય. આ બધી નિંદનીય પ્રવૃત્તિઓ છે. શ્રીમંત માણસ કરે તો પણ નિંદનીય છે. આ તો આપણી આર્ય પરંપરામાં આવે જ છે. પણ મૂળ મુદ્દો એ છે કે કોઈનું temporary દુઃખ દૂર કરો એના કરતાં permanant દુઃખ દૂર કરો, આ બેમાં પરોપકાર કયો મોટો કર્યો કહેવાય? આ તો લૌકિક ઉદાહરણ છે.

તીર્થંકરના આત્માઓ જગતના જીવમાત્રની કરુણા કરવા માગતા હતા. ફક્ત આ જ ભવના જ દુઃખ દૂર થાય, તેમ ન વિચાર્યું પણ કાયમ માટે દુઃખ દર્દ દૂર થાય તેવું વિચાર્યું. તો તેના માટે શું કરવું? તો કહે છે કે જીવને કાયમ માટે મોક્ષ માર્ગ પર ચઢાવવો. તમે મોક્ષમાર્ગનું પહેલું પગથિયું ચડ્યા એટલે વહેલો મોડો મોક્ષ થવાનો જ, ને તેથી જ ઘોર સંસારમાંથી અનંતા દુઃખોમાં-થી છૂટકારો થઈ જવાનો. તીર્થંકરોએ તેથી જ ભાવના ભાવી કે 'સવિ જીવ કરું શાસન રસી' જો મારા આત્મામાં શક્તિ આવે તો બધા જીવોને આત્મકલ્યાણના માર્ગે ચડાવી દઉં.

એક જીવ પણ આત્મકલ્યાણના માર્ગે ચડે તો મહાન દયા-પરોપકાર-કરુણા કહેવાય

માટે નાનામાં નાની પણ પ્રવૃત્તિ પાછળ આ લક્ષ્ય જોઈએ. તમારા કલ્યાણનું લક્ષ્ય ન હોય અને બીજાના આત્માના કલ્યાણનું લક્ષ્ય હોય તો શું થાય? કુંડરીક માંદો પડે તો ઔષધીની ચિંતા કે તેના આત્માની ચિંતા?

તમને તમારા આત્માની પણ ભાવદયા છે ખરી? કે ફક્ત આત્મા માનો છો તેમ બોલવા ખાતર બોલો છો?

સભા:- માનીયે છીએ.

સાહેબજી:- જો તમે આત્માને માનતા હો તો તેની ચિંતા થયા વગર રહે? ખરું? તમે લોકો અહીંયા કેવળ આત્મકલ્યાણની ચિંતાથી આવો છો? બીજી કોઈ ભાવના તો નથી ને? હવે અનંતાકાળથી ૮૪ લાખ યોનિમાં રખડીને દુર્ગતિના દુઃખદર્દો ભોગવતા અહીં આવ્યા છું ને હવે આ દુઃખદર્દો વેઠવા નથી ને પરલોક સુધરે તેથી જ આવો છો ને? સંસારનો ભય લાગ્યો છે? જેટલી આ લોકની ચિંતા નથી તેટલી પરલોકની ચિંતા છે?

આત્માની ચિંતા વધારે કે દેહની ચિંતા વધારે? હું એટલે દેહ કે, હું એટલે આત્મા માનો છો? અત્યારે તો જાતની જ દયા કરવાની છે. પહેલા તમારા આત્માની દયા કરો. બોકડો કતલખાને જાય છે તો દયા આવે છે. પણ યમરાજ તમને અનંતીવાર બોકડાની જેમ ઉપાડી ગયા છે. અનંતા જન્મમરણ થયા એટલું જ નહિ પણ હજુ અનંતા જન્મમરણ થશે. તેથી જ આત્માનો છૂટકારો ક્યારે થશે, તેનું વિચારોને

તમારા આત્મા પર અનુકંપા પ્રેરાટી થાય છે?
શ્રોતા:- શ્મશાન વૈરાગ્ય છે
સાહેબજી:- તમે તો શ્મશાનમાં પણ ટેસ્ટથી ચા પાણી પીઓ તેવા છો, નઠોરતા કેટલી આવી છે
શ્રોતા:- રૂટીન થઈ ગયું છે.
સાહેબજી - લાગણીશીલતા ખલાસ થઈ ગઈ છે તમને કેવું મળ્યું છે કે ખાલી પંપ જ છે. આંખના પલકારામાં આ દુનિયા સાથે છેડો જીવનો ફાટી જશે. આખી જીંદગી મહેનત કરીને મેળવેલું માટીમાં મળી ગયું. આમ જ આપણે જવાનું છે મૃત્યુમાં શ્રદ્ધાની જરૂર નથી, પ્રત્યક્ષ દેખાય છે. છતાંપણ આટલી વાસ્તવિકતાનો વિચાર ન કરો તે મૂર્ખતા છે. આત્મા પરલોક ભૂલીને જેને પોતાના આત્માની ચિંતા ન હોય તે બીજાની દયા કેવી રીતે કરશે? અને કરશે તો પણ થોડું પાપાનુબંધી પુણ્ય બાંધશે ને જેનાથી થોડી ભૌતિકસામગ્રી મેળવી ફરી પાપો કરી દુર્ગતિ આદિમાં રખડશે.
ચરમાવર્તમાં પણ આવવા માટે પહેલી ભાવ-દયા જોઈએ. તમારે કલ્યાણ છોડીને બીજાનું કલ્યાણ કરવાનું નથી. નહિતર આ દયા ૬ ડહાપણની દયા છે તેવું મહાપુરુષો કહે છે. ભગવાનનું શાસન, સમજવા આ સાત ક્ષેત્ર એ સુપાત્રના અને અનુકંપા લીધી છે. સુપાત્રદાનનો મહિમા આવશે ત્યારે ખબર પડશે. શાલિભદ્રે ૧ વખત ખીર વ્હોરાવી તેનું ૭ ફળ છે, તે મધ્યમફળ છે. કારણ શાલિભદ્ર મિથ્યાદૃષ્ટિ હતા, જો સમકિતી હોત તો અસંખ્ય ગણું પુણ્ય બાંધત. દાનધર્મ અલૌકિક છે.

187 ||પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ||
૯-૮-૯૮ અનુકંપાદાન ચોપાટી||
સોમવાર

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે જ્ઞાનીઓની દૃષ્ટિએ દાન-શીલ-તપ આદિ ધર્મમાં જો પ્રાણરૂપ કાંઈ હોય તો તે ભાવ છે. જ્યાં સુધી ભાવનો વિવેક ન પ્રગટે ત્યાં સુધી તે વિશિષ્ટ આત્માના લાભ જીવ મેળવી શકતો નથી

જૈન ધર્મ દાન આદિ ધર્મને સમજાવે છે કે દાનધર્મ લોકોત્તર દૃષ્ટિ સાથે કરવાનો છે. સાત-ક્ષેત્ર સુપાત્રના સાથે એક અનુકંપાનું ક્ષેત્ર મૂક્યું છે આ ગ્રંથમાં ભાવધર્મનો લોકોત્તર વિવેક કેવો છે કે તેનું ઊંડાણ, કેટલું સૂક્ષ્મ છે તેનું વર્ણન છે.

અનુકંપાદાન અજૈનો કરે તેના કરતા જૈનોની અનુકંપાનો ઉદ્દેશભાવ જુદો છે. પ્રત્યેક ક્રિયામાં મુખ્ય ભાવનું છે. અનુકંપા પણ ભાવવિશેષ જોઈએ તમે ગમે તેટલાના દુઃખ દર્દ દૂર કર્યા કે તે કરવાની કામના જાગી, તેનું મૂલ્ય નથી. પણ દૂર કરતી વખતે શું ભાવના છે. ને કયા આશયો છે તેનું જ મૂલ્ય છે.

પૂજા કરતી વખતે ભાવનો વિવેક ચોખ્ખો હોય તો તમે મહાફળને મેળવી શકો નહિ. આનંદ કામદેવ આદિ શ્રાવકો સામાન્ય દાન કરે તેમાં તેઓ આત્મિક દૃષ્ટિએ લાભ મેળવે છે. નાના અનુષ્ઠાન-થી પણ મહાફળને પ્રાપ્ત કરી જાય છે.

જો ભાવ સૂઝસમજ ન હોય તો સાચોનું દાન કરીને પણ કોઈ મેળવી શકે નહિ. તેથી જ ભાવોની વિશુદ્ધિ જાળવવા જ પ્રયત્ન કરવો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળનું મહત્વ છે પણ આ બધું પ્રધાન નથી, ગૌણ છે. અતિશયતા ભાવની છે. આમતો અનુકંપા ધર્મ મોક્ષમાર્ગની ભૂમિકા માટે છે તેથી ચરમાવર્તનું લક્ષણ અનુકંપા બતાવ્યું. સમકિતના પાચ લક્ષણમાં પણ અનુકંપા આપી. જેના આત્મામાં સમકિત હોય અથવા તેને ધારણ કરવું હોય તો તેના હૃદયમાં અત્યંત કરુણા દયા જોઈએ. પોતે જ ભોગવે મે માણે અને બીજાના દુઃખદર્દની પરવા નહિ તેવા આત્માઓ સમકિતની ભૂમિકા પામી શકતા નથી. બધી જ અનુકંપામાં ફેર પડશે. ભાવના સાધન કરાતી દયા જ સમકીતીની દયા ગણાશે.

અનુકંપાના પરિણામથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. કોરી દયા કરવા વાળા પુણ્યાનુબંધી પુણ્ય નહીં બાંધી શકતા. કારણ ફક્ત સામેનાના દુઃખ દર્દ દૂર કરવાની જ ભાવના છે. પણ તેઓ વિચાર નથી કરતા કે દુઃખ આવ્યું કેમ? પાપના ઉદયથી જ દુઃખ આવ્યું છે. પાપમાંથી મુક્ત થાય તો દુઃખ ન આવે. અને તેનાથી તેઓને ધર્મપ્રાપ્તિ થાય એવી ભાવના ન હોય તો ફક્ત કરુણાના પરિણામ હોય તો પુણ્ય કોરુ બંધાય અથવા પાપાનુબંધી પુણ્ય બંધાય.

સાચી આત્મિક દયામાંથી પેદા થયેલી દયા પુણ્યાનુબંધી પુણ્ય આપશે. પણ આત્મિક દયા સ્ફૂરે ક્યારે? ચિંતવે ક્યારે?

હંમેશા દયાનો વિષય દુઃખ છે. સુખની દયા આવતી
નથી. સિદ્ધ ભગવંતોના આત્માની દયા કરવાની નથી
જેનો આત્મા સ્વયં દુઃખની કે સુખના સાગરમાં
જવાનો નથી તેવા આત્માની દયા કરવાની નથી
આત્માના દુઃખની ચિંતા આત્મવાદીઓને થશે. ને
શરીરના દુઃખની ચિંતા ભૌતિકવાદીઓને થશે.

આત્મા જો કેન્દ્રબિંદુસ્થાને હશે તો હિતાહિત
આત્માની ચિંતા થશે. ઓળખાનુ દુઃખ તેને ગૌણ
દેખાશે. માનવભવમાં શારીરીક દુઃખ ઓછા છે.
પરંતુ પશુયોનિ અને નરકયોનિમાં ઘણા જ દુઃખ છે
ત્યાં પાપની પ્રવૃત્તિ પણ ઘણી જ. છે.

જો માબાપ ધર્મી હોય તો તેના છોકરાઓની
અનુચિત પ્રવૃત્તિ તેના પરલોકની ચિંતા તેમને
થશે. તમને બધાને પૂછું છું કે પ્રસંગે જેના પર
લાગણી હોય તેના માટે તમને કયા દુઃખની ચિંતા
વહેશે? શારીરીક માંદગી વખતે જે ચિંતા હોય તેના
કરતા અહીં વધારે ફફડાટ ચિંતા થાય.

આત્માની દયા જ ખરી દયા છે. શરીરને
લક્ષમાં રાખીને કરાતી દયા તો ભૌતિક દયા છે
સારાંશમાં જૈન શાસનની અનુકંપાને કોઈપણ
વ્યક્તિના આત્મકલ્યાણનું લક્ષ્ય રહેશે, આવી પૂર્ણ
અનુકંપા કરવી હોય તો વિવેક કેવો હોવો જોઈએ
અનુકંપા ધર્મના અંગ તરીકે કરવાની છે.
ભૌતિક દુઃખ દૂર કરવા કરવાની નથી

માછલીઓ પશુઓ ભૂખમરાથી મરી
રહ્યા છે. ગરીબીમાં સબડી રહ્યા છે આવા
વિચારથી દયા નથી કરવાની પણ ઉલ્ટુ કોઈને

ધર્મના સાધન પમાડવા માટે દયા કરવાની છે
આમાં પણ પહોંચ વિવેક આવે છે. જેમ સંસારમાં
અવસરે કરેલા થોડાની પણ ગણત્રી થાય પણ
અવસર વગર કરેલાનું મૂલ્ય ઓછું જ મૂકાય
લગ્ન પ્રસંગ જમાડો તો હોંશથી કરવાને લીધે તેની
કદર કરે પણ વગર પ્રસંગે જમાડો તો તરત જ
પૂછાય કે "શું પ્રસંગ છે"? અને જવાબમાં
ના પાડો તો હસે જ ને? અવસરે કરાતા કામનું
મહત્વ વધારે છે. વરસાદ પણ મોકા પર પડે તો
ઘણી ફસલ આવે. ખેતરમાં જરૂરિયાત હોય ત્યારે
પડે તો કહેવાય કે સોનું વરસ્યું. તેવી જ રીતે
કમોસમે વરસાદ પડે તો વિશેષ ફળ ન જ મળે.
ઉલ્ટો લીલો દુકાળ થાય. આની જેમ જ શાસ્ત્રમાં
મહાપુરુષો કહે છે કે, અનુકંપા-દાન પણ અવસરે
ફળદાયી છે. અવસરે જરાયે ચૂકવું ન જોઈએ
યોગ્ય અવસરે કરીએ તો વધારે ફળ, ને રોજ
અવસર આવે તો રોજ કરવાનું. પણ કયા અવસર
યોગ્ય કહેવાય તેની પણ સમજ જોઈએ

દુનિયામાં કેટલાયે ગરીબો છે. મોટા
છે જે રોગમાં સબડી રહ્યા છે, વિચારી હોસ્પિટલો
મા ફળો વગેરે આપવા જઈએ. ઝૂપડપટ્ટીમાં પણ
સામે ચાલીને આપવા જાવ. આ બધી ભૌતિક
ચિંતા હોય છે, પરંતુ

અનુકંપા અવસરે જ કરવાની છે. અવસર
ક્યો? જ્યારે જ્યારે તમારે ધર્મનું કામ આવે
ત્યારે જેવા કે દેરાસર બંધાવવા, અંજનશલાકા
વખતે, ઉપધાન ઓચ્છવ મહોત્સવ વખતે જ ધાર્મિક

વાહેર પ્રસંગો જે ઉજવાય ત્યારે ધર્મના સાધન કે અંગ તરીકે અનુકંપા દાન કરવુ જોઇએ. દાનુ કરતા લોકોને થાય કે જૈનોના ધાર્મિક પ્રસંગો થાય ત્યારે તેઓ આપણા દુ:ખ દર્દની કેટલી કાળજી રાખે છે. આમ ધર્મના નિમિત્તે થયેલી અનુકંપા કહેવાશે. આથી ધર્મનો જયજયકાર થશે. જીવોને ધર્મના માર્ગે લાવવા માટે અનુકંપા છે. અનુકંપા ભૌતિક રીતે સુખી કરવા માટે નથી જો જીવને દુ:ખથી મુક્ત કરવા હોયતો પાપથી મુક્ત કરવા પડે. પાપથી મુક્ત કર્યા વગર કોઇ જીવને દુ:ખથી મુક્ત કરી શકાતુ નથી. તેથી જ દુ:ખી જીવને જોઇને એમ થવુ જોઇએ કે આ જીવ ક્યારે પાપથી મુક્ત થશે.

સભા:- પણ સાહેબ અવસરે કરવા જઇએ તો બહુ જ પૈસા થાય અને આમ થોડામાં પતે

સાહેબજી:- અમે તમને શક્તિથી અધિક કરવાનું કહેતા નથી. પણ અત્યારે તો તમે તમારી શક્તિથી ઘણું જ ઓછુ કરો છો. ધર્મોમા શ્રાવક આવકના ૫૦% ધર્મ માર્ગે વાપરે. પછી જ બાકીના ચાર ભાગ કરે.

માર્ગાનુસારિ માટે જૈન કે જૈનેતર આવકના ૨૫% ધર્મમાર્ગે વાપરે. જ્યારે જૈન શ્રાવક વિચારે કે જે મળ્યુ છે તે પુણ્ય પ્રભાવે જ મળ્યુ છે. આ બધુ તો આંખના પલકારાની જેમ મુકીને જવું પડશે. તેથી જ તેનો સદ્વ્યય થાય તેટલો કરી લેવો જોઇએ. આવુ વિચારનાર શ્રાવક અવસર શોધતો જ હોય. અને ઓછામાં ઓછા ૫૦%

ધર્મમા વાપરે જ્યારે તમારીતો વૃત્તિઓજ કલુષિત થઈ ગઈ છે.

સભા:- પણ ઇન્કમટેક્ષ ભરીએ છીએ.

સાહેબજી:- તમે સરકારને અંગુઠો બતાવો છો તેમ ધર્મને પણ અંગુઠો બતાવશો. અત્યારે સરકારને કુલ ઇન્કમટેક્ષમાંથી ૪% પણ આવક થતી નથી. પ્રજાને આવક હોવા છતા સરકારને મળતી નથી. કારણ તમે સરકારને પણ રમાડો છો.

જે જીવો વિશુદ્ધભાવ સાથે ઓતપ્રોત થઈને ધર્મના અનુષ્ઠાનો કરે છે ત્યારે તેનું આત્મકલ્યાણ થાય છે, પણ સાથે વિશિષ્ઠ અનુષ્ઠાન થાય ત્યારે અનુકંપા કરવાથી તે જીવોને તમારા ધર્મની અને સદ્ભાવની તેમના મન પર ઊંડી છાપ પડે છે. તેથી અનુષ્ઠાન વખતે કરાયેલુ દાન મહત્વનુ છે. આમા ઉત્કૃષ્ઠ દૃષ્ટાંત પરમાત્માનું આપે છે.

પ્રભુ જ્યારે અંતિમ ભવમાં જન્મે છે ત્યારે પરમાત્માની શક્તિ ને પુણ્ય અપાર હોય છે. રાજા-મહારાજા કે ચક્રવર્તી પણ એની પાસે કાંઈ નથી હોતા. દેવતાઓ - ઇન્દ્ર સતત તેમની ભક્તિ કરવા ઝંખતા હોય છે. ઇન્દ્રોને અત્યંત અહોભાવ પ્રભુ પ્રત્યે હોવાથી ચૈત્યવંદન તેમના જન્મ પહેલાથી જ કરે છે. પ્રભુ પાસે અતુટ સંપત્તિ હોય છે. તેથી જ તેઓ ધારે તો દાન-દયા-પરોપકાર કરી શકે છે, તેમના માટે આ રમત વાત છે. આદિનાથ પ્રભુના સમયનો યુગલિક કાળ હતો તેથી ભુખ્યા-તરસ્યા જેવા દુઃખી ન હોય. પણ બીજા તીર્થંકરોના વખતમાં રાજ્યવ્યવસ્થાઓ સ્થપાયેલી હોવાથી ગરીબ-દીન-દુઃખી-લુલા લંગડા

હોવા છતા પ્રભુ દાન કરવા નીકળતા નથી. એક
અનુકંપાદાન પણ અવસરે જ કરે છે. ગ્રંથના
પ્રારંભમાં જ જણાવ્યુ છે કે અનુકંપા ફળ ઉંચુ પુણ્ય
બંધાવે છે. જ્યારે તીર્થંકરોતો ઉંચુ પુણ્ય લઈને જ આવેલા
છે. નવા પુણ્યની તેમને જરૂર નથી હોતી. હવેતો ભૂતકાળ-
ના પુણ્યને પણ સાધના કરતા પાર કરવાનુ છે.
પુણ્ય સાધનામા સહાય કરે માટે જ તેની સામગ્રી
માટે જરૂરી છે. પ્રભુ પાસે તો બધી જ સામગ્રી છે
ને તેથી તેમને અનુકંપાદાનની અપેક્ષા ન રહે. અવસરે
ભગવાન અનુકંપાદાન શુ કામ કરે છે? વર્ષીદાન
શું છે.? એ પણ અનુકંપાદાન છે. અનુકંપા ધર્મનું
અંગ છે. ધર્મ માડવા માટે ~~છે~~ એ સ્થાપિત કરવા
તીર્થંકરો અનુકંપા કરે છે.

અત્યારે દીક્ષાથી વર્ષીદાન કરતા ઉછાળે છે
એ ગરીબોને દુઃખીઓ માટે જ થાય છે. યાચકોને
આપવાની દ્રષ્ટિથી એ અનુકંપા અપાય છે. જ્યારે
સુપાત્રને ભક્તિભાવથી બે હાથ જોડી આપવાનુ હોય
છે. યાચકોને બે હાથ જોડી આપવાનુ નથી

તીર્થંકરો પણ અનુકંપાની પ્રવૃત્તિ કેમ કરે
છે? અનુકંપાથી જે મેળવવુ છે તેનાથી અધિક
તેમણે મેળવી લીધુ છે. છતા ૧૨-૧૨ મહિના સુધી
વર્ષીદાન કરે છે. તેની પદ્ધતિ કેવી છે તે કે
જ્યારે વર્ષીદાનની શરૂઆત કરે તે પહેલા સેવકો
આખા દેશ- રાજ્ય નગરમાં જાહેરાત કરે કે કોઈને
પણ સંપત્તિ લક્ષ્મીની તથા બીજી કામનાઓ હોય
તો પ્રભુ બધુ પુરૂ કરશે. માંગવા માટે કોઈ
મર્યાદા હોતી નથી. તેઓ છૂટે હાથે દાન આપે છે

અને આ આપાય છે ગરીબોને અને યાચકોને.
આ સુપાત્રદાન નથી. સીધુ ધર્મદાન નથી, છતા
પણ તીર્થંકરો આવું કેમ કરે છે? પ્રભુ જે વર્ષીદાન
કરે છે તેમાં તેમનો આશય ધર્મના પૂરક અને ધર્મની
સ્થાપના કરવાનો છે. તેઓ જગતને દાખલો બેસાડે
છે.

ધર્મ અવસરે અનુકંપા દાન અવશ્ય કરવું.
આ સમજાવવા પ્રભુ ૧૨-૧૨ મહિના સુધી અનુકંપાદાન
કરે છે. વર્ષીદાનના અવસરે જે લાયક જીવો હોય
તે ધર્મ પામી જાય. જીવોને પણ થાય કે પ્રભુ પાસે
આટઆટલુ હોવા છતા તે બધુ છોડી રહ્યા છે.
આ સમજી કેટલાયે જીવો બોધિબીજ સમકિત આદિ
પામી જાય. વર્ષીદાન કરતા પ્રભુ સત્તા સંપત્તિ વૈભવને
અસાર માને છે, એ આ બધા ભોગો તુચ્છ ફેંકી દેવા
તેમને લાગે છે એમ આવી છાપ જોનારને હૈયામાં
પડતો સંસારની અસારતા સમજતા વાર ન લાગે.
પરંતુ તે વખતે લોકોના દુઃખદર્દ દૂર કરવા પ્રભુ
અનુકંપાદાન નથી કરતા.

અત્યારે તો બધા જ બોલતા થયા છે કે
વર્ષીદાનમા આ બધી નાપકી થાય છે. બગાડ
થાય છે. પાચહજાર હજાર ખર્ચવા હોય તો સારી
રીતે ખરચવા વગેરે અને આ તો ગમેતેના હાથમાં
જાય છે. આ પૈસાથી વળી પાછા તેઓ દારૂ,
જુગાર વગેરેમાં વાપરશે. આવી રીતે વિચારનારા
અત્યારે ઘણા જોવા મળે છે.

સભા:- હમણા બે બહેનોએ દીક્ષા લીધી
ત્યારે વર્ષીદાન કરવાને બદલે હોસ્પિટલમાં દાન

આપ્યું તે યોગ્ય છે ?

સાહેબજી :- ના, જરાયે નહિ. આવું જેઓ કરે છે તે દાનનું સ્વરૂપ સમજ્યા નથી. તેથી જ આવી ભૂલો કરે છે. સ્થાનકવાસીમાં દિક્ષા લેવડાવી ત્યારે તેમણે શું કર્યું ? કે દાનમાં લાખ રૂપિયા આપવાના જાહેર કર્યા અને જે આવ્યા તેમાં યોગ્ય લાગ્યા તેને ૨૦૦-૫૦૦ રૂ.નું દાન આપ્યું. અને પાછુ તેઓ એમ જ માને છે કે આ જ સાચુ, હિતકારી, ઉપયોગી રીતે વર્ષીદાન કર્યું છે. વર્ષીદાનને તેઓ દુઃખદર્દ દૂર કરવા નિમિત્તે જ આપે છે. પણ આમાં તેઓ વિવેક ચૂક્યા છે. વર્ષીદાન જગતને ધર્મ પમાડવા કરાય છે. વર્ષીદાનને ધર્મનું અંગ બનાવવા આ અનુકંપા કરવાની છે.

સભા :- દિક્ષા સિવાય ધર્મના અંગતરીકે વર્ષીદાન અપાય ?

સાહેબજી :- હા, ચોક્કસ અપાય: મોટા મહોત્સવ હોય, ઉપધાન હોય, પ્રતિષ્ઠા હોય આવા અનેક પ્રસંગોએ આપી શકાય છે. આબુમાં જ્યારે વસ્તુપાળે પ્રતિષ્ઠા કરાવી તે વખતે ૨૨ લાખ કરોડનું વર્ષીદાન આપ્યું છે.

સભા :- ઉછાળીને જ અપાય ?

સાહેબજી :- હા, અનુકૂળતા ન હોય તો ઉછાળીને પણ આપે. બીજી રીતે આપી શકાય છે. અત્યારે તો લોકો દાન આપતા વિચારે છે કે આ માણસ પૈસા લઈ જઈને શું કરશે ? બીડી પીશે ? રાબના ખાશે ને આડા માર્ગે વાપરશે અને અનેક પાપો કરશે. પણ આવું વિચારવાનું નથી

આ માન્યતા ભૂલભરેલી છે. લેનાર શું વાપરશે તે
વિચારવાનું નથી. હા, સીધા કસાઈને જ આપવાની જ
વાત નથી. ત્યા જરૂર થોડી મર્યાદા આવે છે. પહેલા
જગડુશાહ, પેથડશાહ, વસ્તુપાળ વગેરે બધાએ દાન
આપ્યા પછી કોઈ પાછળ તપાસ કરવા ગયા નથી.
અનુકંપામાં આ રિતે વિચારાય જ નહિ. જેની દયા કરો
છો તે બધા ધર્મી નથી, તેના દુઃખ દર્દ દૂર કરવા
આપતા નથી પણ એના દ્વારા કોઈ જીવ પામી જાય
તેના માટે કરવાનું નથી.

સભા:- રાત્રે અપાય?

સાહેબજી:- સીધુ અન્નદાન રાતે ન અપાય.
કપડા પૈસા રાત્રે અપાય. પણ આપતી વખતે આ
બધા વિચાર કરવાના નથી. તીર્થંકરોએ પણ કર્યા નથી
બાર મહિના સુધી વર્ષીદાન. અબજો સુવર્ણમુદ્રા આપે
છે. જે હોય માંગે તેને આપવા છતા આટલી
સુવર્ણમુદ્રા જ થવાનું કારણ એજ કે, ભગવાન
પાસે લેવા આવનાર ઘરેથી નીકળે ત્યારે ૫ લાખ
લેવાનો વિચાર કરીને નીકળ્યો હોય પણ ભગવાન
પાસે આવતા, તેના ગુણો - તેમની નિસ્પૃહતા
સંતોષ જોઈ ૫ લાખના બદલે ૨૫૦૦૦ જ માંગે.
ભગવાન પાસે લેવા આવનાર લાખો લોકો છે
કે પૈસા લઈ જઈ કેમ વાપરશે તે વિચારતા
નથી. પણ જોનારને ત્યાગ ધર્મનો મહિમા સમજાય
તેનામા લાયકાત હોયતો ધર્મની રૂચિ થઈ જાય
ધર્મના અવસરે કરાતી અનુકંપા પુષ્ટ થશે.
બીજા આશયથી કરાતી અનુકંપા લૌકિક
થશે.

તીર્થંકરને પુણ્યબંધના આધિન બને તેવા ધર્મની મુખ્યપણે મહત્તા નથી. જે પુણ્ય બાંધવાનું છે તેનો સ્ટોકમાં પડેલું જ છે. અને તેની જ નિર્જરા કરીને મોક્ષમાં જવાનું છે. તેમને નિર્જરા-પ્રધાન બંધ હોય છે, પુણ્યબંધ નથી. તીર્થંકર ભગવંત ધારે તો જન્મથી દાનની પ્રવૃત્તિ કરી શકે પણ ભગવાન પણ અવસરે દિક્ષાના અવસર જોઇ દાન કરે છે, કારણ તે ધર્મનું અંગ બનશે. ધર્મની પ્રભાવના કરવા માટે વર્ષીદાન કરાય છે.

સભા:- અનુકંપામાં શું આપવું ?

સાહેબજી:- પ્રાથમિક જરૂરિયાત હોય તેજ આપવી. ઉચિત માગણી જ પુરી કરાય, નહિતો દાન વિકૃત કહેવાય. સામાન્ય ગરીબો માટે પ્રાથમિક જ જરૂરિયાત આપવી, પરંતુ વિશિષ્ઠ ધર્મના પ્રસંગે મોં-માગ્યા દાન આપવાના દાખલા છે. વાસુદેવ ચક્રવર્તિના દાખલો છે.

કૃષ્ણ મહારાજાને ઉદ્યાન પાલક આવીને કહે છે કે, નેમિનાથ પ્રભુ પધાર્યા છે અને આ વધામણી સાંભળતા કૃષ્ણ પોતાના શરીરની રાજમુદ્રા છોડીને બધા અલંકારો દાનમાં આપી દીધા. એ વાસુદેવના દાગીના કેટલા કીમતી હોય. ઘણીવાર ૧૨ કરોડનું દાન આપ્યુ છે.

સભા:- આ અનુકંપા દાન કહેવાય ?

સાહેબજી:- હા, આ ઔચિત્ય છે, તે કહ્યું. ભક્તિપાત્ર નથી. આમાં ભાવ છે તે જુદી જ દૃષ્ટિ છે. સાંભળનાર પણ થાય કે વધામણીથી આટલું મળ્યું તો ભક્તિ કરવાથી કેટલું મળે ?

આ વખતે બોનારાને પણ સમજાય કે કેવા ભક્તિપાત્ર ભગવાન છે. આ વખતે ગાળીગાળીને આંપવાનું નથી.

|| પ. પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ||

૯.૯.૯૮
મંગળવાર

ચોપાટી

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને સ્વ-સ્થાને ઉચિત યોગ્ય અનુરૂપ ભૂમિકાનો પ્રબોધ કરનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ જીવને આરાધના કરવી હોય તો બધા માટે એકસરખો ધર્મ નથી, પણ ભૂમિકા ભેદે ધર્મ બદલાય છે. જે ભૂમિકા હોય તે રીતે હિતકારી પ્રવૃત્તિ કરવાની છે. જેવી ભૂમિકા બદલાય એટલે પ્રવૃત્તિ પણ બદલાય છે.

માર્ગાનુસારિના આચારવિચાર જુદા
" અજૈન " "
" જૈન " " ને સાથે

સાચું જૈનશાસનનું સ્વરૂપ સમજેલાને પણ આચાર-વિચાર જુદા. શ્રાવકોના પણ આચારવિચાર જુદા આવશે.

વ્યક્તિની ભૂમિકા પ્રમાણે ધર્મ સ્વીકારવાનો છે. અને તે જ ધર્મ તેને હિતકારી થશે.

ધર્મ વ્યક્તિભેદે બદલાય છે.
" ભૂમિકા " " " .
" સંયોગ " " " .

પવૃત્ત એની એજ હોય પણ ધ્યાન બદલાય એટલે તે અધર્મ થઈ જાય. આ વાત આપણે જ કરીએ છીએ એવું નથી. પણ વ્યાસમુનિએ પણ આમ જ કહ્યુ છે. ભૂમિકા - સંયોગ - વ્યક્તિ જોઈ ધર્મ બદલાય છે. તેથી જ સૂક્ષ્મ બુદ્ધિ આવશ્યક છે.

અહીં આ વાત લેવાનું એ જ પ્રયોજન છે કે જે અનુકંપા દાનમાં અલ્પ જીવોને અશાંતિ અને ઘણાને શાંતિ હોય તે અનુકંપા ધર્મ, અને જે અનુકંપા-માં ઘણાને અશાંતિ અને થોડાને શાંતિ તેવી અનુકંપા અધર્મની થશે.

જો શાસન પ્રભાવના માટે અનુકંપા કરાતી હોય તો સાધુ કરે તો શું વાંધો? તેમાં રસ લે ને અપનાવે તો શું વાંધો? જો તે સારી ને હિતકારી હોય હોય તો કેમ ન કરાય?

જવાબરૂપે સાધુની ભૂમિકામે ગૃહસ્થની ભૂમિકા જુદી છે. તેથી ગૃહસ્થનો ધર્મ સાધુ માટે ધર્મ બનતો નથી. આચારવિચાર ઘણા જ જુદા છે ગૃહસ્થ સાધુના આચાર અપનાવે તો દોષ લાગે અને સાધુ ગૃહસ્થના આચાર અપનાવે તો પણ એને દોષ લાગે. ધર્મ ભૂમિકા જોઈ છે.

અનુકંપા, સુપાત્ર દાન કરતા ઘણું હલકુ છે, બન્નેની તુલના ન થાય. લાખોની અનુકંપા કરો ને સામે એક સુપાત્રની ભક્તિ કરો તો બેના ફળમાં આસમાન જમીનનો ફેર છે. અનુકંપા નિર્ગુણી દયાપાત્રની કરવાની છે, જ્યારે સુપાત્ર તો ગુણીયલ હોય. માનવાના છે ને ભક્તિ કરવાની તેમની હોય છે. છતાપણ સુપાત્રદાનનો અધિકાર

સાધુને નહી. ઉપાશ્રયો જીનમંદિરો બંધાવવામાં હિંસા
છે ને જીવહિંસા વગર ધર્મસ્થાનકો થતા નથી.
આ ઉપાશ્રયો તીર્થસ્થાનો, ધર્મશાળાઓ બધામાં છ-
કાય જીવની હિંસા છે. છતાં પણ ગૃહસ્થ માટે
આ કામ વ્યાજબી ગણાયુ છે. તેમા જેટલી હિંસા
થઇ તેના કરતા આ જ ધર્મસ્થાનકોથી કઇ ઘણી
જગ્યાએ અહિંસા ફેલાશે. મોટા નફા માટે થોડો
ખર્ચ કરવો પડે તેવી આ હિંસા છે. તેથી જ તેને
સંપૂર્ણ વ્યાજબી ગણવી. આ બધાને મહાન ધર્મ કહ્યો
છે, અધર્મ નહિ. લાભ અને દોષનુ મુલ્યાંકન કરો તો
ઉત્તમ જ લાગશે. આ બધા સારા કલ્યાણ માટેના
ઉત્કૃષ્ટ આલંબનો છે. જેઓ આ બધાના નજીકના
સંપર્કમાં હોય છે તે બધાના ધર્મભાવ ઘણા હોય છે
દસ વર્ષ પણ આ ધર્મસ્થાનકોથી દૂર રહો તો
તમારૂ માનસ કેવુ થઇ જાય? સારા વિચારો,
સારી પ્રવૃત્તિ, સાચો ધર્મ તેની પ્રેરણા માટે
આલંબનો અહીંયાથી જ મળે છે.

હોટેલોમાં કાંઇ ગુણોનો વિકાસ થતો
નથી. આ બધા વગર જગમાં ધર્મ ટકાવવો મુશ્કેલ
છે. આ બધી વસ્તુ અનિવાર્ય છે. આ બધા કાર્યોમાં
અઢળક પુણ્ય લાભ બધુ જ છે. અને આ વ્યવસ્થા
શ્રાવકોએ કરવાની છે સાધુઓએ નહિ કારણ
સાધુની ભૂમિકામાં તેમણે જીવનભર હિંસા કરવી
કરાવવી નહિ તેમ જ એક જ જીવની નહિ પણ
સર્વ જીવની, અને તેમાં પણ અધર્મ કે પાપની
હિંસાનો ત્યાગ જ ફક્ત નહિ પણ ધર્મની હિંસાનો
પણ તેમને ત્યાગ હોય છે.

સાધુના પચ્ચખાણમાં કોઈ પણ પ્રકારના સાવદ્યના (પાપની પ્રવૃત્તિ)ના પચ્ચખ્ખાણ છે. તમામનો ત્યાગ છે ધર્મમાં કે સંસારમાં હતો બધો આરંભ સમારંભનો ત્યાગ છે. પાછો તે ત્યાગ ત્રિવિધે ત્રિવિધે. મન વચન કાયાથી કરવું કે કરાવવું નહિ તે છે. આવ પ્રકારના પચ્ચખાણ આચારમાં આવે છે. જ્યારે આ ભૂમિકા જે અંત ઉચ્ચ સ્વીકારી છે. તેથી લાભના કારણે થતી હિંસા પણ કરવાની રહેતી નથી. જ્યારે શ્રાવકના પચ્ચખાણમાં દુવિહં-તિવિહેણં જ આવે.

સભા:- અત્યારે જે બધા સાધુભગવંતો project ઉપાડે છે, તેમાં અમે સાથ આપીએ તો પાપના ભાગીદાર ખરા?

સાહેબજી: ચોક્કસ 100%. સાધુ મર્યાદા મૂકીને જે ખોટા માર્ગે જાય છે, ત્યાં તમે પ્રોત્સાહન આપો તો તે પાપ છે.

સભા:- પણ સાહેબજી આમાં લાભાલાભનો વિચાર નહિ કરવાનો?

સાહેબજી:- જૈન શાસનમાં બધી પ્રવૃત્તિ એકાંતે લાભકારી છે, એક પણ અનુષ્ઠાનમાં લાભ ન હોય એવું છે નહિ.

સભા:- ઉપદેશ તો અપાય નહિ?

સાહેબજી:- હા, કર્તવ્ય તરીકે ઉપદેશ અપાય. પણ ઉપદેશ કોને કહેવાય? તેમાં શું મર્યાદાઓ છે તે બધું આવશે. અમને અનુમોદનાની છૂટ આપી છે પણ તે પાછળ આવશે.

સભા:- લાભાલાભ તો જોઈને?

સાહેબજી :- હા, તેમા લાભ છે. જ્યા શ્રાવકોની વસ્તી છે. આરાધકો આરાધના કરી શકે તેવું વાતાવરણ છે ત્યાં આવા સ્થાનકો પ્રભાવક ઉપયોગી છે. ત્યાં કોઇ સારા મહાત્મા આવીને ઉપદેશ આપે તો ત્યાં કેટલીયે આરાધના થાય. આ ધર્મસ્થાનકોથી થવાની છે. વિશિષ્ટ કોટિનો ધર્મ થશે. ધર્મનો પ્રવાહ આના દ્વારા જ ચાલ્યો રહે છે અને આવશે. દેરાસરો, તીર્થો, ઉપાશ્રયો આ બધા ધર્મના આધાર સ્તંભો છે. જે લોકો આ બધાને વખોડે છે તેમનું બુદ્ધિનું દેવાળુ જ નીકળી ગયુ છે તેઓ લાભાલાભને સમજી શકતા નથી આવા મહાન ધર્મ માટે પણ ભ.એ શું આજ્ઞા કરી ? કે તમારે આ કરવાનું નથી. શું ભગવાન લાભાલાભ ઓછો સમજતા હતા ? તો ના કેમ પાડી ?

સભા :- તમે પ્રતિજ્ઞા લીધી છે માટે

સાહેબજી :- બસ હવે અહીં જ main point આવ્યો. જો આ મહાનલાભની પ્રવૃત્તિ હતી તો અમને પ્રતિજ્ઞા શું કામ લેવડાવી ? પ્રભુ અમને તેનાથી પણ ઉંચો લાભ મળે તેવા ધર્મમા સ્થાપિત કરવા માગે છે. સાધુના આચારમાં ગુણોમા જે લાભ છે તેના કરતા આમા કઇ ગણો લાભ ઓછો છે. કઇ પ્રવૃત્તિમાં વધારે લાભ ને કઇ પ્રવૃત્તિમાં ઓછો લાભ, પછી ભલે થોડુ નુકશાન હોય પણ લાભ ક્યા વધારે તે જોવાનું; સાધુને તેના આચાર પાલનમાં જ લાભ વધારે છે.

જેમાં જીવોની હિંસા થતી હોય તેવો ધર્મ સ્થાપિત કરતી વખતે પણ અંતઃકરણમાં

તે જ હોય છે કે ઉત્કૃષ્ટ કરુણાની ભાવનાથી
ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જિત બહુ વાત્સલ્ય વાસિત
અંતઃકરણથી સ્થાપિત કરે છે, કે જેથી પાયામાં
જીવમાત્રને શાંતિ મળે. જીવમાત્ર દુઃખમાંથી છૂટી
શાશ્વત સુખને પામી શકે તેવી ભાવના હોય છે.
પહેલેથી જ જો સંપૂર્ણ અહિંસક ધર્મમાં જઈ શકતા
હોયતો બીજા જીવને પીડા આપીને ધર્મ કરવાનો
નથી, પણ તે અશક્ય હોવાના કારણે તમારી જે
ભૂમિકા છે તેના પ્રમાણે શાસ્ત્ર મુજબની હિંસાથી
થતો ધર્મ વ્યાજબી છે. જે હિંસા તમે રોજ કરો છો
તેનાથી થતો ધર્મ કરવા માટે, તમારે તે ભૂમિકાથી
નીચે ઉતરવાનું નથી. તમે દરરોજ પૃથ્વીકાય,
અપ્કાય, છ કાય જીવની હિંસા કરો છો તે રોજની
છે તે સારી છે તેમ નથી કહેતા પણ નવી
હિંસાનો ભાવ કરવાની જરૂર નથી. જે ભાવમાં
પડ્યા છો તે જ હિંસાના ભાવથી કરાતી પ્રવૃત્તિ જ
કરવાની છે. દા.ત. કોઈ માણસ કાદવમાં પડ્યો
છે તેને કોઈ આજુબાજુમાં બહાર કાઢનાર નથી
અને પોતે જાતે પણ નીકળી શકે તેમ નથી. માટે
ઈચ્છા ન હોય તો પણ તેમાં પડ્યા રહેવું પડે
તેથી તે તેમાં એમનેમ પડ્યો રહે છે, ત્યારે
તેને કાદવતો શરીર પર લાગે જ છે. પણ તે
વખતે એમનેમ હાથ ઘસેતો ચોખ્ખા થઈ જાય
કે? કારણ મેલ મેલને કાપે છે. કાદવમાં
ચોખ્ખાઈ લાવવાની તાકાત છે, તેવી જ રીતે
તમે હિંસારૂપી કાદવમાં બેઠા છો ને તેમાંથી તમે
બહાર નીકળી શકો તેમ નથી. નીકળી શકો તો

વધારે જ સારું. પણ જો ન નીકળી શકો તો તેજ
કાદવ દ્વારા ઘસીને ચોખ્ખા લાવી શકો તો તે
વધારે સારું કહેવાશે. પણ આમ કરતા નહીં
અશુભ ભાવ લાવવાનો નથી ને તમારું લેવલ પણ
નીચું કરવાનું નથી.

સભા :- સાહેબ અમારું લેવલ તો નીચું જ છે.

સાહેબજી :- તમારાથી વધારે હિંસા કરનારા છે
તેનાથી તો તમારું લેવલ વધારે નીચું નથી, પ્રભુ
એવો ધર્મ નથી બતાવ્યો કે જેમાં તમારું લેવલ
નીચું લાવવું પડે. પરંતુ તમારા એ જ કાદવ હિંસાથી
એવા શુભ ભાવો કરીને એવું પુણ્ય બાંધો કે જે
પુણ્યાનુબંધી પુણ્ય હોય. આમ કાદવ પણ આશીર્વાદ
રૂપ બને. આ જ ખૂબીથી ધર્મ બતાવ્યો છે. જેમ
અસ્તિકાયની હિંસા તમારા જીવનમાં છે જ.
તેથી જ પ્રભુ પાસે દીવો કરશો તો શુભભાવથી
પુણ્ય બંધાશે. તમારે મકાન બાંધવાની હિંસા તો
ચાલુ જ છે તો ઉપાશ્રય દેરાસરમાં નવી હિંસા ક્યાં
ઉમેરવાની છે?

બીજા દૃષ્ટાંતરૂપે જેમ ગટરમાં ચાંદીનો
સિક્કો પડ્યો છે. બહાર રહેલાને તે ગટરમાં હાથ
નાખવો પડે, તેને એમ નથી કહેતા કે ગટરમાં
હાથ નાખ, પરંતુ જે અંદર ગટરમાં જ છે તે તો
જરા હાથ હલાવશે તો તેને તરત જ સિક્કો
મળી જશે. આમ આ તત્ત્વ જો બરાબર મનમાં
બેસી જાય તો અમારી વાત ગળે ઉતરશે.

સભા :- સાહેબ, ભૂમિકા એટલે?

સાહેબજી :- ભૂમિકા એટલે stage, દશા.

જેમ કોઈ પહેલા ધોરણમાં, કોઈ બીજા, કોઈ ત્રીજામાં
એમ બધાના Standard અલગ અલગ હોય છે
તેમ જ્ઞાનમાં ધર્મમાં ક્રમસર ભૂમિકા બતાવી છે.
તમામ ભૂમિકાના આરાધનાના માર્ગો બતાવ્યા છે
પ્રાથમિક, મધ્યમ અને ઉંચો ધર્મ બતાવ્યા છે.

ધર્મમાં મુખ્યથી અહિંસા છે. જેટલી અહિંસા જીવનમાં વધારે તેટલો ધર્મ ઉંચો ને જેટલી હિંસા વધારે તેટલો ધર્મ નીચો થશે. તેથી જ ભગવાને કહ્યું સંપૂર્ણ અહિંસક બની શકતા હો તો તે ઉંચો ધર્મ છે. તેથી જ તીર્થંકરે બધી જ હિંસા છોડી દે છે. પણ જ્યાંસુધી ત્યાં ન પહોંચો ત્યાંસુધી આમાંથી જ લાભ લેવાનો છે.

એક સાધુ તેના આચાર સંપૂર્ણ પાળે અને સામે એક શ્રાવક લાખ ઉપાશ્રય બાંધે તો પણ ફળ વધારે સાધુનુજ વધારે કહેવાય.

તમારે તો એક ઉપાશ્રય બનાવવાનાં ફાંફાં છે સંઘની સાથે થોડો હિસ્સો આપી દો એટલે પતી ગયુ. બંગલો બંધાવવાનો હશે તો એકલા જ બંધાવશો. પણ જો ઉદાર શ્રાવક હોય તો પોતાની સંપત્તિ દ્વારા આવા ઉંચા કાર્યો કરે છે.

જે શ્રાવક ઉપાશ્રય દેરાસર બાંધે તેના કરતા સાધુની એક દિવસની આરાધના ઉંચી છે. ધર્મમા શ્રાવકની આખી જીંદગીની આરાધના સાધુની આરાધના જે બે ઘડીની હોય તેની સામે ન આવે. તમને એમ થાય કે અમે એવી તો શું ધાડ મારી છે કે અમારો ધર્મ આટલો ઉંચો આવે. સાધુ ને શ્રાવકના ધર્મની ઉપમા

મેરુ અને સરસવ જેવી બતાવી છે. આટલો બધો
તફાવત છે. પણ આમાં વેષ પહેરેલો ફક્ત સાધુ
નહિ લેવાનો પણ સંયમી સાધુ લેવાનો છે. આનંદ
તથા કામદેવ જેવા શ્રાવકો જે પાચમા ગુણસ્થાનકે
રહેલા ધર્માત્મા હતા, તથા પુણિયો શ્રાવક કે જેના
સામાયિકની આરાધનાના પ્રભુએ પણ સ્વમુખે વખાણ
કરેલા. તેમની પણ આખી જિંદગીની આરાધના
સામે ભાવસાધુની બે ઘડીની આરાધના નો તોલે
ન આવે. એથી જ અમને અમારા આચારમાં સ્થિર
રહેવા દો. જેથી અમને પણ લાભ ને જગતને પણ
લાભ. પણ જો સાધુ જો લાભાલાભ વિચારીને
Planeમાં જાય તો? બાબતો જોવામાં ચોક્કસ
લાભ છે જો કોઈ સારો ઉ-દેશક પ્રચંડ શક્તિ-
વાળો હોય જેની પાસે હજારો ધર્મ સાંભળીને પામતા
હોય તેવા માઈક વાપરે તો ઘણાને લાભ થાય
તેમ અમે સમજીયે છીએ. પણ અત્યારે આવા
શક્તિવાળા કેટલા સાધુ આવશે? અને આમ
પણ ભગવાનની આજ્ઞા સાથે ઉપદેશ આપશે તો
રસ માણસને ઓછો જ પડશે. ચિત્રભાનુના
વ્યાખ્યાનમાં માણસ ઘણું આવતુ, તેઓ out of
way બોલતા માટે માણસ ઘણું આવતું. લોકોને
ગમાડવા માટે બોલતા હતા. અત્યારે તમે સાધુ
પાસે એ જ અપેક્ષા રાખો છો ને કે એઓ
અમારા કાનને ગમે તેવું અને મનોરંજન મળે
તેવુ બોલે? આમાં સમાજ પણ કેટલુ ભુલ્યો
છે. પ્રભુ મહાવીરનો સંદેશો શું છે? તમારી
અપેક્ષા શું છે? પછી જો ભલે કોઈ સીધા સાધુ

ગામડિયા ભાષામાં પણ જો ભગવાનની આજ્ઞા મુજબ ઉપદેશ આપતા હોય તો તમને ગમે? તમને કયો ઉપદેશ આપે તે ગમે?

સભા:- બસ પેકિંગ સારૂ જોઈએ

સાહેબજી:- હા, એટલે ચોખ્ખો માલ જોઈએ એવું નથી. ગમે તે માલ પધરાવો પણ પેકિંગ સારૂ જોઈએ.

ખરેખરી ભગવાનની આજ્ઞા સાથે બોલતો હોય તો ઓછી સભા થાય છતાં કોઈના પ્રચંડ પુણ્ય કારણે પ્રચંડ બોલવાની શક્તિ હોય અને ઘણા ધર્મ પામે તેવા હોય તો તેવા સાધુને કે માઈકથી લાભ તેના કરતા તે તેના આચાર મુકશે ને તેથી ભ્રષ્ટ થશે તેના દ્વારા કે તેને નુકશાન થશે તે કંઈ ઘણું વધારે રહેશે. વિચારો લાભ એમાં હેર સરવૈયું માંડવું પડે. ઘણા સાધુઓ બોલે છે કે અમે તો માઈકને હાથ પણ નથી લગાડતા લોકો મુકે છે ને બોલાય છે. પણ આમાં અસંખ્યજીવ ની સીધી હિંસા છે. જાહેરમાં આરંભ સમારંભની પ્રવૃત્તિ કરતા થયા. કરણ, કરાવણ ને અનુમોદનનો ત્રણ વત છે. માઈકને હાથ નથી લગાડતા પણ એ બોલવાની પ્રવૃત્તિથી જીવો મરે જ છે.

આતો કોઈ સાધુ એમ પણ કહેશે કે મને આ ભાઈએ પકડીને ગાડીમાં બેસાડી દીધો. અને ડ્રાઈવરે ગાડી ચલાવી મેં કાંઈજ નથી કર્યું. પણ મોટર દ્વારા થતી હિંસા સાધુને લાગવાની જ છે.

કરાવણની કંઈ આવી વ્યાખ્યા નથી

કે જાતે બીજાએ ગાડી ચલાવી પણ મોટર દ્વારા જે હિંસા થાય તો તે તેને લાગે જ.

ઘણા એમ માને છે કે અમે ગાડીમાં જઈએ તેના કરતા બસમાં જઈએ તો પાપ ન લાગે. કારણ બસ તો આમ પણ જવાની જ છે. અમારા નિમીત્તે જાય તો જ અમને પાપ લાગે. પણ બસ ચલાવે છે કોના માટે? પૈસા લઈને બેસે એટલે બધાની ભાગીદારી થાય. અમે પણ જો accident થાય ને પાંચ મરી જાય તો પાપ તો બધાને જ લાગશે.

સભા:- માઈકના લાભ તો વિચારવા જ પડેને?

સાહેબજી:- જેણે પહેલી પાળ તોડી તેણે તેના દ્વારા જેટલા અનિષ્ટો ઊભા [illegible] તે બધાનું પાપ પહેલાને રહેશે. પરંપરાએ કેટલું ય [illegible] આવશે. માઈક પાછળ બીજું બધુ સીરીયલમાં જ છે. માઈક પછી કેસેટ, ટીવી, વિડીયો, પંખો, ફ્રીજ, કોનું કંઈ જ બાકી ન રહે. બધામાં તમે લાભ બતાવશો પણ આ બધાને કારણે અહિંસક આચાર માર્ગ તૂટી જશે.

સભા:- માઈક વગર બોલે તેમાં હિંસા વગેરે?

સાહેબજી:- તીર્થંકર પણ બોલે તો હિંસા થાય છે. અમારે પણ વાયુકાયની હિંસા થાય છે. શ્વાસ લેવો પડે છે તે અનિવાર્ય છે. હાથ હલાવવો કે વિહાર કરવો બધામાં હિંસા છે. છતા પણ પ્રભુએ વિહાર કરવાનું કહ્યુ. કારણ ઠેરઠેર જઈ લોકોને ઉપદેશ આપી, બોધિબીજ ધર્મની પ્રાપ્તિ માટે છે. પરંતુ અગ્નિકાય, પૃથ્વીકાય,

તેઉકાય, વનસ્પતિકાય આદિ આ બધી હિંસા
અમારે કરવાની નથી જેમાં જીવ ત્યાગ છે. આ
હિંસા કરી... ના લાભ મેળવતા મોટું નુકશાન
કરશો. લાભનું નુકશાન થાય અને પાચ હજારનો
લાભ થાયતે કેમ ગણાય?

સભા:- શ્રાવક ભોજન તૈયાર કરે છે અને
પછી સાધુ ગોચરી લાવીને વાપરી શકે છે, તો
અમે માઈક મૂકીએ તો સાધુ કેમ ન વાપરી
શકે?

સાહેબજી:- અહીંયા માઈક મારા માટે મૂકાશે.
અને સમજો કે હું જો ગોચરીએ તમારા ઘરે ન
આવું તો તમે કાંઈ ભૂખ્યા રહેવાના નથી. ૨૫ વાનગી
બનાવી દસ વાર ખાવ છો, તે તમે અમારા
નિમિત્તે નથી બનાવતા. બીજું અમારું આવવાનું
પણ ચોક્કસ નથી અને આવીએ તો પણ શું અને
કેટલું લઈશું તે પણ ચોક્કસ નથી. તમે ગમે તેટલો
આગ્રહ કરો પણ અમે નિર્દોષ લાગશે તે જ
લઈશું. જ્યારે અહીંયા તો માઈક મારા માટે જ
લાવીને મૂક્યું છે. જો મારા નિમિત્તે હોય તો અનુમતિ
નો દોષ મને લાગે.

દા.ત. અમને તાવ આવ્યો હોય અને
ઉકાળાની જરૂર હોય તો, સામે વિચક્ષણ શ્રાવક હોય
તો સમજીને અમારી જરૂરિયાત પૂરી પાડે. પણ
જો ન મળે તેમ હોય અને અમારી આરાધના
સમાધિ તૂટતી હોય, ત્યારે special ઉકાળો
કરાવીએ તો કરાવણ થયું. છતાં તેમાં જેટલા
દોષ છે તે એટલો ભયંકર નથી. લાભાલાભ-

નું છે માટે કરાવણની છૂટ આપી. આમ તમારા ઘરમાં કેવી જયણા હોતી નથી. લાગ આવે એક જ તપેલી ધોવામાં ઘણું જ પાણી ઢોળો, તપેલું ઉઘાડું રાખો. તમારે ગેસ પણ ક્યાંય સુધી ચાલુ રહે જ્યારે હું તો એકદમ જયણાથી ઉકાળો બનાવું જેથી તેમાં હિંસા ઓછી થશે ને? જયણા વધારે પળાશે. જ્યારે તમે બનાવો તેમાં જયણા વગર કે હિંસા વધારે? જ્યારે હું તો તપેલી પણ પૂંજીને લઉં, ગેસ પણ પૂંજીને વાપરું. પાણીને ગેસ બધું જ ઓછું વાપરું. આમ તમારા કરતાં કેટલી ઓછી હિંસા થાય? છતાંપણ શ્રાવક પાસે કરાવવું લાભની કે મારે જાતે કરવું લાભની?

<u>કરાવણ કરતાં કરણનું પ. વધારે</u>, એટલે જ <u>માઈકમાં હું બોલું તો કરણ થયું</u>. સામાં સીધી જ હિંસા થાય છે. અમારા મહાવ્રતો તૂટે છે. માટે લાભાલાભનો વિચાર ન થાય. સો-પચાસ વર્ષે આનું શું પરિણામ આવશે? સંઘમાં અને સાધુ-સંસ્થા પર શું પડઘો પડશે, તે વિચારવાનું છે. ultimate પગલું અંતિમ નુકશાનકારક છે.

સભા:- બધાને ખબર હોય છે તો કેમ વાપરે છે?

સાહેબજી:- ઘણીવખત મહારાજ-સાહેબોને ભોળપણ કે ગેરસમજ હોય છે. ઘણા આચાર્યો એવું માનતા હોય છે કે આમાં અગ્નિકાયના જીવો નથી. અત્યારના વખતમાં શાસ્ત્રનું પૂરું જ્ઞાન બધાને ન પણ હોય. જૈનશાસ્ત્રમાં આના જે વિધાનો આવતા હોય તેનો

બરાબર ઊંડાણથી વિચાર ન પણ કર્યો હોય.
તેથી શાસ્ત્રમંતવ્યમાં જીવ માનતા ન હોય. વગેરે
આના માટે તો ઘણી ઊંડી દલીલો છે. આમાં પોતાની
ભ્રમણા જ કારણ બને છે. માટે સંઘમાં બધા જ
ખોટા ભાવથી કરે છે તેવું નથી. ગીતાર્થે વિચક્ષણ
તેથી જ બનવું જોઈએ.

હવે સાધુની ભૂમિકા એવી છે કે આરંભ-
સમારંભથી બધો ધર્મ તેમના માટે નિષેધ કર્યો
જે ધર્મ એકાંતે લાભકારી છે એવા પણ પ્રભુએ
નિષેધ કર્યો. કારણ ભૂમિકા જોઈ ધર્મ બતાવ્યો છે
જે અહિંસાનું સ્ટેજ પાર કર્યું છે તે ધર્મ બતાવ્યો
છે. અને જે હિંસાનો તેણે ત્યાગ કર્યો છે તે
હિંસાથી થતો ધર્મ કરવાનો નથી. આમ જો
આ ૨ સિદ્ધાંતો તમારા મગજમાં બરાબર
બેસી જાય તો ઘણા જ વાદવિવાદો બંધ થઈ જાય.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥ ૨૨

૧૦.૮.૯૨ અનુકંપા દાન ચોપાટી
બુધવાર

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને એક સાધુ ધર્મનો સમ્યક બોધ કરાવનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દ્રષ્ટિએ આ મનુષ્યભવ પામ્યા પછી, પામવા જેવો ધર્મ સર્વવિરતિ છે. તીર્યચ યોનિમાં, નરકયોનિમાં, દેવલોકમાં કદી આ ધર્મ પામી શકાતો નથી. આમતો ધર્મ પ્રાપ્તિ ચારેગતિમાં છે. નરકમાં પણ જીવ ધારે તો ધર્મ પામી શકે છે. પશુલોકને દેવલોકમાં પણ ધર્મ પામ્યાના દાખલા છે કોઈ ગતિ એવી નથી કે જીવ ન પામી શકે સમકિત યુક્ત આરાધના પણ કરી શકે. દેશવિરતિ ધર્મના પરિણામ પશુયોનિમાં પામી શકાય. પણ સર્વવિરતિ માટેતો મનુષ્યભવ જ છે માનવભવનો જેટલો મહિમા ગાઈએ તેટલો ઓછો છે. તેના મૂળમાં સર્વવિરતિની આરાધના શક્ય છે. આમતો દેવલોકમાં સમકિત આદિની આરાધના વધારે કરી શકાય છે. અત્યારે આપણી પાસે કેવળી - તીર્થંકર જ્ઞાનીઓજ નથી. જ્યારે દેવતાઓ સમોવસરણમાં જઈ શકે છે. અહિંયા સમકિત ધર્મ સાધવા પામવાના આલંબનો ઓછા છે. જ્યારે દેવલોકમાં સાક્ષાત પ્રભુ પાસે સમોવસરણમાં જઈ શકાય છે. પ્રભુની દેશના સાંભળી શકે, ભક્તિ પણ કરી શકે. તથા તેઓ પરલોક પણ જોઈ શકે છતા મહાપુરુષોએ દેવલોકનો મહિમા ન ગાયો.

સર્વવિરતિ તોલે કોઈ ધર્મ આવતો નથી. જેટલુ આનુ મહત્વ કે મહિમા છે તેમાં કયા ગુણો ભાવો સમાયેલા છે. શા માટે આટલી પ્રશંસા કરે છે? તે તમે કદી વિચાર્યુ છે ખરૂ? એમાં પંચમહાવ્રતમાં એક-એક પ્રતિજ્ઞાઓ એવી છે કે સર્વ પાપોનો વિરામ તેનાથી થઈ શકે છે. આથી ધર્મ એટલે જેટલા અંશથી પાપમાંથી છૂટો એટલે કે અધર્મમાંથી છૂટો સર્વવિરતિમાં સર્વ પાપથી વિરામ છે. તેથી જ સૌથી ઉંચો ધર્મ સ્થાપિત થાય છે.

સંપૂર્ણ પાપદોષનો ત્યાગ એટલે અધર્મનો ત્યાગ અને આ સાધુજીવનમાં જ છે. તેથી જ એક દિવસની સાધુજીવનની આરાધના સામે શ્રાવકધર્મની આરાધના ઘણી જ ઓછી ગણાય. શ્રાવક ધર્મ પણ ભગવાને સ્થાપ્યો છે છતા સાધુને કરવા યોગ્ય નથી. આવી બુદ્ધિ સ્પષ્ટ હશે તો જ સાધુનું મુલ્યાંકન કરી શકશો. અમારા આચાર વ્રતોને સમજતા શીખો. તમને તો એમ જ છે ને કે અત્યારે અમારે આ બધુ જાણવાની શુ જરૂર છે? ભલે તમારે સાધુ બનવું ન હોય પણ તેમને પૂજો તો છો ને? તેથી જ તેમના ગુણો ઓળખવા પડશે. ભગવાનને પૂજવા હોય તો તેના ગુણોની ઓળખ અનિવાર્ય છે. શ્રાવકને સાધુઆચાર અવશ્ય સમજવા જેવો છે. સાધુઓનું શુ કર્તવ્ય? શું અકર્તવ્ય? તેમની વિશેષતા શુ છે. તેમના આચારોનુ મહત્વ શું છે? જો આ બધી ખબર હશે તો તેમના પ્રત્યે બહુમાન જાગશે. માટે જ સાધ્વાચાર સમજવો જ જોઈએ. સમજણ દ્રષ્ટિ

આવે ત્યારે ભૂમિકા લેવાની. વિરતિ, અવિરતી પાયામાંથી જુદા પડે છે. તમે પૂજા કરતા વિરતિના પચ્ચખાણ લેતા નથી. જ્યારે સામાયિક એ વિરતિનો ધર્મ છે. તમારા જીવનમાં પણ વિરતિ અવિરતિનો તફાવત પડે છે, તો જ્યાં સર્વવિરતિ ત્યાં સંપૂર્ણ પાપનો વિરોધ છે. તેનું આચારમાં કરણ-કરાવણ-અનુમોદન પણ આરંભસમારંભ ભાગરૂપ ગણાય. ગુણ.૫ નું થાય. આજે તમે આચાર નથી સમજતા માટે જ આરંભ-સમારંભના જે કામ હોય તેમાં તમે અમને લો છો, આ કમનસીબી છે. ગુરુપદની બાબતમાં અભિપ્રાય ખૂબ જ બદલાયો છે. અત્યારે હું જીવદયાના કામમાં પ્રેરણા આપી જોરદાર કામ કરાવું, અનુકંપા વધારે બની શકે તે રીતે આગ્રહ કરું તથા સાધર્મિક ભક્તિના પણ કામો કરાવું તો તમે મહારાજના કેટલા વખાણ કરશો! અત્યારે તો તમારું માનસ એવું છે કે અમે અમારા આચારથી ગબડી જઈ ભગવાનની આજ્ઞા તોડીએ તો તમે રાજી. અમારા ધર્મ અને કર્તવ્ય શું છે તેની તમને સમજણ નથી. હું મારી મર્યાદા બહાર જઈ કામ કરું તો તમે બરાબર appreciate કરશો, ને કહેશો કે મહારાજ જબરજસ્ત શાસનના કામ કરે છે. આમ અમે અમારા આચારો ભગવાનની આજ્ઞા તોડીએ તો તમે અમારાથી ખુશ થાવ છો તો એવા સાધુને અમારી સાથે કેવી રીતે જોડો?

સભા:- સમજાવીને.

સાહેબજી:- અત્યારે ક્યાં કંઈ કોઈના મગજમાં બેસે છે. તમે અમારું વ્યાખ્યાન સાંભળવા આવો

એમ કહીએ તો પણ દોષ લાગે. વ્યાખ્યાન સાંભળવા આવવું એ કોઈ ખરાબ કામ નથી, સારૂ જ છે છતાં પણ તમે દરરોજ વ્યાખ્યાન સાંભળવા આવો તેમ કહીએ તો પણ દોષ લાગે કારણ આવતા જે હિંસા થાય. આવીને આવતાં પગ ધ્યાનથી ન પણ ચાલો. તમે ન આવો એમ અમે નથી કહેતા પણ અમે પ્રેરણા કે આજ્ઞા ન કરીએ. અમે તમારૂ કર્તવ્ય બરાબર સમજાવીએ, આત્મકલ્યાણ માટે ઉપયોગી છે તે પણ સમજાવીએ. ઉપદેશ આપીએ પણ 'આવો' એમ આજ્ઞા ન કરીએ. જ્યાં આરંભસમારંભ છે ત્યાં આજ્ઞા ન કરાય. પણ સામાયિક કરો તેમ લાયકને કહી શકું. લાયકનો અર્થ આજ્ઞા પાળનાર.

સભા :- પ્રેરણા અને આજ્ઞા વચ્ચે તફાવત શું?

સાહેબજી :- પહેલા પ્રેરણાની વ્યાખ્યા સમજો. પ્રેરણા, આજ્ઞા, ઉપદેશ, સૌ સૌને સ્થાને છે. ઉપદેશ એટલે, તમારા કર્તવ્ય જે ધાર્મિક છે તે સમજાવવાની છૂટ છે. દેરાસર બંધાવવાથી કેટલા લાભ થાય. તેનાથી કેવી રીતે આત્માનું ઉત્થાન થાય એટલું જ નહિ બીજાના આત્માનું પણ ઉત્થાન કેવી રીતે થાય ને મોક્ષમાર્ગે ચડી શકે. નિર્વિકલ્પ દશા અહીં જ માણશો.

પ્રેરણા એટલે આમ કરવા જેવું છે. આ કામ આ રીતે કરવા જેવું છે.

આજ્ઞા :- 'આમ કરો' એમ કહેવામાં આજ્ઞા આવી. આરંભસમારંભના કેટલા કામો છે, તેમાં પ્રેરણા કે આજ્ઞા અમારાથી કરાય નહિ. હું એમ કહું છું કે પુણ્ય એ તમારા માટે નિયમા હિતકારી

કે પૂજા કરવી જ જોઈએ. જેનો દિવસ પૂજા વગરનો જાય તેને વાંઝીયો કહ્યો છે. આમ પ્રવૃત્તિના લાભાલાભ સમજવું. જ્યારે પૂજા કરી જ, કેમ નથી કરતા તે આજ્ઞા થઈ કહેવાય. અમારા પચ્ચખાણ સમજો છો કે પછી દીક્ષા વખતે થાળીઓ વગાડીને અમને ખાલી દીક્ષા આપી દો છો?

સભા :- પચ્ચખાણ કાનમાં કહેવાય છે.

સાહેબજી :- ના, આખી પર્ષદા સાંભળે તે રીતે જાહેરમાં કહેવાય છે. તમારે પણ જ્યારે બાર વ્રત લેવાના હોય છે ત્યારે વાજતેગાજતે સંઘ સાથે જાહેરમાં લેવાનું હોય છે, જેથી અનેકને પ્રેરણા મળે, અને સંઘની અનુમોદનાનું બળ મળે. અને તેને કદાચ કોઈ જાતની શિથિલતા આવે તો જો લાયક જીવ હોય તેને મર્યાદા આવે. આમ વિધિ જાહેરમાં લેવાની છે. ઠાઠમાઠ સાથે નમ્રતાપૂર્વક લેવાના છે.

દુષ્કાળ, ધરતીકંપ, માનવતાના બધા અનુકંપાના કામમાં સાધુ પ્રેરણા કરે તો જ વધારે કંઈ ભેગું થાય. પણ અમે જો આવી સીધી આજ્ઞા કરીએ તો એનાથી પણ વધારે કંઈ ભેગું થાય. કારણ સંયમી સાધુની ધર્માત્મા પર છાપ તો હોય જ. તેથી શરમથી પણ લખાવે, ને તેથી કામ વધારે થાય. તમે ફક્ત ઉપદેશને કહ્યા ગણો તેમ છો. જેટલાં અનુકંપા-દયા-શાસનના કામો બધા સારા છે અને શાસન માટે જ છે. સાધુ તો એક પણ પૈસો રાખતા નથી. તે છતાં અમને પ્રેરણા કે આજ્ઞા કરવાના આદેશ

નથી.

સભા :- પણ સાહેબ, પ્રચારથી વધારે ધર્મ ફેલાય ને?

સાહેબજી :- જૈન ધર્મ પ્રચારમાં નથી માનતો. આપણે ત્યાં પ્રચાર શબ્દ નથી પણ પ્રભાવના શબ્દ વપરાય છે. કોઈને પણ સાચા અર્થમાં ધર્મ પમાડવો હોય તો પ્રભાવથી જ પમાડાય. જ્યારે પ્રચાર એટલે માથામાં ઠોક ઠોક કરવું. ધર્મ પામવો એ અંતરની વસ્તુ છે, વાતોની વસ્તુ નથી. ફોરેનથી ઘણા લોકો આવે છે જે કહે છે કે અમારે જૈન ધર્મ વિષે જાણવું છે. પણ ફક્ત જાણીને શું કરવું છે! કોલેજમાં જઈને લેક્ચરો આપે અને લાગ આવે તો એક હાથમાં ઉત્તરાધ્યયન હોય અને બીજા હાથમાં સિગારેટ હોય. વાંચે ત્યારે પણ લાંબા પગ કરી ખાતા ખાતા વાંચતા હોય. અને પાછા કહે છે કે આચારાંગમાં શું આચાર બતાવ્યા છે! તે સારા નથી. તો પછી ભાષણ કેમ આપ્યું તો કહે કે એ તો અમારો ધંધો છે.

ધર્મ એ જીવનમાં ઉતારવાની વસ્તુ છે. ધર્મ પવિત્ર થવા માટે છે. અત્યારે પ્રભાવના પદ્ધતિને પ્રચારની વાત પર ચાલી ગયે છે. એટલે લોકોને થાય છે કે જૈનોની સંખ્યા બહુ જ ઘટી ગઈ છે તેથી ખૂબ પ્રચાર કરો. તમારે શું એમનેમ ધર્મ પહેરાવી દેવો છે?

પ્રભાવના એટલે શું? તમારા ઉપદેશ આચારથી સામેના પર એવો પ્રભાવ પડે કે તેને તમારા ધર્મ ઉપર બહુમાન થાય ને તેથી તેનો આત્મા

ઉપર ધર્મનો પ્રભાવ પડે અને ધર્મ પામી જાય. ફક્ત પ્રચાર કરવાથી આ થાય નહિ. પ્રભાવના કરો તો લાખોને પમાડી શકો. અબજોના ખર્ચે કરીને પણ પ્રચાર દ્વારા - ૧૦૦-૨૦૦ને પણ ધર્મ પમાડી શકાય નહિ. પણ પ્રભાવના દ્વારા લાખોને ધર્મ પમાડી શકો. બધા મહાપુરુષોએ આ જ કર્યું છે.

અજૈનોને જૈન બનાવવા કઈ રીતે? પાદરીઓ બનાવે છે તે રીતે? ભુખ્યાને અન્ન આપો, બેકારને કામ આપો. વાંઢાને બૈરી આપો. આ બધું કરવાથી તો ટોળું જ ભેગું થશે. ખરો ધર્મ તો પ્રભાવનાથી જ પમાડવાનો છે. પેથડશાહ, વસ્તુપાળ, તેજપાળ, સંપ્રતિ રાજા કેટલાને જૈન બનાવ્યા છે. સંપ્રતિ રાજાએ આર્યદેશમાં કરોડો જૈન બનાવ્યા છે. તે વખતે ૭૦ કરોડની વસ્તી હતી. બંગાળ યુનિવર્સીટીમાં ભટ્ટાચાર્ય જૈન ધર્મ P.H.D. કરીને લખ્યું છે કે જેટલા ભારતમાં દેરા છે, તેમાં લોકલ પ્રજા બધી જ હોય. અત્યારે ફક્ત કચ્છ, ગુજરાત, રાજસ્થાન બાજુ જ જૈનો છે. મદ્રાસ વગેરેમાં પણ અહીંયાથી ગયેલા જૈનો છે, લોકલ નથી. જ્યારે તે વખતે બધે જ લોકલ જૈન હતા. અનાર્ય દેશમાં પણ સંપ્રતિ રાજાએ ઘણાને ધર્મ પમાડ્યો છે. અનાર્ય પ્રજાને જૈન ધર્મના આચારો શીખવવા જૈન સાધુના વેષમાં ભવાઈ કરવા ત્યાં મોકલતા. અને આચારો શીખવતા. ત્યાં મંદિરો પણ ઘણા બાંધ્યા છે. પેરીસમાં ખોદકામ કરતા મૂર્તિઓ નીકળી છે. સંપ્રતિ રાજાએ ભરાવેલી મૂર્તિઓ તો તેના લેખ ઉપરથી જ ખબર પડી જાય. આને જૈન ધર્મની

પ્રભાવના કરી કહેવાય. જો પ્રભાવના સાચી રીતે થાવતી લોકોને જૈન ધર્મ પમાડી શકાય.

સભા:- સાહેબજી, ચમત્કારથી ધર્મ પમાડી શકાય?

સાહેબજી:- જો ચમત્કારથી પ્રભાવના થતી હોત તો તીર્થંકરોએ ભૂલ કરી કહેવાશે, પણ ક્યાય શાસ્ત્રમાં વાત નથી કે પ્રભુએ ચમત્કારથી ધર્મ પમાડ્યો હોય. શું એ વખતે ચમત્કાર જોઈને ધર્મ પામે તેવા લોકો નહોતા? પ્રભુ ધારે તો એક દેવતાને કહે તો જેટલા ધર્મ નથી માનતા તેને પરચો બતાવી શકે, તથા તેના મનોરથો પુરા કરીને ધર્મ પમાડી દે દેવતાઓમાં આ બધી શક્તિ હોય જ છે છતા પ્રભુએ આવુ કાંઈ કહ્યુ નથી, ને કરાવ્યુ નથી.

સભા:- ઈતિહાસમા આટલા પુરાવા સાથે વાતો છે તો બતાવતા કેમ નથી?

સાહેબજી:- અત્યારે આ બધી વસ્તુનુ ક્યાંયે મહત્વ નથી. સ્કૂલોના કોર્સમાં પણ સાચી વાતો બધી બતાવાતી નથી. ઈતિહાસની ઘણી વાતો પુરાવા સાથે છે છતા બતાવાતી નથી.

સભા:- તે વખતે આટલી જૈન પ્રજા હતી તો હવે કેમ ઓછી થઈ?

સાહેબજી:- એ પછી ઘણા આક્રમણો આવ્યા છે. ઈતિહાસના રેકોર્ડમાં જૈનો હતા તેમને પરાણે શંકરાચાર્યના પીઠબળથી અન્યધર્મમાં convert કરી દેવાયા, જૈનસાધુઓને પણ પરાણે ધર્મ છોડાવવા કતલની ધમકી અપાતી. અને હજારો સાધુઓની કતલ કરી છે. આવી પરીસ્થિતિમાં કેટલા ટકી શકે. અને ટકે તે પણ કેવી રીતે રહે, રહે તોયે

મરી જાય  રાજસ્થાન ગુજરાતમાં જે રાજાઓ હતા તે
જૈન હતા અથવા જૈન ધર્મ પ્રત્યે માન ધરાવતા
હોવાથી આટલી પ્રજા ટકી રહી છે.

સભા :- અત્યારે ગરીબો ઝુપડપટ્ટીમા કેટલા
છે અને તેમાં કેટલાય જૈનો છે, તો તેમને આપીને
ટકાવવા શુ જોઈએ?

સાહેબજી :- આની વાત સુપાત્રમાં આગળ
આવશે. પણ એટલુ ચોક્કસ કે ફક્ત જન્મથી
જ જૈન હોય તેજ નહી જોવાનું. આવા જૈનોની
ઉપેક્ષા કરોતો કેટલુ પાપ લાગશે તેનું વર્ણન આગળ
આવશે.

સભા :- પ્રાચીન તીર્થોમાં અત્યારે જૈનોની
વસ્તી રહી જ નથી તો શું કરવું?

સાહેબજી :- તમે પણ અત્યારે ગામડા છોડીને
આવ્યા જ છોને? તમે પણ સંપત્તિ અનુકૂળતા ખાતર
દેશ, ગામ છોડ્યા છે તો પછી શું કરવાનું?
અત્યારે તો ગાંડુ સ્થળાંતર છે. મુંબઈમાં પહેલા કેટલા
જૈન હતા અને અત્યારે કેટલા છે? આવી પરીસ્થિતિ
મા આવા પ્રશ્નો થાય જ. તેનુ યોગ્ય રીતે
સંચાલન કરવું જોઈએ પ્રાચીન તીર્થોના રક્ષણ
કરવામા ઘણો જ લાભ છે.

પ્રભાવના દ્વારા ધર્મ, શ્રાવક કરાવે તે
ઉચિત છે. તેમાં પ્રેરણા કે આજ્ઞા કરોતો તમને
દોષ લાગે નહિ. છોકરાઓને તમારે આજ્ઞા કરવી
જોઈએ, કારણ તમે આરંભસમારંભમાં બેઠેલા જ
છો જ્યારે સાધુ તરીકે અમને આરંભ સમારંભની
પ્રવૃત્તિમા કરણ કરાવણના નિષેધ છે. વિરતિધર્મ

ન સમજી શકવાના કારણે ઘણા એમ માને છે કે સાધુઓની પ્રેરણા આજ્ઞા ન મળે તો દેરાસરો ઉપાશ્રયો વગેરે બંધાતા બંધ થઈ જશે. પરંતુ આમાં પડીને અમે બંધાવડાવશું તો અમારો આચાર ભ્રષ્ટ થશે અત્યારે તમે સામાયિક લઈને બેઠા હો તો કોઈ પણ આરંભ સમારંભ વાળુ કામ તમે નહિ કરો કે કરાવો. દા.ત સામાયિકમાં બેઠા હો અને કોઈ દીવો પેટાવવાનું કહે તો તે નહિ જ કરો. એવી જ રીતે દીવો કરવો એ ધર્મનું કામ હોવા છતા સામાયિકમાં નથી કરતા કે કરાવતા. જો આવી વસ્તુ તમારા શ્રાવકના સામાયિકમાં ન કરાય તો અમારા આજીવન સામાયિકમાં કેમ કરાય? તમે સામાયિકમાં હો, ત્યારે ગાય આવે તો રોટલી નાખો કે નખાવો ખરા? એ રીતે કરવા જેવુ હોય તો આવશ્યક હોવું જોઈએ અને જો ન હોય તો દોષરૂપ થાય.

સભા:- સામાયિકમા પ્રભાવના લેવાય?

સાહેબજી:- લેવાય પણ નહિ અને અપાય પણ નહિ. પ્રભાવનાએ સંપત્તિથી થનારૂ કામ છે. સામાયિકમાં પચ્ચખાણ મન વચન ને કાયાથી હિંસા કરવી નહિ ને કરાવવી નહિ

સભા:- અજ્ઞાનતા છે તેથી જ અહીંયા બેઠા છીએ.

સાહેબજી:- બેઠા છો ત્યાંથી આગળ જવું છે ને? તેને માટે આ બધા સિદ્ધાંતો સમજવા પડશે. તેના માટે પુરૂષાર્થ કરવાથી જ આગળ જવાશે. સામાયિકમા હો અને ભિખારી આવે તો રોટલી તેને અપાય નહિ, કારણ અનુકંપાનુ દાન છે

સામાયિકમાં અનુકંપા ન કરાય તેમ પ્રેરણા પણ ન
કરાય. બંને કરીતો ભાંગો આવે.

સભા: - અમે સામાયિકમાં હોઈએ અને સાધુ
સાધ્વી આવે તો વહોરાવી શકાય ?

સાહેબજી: હા વહોરાવી શકાય કારણ તેમનું
સંપૂર્ણ અહિંસક જીવન છે. તેઓ ગોચરી પણ
લઈ ગયા પછી સંપૂર્ણ અહિંસક જીવન જીવવા માટે
જ તેનો ઉપયોગ કરશે. વાયા વાયા પણ તેઓ
હિંસા કરે નહિ અને કરાવે નહિ

જ્યારે સામાયિક કરતા ગાયને તમારાથી
ખાવાનું અપાતું તો નથી જ સાથે આપવાની
ઈચ્છા પણ કરવાની હોતી નથી. સાધુજીવન
સુપાત્ર માટે આરતી ઉતારવાનું મન થાય તો પણ
શ્રાવકને સામાયિકમાં પાપ લાગે. સાધુને સર્વવિરતિ
જ્યારે શ્રાવકને દેશવિરતિ. શ્રાવકને છ કોટિ અમારે
નવ કોટિ. તમારે મન વચન કાયાથી હિંસા કરવી
નહિ ને કરાવવી નહિ, પણ અનુમતિની છૂટ છે.
કારણ તેનો તમે ત્યાગ નથી કરી શકતા.
ગમે તેટલી અહિંસાના ભાવમાં જવા માંગો તો પણ
કરણ કરાવણનો નિષેધ કરી શકો પણ અનુમતિ-
નો નિષેધ કરી શકતા નથી. કારણ તમે સામાયિક
માં હો ત્યારે પણ જે શાક વગેરે સમારાય છે
તે આખા ઘરમાટે છે. અને તમે સામાયિકમાં
બેઠા છો તે વખતે જીવોની હિંસા થાય છે
પાછા સામાયિકમાંથી ઉઠીને શાક વાપરશો.
તે વખતે બનેલી વસ્તુનો તમે ભોગવટો કરો છો
માટે તેમાં તમારી અનુમતિ છે જ. તેવી જ રીતે

તમે સામાયિકમાં હો છતા પણ તમારા કપડા ધોવાતા હોય અને તેમાં જે જીવોની હિંસા થાય છે તેની તમારી અનુમતિ છે. તમારો દિકરો વેપાર કરતો હોય અને તેમાં તે કલાકનો નફો પણ વાપરો જ છો બેન્કમાં મૂકેલી મૂડીનું પણ તે કલાકનું વ્યાજ લો જ છો. આમ શ્રાવક બધા પાપમાં અનુમતિ હોય જ છે. આપણો ધર્મ ઘણો જ સુક્ષ્મ છે પાપના પાયાના વિકલ્પો વિચારવાના છે.

સાધુને અનુમતિના પાપથી વિરામ છે. જેમ શ્રાવકને પૌષધમાં જેનો ત્યાગ હોય છે તે સાધુજીવન દરમ્યાન ત્યાગ છે. સાધુથી આરંભ-સમારંભવાળા કામ કરાય નહિ કે કરાવાય નહિ. અને કરે તો દોષ લાગે જ. આવા કામો જે કરતા હોય અને તમે રાજી થાવ અને બહુમાન કરો તો પણ તમને દોષ લાગે. અત્યારે માનો માસતપ ન થતું હોય અને સાધુ બધામાં ભાગ લઈને તમને તપ કરવાની પ્રેરણા કે આજ્ઞા કરે તો તપ વધારે થઈ પણ શકે. અને સાધુની વાહવાહ પણ થાય. પણ આવું કરતા સાધુ વ્રતમાંથી બહાર આવી જાય અને ઘણું ગુમાવે. અત્યારે અમે આચાર મૂકીયે તો ઘણું ગુમાવવાનું આવે. ભગવાનની આજ્ઞા વિરૂધ્ધની વાતોમાં જ તમે રાજી થાવ છો જેઓ આવું બધુ કામ કરે છે અને કરાવે છે તેને અમે લાયક નથી કહેતા. પણ તેને અયોગ્ય કે નાલાયક પણ નથી કહેતા. પણ ભગવાનની આજ્ઞા વિરૂધ્ધના કામ કરે છે, તેમાં તમારે અનુમોદના તો ન જ જોઈએ.

અન્ય ધર્મોમાં તો તેમના સાધુઓ જ મંદિર બાંધવે. પૂજા-પાઠ-ભક્તિ બધું જ જાતે કરે. ભગવાનની ભક્તિ કરતા મંજીરા લઈને નાચે પણ ખરા. જ્યારે હું લઈને નાચું તો ચાલે? તમારે માટે પણ સામાયિકમાં નાચવું વ્યાજબી નથી. આમ જોતા તો ભક્તિનું કામ છે. પણ નાચવું એ આરંભ સમારંભનું કામ છે, તેથી તે ઊંચી ભક્તિ નથી થતી. એ અવિરતિમાં કરવા લાયક હલકી ભક્તિ છે. જૈન મુનિના આચાર અનુરૂપ વિચાર કરતા થયું ભવહિતકર ઉચિત માનીને પ્રવૃત્તિ કરશો કે પ્રોત્સાહન આપશો જેનાથી અમારી મર્યાદાનો એટલો લોપ થશે કે પછી અમારા જીવનમાં બધા આરંભ-સમારંભ ઘુસી જશે.

અત્યારે દુષ્કાળમાં કતલખાને જઈ રહેલા જીવોને જોઈને અમને થાય કે આને છોડાવીને હું પાંજરાપોળમાં મૂકું, તેવી ઇચ્છા થાય તેનાથી તે બધાને જે ઘાસ-પાણી ખવડાવાય. તથા તે બધાને સાચવવા લઈ જવામાં જે આરંભસમારંભ થાય તે બધાનું પાપ અમને લાગશે

રાજા:- અમે આ રીતે કદી પૃથક્કરણ કર્યું જ નથી

સાહેબજી:- તમને કદી સાચું સમજવાની જિજ્ઞાસા થાય છે ખરી? દરેક વખતે કલ્પસૂત્ર સાંભળો છો ને? તેમાં પહેલા જ વ્યાખ્યાનમાં આવે છે તે સાધુના દસ આચારનું વર્ણન આવે છે. આદિનાથના સાધુ ઋજુ અને જડ અને ૨૨મા તીર્થંકરના સાધુ સરળ અને

પ્રાક. જેમ તીર્થંકરના સાધુ જડ અને વક્ર હોય
ઉદાહરણમાં આદિનાથના વખતમાં એક મહાત્મા
હતા જેઓ ભદ્રિક હતા. જેઓ ગુરુભક્તિ તથા
સંયમની આરાધના કરે છે. તેમાં એકવખત તેઓ
ઇરિયાવહિયમ કરે છે ત્યારે કાઉસ્સગ્ગમાં બહુ જ
વાર લગાડે છે. કાઉસ્સગ્ગ પૂરો થતા ગુરુએ
કેમ આટલી વાર થઇ? આ જીવો સરળ હોવાથી
કહે છે મેં જીવદયાનું ચિંતન કર્યું. આમાં એમણે
વિચાર્યું કે જ્યારે હું ગૃહસ્થ હતો ત્યારે સતત
ઉદ્યમી સ્વભાવનો હતો. તેથી જ વરસાદ પહેલા
જમીન ખેડી નાખતો જેથી વરસાદ આવે ત્યારે
સારી વાવણી કરી શકતો. નિંદામણ પણ સારી રીતે
કરી શકતો અને જેથી પાક પણ વ્યવસ્થિત
ઉતરતો અને ૧૨ મહિના ગુજરાન ચાલી જતું.
પણ મારા છોકરાઓ આળસુના પીર છે, એટલે
આળસના કારણે બરાબર કામ નહિ થયુ હોય ને
અનાજ પણ બરાબર નહિ પાક્યુ હોય. તેથી જ
આ બધા જીવોનું ગુજરાન કેવી રીતે ચાલશે?
આમને કુટુંબની મમતાથી નથી વિચાર્યું, પણ બીજા
જીવો જેમ અનાજ વગર દયાપાત્ર છે તેમ આ
જીવો પણ શું કરશે? આમ કહી તેમણે
ભગવાનને કહ્યું કે મેં આમ જીવોની દયા
ચિંતવી.

ગુરુમહારાજે સમજાવ્યુ કે આપણાથી આવી
જીવદયા વિચારાય નહિ. તમે વિચાર્યું કે તેઓ
જમીન ખેડે, પછી તેમાં વાવે અને હળ ચલાવે
અને અનાજ ઉગ્યા પછી પણ કેટલી હિંસા?

ભલે તમારા દિકરા-દિકરીને શાતા થાય પણ પેલા બીજા કેટલાયે જીવોની હિંસા આવશે. જ્યારે આપણા દેવ વ્રતો છે, કોઈપણ જીવની હિંસા કરવી નહિ કરાવવી પણ નહિ. આમ સમજાવી ગુરૂમહારાજે તેમની પાસે પ્રાયશ્ચિત કરાવ્યુ. જ્યારે અત્યારે અમે આવુ બધુ કરીયે તો તમે રાજી થાવ છો.

અનુકંપાદાન ઉત્સર્ગથી નથી જ્યારે સુપાત્રમાં પણ મહાપુરુષોએ ત્યાગ કરવાનુ કહ્યુ તો અનુકંપાનો કરાય જ નહિ. ઉપદેશ આપતા પણ અમારે અલિપ્ત રહેવાનુ. જીવદયાના ઉપદેશ આપતા પણ મારી ભાવના એવી હોય કે, મારા ઉપદેશથી જો જીવદયાના કામ વધારે થાય તો પણ અમને દોષ લાગે.

અત્યારે જૈનો નીત ભૂલ્યા છે. જે વસ્તુ શ્રાવકના સામાયિકમાં ત્યાગ છે તે સાધુ જીવનમાં તો ત્યાગ બનશે જ. સાધુના સામાયિકતો કંઈ ગણા ઉંચા છે. પણ આ નાનો દોષ હોવાના કારણે ગુરૂ કે સાધુ, કુગુરૂ કે કુસાધુ નથી બની જતા. તેઓ પૂજ્ય પણ છે, પણ તેને દોષ કે ખામી તો કહેવાય જ. તમે મિથ્યાત્વને પોષ્યુ કેમકે દોષને પોષણ આપ્યુ

અનુકંપાદાન સાધુથી ઉત્સર્ગ માટે કરાય જ નહિ.

૨૨૭॥પ. પૂ. શ્રી ચુગલ્ભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ
૧૧-૯-૯૭ અનુકંપાદાન ચોપાટી
ગુરુવાર

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને સમ્યગ્ તત્વનો બોધ કરાવવા માટે ઉત્સર્ગ અને અપવાદમય ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ આરાધના માટે ઉત્સર્ગ એ રાજમાર્ગ છે. સામાન્ય સંજોગોમાં એરીતે કુચાલ કરવું તે ઉત્સર્ગ માર્ગ છે. સામાન્ય રીતે ઉત્સર્ગનો તે ધર્મની વ્યવસ્થા.

સાધુધર્મ સંપૂર્ણ અનારંભ છે.

(૧) અશુભારંભ (૨) શુભારંભ (૩). અનારંભ.

સંસારમાં તમે જે તમારા સ્વાર્થ માટે કે અનુકૂળતા માટે જે આરંભ સમારંભ, હિંસાદી કરો છો તે બધા અશુભારંભ છે. તમામ મોજશોખ તથા તમારા વ્યવહારોમાં બધા જ સાંસારિક કામો જેમકે બંગલો બંધાવો. ગાડીઓ ફેરવો વગેરેમાં હિંસા જ હિંસા છે. દરેક વ્યવહાર પ્રવૃત્તિમાં જીવો મરતા જ હોય છે. આ બધો અશુભારંભ છે જ્યારે ધર્મમાં કરાતો બધો આરંભ-સમારંભ તે શુભારંભ છે. તમે ઘરમાં બેસીને જે વાનગી બનાવીને ખાવ છો તે તમારા મોજશોખ સ્વાદ માટે છે. જ્યારે તમે ભગવાનની પૂજા કરવા જાવ છો ત્યારે કંઈ તમને અશુભ ભાવ નથી હોતા. તમે તીર્થયાત્રા પર જાવ કે ઉપદેશ સાંભળવા અહીં આવો તેમાં જે આરંભસમારંભ થયા તે શુભારંભ છે, જ્યારે સાધુનો ધર્મ અનારંભ છે. એમાં સૂક્ષ્મથી જે આરંભ સમારંભ નથી. કારણમાં કોઈ મુનિઓમાં

આવો આચાર નથી. અન્ય ધર્મોમા કોઈને પગલે આરંભસમારંભ સમાયેલા છે. તેઓના શાસ્ત્રમા લખ્યું છે કે 'અતિથિ દેવો ભવ'. કોઈપણ ગૃહસ્થ આવે તો તેની સરભરા તેના સંન્યાસી જ કરે. સ્વામી નારાયણના ભાઈ એક વ્યાખ્યાન સાંભળવા આવતા તેઓ એક દિવસ મને કહે કે સાહેબ અમારા મહારાજ તો કોઈપણ આવે તો ખબરઅંતર પુછે, ચા પાણી પીવડાવે. જ્યારે તમારે ત્યાં તો આવુ નથી, બસ ખાલી ઉપદેશ જ આપો છો.

અમે સંસારીઓ સાથે બીજો કોઈ સબંધ રાખ્યો નથી. અમારે તમારી સાથે પણ સબંધ ફક્ત ધર્મ રીતે ને હિતશિક્ષા રૂપે, કર્તવ્યરૂપે બધી ભૂમિકાનો ઉપદેશ આપીયે. જો જૈન મુનિ શાસ્ત્ર જાણીને બોધ પામેલો હોય તો તે જ પ્રસંગે તમારે સંસારમા માબાપ સાથે, પત્ની સાથે, દિકરા સાથે કેવો વ્યવહાર હોય તેનો પણ ઉપદેશ આપે, વિવેચન અને વિશ્લેષણ સાથે સમજાવે, બાકી તમારા જીવનમા અમારે ક્યાય પડવાનુ નથી. અમે સંસારીઓથી જેટલા અલિપ્ત રહીયે તો જ અમારા આચાર સચવાય. અમે ત્યાગ જે ત્યાગ કરવા લાયક લાગ્યુ હોય તેનો જ અમે ત્યાગ કર્યો હોય. અમને સંસાર અસાર, ખરાબ લાગ્યો માટે જ છોડ્યો. તો પછી અમારે તમારી સંસારની બાબતોમાં માથું શું કામ મારવુ જોઈએ. પણ તમારા હિત અહિત શેમાં છે તેનો ઉપદેશ આપવાનુ પ્રભુએ કહ્યુ છે તમારી પ્રવૃત્તિમા પડ્યુ નહિ., કરવુ કરાવવુ નહિ અને એવા ભાવ પણ કરવાના નહિ. કારણ અમારો ધર્મ અનારંભ નો છે.

તમે અશુભારંભમાંથી બહાર છૂટવા શુભારંભ
બતાવ્યો છે. પણ જે વ્યક્તિ સંપૂર્ણ અનારંભમાં
જઈ શકતો હોય તેને શુભારંભ પણ કરવાનો નથી
અમારી પાસે ગમે તેવો ધર્માત્મા શ્રાવક આવે તો
પણ અમારે તેની અતિથી. સરભરા કરવાના નથી.
ઘણા ગુણિયલ ધાર્મિક આરાધક જીવો હોય છે
તેની પણ સારસંભાળ કરવાની આજ્ઞા નથી. જ્યારે
ઈતર ધર્મો અતિથીને દેવ માની જમાડે, અજરઅંતર
સુધી. એમના સંન્યાસીઓએ આરંભસમારંભ વાળી
બધી પ્રવૃત્તિઓ અપનાવી છે

તમે જૈન શાસનમાં જન્મ્યા છો તેથી જોઈ-
જોઈને ટેવાઈ ગયા છો પણ તેના હૃદયથી સમજવા
જ જોઈએ. જૈન સામાયિક શું ? તેમાં શું
પરિણામ છે, કેટલો ત્યાગ છે તે બધુ જ સમજો.
શુભ પ્રવૃત્તિ પણ હિંસામય હોવાથી અમે તેનો
ત્યાગ કર્યો છે. શુભ બધી પ્રવૃત્તિ ન થઈ શકે
તેવું નથી પણ જેમાં આરંભસમારંભ હોય તે પ્રવૃત્તિ
તો કરાય જ નહિ

સભા :- શિબીરમાં અલ્પાહાર અપાય ?

સાહેબજી :- તેમાં સાધુ આયોજન નથી
કરતા. શ્રાવકની સાધર્મિક તરીકેની ભક્તિ છે
આ બધો શ્રાવકનો જ ધર્મ જ છે. અત્યારે અમારે
સંકોચ કરવા પડે છે કારણ તમારી સાધર્મિક ભક્તિ
છુટી ગઈ છે ખરે જ ને ? અત્યારે તમારે વર્ષોથી
ન સાચવતા હોય તેથી સાધર્મિક આવે તો ભૂખ્યો
ન જાય ને ? તમે જે આચારથી જીવો છો તેનાથી
તમને કેટલું નુકશાન છે તે વિચાર્યું છે ?

સભા: તમારા નિમિત્તે રસોડું કરાય?

સાહેબજી:- તમે તો અમને એવા બનાવી દેશો કે અમે તો ક્યાંય જઈ નહિ શકીએ. મારા નિમિત્તે તમે કોઈ કીડીને મારી નાખો તો મને તેનું પાપ લાગી જાય? હું ઉપયોગ કરતો હોઉં, આમ નિમિત્ત શબ્દનો અર્થ પહેલા સમજો.

સભા:- શ્રાવકના ઘરો બંધ હોય છે તેથી રસોડા ખોલાય?

સાહેબજી:- સાધુ સાધ્વી માટે રસોડા ખોલાય તો દોષ લાગે જ, વગર કારણે કરાય જ નહિ. રસ્તામાં વિહાર વખતે ઘણી વખત, જેમકે વાપી પછી ૧૫૦ કી.મી સુધી ઘર નથી. બધા સાધુઓ કાંઈ ઉપવાસ કરીને વિહાર ન કરી શકે અને ઉડીને પણ જઈ શકે નહિ. આવા સંજોગોમાં અપવાદ મૂકવો પડે. છતા પણ એની અમે આલોચના લઈ લઈએ. આ કંઈ રાજમાર્ગ નથી. આ તો અપવાદ રૂપે કરવું પડે.

શેષકાળમાં કોઈ સારા મહાત્મા આવે તો તેમના સામૈયા કેવા ઠાઠથી કરો, તેમાં આરંભ-સમારંભ તો થવાનો જ. છતાપણ શ્રાવકને તે ધામધૂમથી કરવાની પ્રભુની આજ્ઞા છે. સંઘનું કર્તવ્ય, ધર્મ શાસન પ્રભાવનાનું અંગ છે, આલંબન છે, ગુરૂ ભક્તિ છે. એમાં મહારાજ સાહેબને દોષ લાગતો નથી. સાધુઓ આધા માટે કરાય છે પણ સાધુઓ તે ભોગવે છે? તમે શ્રાવકો તમારે કરવાલાયક ધર્મમાં પણ અત્યારે ઘણું ચૂકો છો. શ્રાવક તો આરંભસમારંભમાં બેઠેલો જ છે, ભગવાને

પાપપુણ્યની વ્યવસ્થા બુદ્ધિપૂર્વક બતાવી છે. દા.ત.
કે સાધુ તરીકે ઇચ્છા કરું કે તમે મારું આમંત્રણ સ્વીકારો તો
પાપ લાગે. તમારો સિદ્ધાંત એ છે કે મહારાજ ને
કહેતો તમારો ઉચિત ધર્મ ન કરવો તેવું છે. લગ્ન
પ્રસંગે વરઘોડામાં કેટલું કરો છો અને તેમાં હિંસા
ચાલુ જ છે. ધર્મના વરઘોડા જ્યારે તમારા કલ્યાણ
નું કારણ બનશે.

અત્યારે મારા માટે કોઇ રસોઇ બનાવે તો
(જોકે આજ તો એવો ભક્તવર્ગ રહ્યો જ નથી):
આ પાપ મને લાગતું નથી. પણ મને ખબર પડે કે
આ મારા માટે બનાવ્યું છે અને હું લઉં તો મને
પાપ લાગે. હું તેનો ઉપયોગ કરું તો મને પાપ લાગે.
તમે કોઇકના નામથી પાપ કરો એટલે તે બીજાને લાગી
જાય એવું નથી. આમાં હિંસા સીધી કે આડકતરી
રીતે હોય તો જ પાપ લાગે.

આગળ જોઇ ગયા તેમ જો સાધુઓએ
ગમે તેવા સંજોગોમાં દયા દયા કે અનુકંપા ઉત્સર્ગ માર્ગે
નહિ કરવાની તો ભગવાન મહાવીરે શું કામ અનુકંપા
દાન કર્યું હતું? તેઓએ દીક્ષા લીધા પછી પણ
દાન કર્યું હતું તે બરાબર છે?

તેઓ જ્યારે દિક્ષા લીધા પછી વિચરતા
હતા તે વખતે એમના જ નગરનો એક ગરીબ
બ્રાહ્મણ કમાવા માટે પરદેશ ગયેલો પણ મહેનત
કરવા છતાં ખાલી હાથે જ પાછો ફર્યો. તેની
પત્ની આકરા સ્વભાવની હોવાથી એટલે તેમને
ખાલી હાથે આવેલા જોઇ પૂછે છે કે તમે આટલો
વખત ક્યાં હતા.? જ્યારે વર્ધમાન સ્વામીએ

દાનનો વરસાદ વરસાવ્યો ત્યારે તમે ક્યાં હતા?
અને ખાલી હાથે પાછા આવ્યા! તેથી તમે વર્ધમાન
સ્વામી પાસે જાવ તેઓ બહુ ઉદાર છે તેથી જરૂર
દાન લઈ આવો નહિતો તમારા માટે ઘરના દરવાજા
બંધ છે. આજીજી કરશો તો ચોક્કસ ત્યાંથી દાન મળશે
પરંતુ ભગવાન તો ત્યારે ત્યાગમય જીવનમાં છે. દાન તો
તેમણે રાજકુમાર તરીકે વૈભવી જીવનમાં કરેલું.
આમ તો આ બ્રાહ્મણ ખાનદાન છે, પણ પત્નીના
દબાણથી વિનંતી કરીને ભગવાન પાસે માંગે છે અને
કહે છે કે 'આપે જ્યારે દાનનો વરસાદ વરસાવ્યો
ત્યારે હું પરદેશ હતો' આપની પુણ્યશક્તિનો પાર
નથી આપ ધારો તો મને જરૂર ઉગારી શકો તેમ છો.
તીર્થંકરના આચાર એટલે તેઓ અપવાદ
રૂપ પણ સેવન નથી કરતા પરંતુ ભગવાન તો
ત્રણ જ્ઞાનનાં ધણી છે. તેમણે ઉપયોગ મૂક્યો તો
તેમને આ બ્રાહ્મણના આત્મામાં લાયકાત દેખાઈ
કે આ બ્રાહ્મણને જરા નિમિત્ત મળે તો સાચો ધર્મ
પામી શકે. બોધીબીજ, સમકિત પણ પામી શકે એમ
લાગ્યું. તેથી આવા લાયક જીવને અનુકંપા કરાય તો
વાંધો નહિ. પ્રભુના ખભા ઉપર ઈન્દ્ર મહારાજ એ
દેવદૂષ્ય જે મૂકેલું તે ઘણું જ કિંમતી હતું.
આ વસ્ત્ર ભગવાને અડધું ફાડીને તેને દાનમાં
આપ્યું. આમ આ રીતની અનુકંપા કરી. બ્રાહ્મણ
પણ કાંઈ ભક્તિપાત્ર કે પૂજ્ય નહોતો, દયાપાત્ર જ
હતો. આજીજી કરીને ભીખ માંગીને જ લીધું છે.
ભલા! - સ્ત્રીઓ વરસીદાન લેવા નહિ જતી
હોય?

સાહેબજી! આર્યમર્યાદા પ્રમાણે સ્ત્રીઓ જતી નહોતી. હવેના દેશકાળમાં આર્યમર્યાદા સમજી શકે તેવું લોક-માનસ રહ્યું નથી.

પ્રશ્ન :- ભગવાને અડધું વસ્ત્ર કેમ દાનમાં આપ્યું?

સાહેબજી :- આની પાછળ ઘણા જ વિકલ્પો છે. આપણા શાસ્ત્રો ઘણા જ પ્રમાણિક છે. ઘણા માણસો કહેતા ફરતા હોય છે કે શાસ્ત્રો ભગવાને ક્યાં લખ્યા છે? આચાર્યોએ ઘણી જ ઘાલમેલ કરી હોઈ શકે. પણ તેવું બોલનાર સામે તો ઘણી જ દલીલો કરી શકાય તેમ છે. કેટલાક આચાર્યોનું માનવું છે કે આચાર તરીકે અડધું રાખવું ઉચિત લાગ્યું હશે. જ્યારે બીજા એમ માને છે કે તેઓ બ્રાહ્મણ કુળમાં અવતરેલા હોવાથી થોડો કૃપણતાનો સ્વભાવ હોય તેથી અડધું વસ્ત્ર આપ્યું. આમ બધા જ આચાર્યોએ પોતાને જે લાગ્યું તે રજૂ કર્યું છે. પણ સાથે કહ્યું કે કેવલીગમ્ય ભગવાનના મનમાં શું હતું કે તે કંઈ એ બધાને ખબર નથી. જો તેઓને ઘાલમેલ જ કરવી હોત તો પોતાનો એકલાનો જ મત ટાંકી દેતે. નહિતર કહેતે કે આ જ વાત બરાબર છે. પણ એમણે એવું કર્યું નથી તે તેમની પ્રમાણિકતા બતાવે છે. અડધું વસ્ત્ર માટે એક નિર્ણય નથી, અપેક્ષાએ આમ આમ હોઈ શકે. મુખ્ય મુદ્દો એ છે કે આખા જીવનમાં આ અનુકંપા કરી છે.

હવે આ બ્રાહ્મણ રાજી થઈને તેમાંથી તાણા ન નીકળી જાય તે માટે દરજી પાસે ગયો.

આવું વસ્ત્ર જોઈને દરજીએ પૂછ્યું કે આ વસ્ત્ર ક્યાંથી લાવ્યો? ત્યારે તેણે વર્ધમાન સ્વામીનું નામ આપ્યું આ અમૂલ્ય વસ્ત્ર જોતા દરજીનું મન લલચાયું તેથી તે બ્રાહ્મણને બીજું અડધું વસ્ત્ર પણ લઈ આવવા કહે છે ને સમજાવે છે કે આ બન્ને વસ્ત્ર જોડી એવી રીતે આપીશ કે કોઈને પણ ખબર નહિ પડે અને આખા વસ્ત્રના ૧ લાખ સુવર્ણમુદ્રા આવી શકે. તે વખતે ૧ સુવર્ણમુદ્રામાં તો તાકાના તાકા આવી શકે. આમ સાંભળીને બ્રાહ્મણને થયું કે આ મળે તો મારૂ જનમારાનું દળદર ફીટી જાય. અને દરજી પણ તેને અડધું વસ્ત્ર લઈ આવે તો જોડી અડધા પૈસા આપવાનું કહે છે. આમ બ્રાહ્મણ પ્રભુ પાસે પાછો જાય છે, પણ ખાનદાન હોવાથી માંગી શકતો નથી તેથી તે પ્રભુની પાછળ પાછળ ફર્યા કરે છે ને વિચારે છે કે 'પ્રભુને તો કપડાનો શું મોહ હોય?'. ભલે તે અવ્વલ દરિદ્રનો અવતાર છે. પણ ખાનદાન છે તેથી માંગતો નથી. આમ કરતા બાર મહિના વીતી જાય છે છતા પ્રભુ પાસે માંગતો નથી પણ સાથે ફર્યા કરે છે. ખરેખરી સરકાવી લઈ ચોરી કરવાની પણ દાનત નથી

સભા:- માંગે એટલે ખાનદાની ઘટી જાય?

સાહેબજી:- ફરી ફરી માંગવાની તેને શરમ આવે છે તે જ તેની લાયકાત છે. આમ બ્રાહ્મણ પણ પ્રભુ સાથે ફરતો હોવાથી તેને અંતઃકરણમાં ત્યાગના ગુણોનું બહુમાન જાગ્યું છે. અને બોધિબીજ પામી ગયો છે. સમકિત પણ પામી ગયો છે. પ્રભુ પણ આ જીવની લાયકાત જાણીને જ

અપવાદ રૂપે વસ્ત્રનું દાન આપેલું. આ અપવાદ પણ વ્યાજબી છે. પણ આ અપવાદ માર્ગ છે, રાજમાર્ગ નથી.

બીજા ઉદાહરણ તરીકે પ્રભુનું જોઈને ભગવાન મહાવીરના આઠમા પટ્ટધર મહાપ્રભાવક શ્રુતકેવળી પૂર્વધર છે, જેમનું નામ આર્યમહાગીરિ જે આર્યભદ્ર-સૂરિના બે શિષ્યોમાંનો એક છે, અને બીજા આર્યમહાસુહસ્તી છે. જેમાં આર્યમહાસુહસ્તી જે શ્રુત-કેવળી છે, તેમણે પણ ભિખારીને આવા માટે ભિક્ષા આપી અહીં તત્ત્વ ઘટાવવાનું શીમા છે તે ભિક્ષા શા માટે આપી?

એકવખત ભયંકર દુકાળ સમયે આવવાના આસા છે. તે છતા એ કાળમાં શ્રાવકોની ઉત્તમ ભક્તિ હોવાથી આવા ભયંકર દુકાળમાં પણ સાધુઓને આગ્રહ કરી ઘરે લઈ જાય છે. તમે તો સુકાળમાં પણ સાધુઓને ઘરે લઈ જાવ તો શીંડા છે. શ્રાવક જ્યારે સાધુને ગોચરી માટે લઈ ગયા તે પાછળ ભિખારી જુએ છે ને એકોડું બહારથી દેખાય છે. તેથી આગ્રહપૂર્વક સાધુના પાતરા ભરાતા ભિખારી જુએ છે. ત્યારે તેને થાય છે કે મહારાજ તો દયાળુ છે. સાધુ કોણ બને? જેના જીવનમાં કરુણા હોય છે. જ સાધુ બને. જે જીવમાત્રની અહિંસા પણ કરુણાને લીધે જ અપનાવે. સાધુ જ્યારે વહોરીને બહાર આવ્યા તેથી તે ભિખારી તેમની પાસે આવ્યો ખૂબ ભિક્ષા માંગી છે, ને આજીજીપૂર્વક કહે છે કે "ટુકડો આપો નહિતર હું મરી જઈશ." સાધુઓ પણ એવા છે કે બાળભાવે અરેરાટી

થાય. સામાન્ય રીતે સાધુ અનુકંપા ન કરે. રાજમાર્ગ પ્રમાણે અનુકંપા ન થાય. છતાં સાધુએ વિવેકને લીધે તેને તગેડી ન મૂક્યો પણ કહ્યું કે આ ભિક્ષા અમારી માલિકીની નથી, ગુરુમહારાજની માલિકીની છે. આપવાનો અધિકાર એમનો જ છે. એ આપે તો જ તું લઈ શકે માટે ગુરુમહારાજ પાસે ચાલ. તેમ મહારાજ તેને ગુરુ પાસે લઈ જાય છે. ગુરુ પણ શ્રુતકેવળી છે તેથી ઉપયોગ મૂકી જુએ છે. કે આ જીવ ઊંચો ધર્મ પામી શકે તેવો લાયકાત વાળો છે. ભાવિ તેનું કલ્યાણકારી છે. તેથી અનુકંપા કરવામાં વાંધો નથી. પણ સાથે શરત એ કરે છે કે આ ભોજન અમને સાધુ તરીકે વહોરાવેલું છે તેથી જો તું દિક્ષા લે તો જ તને અમે આપી શકીએ. ભિખારીને થાય છે કે આમે હું મરી જ જવાનો છું તો દિક્ષા, ખાવા માટે પણ લેવાનો વિચાર કરે છે. આ અપવાદ છે રાજમાર્ગ નથી આતો ગુરુ ગીતાર્થ છે જ્ઞાની છે, તેથી જ તેમને આ રીતે કરવાનો અધિકાર છે. લાભાલાભ વિચારીને દિક્ષા આપી છે આનનો દાખલો લઈને હું ભિક્ષા ન આપી શકું.

સભા:- શ્રાવકને કહેવાય કે આને જમાડી દેજો?

સાહેબજી:- એ પણ જોવાનું કે અપવાદમાર્ગ કે રાજમાર્ગ? આ તો દયાપાત્ર છે, પણ સારા સાધર્મિક પણ આવે તો અમારાથી એમ ન કહેવાય કે આને જમાડી દેજો.

સભા:- arrangement કરાવાય?

સાહેબજી:- આ જવાબદારી કોની છે?

બાળા:- પણ જ્યારે શ્રાવક આવે ત્યારે ઉપાશ્રય મા ન પણ હોઈએ

સાહેબજી:- તમે પગારદાર માણસો રાખો છો ને? તમારે ભક્તિ કરવી હોયતો બધી તૈયારી રાખી શકો. તમે નવપદમાં શ્રીપાળ-મયણાનુ દૃષ્ટાંત દરેક વખતે સાંભળો છો ને?

બાપ સાથે જ્યારે મયણાને વિખવાદ થયો ત્યારે બાપે ગુસ્સે થઈને મયણાને કોઢીયા સાથે પરણાવીને કાઢી મુકી. અને જ્યારે બીજા દિવસે તેઓ બંને ગુરુ પાસે વંદન કરવા જાય છે, ત્યારે આચાર્ય મયણાને જોઈને ચમકી ગયા. કારણ તે જાણે છે કે આ રાજકન્યા છે, રોજ રાયરસાલા સાથે આવતી રાજકન્યા એકલી આ કોઢિયા સાથે આવેલી જોઈએ પૂછે છે? કે એકલી આવી છે? ત્યારે અત્યાર સુધી આંસુનુ એક ટીપુ ન પાડતી મયણા દેવગુરુ ને સ્વજન માની રડી પડે છે. આચાર્ય સમજી જાય છે અને કહે છે કે તારુ નસીબ હજુ જાગતુ છે આ કોઢિયો શાસન પ્રભાવક થશે. તેમના માટે વિશેષ તરીકે આદરનો ભાવ બતાવે છે. સંજોગો સમજી ગયા છે તેથી જ આચાર્યજી ધર્માત્મા શ્રાવકને બોલાવીને કહે છે આ જૈન ઉત્તમ ભક્તિપાત્ર ધર્માત્મા જીવો છે. સાધર્મિક છે. શેઠ પણ સમજીને તેમને ઘરે લઈ જાય છે. ફક્ત જમાડી ચાંદલો કરી મોકલી નથી આપતા, પણ પોતાના મકાનનો અડધો ભાગ ખાલી કરીને આપે છે અને કહે છે કે અમને ભક્તિનો લાભ આપો. અને આપ અહીં

નિશ્ચિંત થઇ રહો. આમ તેમની બધી જ સગવડ પુરી પાડે છે. જ્યારે અમે આટલુ કહીએ કે ભક્તિ પાત્ર છે તો તમને સમજાય છે ખરૂં? અમે મર્યાદા ન મુકી દઇએ ત્યાસુધી ભક્તિ કરો ખરા?

તમે વિવેક ચુક્યા છો, જ્યારે અમે તમને કહીએ અને તમે જમાડો તેમાં જે અહિંસા થશે, તથા જમીને પણ સંસારમાં જે આરંભસમારંભનુ પાપ લાગશે કરશે તેનુ તમને પણ પાપ લાગશે. સાધુપણામાં જે ખામીઓ આવી છે તેમાં તમે પણ જવાબદાર છો એકલા સાધુઓને વગોવવાના નથી. બન્નેનો સહયોગ છે. એકલા શ્રાવક કે એકલા સાધુ પણ નહિ. અને કોઇ સાધુ કરતો હોય તો તેના માટે અન્યાય નહિ કરવા. પણ તમે જવાબદારી ચુક્યા છો. અમે તો પાટ પર બેઠા છે તેથી અમારે તો ભગવાનની આજ્ઞા પ્રમાણે જે ધર્મ છે તે બતાવવો જ પડે. તેમાં તમારી અને સાધુઓની બન્નેની ખામીઓ બતાવવી પડે નહિતર ભગવાનો સાચો ધર્મ અમે બતાવી નહિ શકીએ.

સભા:- ઉપધાન વગેરે કરાવાય?

સાહેબજી:- શ્રાવક માટે તે અનિવાર્ય અનુષ્ઠાન છે. પણ તેનુ આયોજન કોને કરવાનુ?

સભા:- પણ નિશ્રા અપાય છે

સાહેબજી:- હા, નિશ્રા આપવા તો હું પણ તૈયાર છું. ખુદ તિર્થંકરો નિશ્રા આપતા હતા. તીર્થંકરોના સમોવસરણમાં ફળ. નિવેદ્ય. બલિબાકળા મુકે છે, ત્યારે ભગવાન કંઇ ના નથી પાડતા. સંમતી તો નિશ્રા રૂપે સાધુ આપી શકે છે.

સભા:- સંમતી કેમ આપી શકે?

સાહેબજી! - મોક્ષમાર્ગની આરાધના ચલાવવી હોય તો નિશ્રા, સંમતિ, અનુમોદના આપવાની છે. તમે મહોત્સવ આંગી કરો. દેરાસર, ઉપાશ્રય બંધાવો તો અમે અનુમોદના કરીએ. અમને પ્રભુએ કરવા-કરાવવાની ના પાડી છે. સંમતિ, અનુમોદનાની અમને છૂટ છે.

દૃષ્ટાંત આગળ વધારીએ.. હવે આ ભિખારી ગરીબને ધર્મ પામેલો નથી. પણ તેનામાં ભાવિ લાયકાત ગુરુએ જોઈ છે. અસીમ શાસન પ્રભાવનાનું તેમાંથી કારણ બનશે તેથી જ ખાવા માટે દીક્ષા આપી છે. હવે સમુદાયમાં બધાને તપશ્ચર્યા આદિને કારણે આવશ્યક બને તે માટે સારી સારી વસ્તુઓ ખાવામાં આવેલ છે હોય તે આને ભક્તિ માટે આપ્યુ, અને આને તો ખાવાના પણ ફાંફાં હતા તેથી અતિશય ખાવ છે. બધા સાધુઓ ગુરુને સમર્પિત હતા તેથી બીજો કોઈ વિચાર ન કરતા ગુરુની આજ્ઞા પાળે છે કે ગુરુ વિવેકી છે.

સામાન્ય રીતે આવી રીતે ખાવાથી પેટમાં વેદનાનો પાર નથી. પણ ધર્માચાર્યો પણ પોતે ઉત્તમ વ્યવહાર આ નવદીક્ષિત સાથે કરે છે, અને બધા પાસે કરાવે છે. આ બધાનો સૌજન્યપૂર્ણનો વ્યવહાર છે સાથે શિષ્યો આરાધના કરવા આવ્યા છે તે પણ નવદીક્ષિતને તકલીફમાં જોઈ બધા હાથ-પગ-માથુ દબાવવા બેસે છે. હવે આ બધુ જોઈ એને રડતા ભાવના થાય છે કે જે શિષ્યો મને તેમના આંગણામાં પણ ઘુસવા નહોતા દેતા, તે જ સાધુઓ મારી કેવી ભક્તિ કરે છે! આ ધર્મ કેવો ઉત્તમ હશે. હજુ તો આચારવિચાર કશું જ પામ્યો

ફક્ત પ્રદેશોદય થી જ આ બધા મારી ભક્તિ કરે છે તો
આ ધર્મ કેવો હશે? તેનામાં રહેલી લાયકાતને લીધે
તેને આ ધર્મના પ્રભાવનો વિચાર આવે છે.
તે વિચારે છે કે મેં તો ફક્ત ખાવા માટે જ દિક્ષા લીધી
છે તો પણ આટલું ફળ મળતુ હોયતો જો હું
ખરેખર ભાવથી દિક્ષા લઉં તો તેનું તો ફળ કેવું થ
હશે. આ ઉત્તમ ભાવ પરિણામોથી જ તેઓ
બોધીબીજ પામી ગયા.

સભા:- એક નવકાર પણ ન આવડતો હોય
છતા દીક્ષા અપાય?

સાહેબજી:- આવા જ્ઞાની જ આપી શકે, બાકી
તમારે દીક્ષા આપવી હોય તો વિચારવું પડે. શ્રુતકેવળી
ની વાત છે. અપવાદનો અધિકાર ગીતાર્થને છે.
પણ એમના દાખલા લઈને આપણાથી આવું ન કરાય.

સભા:- ગીતાર્થની વ્યાખ્યા શું?

સાહેબજી:- જે જ્ઞાનથી બધે હેતુથી લાભ
ગણિત વિચારી શકે તે જ ગીતાર્થ અને તે જ આ
પગલું ભરી શકે. બાહોશ વેપારી દસ વર્ષ પછી
શું થશે તેના ગણિત માંડી શકે. લાંબા ગાળાનો વિચાર
કરી શકે છે. અહીં આર્યસુહસ્તીજીએ કેટલો વિચાર
કર્યો હશે. અને આ અનુકંપા દ્વારા લાભ કેટલો
થયો કે આમાંથી સંપ્રતિ રાજા પાક્યા. નહિતર આવા
શાસન પ્રભાવક સંપ્રતિ રાજા પાકી શકત?
બોધીબીજ પામી શકે તેવી લાયકાત સાથે શાસન
પ્રભાવક દેખાયા તેથી જ આવી અનુકંપા કરી
હતી.

તમે જો આવું ચાલુ કરો તો શું બોધીબીજ

પ કોઈ પામી જાય ખરૂ?

કુણાલ અશોકરાજાના પુત્ર તરીકે જન્મ થયો. ઘણુ જ પુણ્ય લઈને તે આવ્યો છે. આંખો મોહનારી હતા રાજ્યાભિષેક થયો. તે મૌર્યવંશમાં સૌથી વધારે પ્રભાવશાળી રાજા થયો હતો. આગળ ફરી મહાત્માનો સંપર્ક થયો અને સમકિત પામી ગયો. આ બધુ અનુકંપાથી થયુ છે.

ભીખારી દ્રષ્ટાંત એક ઉપદેશમાલામાં આવે છે. આગળના દાખલામાં તો દિક્ષા પછી ખવડાવે છે જ્યારે અહીં તો દિક્ષા પહેલા તેને જમાડ્યો છે. ગુરુપૂર્વ બિરાજમાન છે ત્યાં એક યાચક આવ્યો છે. તે ચંદનબાળાને જોઈને પ્રભાવિત થવાથી યાચક તેની પાછળ પાછળ ચંદનબાળા જ્યાં ગુરુવંદન કરવા જાય છે ત્યાં જાય છે. આને વિચાર આવે છે કે ચંદનબાળા જેવા જે ગુરુને વંદન કરવા આવ્યાં છે તો એ ગુરુતો કેવા હશે! આમ વિચારી તે ત્યાં દર્શન કરવા ઉભો રહે છે. ગુરુનું ધ્યાન આ યાચક પર જતા તેને તેનામાં લાયકાત દેખાય છે. તેથી બીજા સાધુને બોલાવીને ગુરૂ કહે છે કે આ યાચકને આપણી ગોચરીમાંથી વહોરાવો. શિષ્યો પણ ગુરૂની આજ્ઞાને માન આપી ગૃહસ્થના કપડામાં હોવા છતા ખુણામાં લઈ જઈને તેને જમાડે છે. આ યાચકને પણ થાય છે કે મારે કોઈ ઓળખાણ નથી છતા મારા માટે કેવો સૌજન્યભાવ ને ઉદારભાવ બતાવ્યો છે. ગોચરી વાપર્યા પછી તેને પણ સાધુ જીવન જીવવા માટેનો ઉલ્લાસ જાગે છે. અને અહોભાવ પણ જાગે છે, તેથી ગુરૂ પાસે આવીને કહે છે કે

મને સાધુજીવન માટે ખૂબ જ અહોભાવ થયો છે તો જો મારામાં લાયકાત હોય તો મને સાધુજીવન આપો આમ. અપવાદ રૂપે લાયકાત પ્રમાણે થઈ શકે. પણ રાજમાર્ગનું ઉત્થાન ન કરાય.

॥ પ. પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

૧૨.૮.૯૪ અનુકંપાદાન ચોપાટી
શુક્રવાર

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને શ્રેષ્ઠ પરોપકાર કરવાની ભાવનાથી ધર્મતીર્થની સ્થાપના કરે છે

જ્ઞાનીઓની દ્રષ્ટિએ આ જગતમાં પરોપકાર એ ઉત્તમ ધર્મ છે. કોઈપણ આત્માને ધર્મની પ્રાપ્તિ કરાવવી તે શ્રેષ્ઠ પરોપકાર છે. બીજુ ઉપકારો તો થોડો જ વખત શાંતિ આપે છે. જ્યારે આ તો ભવોભવ સુધારે છે. અને ભવાંતરે શ્રેષ્ઠ માર્ગ મળે છે. આવી પ્રવૃત્તિને સાચો ઉપકાર કહે છે. તીર્થંકરો કેવળજ્ઞાન પામે ત્યારે તેમનો મોક્ષ નક્કી જ હોય છે ઘાતીકર્મના બંધન તૂટી ગયા છે કે કોઈની કોઈ આશા નથી છતાં આવો પરોપકાર કરે છે. તીર્થંકરો જૈન શાસનનો યથાર્થ ફેલાવો કરે છે. ભૂમિકા પ્રમાણે પરોપકારની પણ ભૂમિકા બદલાય છે. બધા ગુણ સાથે પરોપકાર માન્ય છે પણ પરોપકાર કરવા માટે જીવ લાયક જોઈએ જો તેનામાં ઉપકારને ઝીલવા જેટલુ પણ સ્તર કે તૈયાર ન થયુ હોય તો પરોપકાર ઉંધો પડે છે. તીર્થંકરોને જગતના જીવમાત્રની

ઉપકાર કરવાની ભાવના હતી. અનંતા તીર્થંકરો થઈ ગયા બધાએ આ જ ભાવના કરી હતી, છતા બધા તરી ન જ શકે. થોડા જીવો જ તરી શક્યા તેનું કારણ એ જ જીવમાં લાયકાત હોવી જોઈએ જેમ બીજા ઉપકારના સાધન છે તેમ અનુકંપા પણ ઉપકારનું જ્વલંત સાધન બને છે. શ્રાવક જે અનુકંપા કરે છે, તેમાં સામે જીવ જો ગેરલાયક હોયતો ધર્મ ન પામી શકે, પણ ફક્ત તમારા દિલની કરૂણા સચવાય છે. જ્યારે સાધુ ભગવંત ઉત્સર્ગથી અનુકંપાદાન નથી કરી શકતા પણ અપવાદથી તેમને માટે અનુકંપાદાન કર્યુ છે., જો લાયક જીવ હોયતો તત્કાલ મોક્ષમાર્ગે ચડી જાય છે. ભગવાને પણ જ્યારે બ્રાહ્મણને અર્ધુ વસ્ત્ર આપ્યુ ત્યારે તો તે જીવ દુઃખી છે., પણ દુઃખ પ્રત્યેની કમકમાટીથી તેને વસ્ત્રનું દાન આપ્યું છે તેવું નથી. પણ તેમની લાયકાત જોઈને તેમના ભાવને અનુરૂપ ઇચ્છા પુરી કરાય તો ત્યાગી પ્રત્યેને ત્યાગ પ્રત્યે તેને બહુમાન થાય જ અને મોક્ષમાર્ગે ચડી શકે આ જ વિચારથી અરધા વસ્ત્રનુ દાન આપ્યુ છે.

તેવી જ રીતે આર્યસુહસ્તીજીએ પણ તેમને (લાયકને) ખાવાના કોડ હોવાથી ને તે મરી જશે તે વિચારીને દીક્ષા નથી આપી. તે કાંઈ એક જ ભિખારી નહોતો. ફક્ત ભુખ, તરસને અનુ જોઈ અનુકંપા કરવાની હોય તો અમુકને આપવું ને અમુકને ન આપવું તેવું ન હોય. પણ લાયકાત જોઈ જીવ સાચો ધર્મ પામી તત્કાલ મોક્ષમાર્ગ પર ચડી જાય તે માટે સાધુ જો આવું

દાન કરેતો મહાપુરુષોને તે માન્ય છે.

અત્યારે શિષ્ય પૂછે કે આમાંતો સ્પષ્ટ મર્યાદાનો લોપ થાય છે. સાધુ પાસે જે વસ્તુ હોય છે તે બધુ ધર્મોપકરણ છે. જેમ પાતરા વસ્ત્ર આદિ બધુ જ. તમારા ઘરોમા પણ આ બધી વસ્તુ દર્શન માટે રાખવાની હોય છે. દર્શન પણ કેવીરીતે કરવાના કહ્યા છે કે જે આરાધનાના સાધન છે તે ધર્મોપકરણ છે.

અમારા મહાવ્રતમાં પરિગ્રહ ત્યાગવ્રત છે. જેમા જ્યારે તમારે દેશવિરતિમાં પરિગ્રહ પરિમાણ વ્રત છે. જેમાં પરિગ્રહનો સંપૂર્ણ ત્યાગ નથી. જ્યારે અમારે સાધુઓ માટે નિયમ શું ? રાખવું નહિ ને રખાવવું નહિ, રાખતાને અનુમોદન કરવુ નહિ. આમ ત્રિવિધે ત્રિવિધે જાવજીવનો ત્યાગ કરવાનો છે કારણ તે જડ માટે જ પરિગ્રહ છે. છતા પણ પ્રભુએ જ્ઞાન દર્શન ચારિત્રના વિકાસમાં જે જરૂરી હોય તે રાખવાની છૂટ છે, જે કેવળ આરાધનાનું સાધન બને અને જો તે આરાધનાનુ સાધન ન બનતુ હોય તો તે પરિગ્રહ રૂપે ગણાય. અમારા બધા સાધનોને ધર્મોપકરણ કહેવાય. પણ જો તે વિરાધનાનુ સાધન બને તો તેને અધિકરણ કહેવાય છે. તમારા સામાયિક પુંજા બધી વસ્તુઓ, ઉપકરણ તે ધર્મોપકરણ કહેવાય છે પણ ઘરની તમામ વસ્તુઓ તે અધિકરણ ગણાય છે, કારણ તે તમારા જીવનમાં આરાધનાનુ સાધન નથી. પણ વિરાધનાનુ સાધન છે જેનાથી રોજ હિંસા થાય છે. દા. ત એક કપડુ ખરીદીને લાવ્યા ત્યારથી આ કપડા મારા

કેટલી હિંસા થશે. ત્રસ જીવો પણ મરવાના.
તમારે સંસારમાં એવી કોઈ વસ્તુઓ ખરીદે જે
જીવ વિરાધનાનું સાધન ન બને?

સભા:- એમાં જ બેઠા છીએ.

સાહેબજી:- ભગવાને આજ્ઞા કરી છે કે તમારે
ધર્મના સાધનો ઘરમાં વસાવીને તેનાથી આરાધના
કરવી જોઈએ. પણ ઘણા તો ઉપકરણોથી પણ ઘરનું
આડુઅવળું કરે. કોઈક વખતે સામાયિકના કપડા બીજે
વાપરે તો અધિકરણ થાય. ધર્મના સાધનો ધર્મના જ
ઉપયોગમાં લેવાય નહીંતર તે પાપનું સાધન બનશે.

ભગવાન પાસે જે દેવદૂષ્ય હતું તે ધર્મોપકરણ
હતું તથા સાધુ જે ગોચરી લાવ્યા હતા તે ધર્મના
ઉપકરણ તરીકે જ લાવ્યા હતા. બ્રાહ્મણને બીજું
વસ્ત્ર કે અડધું તેમની પાસે તે હતું તે જોઈતું હતું
તેથી તે એક વર્ષ સુધી તે પ્રભુ પાછળ ફર્યો
અને એકવર્ષને એક મહિને પવનથી વસ્ત્ર પડી
ગયું તે બીવડાવીને વેચ્યુ. જેમાંથી લાખ સુવર્ણ-
મુદ્રાઓ આવી. આવીરીતે દરજી અને બ્રાહ્મણે
અડધી અડધી લીધી.. હવે તે આ પૈસાનું શું
કરશે? છ કાયના આરંભસમારંભમાં જ વાપરશે.
આમ આ ઉપકરણ અધિકરણ બની જાય.
તેવી જ રીતે બીજા દૃષ્ટાંતમાં દીક્ષા ગોચરી
ખાવા જ યાચકે લીધી છે તે પણ અધિકરણ જ
થવાની. અમારી પાસે કોઈ ગોચરી માંગે તો
જેની પાસે અમારા જેવા કપડા પણ નથી છતાં
પણ અમારો આચાર તેને નહિ આપવાનો હશે
કારણ તે ધર્મોપકરણ છે. સામાન્ય સંજોગોમાં

તે અધિકરણ થશે. સાધુ અહિંસક પદ્ધતિથી
મેળવે છે. ઉપયોગ પણ અહિંસક પદ્ધતિથી
કરે છે ને નિકાલ પણ અહિંસક પદ્ધતિથી જ
કરે છે. ક્યાંય પણ દોષ ન લાગે તે રીતે
વાપરવાનું વસ્ત્ર લેવાનું છે.

લેવા માટે સાધુને એષણા સમીતિ
વાપરવા ॥ ॥ આદાનભંડમત્ત નિખ્ખેવણા
સમિતિને નિકાલ ॥ ॥ પારિષ્ઠાપનિકા સમિતિ છે

સાધુને ક્યાંય પણ કોઈ જીવની
વિરાધના ન થવી જોઈએ તે રીતે જ વર્તન કરવાનું
છે અમે તો કોઈને આપીએ એટલે અધિકરણ જ
થવાનું. આ કરવાનું એટલે કે પ્રભુએ બ્રાહ્મણને
વસ્ત્ર આપવાનું શું કારણ હશે? તેના દુઃખદર્દ
દૂર કરવાનો કે તેને ધર્મ પમાડવાનો આશય હતો?
ધર્મ પમાડવાનો જ આશય હતો જેમાં એક જીવ
મોક્ષમાર્ગે ચડશે. એટલે તેનાથી અહિંસા ફેલાશે.
તેથી આશય શુદ્ધ છે. માટે તે અધિકરણ ન
બન્યું, પણ ધર્મનું સાધન બન્યું છે. પોતાના ગુણમાં
આગળ વધવાનું સાધન બન્યું છે અને નવા
ગુણોની પ્રાપ્તિ થાય છે. એક જીવને સદ્‌માર્ગની
પ્રાપ્તિ કરાવી એટલે તમને ભવોભવ સન્માર્ગની
પ્રાપ્તિ થાય. ઉંચી ભૂમિકાનો વિકાસ થાય.
આ મહાત્માને અહીં કરતા આગળ વધારે સારી
સામગ્રી મળશે. છતા પણ આવી અનુકંપા
સાધુ માટે અપવાદરૂપ જ છે.

સ્વ અને પરના હિતમાટે પચ્ચખાણ પાળીએ
હિત ન થાય તો પચ્ચખાણનું મહત્વ નથી રહેતુ.

ક્યારે આતો મહાવ્રતો છે. સામાન્ય પચ્ચખાણમાં આગાર મુક્યા છે અમે જે પચ્ચખાણો બોલીયે છીએ તે સમજો છો ખરા? કે પછી પચ્ચખાણ સાથે જ કામ! તેના અર્થ સાથે શું કામ! પચ્ચખાણ પણ ગુરુમુખે જ લેવાના છે કારણ જે પ્રતિજ્ઞા-બદ્ધ હોય તેના મુખે પ્રતિજ્ઞા લેતો તેનાથી બળ મળે છે મૂળથી તો પચ્ચખાણ બધાએ જાણવાનુ કે નહિ? ખાલી મહારાજ બોલે અને જાણો. અમે શું બોલીયે છીએ તે સમજોતો ખબર પડે "સવ્વ સમાહિ વત્તિયાગારેણં વોસિરઇ" બધા ધર્મનું અંતિમ લક્ષ્ય સમાધિ છે સમાધિ ન રહેતી હોય તો ગમે તેવા વ્રત પાળો તો મતલબ નથી. જો સમાધિ ન રહેતી હોય અને છોડી દો તો દોષ નથી. પણ આમાં અર્થનો અનર્થ નથી કરવાનો. સાચે સમાધિ ન જ ટકતી હોય તો જ કરવાનું છે. આત્મકલ્યાણ માટે જ મહાવ્રતો લીધા છે. આત્મકલ્યાણ જો ઉત્સર્ગના કરતા અપવાદથી થતુ હોય તો તે પ્રમાણે કરવાનું આ સાપેક્ષ છે, સ્યાદ્વાદ હાજર બનશે. અમારા આત્મકલ્યાણ અને બીજાના આત્મકલ્યાણ માટે પ્રવૃત્તિ કરે તો દોષ નથી પણ સ્વાર્થ માટે કરે તો દોષ પુરો છે. યોગ્ય સાધનનો સદુપયોગ કરવાના માટે આ દેખાતુ ઉપકરણ અધિકરણ બન્યું વળી. અપવાદે સાધુએ અનુકંપા સાબિત કરી પણ રાજમાર્ગ નહિ. પ્રસંગ વિશેષ છૂટ આપી એક દૃષ્ટાંતમાં દીક્ષા આપીને ખવડાવ્યુ. એવી જ રીતે દીક્ષા આપ્યા વગર પણ ભિક્ષા આપેલી તે દૃષ્ટાંત આપણે કાલે જોયેલું. આ અનુકંપા છે.

ભક્તિ નથી. ભક્તિપાત્ર બને પછી જ ભક્તિ કરાય. આમ મૂળમાં શું તર્ક આપીને સિદ્ધ થયુ? હવે પ્રશ્ન એ પણ થાય કે સાધુ ધર્માત્મા ગૃહસ્થની વૈયાવચ્ચ કરે કે નહિ? ગમે તેવો ધર્માત્મા ગૃહસ્થ હોવા છતાં પણ સાધુ તેની વૈયાવચ્ચ ના જ કરે.

સભા:- વાસક્ષેપ તો નાખે ને?

સાહેબજી:- વાસક્ષેપ પણ નાખતી વખતે શું બોલાય છે તે ખબર છે? સંસારથી તમારો ઉદ્ધાર થાવ. અમારી એક એક પ્રવૃત્તિને સમજો તો શંકા દૂર થઈ જાય. તમને ગમે તેટલી તકલીફ હોવા છતાં અમે તો ચિત્તને સમાધિ રહે એમ જ કહીએ. ધર્મ પામી સંસારથી પાર પામો

અમારો બનેલો એક કિસ્સો કહું છું. રસ્તા પર ચાલતા હોઈએ અને કોઈ માણસ અમને પગે લાગે તો અમે કહીએ 'ધર્મલાભ'. એક દિવસ એક માણસ અમને રસ્તામાં પગે લાગ્યો, અને અમે તેને ધર્મલાભ કહ્યું. ત્યારે તે વખતે રસ્તે જતો એક માણસ જે પંડિત જેવો હતો તેણે આ સાંભળી પૂછ્યું કે આપે આમને શું કહ્યું? ને તેનો અર્થ શું થાય? ત્યારે અમે તેને સમજાવ્યું કે અમે તેમને આશીર્વાદ આપ્યા કે તમને જીવનમાં પવિત્ર જીવન ધર્મનો લાભ થાય'. પંડિત પણ ભણેલો ને વિચારક હતો તેથી આ જવાબ સાંભળી ખુશ થયો. જ્યારે અમે તમને આશીર્વાદ આપીએ છીએ તેનો તમને ખપ છે કે બીજી વસ્તુનો ખપ છે? તમને જીવનમાં ધર્મ ન મળે તો ચિંતા નથી પણ તમને ધર્મ ન મળે તો

અમને ચિંતા છે. અમારી કરેલી ચિંતા તમને ગમશે? તમે કહેશો કે 'અમારી જે ચિંતા કરવા જેવી છે તે તમે સાહેબ નથી કરતા.

સભા :-- અમારી લીલીવાડી રહે તેવુ કરી આપો.

સાહેબજી :- આનો અર્થનો એજ થયો કે અમે જે આશીર્વાદ આપીએ છીએ તે તમને નથી જોઈતા. અમે જે વાક્ય બોલીએ છીએ તે તમે સ્વીકારી લો છો પણ તમે તત્ત્વ સમજો તો સાધુ પ્રત્યે તમને ભાવવૃદ્ધિ થાય જ.

આગળના અનુસંધાનમાં પ્રશ્ન એ થાય કે ધર્મની દૃષ્ટિએ અનુકંપા કહી છે તે બરાબર પણ આનાથી તો પુણ્ય જ બંધાયને? આ અત્યંત ગંભીર વાત છે. દયાદાન દ્વારા પુણ્ય જ બંધાય. અને પુણ્યનુ ફળ શું? સંસારમાં ભોગસામગ્રી જ મળે. આ બધુ પુણ્યથી જ મળે છે. જ્યારે સાધુઓએ તો આનો ત્યાગ કર્યો હોય છે. હવે આ પુણ્ય પ્રવૃત્તિ દ્વારા મળે છે, જે ભોગવતા પાપ જ બંધાશે અને પછી પાપથી દુર્ગતિ, અને તેનુ ફળ ભવની પરંપરા.

એક વખત દુર્ગતિમા ગયા પછી પાછા કરવા માટે પુણ્ય જોઈએ. જ્યારે દુર્ગતિમાં પુણ્યનો સ્કોપ જ નથી. એક વખત મનુષ્યમાંથી કુતરાની યોનિમાં ગયા પછી ત્યાં કરવાનુ શું? કૂતરાની નજર આખો દિવસ ક્યા હોય? સવારથી સાંજસુધી તેને ખાવાપીવાની ને મારવાની જ સંજ્ઞા હોય. એકજીવ માટે દ્વેષ પણ ઘણો હોય આથી જ તે મરીને નીચલી યોનિમાં

જ જાય. કુતરૂ મરીને કુતરૂ પણ ન બનાય. એકવખત દુર્ગતિમા ગયા પછી પ્રાયઃ કરીને ભવની પરંપરા જ થાય. એના એ જ ભવમાં જવા માટે પણ જોઇએ તેટલુ પુણ્ય પણ ત્યાં શક્ય નથી. અર્થાત આ દયાદાનથી મળ્યુ શું? પુણ્ય જ. ને પુણ્યથી શું મળ્યુ? સંસારની ભોગસામગ્રી જ. અને એને ભોગવીને તો પાપ જ બંધાશે. ને પછી દુર્ગતિ ને ભવ પરંપરા જ થશે. બસ આ સિદ્ધાંત. મગજમા ઠસાવી દો.

સાધુને પુણ્યબંધ અભિપ્રેત નથી. પુણ્ય-પુણ્યાનુબંધી ધર્મ સાધુને માટે નથી. સાધુને નિર્જરા બંધ કહ્યો છે. તો પછી સાધુ આવી પ્રવૃત્તિ શું કામ કરે? સાધુને પુણ્યબંધ અભિપ્રેત નથી તેથી ગોચરી પણ ગુપ્ત રીતે વાપરવાનું કહ્યુ છે. પાણી વાપરતી વખતે પણ કપડુ આડુ રાખવાનું કારણ એ તમે કઇ અદ્ભુત નથી કે નથી નજર પડવાથી અમારૂ કઇ બગડી જતુ. પણ જાહેરમા જો સાધુ ગોચરી વાપરે તો તે વખતે કોઇ દીનદુઃખી આવી ચઢે કે અનાથ ભૂખ્યો તરસ્યો પણ આવે ત્યારે અમે ખાતા હોઇએ એટલે તે માગે. ત્યારે તે વખતે અમે જો અમે ખાવાનું આપીએ તો અમને પુણ્ય જ બંધાય. અને ના પાડીએ તો તેને દુઃખ જ થાય. સાથે ના પાડીએ તો તેમને અમારા પર દ્વેષ પણ થઇ શકે ને તેથી તેઓ કર્મ બાંધે. આમ બન્ને રીતે આપશું તો કર્મ બંધાય ને ન આપીએ તો તેને પીડા થાય. તેથી જ ગોચરી ગુપ્ત રીતે વાપરીએ છીએ. સાધુના બધા આચાર પાછળ

રહસ્ય હોય છે. પણ કોઈને એમ પણ થાય કે ગોચરી વહોરીએ ત્યારે ગાઈ કરીને તો પીડા નથી જ કરીને? પોતાની મેળે પીડા થાય તો અમે શું કરીએ! પણ ઉત્તરમાં છતી શક્તિએ દુઃખનો પરિહાર ન કરો, ઉપેક્ષા કરો તો પણ પાપ લાગે. તેથી જ પુણ્ય જોઈતું નથી ને પાપ કરવું નથી.

સાધુ પુણ્યનો ઇચ્છુક નથી, ને જેનાથી ભવની પરંપરા સર્જાય તે મંજૂર નથી. જ્યારે સાધુએ સંસારમાંથી પાર ઉતરવા માટે જ સંસાર છોડ્યો છે. પાપનો ક્ષય ને પુણ્યનો ક્ષય થયા વગર મોક્ષ આવતો નથી. માટે સાધુને પુણ્ય પણ જોઈતું નથી. હવે એક બાજુ પુણ્ય જોઈતું નથી અને બીજી બાજુ સાધુને અપવાદે પણ દયાધર્મ બતાવ્યો કે જેનાથી ભવની પરંપરા સર્જાય. તો પછી આ સિદ્ધાંતમાં તથ્ય શું?

સંસારમાં પુણ્યશાળીઓ ભોગસામગ્રી મેળવીને કેટલા પાપ કરે છે? પુણ્યશાળીઓને જ વધારે પાપ લાગે છે કે ઓછા પુણ્યશાળીઓને વધારે પાપ લાગે છે? પુણ્ય પણ દયા-દાન-સત્પ્રવૃત્તિથી જ બંધાય છે. અને તેથી જ પરંપરા સર્જાય છે. આજકાલના સત્તાધીશો જે પુણ્યશાળી છે તે બધા ક્યાં જવાના? પ્રાય: તેમને માટે નરક જ તૈયાર છે. પુણ્યથી સત્તા મળી પણ ઉપયોગ એવો થયો કે ડૂબી નીકળી ગઈ.

સભા:- આ ક્રિયા પુણ્ય માટે જ કરે છે ને?

સાહેબજી:- આ ક્રિયા કરી છે તે એકલા પુણ્ય માટે જ આ બધી ક્રિયા નથી

અનંતકાળથી આમ જ સંસારચક્ર ચાલે છે.
દયાદાનની સત્પ્રવૃત્તિથી પુણ્ય બાંધશે. આ પુણ્ય
પણ મળવાનું કારણ ગયા ભવમાં કંઈક સત્પ્રવૃત્તિ
કરી હતી તેથી જ. અને હવે આ ભવમાં પણ
આ શક્તિ દ્વારા જ આવી ધર્મની પ્રવૃત્તિઓ કરશે.
આમ અનંતોવાર બનતું આવ્યું છે. ઘણા જીવો
દયા-પરોપકાર-દાનની સારી પ્રવૃત્તિ કરે ત્યારે ગણે કે
આ લોકો એકલું કોરૂ પુણ્ય બાંધશે ને દુર્ગતિમાં જશે
આમ શુભભાવથી પુણ્ય બંધાય તે Logically બેસે છે
તેથી જ સાધુને એકાંતમાં ગોચરી કરવાનું કહ્યું છે.

પુણ્યપાપના ક્ષયથી મોક્ષ છે.
ધર્મ અધર્મના ક્ષયથી મોક્ષ છે..

સાધુતો મોક્ષાર્થી છે, તો પુણ્યનું શું કરે? અહીં
વાત એ આવે છે કે ભગવાને જે દાન કર્યું કે આર્ય-
સુહસ્તીજીએ જે દાન કર્યું તેમાં ક્યાય યા બુદ્ધિ નથી
ધર્મ પમાડવાની ને આત્મહિતની બુદ્ધિ છે. નથી તેઓ
કોરૂ પુણ્ય બાંધતા નથી, પણ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે
માટે જ તમે દાન પાંચ રૂપિયાનું પણ આપોતો
પુણ્યાનુબંધી પુણ્ય બંધાવું જોઈએ. સામાન્ય પુણ્યતો
૯૯% આગળ બતાવેલ સુખસંપત્તિ મેળવી દુર્ગતિનું
જ ફળ આપશે

સભા:- અપેક્ષા વગર કરીયે તો? પુણ્યાનુ-
બંધી પુણ્ય બંધાશે?

સાહેબજી:- અત્યારે ઘણા-લોકો અપેક્ષા
વગર દયાના કામ કરવાવાળા છે. ઘણા ડોક્ટર
વગર પૈસે દયાના કામ કરતા હોય છે., પણ
તે બધા આત્મા, પરલોક, પુણ્ય-કર્મ કંઈ જ માનતા

હોતા નથી. હવે તેઓએ કાંઈ અપેક્ષા વગર દાન કર્યું એટલે કંઈ પુણ્યાનુબંધી પુણ્ય નથી બાંધતા. પુણ્યના પણ ૨ પ્રકાર છે

એક અનુબંધવાળુ, પુણ્યના અનુબંધ વાળુ

એક અનુબંધ વગરનું - પાપના અનુબંધ વગરનુ

હવે આવું પુણ્ય જોઈને ધર્મસામગ્રી અપાવે અને કોઈ પુણ્ય બાંધે ને જીવમાં લાયકાત હોયતો આગળ નીકળી જાય. સદ્ગુણોથી ને સદાચારથી પુણ્ય બંધાય છે. પણ પુણ્યાનુબંધી પુણ્ય ન હોયતો આત્મા માટે ભારે જોખમ છે. તેથી જ જીવનમાં એકલુ ફક્ત સદાચાર - સદ્ગુણો સત્પ્રવૃત્તિ. કરો ને કેળવો તે ન ચાલે. તેથી જ પુણ્ય બાંધતા વિચારો કે તમે કેવું પુણ્ય બાંધો છો. આશય વગર શુભકામ કરીયે એટલે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તે ભ્રમ છે. અને સુપાત્રને દાન આપો તેથી પણ પુ.બંધી પુણ્ય બાંધો તેવો પણ નિયમ નથી. દીનદુઃખીને પણ દાન આપતા પાપાનુબંધી પુણ્ય બાંધો એવો પણ નિયમ નથી. પણ બન્ને જગ્યાએ ભગવાનની આજ્ઞા મુજબ આપો એટલે જ પુ.બંધી પુણ્ય બંધાય, પછી ભલે સુપાત્ર કે અનુકંપા હોય. એકલો શુભ-ભાવ હોયતો પુણ્ય બાંધો પણ તેમાં વિવેક વૈરાગ્ય ભળે તો જ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

જેમ કોઈ વ્યક્તિ દાનનું કામ પરોપકારનું કામ ભાવનાથી કરે. જેમકે અનાથોને ખાણીપીણીનું કામ, દેરાસરો બાંધવા, સાધુ સાધ્વીની ભક્તિ કરે ત્યારે પરોપકારનુ કામ દેખાય પણ અંદર ભાવ કેવો હોય કે તેની વાહવાહ થાય, નામના વધે દેશ વગેરેના ભૌતિક લાભો થાય. ઘણા સુખી

માણસો દૃષ્ટ કરી ડોનેશન આપે છે ને જશ મેળવે છે
કે વિચારે કે આમે સંસ્કાર લઇ જવાની છે જ ને.
કેવળ આવા ભાવ હોયતો સત્પ્રવૃત્તિ પણ અશુભ-
ભાવથી કરાય માટે પાપ બંધાય છે.
શ્રેણિકમાં 'Honesty is the best policy' નું સૂત્ર
હોય છે. જીવનભર આના માટે નીતિ પાળે, પ્રમાણિકતા
પાળે પણ ઉદ્દેશ શું? અશુભ ભાવ કે, મને
કોઇ છેતરે તો મને ખરાબ લાગે છે ને? માટે સદ્ગુણ-
ની બુદ્ધિથી કરવું જોઇએ. માનવ તરીકે મારી ફરજ
છે. સ્વાર્થ બુદ્ધિથી દાન કરીએ તો પાપ બંધાય
જ્યારે નિસ્વાર્થ બુદ્ધિથી કરો તો પાપાનુબંધી પુણ્ય
બંધાય, પણ જ્યારે ભગવાનની આજ્ઞાને વૈરાગ્ય આદિ
તે પ્રવૃત્તિમાં ભળે ત્યારે જ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય.
બધા જ પુણ્ય આત્મહિતના પોષક છે? નથી, પણ
ઘણા પુણ્ય સંસાર પોષક છે. આ પુણ્ય ઘાતક છે
તેથી જ આવા પુણ્યથી ડરવાનું. સાધુને કે શ્રાવકને
આવા દાન કરવાના નથી. પુણ્ય સંસારપોષક છે
તેનો આદર્શ દૃષ્ટાંત તરીકે આ સત્તાધીશો છે.
પુણ્યથી સત્તા, હોંશિયારી, ખુરશી, દાવપેચ કરવાની
આવડત બધુ જ મળ્યું. આગળ પણ સત્કાર્યો દ્વારા
જ પુણ્ય મેળવેલું, અને એ જ પુણ્યથી આ બધુ
મળ્યું ને ધર્મ જ તેમને જોખમી બન્યો. તેમના
સદ્ગુણો - સદાચાર - સત્પ્રવૃત્તિ બધા શુભ ભાવ
તેમને માટે જોખમી બન્યા. આમ બધા સદ્ગુણો
આત્મા માટે લાભકારી નથી.

સદ્ગુણો આત્માનું કલ્યાણ જ કરે તેવું
નથી. મહાપુરુષોનું કહેવું છે કે ઘણા સદ્ગુણો પણ

આત્માનું અહિત કરનારા હોય છે. આ સત્તાધીશો અત્યારે આ બધું પામીને શું કરશે? જેનાથી નરક ગતિમાં જ પટકાશે. એટલે આ પુણ્ય સંસાર પોષક બન્યું.

જ્યાંસુધી આત્મામાં અવિવેક છે. મિથ્યાત્વ છે. ત્યાંસુધી સદ્‌ગુણો સાચા નથી બનતા. પુણ્ય, પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય ત્રણે જુદા છે. મોક્ષમાર્ગની સાધનામાં સહાય કરે તેવું પુણ્ય કઈ રીતે બંધાય તે સમજવું પડશે.

પહેલા વિચારો, પુણ્ય બાંધ્યું કે પાપ બાંધ્યું? તેમાં પણ શુભભાવ કેટલા ને અશુભભાવ કેટલા? શુભભાવથી પુણ્ય ને અશુભભાવથી પાપ બંધાશે. સાથે વિચારવાનું કે આ બન્ને પણ કેવા બંધાય છે? તેમાં અનુબંધ કેવો પડે છે? પાપનો કે પુણ્યનો અનુબંધ પડે છે? ફક્ત પાપનો જ અનુબંધ પડતો હોવ તો ગભરાવાનું કે રાજી થવાનું?

ધર્મ જાગૃતિ સાથે કરવાનો છે. ફક્ત શુભભાવ કરીને ધર્મ કરી લીધો તેથી બેડો પાર એવું નથી. શ્રાવક જીવનમાં નાનામાં નાનું કામ પણ એવું કરીએ કે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય.

પુણ્યથી શક્તિ મળે અને તેનો સદુપયોગ કરવામાત્રથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તેવું નથી તેનો જવાબ આગળ આવશે.

|| પ. પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ||

## અનુકંપાદાન

૧૫-૮-૯૪
સોમવાર

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને ઊંચા પુણ્યનો અગાધ પ્રબોધ કરાવનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ આ સંસારમાં પુણ્યકર્મ અને પાપકર્મ આ બે ભેદ માન્ય છે. કારણ બધા જ ધર્મો આત્મા સ્વીકારે છે. તે જ રીતે કર્મ વ્યવસ્થા પણ સ્વીકારે છે. બધા ધર્મો ફક્ત અશુભ કર્મની જ વાત કરે છે તેવું નથી, પણ શુભ અને અશુભ કર્મનું વર્ગીકરણ પાડે છે.

દુઃખ આવે પાપકર્મથી ને સુખ આવે પુણ્યથી એ વિષે બધા ધર્મો વચ્ચે કોઈ વિવાદ નથી. બધા ધર્મશાસ્ત્રો આમ જ કહે છે. પણ આ તો બહુજ સહેલી ને સ્પષ્ટ વાત છે. પણ જૈનધર્મ કાંઈક ઊંડી વાત કરે છે. પુણ્યથી મળેલા સંસારના ભોગ સુખો રસપૂર્વક ભોગવવાના ચાલુ કરે એટલે પાપ બંધાય છે. એટલે પુણ્ય પણ પાપનું સાધન બન્યું.

પુણ્ય શુભ ને સત્ પ્રવૃત્તિથી બંધાયું, જે આત્માએ પુણ્ય બાંધ્યું તે આત્માએ સદાચાર - સત્ સદ્‌ગુણો કેળવી તેના દ્વારા જ પુણ્ય ભેગું કર્યું એટલે આજ ગુણોથી આત્માના પલ્લે પાપ પડ્યું એટલે ઊંડો વિચાર કરીએ તો ધર્મ દ્વારા પુણ્ય મળ્યું.

પુણ્ય ધર્મ દ્વારા મળ્યું, પુણ્ય દ્વારા ભૌતિક સામગ્રી મળી ને ભૌતિક સામગ્રીથી પાપ થયું ને પાપથી દુર્ગતિ મળી. એટલે ભવની પરંપરા, આમ વિષચક્ર સંસારમાં ચાલી રહ્યું છે. અત્યારે ૯૯%

જુવો એવા છે કે પુણ્ય એવું કર્યું છે તેનાથી જ ભારેમાં ભારે કર્મ બાંધીને રખડે છે. ત્યારે ઓછા પુણ્યશાળી ઓછા પાપ બાંધે તેથી ભારે દુઃખ પડતા નથી. ત્યારે વધારે પાપ કરનારા ઘોર પાપ કરવા માટે પુણ્યના ઉદયથી જ જબરજસ્ત સામગ્રી મળે છે જેને બુદ્ધિ જ નથી મળતી તે કાંઈ એવા દાવપેચ નથી જ કરવાના. જો પુણ્યનું આ જ ફળ હોય તો શું કરવાનું ?

પહેલા પુણ્યના પ્રકારનું સ્પષ્ટીકરણ સમજવાનું છે. મોટાભાગના પુણ્ય આત્માને લાભકારી હોતા નથી. આ બધી કલ્પનાની વાતો નથી. બુદ્ધિશાળી વધારે લુચ્ચાઈ કરી શકે તે બુદ્ધુ કરવાનો નથી. રૂપાળા જ અનાચાર વધારે કરશે, તેટલા કદરૂપા અનાચાર કરી શકવાના નથી. પુણ્ય છે તેને જ દુરિત ને અનીતી કરવાની તાકાત છે, પુણ્ય તાકાત આપે છે. આંખ મળી તો આંખ દ્વારા પાપ થશે. જ્યારે આંધળાને એક limit આવી જશે. સંસારમાં ઓછા પુણ્યશાળી જીવો ખૂણામાં ચુપચાપ બેઠા છે તેઓ કશું જ ઉધામા કરતા નથી. ઓછામાં ઓછું પુણ્ય એકેન્દ્રિય જીવને છે. તે કોઈને કનડવા જતા નથી. કે ત્રાસ આપતા. જેટલી શક્તિ મળે તેટલા બીજાને વધારે ત્રાસ આપી શકશે. બધામાં પુણ્ય જ કારણ છે. પુણ્ય બંધાય છે ધર્મથી, પણ તે પાછું પોષક પાપનું બને છે. આમ પુણ્યનું ચક્ર ચાલે છે.

કેવું પુણ્ય કેવી રીતે બાંધવું ને તેના વિકલ્પો શું ? તેની દૃષ્ટિ આવવી જ જોઈએ

શાસ્ત્રની પરિભાષામાં પાપાનુબંધી પુણ્ય જે ભલે બે-પાંચ વર્ષ ભવ સુધી ચાલ્યું, પણ પછી પાપની શૃંખલા ઊભી કરશે. જીવમાટે પાપાનુબંધી પુણ્ય- અનર્થકારક છે જ્યારે પુણ્યાનુબંધી પુણ્ય હિતકારી છે. તેના વિકલ્પ છે જ.

બંધ- અનુબંધ. ફક્ત પુણ્ય નહિ પણ પુણ્યાનુબંધી પુણ્ય જેમાં બંધ પણ આવી ગયો અને અનુબંધ પણ આવી ગયો. જેને ફક્ત બંધની સમજ છે તે કદી જૈનશાસનના કર્મવાદને સમજી શકશે નહિ. સાથે અનુબંધની પણ સમજ જોઈશે, તો જ કર્મબંધના ખરા રહસ્યો સમજી શકાય.

આપણા આત્માને ચોવીસે કલાક બંધ ચાલુ છે, તેમ ચોવીસે કલાક અનુબંધ પણ ચાલુ છે. અહીં બેઠા બેઠા પણ બંધ, અનુબંધ બન્ને પડી રહ્યા છે. ઘડિયાળના કાંટાની જેમ ચોવીસે કલાક જ્યાં સુધી જીવતા છીએ ત્યાં સુધી એક બન્નેનું ચાલુ જ છે. ઊંઘમાં પણ કર્મનો બંધ, અનુબંધ અટકતો નથી. જેમ હૃદય ચાલે છે તેમ કર્મનું તંત્ર ચાલુ જ છે.

ક્ષણ ક્ષણના અધ્યવસાય પ્રમાણે કર્મનો બંધ થાય છે. વર્તમાનમાં તમારા મનમાં જેટલા શુભ ભાવ હોય છે તે પ્રમાણે પુણ્યબંધ અને જેટલા અશુભભાવ હોય તે પ્રમાણે પાપ બંધાય છે.

સભા:- એક પ્રવૃત્તિ નિમિત્તે તે વખતે શુભ-અશુભ બન્ને ભાવ સાથે હોય શકે?

સાહેબજી:- હા. એક વ્યક્તિ ભગવાનની પૂજા કરે છે ત્યારે સામાન્ય રીતે પૂજાને શુભ

પ્રવૃત્તિ છે. હોટેલમાં જઈ નાસ્તો કરે તે અશુભ પ્રવૃત્તિ છે. ઘણા જીવોને શુભ પ્રવૃત્તિ કરતા શુભ ભાવ આવે છે તેથી પૂજા કરતા તેને શુભ ભાવ આવે છે. પૂજા નિમિત્તે તેને અશુભ ભાવ નથી તેથી તે વખતના શુભભાવથી કેવળ તેને પુણ્ય બંધાય છે. પણ બીજા સાથે અશુભ ભાવ હોય છે જે અંદર બેઠેલા હોય છે. સંસારના સુષુપ્ત રીતે મનમાં રાગદ્વેષના પરિણામો પડ્યા હોય છે.

પુણિયા શ્રાવકના દૃષ્ટાંતમાં તે વિધિપૂર્વક પૂજા કરે છે તે વખતે કાંઈ ગમેતેવા પરિણામો કરશે નહિ, વિધિ ભાવ સાચવશે, પરંતુ તે વખતે બીજો શ્રાવક પૂજા કરે ત્યારે પણ તેને વેપારધંધા આદિના વિચારો અંદરમાં ચાલુ જ હોય, તેના અશુભ ભાવ આડકતરી રીતે અંદર પડ્યા જ હોય છે.

પૂજા કરતી વખતે પણ શુભ-અશુભ ભાવ આડકતરી રીતે અંદર પડ્યા જ હોય છે. જેમ ઘણા ભક્તિથી સ્તવન ગાતો હોય પણ સારીરીતે ગાતો હોય તેથી તેને એ વખતે એમ થાય કે બધા મારુ સ્તવન સાંભળીને વાહવાહ કરે. જો આવા ભાવ તે વખતે થાય એટલે તેને પાપ બંધાય ઘણાને જ્યારે એમ પણ થાય કે હું ભક્તિ કરું છું ત્યારે બીજો ક્યાં આવી ટપક્યો, મને ડિસ્ટર્બ કરશે. પાછા પોતે બીજાને ડિસ્ટર્બ કરે તેનું કાંઈ નહિ આ રીતે ડગલેને પગલે અશુભ ભાવ આવી જ જતા હોય છે.

ઘણીવાર પૂજા કરતી વખતે મોડું થતું હોય ને ધમાલ પણ કરતો હોય ત્યારે ઘણા

વસ્ત્રમાં ઘુસી જાય. આ પણ અશુભ ભાવ જ થયો. ફૂલ ચડાવતા પોતાની પાસે ન હોવાથી બીજાની થાળીમાંથી પણ લઈને ભગવાનને ચઢાવી દે. ભક્તિ મફત કરવાની વસ્તુ નથી. આવા તો સેંકડો અશુભ ભાવ આવી જતા હોય છે.

સભા:- નાના બાળકને તો આ બધુ ખબર ન પડે ને?

સાહેબજી:- નાના બાળકને આપણે ધર્મપ્રવૃત્તિ તેના આત્મા પર સંસ્કાર પડે માટે જ કરાવતા હોઈએ છીએ.

સભા:- જાણીજોઈને નહિ પણ ખ્યાલ વગર થઈ જાય તો?

સાહેબજી:- જાણીજોઈને કરીએ તો જ પાપ બંધાય તેવો નિયમ નથી. જાણ્યા વગર પણ અશુભ ભાવ થાય તો પાપ બંધાય છે. અશુભ ભાવ પણ વિચારપૂર્વક કે ઈચ્છાપૂર્વક કરો તો જ પાપ બંધાય એવું નથી પરંતુ તમારા અંદરમાં રહેલી વૃત્તિના પરિણામથી પાપ બંધાય છે.

સભા:- કોઈ ચડાવવા માટે ફૂલ આપે તો લેવાય?

સાહેબજી:- ચઢાવવા માટે જ ફૂલ મૂક્યા છે તે શુભ ભાવ છે, પણ લેનારને તો એમ જ થવું જોઈએ કે ભક્તિ પરદ્રવ્યથી ન જ કરાય. તમે સંસારમાં ખાવ છો પીઓ છો કે હરોફરો છો તે પોતાના પૈસાથી જ ને? જો કોઈ સમાજમાં આબરૂદાર વ્યક્તિને દયાથી એમ કહે કે તું જમવા મારા ઘરે આવજે ને હું રોજ તને જમાડીશ.

ત્યારે તમને સ્વમાન નડે ને? તે વખતે શું બોલો કે હું કાંઇ ભિખારી છું કે મફતનું ખાઉં! જ્યારે બીજી બાજુ દયા-દાન-ભક્તિ પોતાની શક્તિથી ને પોતાના પૈસાથી કરવાની છે. દાન કરતા બાજુમાં ઉભેલી વ્યક્તિના ખીસામાંથી ૫૦૦ રૂ. લઇને દાન કરો તો એને દાન કહેવાય? દાન જાતે જ કરવાનું છે. બીજાની વસ્તુથી ભગવાનની ભક્તિ કરવાથી શું લાભ થાય? ભક્તિ પોતાના પૈસાથી કરો તો જ લાભ થાય.

સભા:- પણ મનિકે મેં દાન કર્યું ?

સાહેબજી:- શક્તિ હોવા છતાં આપવાની તૈયારી નથી તો અંતરાયકર્મ તેને બંધાય. અને આથી પરાણે પણ દાન કરાય નહિ. અંદરના સારા ભાવ સાથે સારા કામમાં જ પૈસો જવાનો છે તો જ પુણ્ય બંધાશે. મનમાં વિચારો કે 'આ લપ ક્યાં ગળે પડી' માટે છુટકારો કરવા દાન આપો તો પાપ જ બંધાય.

સભા:- જાત્રા કરવા જાય તે વખતે બીજા કહે કે મારા વતી આટલી ભક્તિ કરજો તો તેને પૈસા પહોંચે?

સાહેબજી:- તમે જાત્રા કરવા જાવ ત્યારે કોઇ પોતાના વતી સત્કાર્ય ભક્તિમાં વાપરવાનું કહે તો સ્વીકારી પણ લેવાય. પણ તે કરવાની વિધિ એ છે કે જ્યારે એના વતી ૧૦૦ રૂ.ના ફૂલ ચઢાવતા હો ત્યારે મોઢેથી કહેવાનું કે આનો લાભ આ વ્યક્તિને મળે.

સભા:- ધર્મસ્થાનકમાં પણ સંસારના સગાવહાલાને યાદ કરાય?

સાહેબજી:- સામાન્ય સાધર્મિક પણ સંબંધ

હોય તો ચાહ કરવાનુ કહ્યુ છે. મફતમાં લાભ લેવાની ઈચ્છા જ નહિ રાખવાની. જેને ચઢાવવા આપ્યું છે તેના વતી જ અર્પણ કરવાનું છે. બીજાના વતી આપી હોય ત્યારે પણ નામ એનું જ આપવાનું મફતનો વશ ન જ લેવાય.

મહાપુરુષોએ ધર્મ કરતા એકપણ ખરાબ વૃત્તિ ધુસી ન જાય તેની તકેદારી રાખવાનુ કહ્યુ છે

સભા:- ગભારામાં બોલવાનો નિષેધ નથી?

સાહેબજી:- ગભારામાં જતા પહેલા જોરથી બોલવાનુ છે.

સભા:- કોઈ 'વીલ' કરે તેમાં લખે કે આટલુ મારા વતી કરજો તો તેનો લાભ તે વ્યક્તિને પહોંચે?

સાહેબજી:- ચોક્કસ પહોંચે, પ્રવૃત્તિથી જ ફક્ત પુણ્ય પાપનો બંધ નથી થતો પણ ભાવથી થાય છે. મરી ગયા પછી લાખ રૂા દાનમાં વપરાયા તે લાખ રૂા તેને કાંઈ પહોંચવાના નથી પણ શુભ ભાવ હોયતો લાભ ચોક્કસ મળે. ક્રિયા તો ભાવનું સાધન છે. ભાવનું ફળ છે. મૂળભૂત આધારશીલા તો ભાવ જ છે.

ધર્મી માબાપે વીલ ન કર્યું હોય તો પણ જો સારા સંતાન હોયતો તેમની પાછળ બની શકે તેટલુ સારા અનુષ્ઠાન કરે. પિતાના નામથી દાન આપે કે સત્પ્રવૃત્તિ કરે તે પિતાને ખબર નથી પણ કોઈક વખત પણ તેને જ્ઞાનથી ખબર પડે તો રાજી થાય. અનુમોદનાનો ભાવ પડ્યો છે. તેથી લાભ પરલોકમાં પણ મળે છે. ભાવ ન હોયતો કરોડો ખર્ચો તો પણ લાભ ન મળે.

નાસ્તિક કે તેના નાસ્તિક માબાપને

ધર્મી ન હોવાને કારણે તેમની પાછળ દિકરો ખરચે તો
દિકરાને કર્યાનો ભાવ પ્રમાણે લાભ મળે, પણ તેના
માબાપને કરાવણ કે અનુમોદનાનો લાભ ન મળે.

અત્યારે શિષ્યો પણ ગુરુના આત્મહિતાર્થે
ઘણું કરે છે. હેમચંદ્રસૂરિજીના માતુશ્રીને દિક્ષા લેતી
વખતે તેમના પિતાના વિરોધના કારણે મુશ્કેલી આવેલી
ને દિક્ષાથી મોડેથી લીધેલી જેથી જ્યારે તેમના કાળ
કરવાની તૈયારી થઈ ત્યારે તેમણે કહ્યું કે 'હું
આટલા શ્લોક લખીશ, આટલો જાપ કરીશ, સૌ
પણ કરોડોનો જાપ આપ્યો આત્મહિતાર્થે
આરાધના કરે તો તેને પણ લાભ મળે.

તમે કોઈના નિમિત્તે ફુલ ચડાવો તે વખતે
એનો ભાવ તે વ્યક્તિને મળે તેવો ભાવ હોય તો
એને પણ લાભ મળે અને તમને પણ લાભ મળે.
મફતિયા વૃત્તિથી પોતે જ લાભ-જશ ખાટી જવાની
વૃત્તિ આવે તે મલિન વૃત્તિ છે. શુભભાવ હંમેશા
જાળવવો જોઈએ. દાનમાં વિવેક રાખવો જ જોઈએ.

ઉપાશ્રયમાં ૫ લાખ રૂપિયાનો હોલ હોય
અને તમે સવા લાખનું જ દાન કરો ને તેના પર
તમારું નામ લખાવો તેનો અર્થ એ જ થાય કે
બાકીના સાડા ત્રણ લાખનો બીજાનો જશ તમારે
ખાટી જવો છે.

સભા:- અત્યારે તો લોટરી કાઢે છે?

સાહેબજી:- તે ઘોર અપ્રમાણિકતા છે
૫૦૦-૧૦૦૦ રૂ. આપીને બધો જ જશ ખાટી જવાની
વૃત્તિ છે. જુગારી મનોવૃત્તિ છે. ધર્મના જેવા પવિત્ર
ક્ષેત્રોમાં આવા સિદ્ધાંતો લાવો એટલે દાન આપીને

બધા પાપ જ બાંધશો. ૫ લાખના ઉપાશ્રયમાં એક લાખનું દાન આપીને નામ લખાવવું છે તેમાં શુભ ભાવ ઓછો છે ને અશુભભાવ વધારે છે.

- તમારી શક્તિ અનુસાર જ દાન કરો. શક્તિ ન હોય તો આગ્રહ નથી રાખવાનો. અમે અત્યંત ગરીબ શ્રાવક હોય તો તેને પૂજાનો નિયમ ન આપીએ. પ્રભુભક્તિ સ્વદ્રવ્યથી કરવાની છે. શક્તિ ન હોય તો પારકે પૈસે પૂજા ન જ કરાય.

શક્તિ હોય તો ઠાઠથી જ પૂજા કરવાની છે પણ જો શક્તિ ન હોય તો એક જ ભગવાનની પૂજા કરવાની તે પણ શક્તિ ન હોય તો એક ભગવાનની નવ અંગે પૂજા ન કરતા એક અંગે જ પૂજા કરવાની. અને આની પણ શક્તિ ન હોય તો પૂજા કરનાર બીજા શ્રાવકના કેસર બરાસ વગેરે ઘસી આપવા, જેથી તે શ્રાવક જ્યારે પૂજા કરે ત્યારે ઘસી આપનારને કરાવણનો લાભ મળે.

સભા: અમે તો આખા વર્ષના સાથે લખાવીએ છીએ.

સાહેબજી:- આ તો તમારુ પોત પ્રકાશે છે. તમે સ્વદ્રવ્યથી તો પૂજા કરતા બંધ થયા. અને વહીવટ પણ એવો ગોઠવ્યો કે જેથી સાધારણના ખર્ચાનો પાર નથી. ૨૦૦ ઘર વચ્ચે એક દેરાસર હોય છતાં પણ તેને સાચવવા તમારે પૂજારી નોકર જોઈએ.

સાહેબજી:- સાફસૂફી કરવાની જવાબદારી શ્રાવકોની જ છે. ભગવાનની ભક્તિમાં કામ કરતા શરમ આવે છે?

અત્યારનું બધું ઓટોમેટિક કરવા ટાઈમ કાઢો છો. અહીંયા તો ચોકિયાત જ જોતા હશો

કારણ પ્રભુ પ્રત્યે હજુ બહુમાન અંતરમાં થયું નથી. સંસાર માટે તમારામાં મૂળથી અનેક ગુણો ભાવ પડ્યો છે. જ્યારે પ્રભુના શાસન માટે તમારામાં કેટલા ભાવ આવે છે તે વિચારવાનું છે. તમારા ઘરે કોઈ શેઠિયાઓ જમવા આવે ત્યારે જમાડતા પહેલા હાથ જોડીને રૂમાલ લઈને ઉભા રહો છો.

સભા:- ચમચાગીરી કરવાની છે.

સાહેબજી:- કોની ખુશામતગીરી કરવાની? આવા ત્રણ લોકના નાથ, દેવાધિદેવ, જેની ભક્તિથી તમારા ભવોભવ છૂટે તેની ભક્તિ કરવાની છે? દુનિયાની ચાપલુસી તો ઘણી કરી, અહીં નથી કરી તેથી જ હજુ રખડીએ છીએ.

કલકત્તામાં રાજધાનમાં કેટલીયે ઠેકાણે કસોટીના પથ્થરના મંદિરો છે. પોતપોતાના મોટા ઘર-દેરાસરો છે. પણ તેમાં તમને એકપણ પૂજારી ન મળે. આમ તો તેઓના ઘરોમાં નોકરોનો પાર ના હોય. એક વર્ષના છોકરા માટે પણ બે નોકરો હોય. પણ જ્યારે શેઠિયા પૂજા કરે ત્યારે ભગવાનના દાસ લાગે.

સભા:- અત્યારે તો ઘણા દેરાસરો નાશ પામ્યા છે.

સાહેબજી:- જ્યાં પછીથી વંશ નહોતા ત્યાં આવું થયું છે. પણ હકીકત છે કે તેમની પુત્રવધૂઓ પણ રાજઘરાનાની હોય છતાં પણ દેરાસરના વાસણ માંજે, કચરો કાઢે. આમ ત્રણલોકના નાથની ભક્તિ જાતે કરવાની છે.

અત્યારે તમે ભગવાન કઈ રીતે

ઉપાડો? તમારે તો ઓઘડેથી જ ઉપાડવાના છે?
સમડું પકડે તેમ હો. જ્યારે આ તો લેતા
પહેલા અડધા વળી જાય. બહુમાન સાથે પ્રભુને
બે હાથમાં લે. તેમના વ્યવહાર પરથી જ ખ્યાલ
આવે કે તેમને પ્રભુ પ્રત્યે કેટલું બહુમાન છે
અત્યારે તો દિવસે દિવસે મૂળથી જ શ્રદ્ધા-ભક્તિ
ઘટતા જાય છે. અત્યારે તમારા ઘરના ખરચાના
બજેટ કેટલા? 10, 15, કે 20000 હશે પણ
પ્રભુની પૂજા કેવી રીતે કરશો! અહીંની જ
વાડકી લેવાની. કેસર પણ પાતળું અહીંથી જ લેવાનું
સંસારના બધા વ્યવહાર તમારા મોભા પ્રમાણે
કરશો. વખત આવે મોભાથી પણ વધારે કરો.
તમારી શ્રીમંતાઈ અમારે જોવી હોય તો સંસારક્ષેત્રે
જ જોઈ શકાય. જ્યારે સાચા શ્રાવકની શ્રીમંતાઈને
જોવી તો તેની પૂજા ને તેના ધર્મ અનુષ્ઠાન પરથી
દેખાઈ આવે. ઘણાની પૂજા કેવી હોય જાણે
દરિદ્રનારાયણની પૂજા લાગે. ઘરમાં તો દીકરાઓને
કેસરવાળા દૂધ પીવડાવવા છે પણ અહીંયા જ
ભાવના થતી નથી. જેટલું કુટુંબ-કબીલા-પરિવારમાં
પોતીકાપણું લાગ્યું તેવું અહીંયા લાગ્યું નથી.
ભગવાન પરાયા છે કે તમારા છે? બસ આ જ
મોટી ખોટ છે.

પુણ્યના કેટલા પ્રકાર છે તેમાં બધા જ
પુણ્ય હિતકારી નથી. એકલા બંધને ન વિચારતા
સાથે અનુબંધને પણ વિચારવાનો છે.

પુણ્ય બાંધનારો, ઘણી વખત પાપનો
અનુબંધ પાડે. પુણ્ય બાંધે એટલે પુણ્યનો અનુબંધ

પાડે એવું નથી. પણ જો જન્મોના ધોરણ એક જ હોયતો મજા પડી જાય.

સત્કાર્યથી પુણ્ય બંધાય. પુણ્ય હોયતો તે હવે પુણ્યથી મળેલ સામગ્રી, ધર્મમાં ઉપયોગ કરે એટલે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તેવું નથી. આપણે પાચ અબજ માણસો માનવભવમાં રખડી રખડીને આવ્યા છીએ.

એકેન્દ્રિય નિગોદમા બહાર આવ્યા પછી

સૂક્ષ્મ માંથી બાદર બન્યા

બાદરમાંથી પ્રત્યેક બન્યા ને પછી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રીય તેમ ક્રમસર ચડ્યા. એમાં પણ પણ ક્રમસર થાય તેવું નથી. ઘણી વખત અસંખ્ય ભવ થયા પછી ઉપર આવે. આમા ચઢ ઉતરપણ પણ થાય.

સૂક્ષ્મમાંથી બાદર થયો તે પુણ્ય બાંધીને

એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય થયો તો તે પણ પુણ્ય બાંધીને, ને બેઇન્દ્રિયમાંથી તેઇન્દ્રિય થયો તો તે પુણ્ય બાંધીને. હવે બેઇન્દ્રિય કરતા તેઇન્દ્રિય વધારે વિકસિત છે. પણ જો શક્તિનો સદુપયોગ ન કરે તો ઉપર ન ચઢે. દુરુપયોગ કરે તેથી તે નીચે જ જાય. તેમ ચઉરીન્દ્રિય ને પંચેન્દ્રિય, મનુષ્ય થયા એટલે આપણે એક વખત પુણ્ય બાંધ્યુ અને તેનો સદુપયોગ કર્યો એટલે જ માનવ થયા, એટલે કોનાથી જ આપણે પુણ્યાનુબંધી પુણ્યવાળા ન કહેવાઈએ. શક્તિ પણ પુણ્યથી મળે, પૈસા વધારે કમાવવા હોય તો ૫૦૦ રૂા ની મૂડી વાળો વધારે કમાઈ શકે કે ૨૫૦૦૦ વાળા વધારે

કમાઈ શકે. જેમ કમાવાની શક્તિ વધે તેથી
વધારે invest કરો તો જ વધારે મળે. તેવી જ
રીતે એક પુણ્યથી આગળ, પણ આમાં અનુબંધ
નથી બંધાતો. આ serial પણ ક્યાં સુધી ચાલશે?
આ પુણ્યથી મોજમજા કરી ને પાપ બાંધી દુર્ગતિ
ફરી ભવની પરંપરા સર્જાશે. કેટલુંયે પુણ્ય ભેગું
કરી શક્તિ મેળવી ને પછી પાપ કરીને ઘોર
દુર્ગતિમાં જ જશે. આ બધું આપ્યું કોણે? પુણ્યે
જ. અત્યારે માટે થોડા પુણ્યનો સદુપયોગ
કરો એટલે પુણ્યાનુબંધી પુણ્ય નથી બંધાતું.

સભા:- પુણ્ય કરવાની બુદ્ધિ કેમ જાગી?

સાહેબજી:- એતો શુભભાવથી જાગી. નવા
પૈસાભાર પણ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે તો જીવનો
મોક્ષ નક્કી જ છે. પુણ્યાનુબંધી પુણ્યમાં મોક્ષ
અપાવવાની શક્તિ છે. તે જીવ મોડો વહેલો તેનો
ઉદ્ધાર થવાનો જ.

મોક્ષે જવામાં જેમ આંતરિક દૃષ્ટિ ઉપયોગી છે.
તેમ બાહ્ય દૃષ્ટિએ પુણ્યાનુબંધી પુણ્ય પણ ઉપયોગી છે.
પુણ્યાનુબંધી પુણ્ય બાંધવા માટે જે conditions મૂક્યા છે
તે સમજવા પડે.

શુભથી પુણ્ય બંધ, અશુભથી પાપ બંધ
આમાં જેટલો સાચો વૈરાગ્યનો ભાવ અને
સાથે જેટલો વિવેકનો પરિણામ, તે પ્રમાણે
શુભ અનુબંધ પડવાનો.

સંસાર રસિકતા અવિવેકને કારણે છે.
વૈરાગ્યશૂન્ય અને વિવેકશૂન્ય આત્માને પાપાનુ-
બંધી પુણ્ય જ બંધાય. આમાં નક્કી શું થાય?

ઘણા લોકો દયા - પરોપકાર કરૂણાની પ્રવૃત્તિ કરે ને સાથે જો વૈરાગ્ય કે વિવેકના ગુણ ન હોય એટલે પાપાનુબંધી પુણ્ય બાંધશે. તેના જેમ ધાર્મિક ક્ષેત્રે પણ પૂજા - સામાયિક - ભક્તિ આદિ કરેને સાથે વૈરાગ્ય કે વિવેક ન હોય તેઓ પાપાનુબંધી પુણ્ય બાંધશે, તેઓ ધાર્મિક પ્રવૃત્તિ કરીને પણ પુણ્યાનુબંધી પુણ્ય ન બાંધી શકે.

સભા: - વૈરાગ્ય કેવી રીતે આવે?

સાહેબજી: - તેની પદ્ધતિ, આ જુદો વિષય છે. વૈરાગ્યને વિવેક, પુણ્ય અનુબંધનું કારણ કેમ છે? અનુબંધ શું ચીજ છે? તે સમજવી પડશે.

દૃષ્ટાંતરૂપે એક કીલો ઘઉં લો. તેની રોટલી બનાવીને કોઈને આપો તો તે પેટ ભરીને જમી શકે. આ કીલો ઘઉંની કેટલી તાકાત છે તો કહેવાયકે એક માણસનું પેટ ભરાય. પણ આ જ ૧ કીલો ઘઉં જો વાવી દઈએ તો આટલા દાણામાંથી કેટલા દાણા વધારે થાય? પછી ફરીથી તે દાણા વાવી દઈએ તો એના કરતા કેટલાયે દાણા વધારે વધે. તેથી એક દાણામાં દુનિયાભરના માણસોનું પેટ ભરી શકાય, તેટલી સર્જન શક્તિ છે.

જો આવડત હોય તો એક દાણામાંથી આખી દુનિયાના માણસોનું પેટ ભરી શકાય. સર્જન શક્તિ અતુટ છે. તેવી જ રીતે આત્મા પર જે કંઈપણ કર્મ બંધાયુ હોય તેમાં તાકાત કેવી હોય? પુણ્ય હોય તો સુખસાધન ઉદયમાં, અનુકૂળતા આપશે અને પાપ હોય તો દુઃખ આપશે, જે ઉદયમાં પ્રતિકૂળતા ઉભી કરશે.

તેમાં બીજી કોઈ તાકાત નથી. પણ તેમાં અનુબંધ પડે છે તે સર્જન શક્તિ કે ઉત્પાદન શક્તિ છે. જો આ પાપની સર્જન શક્તિ વાળા હશે તો પાપથી આત્મા છવાઈ જશે. અને જો પુણ્યની સર્જન-શક્તિવાળા હશે તો પુણ્યની પરંપરા સર્જાશે.

વિકાસની દૃષ્ટિએ 'બંધનું' મહત્વ નથી પણ 'અનુબંધનું' મહત્વ છે. એક કીલો ઘઉંની સીધી ખાવાની દૃષ્ટિએ મૂલ્ય કેટલું? ઉત્પાદન દૃષ્ટિએ મૂલ્ય કેટલું?

એક દયાનું કામ કરીને તેમાં જો પાપની સર્જનશક્તિ હશે તો તમારા આત્મા પર પાપ પડશે પાછું પાપ ઝાઝુ મોટુ પાપ, એમ પાપની શૃંખલા ચાલશે: કણિયો મોટો થતા ઢગલો થઈ જશે. પુણ્ય શક્તિ હશે તો પુણ્ય છવાઈ જશે.

પુણ્યના અનુબંધની શક્તિ મોક્ષસાધક હશે. એટલે ઉત્તરોત્તર ગુણ કેળવી વિકાસ દ્વારા મોક્ષે પહોંચાડશે. આમ સામાન્ય શુભકામ પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તે રીતે કરવું જોઈએ. તેમાં વિવેક અને વૈરાગ્ય ભળવો જ જોઈએ તો જ તે થાય. અનુબંધ તમારા આત્મા પર કેવું છવાઈ જશે. અને આગળ આગળ કેવું ઉત્પાદન થશે તે આના દ્વારા બતાવે છે.

વર્તમાનમાં કર્મ બાંધ્યુ તેનું ફળ શું? જેમ પાણી કીંમત હોય. પાણી અનિવાર્ય ચીજ છે પણ એકલા પાણીથી કાંઈ તાકાત ન મળે. નહિતર તમે ઉપવાસ આદિમાં મજબૂત થાવ. એકલું પાણી શક્તિ નથી આપતું, પણ પાણી

અભિમંત્રિત હોય, વિશિષ્ટ કોટિના મંત્રનું તેમાં આધાન કરવામાં આવ્યું હોય તો તે અમૃતતુલ્ય બની શકે છે. જ્યારે ગૃહધર્મો જેવાકે વૈરાગ્ય અને વિવેક દ્વારા પુણ્ય અભિમંત્રિત થાય છે, ત્યારે ભોગ ભોગવતા હોવા છતા પણ તે પુણ્ય આત્માને અમૃત તુલ્ય બને છે. પછી જે પુણ્યથી ભોગ, ભોગથી પાપ ને પાપથી દુર્ગતિ ને દુર્ગતિથી જે લાખ ભવોની પરંપરા આ બધું આ અમૃત તુલ્ય પુણ્યથી છૂટી જાય છે.

સાધુ અપવાદ માર્ગે અનુકંપા કરે કે શ્રાવક આજ્ઞા સાથે કરે (અનુકંપા) તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. આગળ પહેલા કહી ગયા છે કે 'અનુકંપા-પુણ્યબંધનું કારણ છે, ને સુપાત્ર મોક્ષનું કારણ છે

(૧) અનાર્યદેશની અનુકંપા તુચ્છ પુણ્ય ને પાપ ઘણું બાંધશે

(૨) આર્યદેશની નાસ્તિકતુલ્ય અનુકંપા જેનામાં ધર્મદૃષ્ટિ નથી તે દયા- પરોપકાર- કરૂણા મૈત્રી દ્વારા તુચ્છ પુણ્ય સાથે પાપ ઘણું બાંધશે, પણ અનુબંધ તો પાપનો જ પડશે.

(૩) આર્યદેશની આસ્તિકતુલ્ય, ધર્મદૃષ્ટિ વાળા સદાચારી સત્પ્રવૃત્તિ દ્વારા ને લૌકિક દયાદાનથી બંધ, પુણ્યનો પડશે પણ અનુબંધ તો પાપનો જ પડશે.

(૪) પણ આર્યદેશમાં જૈન શાસનના ભગવાનની આજ્ઞા મુજબ શાસન પ્રભાવનાના તથા, આત્મ-કલ્યાણના આશય વગેરેથી વૈરાગ્ય ને વિવેક સાથે જે અનુકંપા કરશે તે આત્માને ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્ય બાંધશે.

આ બધામાં પ્રવૃત્તિ તો દાનની જ લીધી છે. નાસ્તિક- આસ્તિક, આર્ય - અનાર્ય કે જૈન ધર્મી આ

બધાની માનવતાના ફળમાં કેટલો તફાવત આવશે.
હવે તમારે કયું દાન કરી કેવું ફળ મેળવવું છે તે નક્કી કરવાનું છે. કાર્ય એક જ છે પણ જો કરતાં આવડે તો બેડો પાર થઇ જાય, અને જો ન કરતા આવડે તો આત્માની પાયમાલી પણ થઇ શકે. તેથી જ વિચારીને અનુકંપા કરવાની છે.

હરિભદ્રસૂરિજી માટે કોઇએ આક્ષેપ કર્યો છે કે તેઓ આ બાબતમાં શિથિલ હતા, પણ તેના બચાવમાં કહ્યું છે કે તેઓ પોતે 'સંવિજ્ઞપાક્ષિક હતા. સંવિજ્ઞપાક્ષિક કદાચ સત્ય આચરી ન શકે પણ તેઓ કદી અસત્ય તો બોલે જ નહિ. સાધુપણામાં છેલ્લી ભૂમિકા સંવિજ્ઞપાક્ષિક છે. (ભોજનકાળમાં હરિભદ્રસૂરિ મહારાજ શંખવાદનપૂર્વક અર્થીઓને ભોજન આપતા હતા, તેમ કહે છે) સંવિજ્ઞપાક્ષિક હોવાથી તેમના માટે કહેવાયેલું આ કથન ખોટું ઠરે છે.

બંધ એકવખત ભોગવવાનું ફળ આપશે જ્યારે અનુબંધ હજાર વખતનું ફળ આપશે.

શંકા:- એક રીંઢો છે ને એક પાસ છે.

સાહેબજી:- પાસની તો બહુ હલકી ઉપમા આપી, અનુબંધમાં સાઇકલ છે સમજ શકો તો ચોંટી ઉઠશો. પુણ્યપાપના બંધનું મહત્વ નથી પણ પુણ્ય-પાપના અનુબંધનું મહત્વ છે.

પુણ્ય બાંધતા અનુબંધ અશુભ હશે તો તે નુકશાનકારક છે. અને જો પાપ બાંધતા અનુબંધ શુભ હશે તો હિતકારી છે. તેથી જ સમ્યક્દૃષ્ટિ આત્મા પાપ કરતો પણ તે તેના આત્મા માટે હિતકારી છે.

જે મિથ્યાદ્રષ્ટિ પુણ્ય બાંધે તો પણ તે આત્મા માટે હિતકારી નથી. જૈનશાસનમાં કેટલો વિવેક છે તેવો દુનિયાના કોઈપણ ધર્મમાં અનુબંધનો વિવેક નથી. તીર્થંકરનો ઉપદેશ અનુબંધ પ્રધાન છે.

સભા:- અનુબંધ શુભ છે કે અશુભ તે કઈ રીતે ખબર પડે?

સાહેબજી:- કોઈપણ શુભ પ્રવૃત્તિ સાથે વિવેક અને વૈરાગ્ય ભાવ હશે તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાશે. પાંચ રૂપિયાનું દાન કરો તો પણ મનમાં વૈરાગ્ય ને વિવેક જોઈએ.

સભા:- વૈરાગ્ય એટલે દિક્ષાભાવ જ ને?

સાહેબજી:- ના એવું નથી. જેને સુખમય સંસારમાં અસારતાનું ભાન છે તેનું નામ વૈરાગ્ય.

સભા:- પંચસૂત્ર વાંચવાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાશે?

સાહેબજી:- પંચસૂત્ર વાંચવાથી પુણ્યાનુબંધી પુણ્ય કોને બંધાય કે જેનાથી તેને તેમાં લખેલી વાતો હૈયા સોંસરવી ઉતરી જાય. જો એક એક વાત સમજો તો જીવનમાં ક્રાન્તિ થઈ જાય. હરિભદ્રસૂરિજીએ ટીકા કરી છે તો વિચારો કે તેનું તત્ત્વ કેટલું દોહન-ગંભીર- અપાર હશે.

બંધ કરતા અનુબંધનું મહત્ત્વ અનંત ગણું વધારે છે.

પહાડ જેટલું પુણ્ય બાંધો પણ અનુબંધ જો અશુભ હોય તો અમે રાજી નથી. પાપ બંધાતા પણ અનુબંધ શુભ હોય તો અમે રાજી થવાના. સમ્યગ્દ્રષ્ટિ જીવો સંસારમાં પાપ પ્રવૃત્તિ કરે ત્યારે પણ તેમનામાં વિવેક અને વૈરાગ્ય જાગૃત

હોય છે. ને તેથી જ તેમને અનુબંધ શુભ પડે છે.
આખો સંસાર ત્યાગો તો પણ જો વૈરાગ્ય ને વિવેક
નહિં હોય તો એકલું પુણ્ય બાંધશો. ને અનુબંધ પણ
અશુભ બાંધશો.

જૈન શાસનનો શ્રાવક હોય કે સાધુ હોય
તેની પ્રવૃત્તિ જો ભગવાનની આજ્ઞા મુજબ હોય તો
પુણ્યાનુબંધી પુણ્ય બાંધશે. તે કદી તેને સંસારમાં
રખડાવશે નહિં. પણ તેના આત્માનું કલ્યાણ જ
કરશે. જ્યારે લૌકિક પ્રવૃત્તિ સંસારમાં રખડાવશે.
લૌકિક કરોડો લોકોના દયા-દાન-પરોપકાર કરે.
ઢગ ખડકે તો પણ પુણ્ય કેવું બંધાય? તો તે
પાપાનુબંધી પુણ્ય બંધાય, ને સંસારમાં રખડાવે.
આત્માની બરબાદી જ અંતે થાય. તેથી જ લૌકિક
પ્રવૃત્તિની અનુમોદના ન કરાય. ગમે તેટલી નીતિ
પાળે તો પણ પાપાનુબંધી પુણ્યવાળા હોય તો હું
અનુમોદના ન કરું. એમ હંમેશા આત્મિક રીતે
હીતાહીતનો વિચાર કરીયે છીએ.

જૈન શાસનનું તત્ત્વ અનુબંધથી ચાલુ થાય છે.
તમે નીતિ જોઈને આભા બની જાવ છો કરોડો રૂ.નું
દાન આપે પણ પુણ્ય કેવું બાંધ્યુ? ખતરનાક. નીતિ
ખાતર વેઠે ઘણું પણ નાસ્તિક. ઈશ્વરની વાત
આવે તો હેકડી ઉડાડે. અને જીવહિંસામાં પણ ન
માને. વ્યક્તિ પ્રાણ સાટે નિસ્વાર્થ ભાવનાથી નીતિ
પાળે છે. તેને કીર્તિ, નામના, આબરૂ-કશાની
ઈચ્છા નથી. બધા જ ગુણ તેનામાં હોવા છતા
જો તેનામાં વૈરાગ્ય કે વિવેક ન હોય તો
પાપાનુબંધી પુણ્ય બાંધશે.

સભા:- નાસ્તિક હોય તે રાતોરાત બદલાઈ જાય
ખરો?

સાહેબજી:- આમાં તો આખી વિચારધારા બદલવી પડે. કોઈકને થઈ પણ શકે. પણ બધાને તેવું Label આપી શકાય નહિ. મૂળમાં વૈરાગ્ય વિવેક ન હોય તો પાપાનુબંધી પુણ્ય જ બંધાય.

આપણા આત્મા ઉપર ચોવીસે કલાક બંધ-અનુબંધ ચાલુ છે. બંધ સારો ને અનુબંધ સારો એ બંધ ખરાબ ને અનુબંધ ખરાબ તેવું નથી. હંમેશા ચકાસણી કરવા જાગૃત રહેવું પડે. વૈરાગ્ય વગરના જીવને અનુબંધ કેવા પડે?

જે પાપને સારા માને છે, ને પાપ જેને ગમે છે. તેને નિયમા પાપનો અનુબંધ ગમે જ. સંસાર એટલે પાપનો અખાડો - પાપની ભરમાળ તે પાપમય હોય છે. જેને સંસારમાં રસ છે તેને વળી પાપનો રસ છે. ખાવું-પીવું-મોજ કરવી તે સારું છે. ૧૮ પાપસ્થાનકોમાંથી એકપણ સ્થાનક સારું લાગતું હોય. અરે એક સ્થાનકનો એક વિભાગ પણ જો સારો લાગતો હોય તો તે પાપનો રસિક છે. તો તે અનુબંધ પાપનો જ પાડે.

વૈરાગ્ય પાપનો રસ તોડી નાખે. વૈરાગ્ય આવ્યા પછી પાપ ટકે નહિ. ભૂતકાળમાં આત્માએ પુણ્યનો અનુબંધ નથી પાડ્યો માટે જ આત્મા રખડે છે. જે દિવસથી પુણ્યનો અનુબંધ પાડશું તે દિવસથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધશું. અનુબંધ પુણ્યનો પાડશું પછી જ કલ્યાણમાર્ગે ચડી શકશું.

૧૦-૮-૦૭

।। પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ।। 276

મંગળવાર   અનુકંપાદાન   ચોપાટી

૨૬-૮-૯૪

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને ઉચ્ચતમ પુણ્યના સ્વામી બને તેના ઉપાયોને સમ્યગ્ રીતે બતાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ જેને પણ આત્મ કલ્યાણ કરવું હોય છે તેને પુણ્યની આવશ્યકતા રહેવાની. ભૌતિક સામગ્રી પામવા માટે પણ પુણ્ય આવશ્યક છે. તમારા ભૂતકાળમાં બાંધેલા પુણ્યથી જ મનુષ્યભવ મળ્યો છે. બધા જીવોને કાંઈ આવો ભવ મળ્યો નથી. આપણને આંખ-કાન-નાક બરાબર મળ્યા છે. જ્યારે ઘણા મનુષ્યો જન્મથી જ આંધળા-બહેરા-લૂલા લંગડા હોય છે. આપણને નિરોગી દેહ શરીર મળ્યો. આયુષ્ય પણ લાંબુ મળ્યુ. પાછુ દેવ-ગુરુ-ધર્મનો યોગ મળ્યો ને શક્તિ મળી. આ બધો પુણ્યનો જ પ્રતાપ છે. આ પામ્યા વગર મોક્ષની સાધના કરી શકાતી નથી.

આત્મ કલ્યાણ કરવા માટે ધર્મ સામગ્રી અપાવે તેવું પુણ્ય જુદુ અને ભૌતિક સામગ્રી અપાવે તેવું પુણ્ય પણ જુદુ.

બંધની વિશેષતા એ છે કે જે સંસારમાં ભોગ સામગ્રી અપાવે. ગાડી-વાડી-મોજમજાના સાધનો ને સત્તા કે પાપ કરવાના સાધનો મળ્યા છે શક્તિ-અનુકૂળતા મળી છે. આ બધામાં પુણ્ય જ જવાબદાર છે. ધર્મસામગ્રી મળવામાં પણ પુણ્ય જ જવાબદાર છે.

આ ભૌતિક ક્ષેત્રે કે ધાર્મિક ક્ષેત્રે જે કંઈપણ સારી સામગ્રી મળી છે તે પુણ્યથી મળી છે અને તેની સામે ભૌતિક કે ધાર્મિક ક્ષેત્રે જે આડખીલી તકલીફો પ્રતિકૂળતા મળે છે તે પાપથી મળે છે.

બેડોળ રૂપ મળ્યુ છે તે પાપના ઉદયથી
સારૂ રૂપ મળ્યુ છે તે પુણ્યના ઉદયથી
શ્રીમંતાઈ મળી તે પુણ્યના ઉદયથી
ગરીબાઈ " " પાપના " તેવી જેમ

ધાર્મિક ક્ષેત્ર પણ જે આડખીલી, તકલીફો, પ્રતિકૂળતા મળે છે તે પાપથી મળે છે.

સારો ધર્મ મળ્યો તે પુણ્યના ઉદયથી.
સારા ગુરૂ મળ્યા તે " "

પણ આચરણ પુણ્યથી નથી કરતા. યોગ પુણ્યથી થયો છે પણ સદ્ગુરૂ ઓળખવાને આરાધના કરવી તેમાં પુણ્ય કારણ નથી.

સામગ્રી પુણ્યથી મળે છે પણ વિકાસ પુરુષાર્થથી થાય છે.

તીર્થંકરનું શાસન મળ્યુ છે, તે પુણ્યના ઉદયથી. આ જન્મમાં આકસ્મિત મળ્યુ નથી પણ તેમાં પુણ્ય વિપાક કારણ છે. જ્યારે આરાધના ઉપાસના કરવી તેમાં પુણ્ય કારણ નથી

સભા:- કર્માનુસારી બુધ્ધિ. ?

સાહેબજી:- આ નિયમ નિકાચિત કર્મો પર લાગે છે એ પણ મોહનીય કર્મ હોય તો બુધ્ધિ પર અસર કરે. કારણ બુધ્ધિ ઉપર અસર કરનાર મોહનીય કર્મ છે. ઘણા કર્મોને તમારી સાથે લેવા દેવા નથી. બેડોળ રૂપ કે કર્મે આપ્યુ

તેને બુદ્ધિ સાથે કાંઈ લેવાદેવા નથી. પોતપોતાનું કર્મોનું ખાતુ સોંપેલું છે. એક કર્મ આ અસર કરે. ને એક કર્મ આવી અસર કરે. મોટી કંપનીઓમાં જેમ એજન્સીઓને ખાતા સોંપી દીધેલ હોય છે, તેમ જેનું જે ખાતુ હોય તે તેને સંભાળવાનું.

જ્ઞાનાવરણીય કર્મનું શું કામ ?, કે જ્ઞાન-શક્તિને આવરે. જેટલા બની શકે તેટલા તમને તે અજ્ઞાન અબુઝ બનાવે. પણ તમારામાં જેટલું જ્ઞાન છે તેને સારૂં કે ખરાબ બનાવવામાં તેના ઉપર અસર મોહનીય કર્મ કરે છે. બુદ્ધિમાં જે ફેરફાર થાય છે તેમાં જો નિકાચિત મોહનીય હોય તો તેના પ્રમાણે થશે. અનિકાચિતમાં એવું નથી. અહીં પણ અનેકાંતવાદ આવશે. જો કર્માનુસારી બુદ્ધિ કહેશો તો બધી બાજી તમારા હાથમાંથી સરી જશે.

પાપની બુદ્ધિ કર્મ કરાવે, કર્મ પણ પાપરૂપે બંધાશે તેના ઉદયથી દુઃખ પણ કર્મ આપે. એવું બધુ જ જો કર્મ કરાવે તો તમારે કશું કરવાનું રહેતુ નથી. કર્માનુસારી બુદ્ધિ એ ફક્ત નિકાચિતમાં લાગે. અનિકાચિત કર્મોમાં નહિ. મારી બુદ્ધિથી ગુસ્સો આવે ત્યારે થવા દેવો. હવે તેની જેમ અહંકાર આસક્તિ બધુ જ થવા દેવું ? અને તમારે જોયા કરવાનું ? તો પછી ધર્મની જરૂર જ ન રહી. ક્ષમાની વાતો પણ નકામી જ થઈ જાય. જો આ સિદ્ધાંત લગાડીએ તો આખા ધર્મનો વ્યવહાર લોપ થઈ જાય ને અનર્થ થઈ જાય.

કેટલી ધર્મની સામગ્રી મળી છે તેમાં પુણ્યનો ફાળો છે. પુણ્યનો ઉપયોગ કે સદ્ઉપયોગ કરી પૂરું કરવાનું. જ્યારે ઘણાને જૈન શાસન મળ્યું છે, પણ તેમને ઉપાસના કે આરાધના કરવાનું જરૂર નથી લાગતી માટે તેના પુણ્યનો ઉપયોગ થતો નથી ને પુણ્ય એમનેમ પડ્યા રહે, અને જતા પણ રહે.

હવે મુળભુત સિદ્ધાંત શું છે? કે

ધર્મસામગ્રી પુણ્યનું ફળ છે, ભૌતિક સામગ્રી પણ પુણ્યનું ફળ છે. મારા સદ્ભાગ્યથી કે મને આ લાભનુ મળી પણ આ બે પુણ્ય બંધાયા સદ્ભાવથી

સભા:- પરિણામ ભાવ એક જ છે.

સાહેબજી:- હા, પર્યાયવાચી શબ્દ છે. શુભ ભાવે ધાર્મિક સામગ્રી અપાવે છે ને શુભ ભાવે ભૌતિક સામગ્રી અપાવે છે. પણ આ પુણ્યની limit કેટલી? તો એક વખત ધર્મ સામગ્રી અપાવે અથવા તો ભૌતિક સામગ્રી અપાવે. પણ તેનો ઉપયોગ શું કરવો ને તેનું ભાવિ શું થાય? તેનો ઉપાય આપણા હાથમાં પુરુષાર્થથી છે.

એક વખત તો પુણ્ય બંધાયુ, તે વખતે એવા શુભ પરિણામ કર્યો કે સદ્ગુરુ તથા સામગ્રી ધર્મની મળી. એટલે આ પાછલા ભવના શુભ પરિણામથી, શું થયું? એક સારી તક ઉભી થઇ. આ ભવમાં મળેલી તકને જતી કરો તો આ બીજી તક તમને ફળ આપશે જ તેવો નિયમ નથી. નુકશાન પણ કરી શકે છે. પણ તમને means આપ્યો છે છે.

સભા:- કર્મ હળવા થાય ત્યારે જ ધર્મ કરવાનુ

તેને બુદ્ધિ સાથે કાંઈ લેવાદેવા નથી. પોતપોતાનું કર્મોનું ખાતું સોંપેલું છે. એક કર્મ આ અસર કરે ને એક કર્મ આવી અસર કરે. મોટી કંપનીઓમાં જેમ એકબીજાને ખાતા સોંપી દીધેલા હોય છે, તેમા જેનું જે ખાતુ હોય તે તેને સંભાળવાનું.

જ્ઞાનાવરણીય કર્મનું શું ફળ? કે જ્ઞાન-શક્તિને આવરે. જેટલા બની શકે તેટલા તમને તે અજ્ઞાન અબુઝ બનાવે. પણ તમારામાં જેટલું જ્ઞાન છે તેને સારૂ કે ખરાબ બનાવવામાં તેના ઉપર અસર મોહનીય કર્મ કરે છે. બુદ્ધિમાં જે ફેરફાર થાય છે તેમાં જો નિકાચિત મોહનીય હોય તો તેના પ્રમાણે થશે. અનિકાચિતમાં એવું નથી. અહીં પણ અનેકાંતવાદ આવશે. જો કર્માનુસારી બુદ્ધિ કહેશો તો બધી બાજી તમારા હાથમાંથી સરી જશે.

પાપની બુદ્ધિ કર્મ કરાવે, કર્મ પણ પાપરૂપે બળત્રે તેના ઉદયથી દુઃખ પણ કર્મ આપે. એવું બધુ જ જો કર્મ કરાવે તો તમારે કશું કરવાનું રહેતુ નથી. કર્માનુસારી બુદ્ધિ એ ફક્ત નિકાચિતમાં લાગે. અનિકાચિત કર્મોમાં નહિં. મારી બુદ્ધિથી ગુસ્સો આવે ત્યારે થવા દેવો. હવે તેની જેમ અહંકાર આસક્તિ બધુ - થવા દેવું? અને તમારે જોયા કરવાનું? તો પછી ધર્મની જરૂર જ ન રહી. ક્ષમાની વાતો પણ નકામી જ થઈ જાય.

જો આ સિદ્ધાંત લગાડીયે તો આખા ધર્મનો વ્યવહાર લોપ થઈ જાય ને અનર્થ થઈ જાય.

કેટલી ધર્મની સામગ્રી મળે છે તેમા પુણ્યનો ફાળો છે.
પુણ્યનો ઉપયોગ કે સદુપયોગ કરી પુરૂ કરવાનુ.
જ્યારે ઘણાને જૈન શાસન મળ્યુ છે, પણ તેમને ઉપાસના કે આરાધના કરવાની જરૂર નથી લાગતી માટે તેના પુણ્યનો ઉપયોગ થતો નથી ને પુણ્ય એમનેમ પડ્યા રહે, અને જતા પણ રહે.

હવે મુળભુત સિદ્ધાંત શુ છે? કે

ધર્મસામગ્રી પુણ્યનું ફળ છે, ભૌતિક સામગ્રી પણ પુણ્યનુ ફળ છે. મારા સદ્ભાગ્યથી કે મને આ બધુ મળી પણ આ બે પુણ્ય બંધાયા સદ્ભાવથી

સભા:- પરિણામ ભાવ એક જ છે.

સાહેબજી:- હા. પર્યાયવાચી શબ્દ છે. શુભ ભાવો ધાર્મિક સામગ્રી અપાવે છે ને શુભ ભાવો ભૌતિક સામગ્રી અપાવે છે. પણ આ પુણ્યની limit કેટલી? તો એક વખત ધર્મ સામગ્રી અપાવે અથવા તો ભૌતિક સામગ્રી અપાવે. પણ તેનો ઉપયોગ શું કરવોને તેનું ભાવિ શું થાય? તેનો ઉપાય આપણા હાથમાં પુરુષાર્થથી છે.

એક વખત તો પુણ્ય બંધાયુ, તે વખતે તીવ્ર શુભ પરિણામ કર્યો કે સદ્ગુરૂ તથા સામગ્રી ધર્મની મળી. એટલે આ આગલા ભવના શુભ પરિણામથી, શુ થયું કે? એક સારી તક ઉભી થઇ. આ ભવમાં મળેલી તકને જતી કરો તો આ બીજી તક તમને ફળ આપશે જ તેવો નિયમ નથી. નુકશાન પણ કરી શકે છે. પણ તમને means આપી છે છે.

સભા:- કર્મ હળવા થાય ત્યારે જ ધર્મ કરવાનુ

મન થાય?

સાહેબજી :- હા, અતિશય તીવ્ર ભારેકર્મી જીવ હોય તો તેને ધર્મ કરવાનું મન નથી થતું. આપણને આવી અનંતીવાર લઘુ-કર્મતા મળી છે પણ એનાથી સાર્થકતા નથી. દા.ત. દરિયાના પાણીમાં રોજ ભરતી ને ઓટ આવે છે. પૂનમે વધારે આવે અને અમુક દિવસે ઓછી આવે. ભરતી આવે ત્યારે પાણી વધારે હોય ને ઓટ આવે ત્યારે પાણી ઓસરવા લાગે. બસ એની જ જેમ જ અનંતીવાર આત્મા પર કર્મ-ભરતી ને ઓટ આવ્યા છે. જ્યારે ઓટ આવે ત્યારે કર્મનો ભાર હળવો થાય ને જીવ શુભ પરિણામ કરુણા-મૈત્રી, દયા-દાન-શીલ-શ્રદ્ધા જેવા ગુણો પામે ને સંયમ કરે. શુભભાવ કરે શુભ ક્રિયા કરે

પશુયોનિમાં પણ કર્મ હળવા થાય ત્યારે જીવ શાંત-સહિષ્ણુ-સજ્જન બની જાય. તેથી જ એક કૂતરો શાંત અને એક કષાયી હોય છે. બન્નેની પ્રકૃતિમાં તફાવત છે. આ પ્રકૃતિગત છે. તેને કોઈ ભણાવવા નથી જતું.

મનુષ્યભવ નો શુભભાવ કરીએ તો મળે અને મનુષ્યભવ પામ્યા પછી પુરુષાર્થ હોય તો શુભભાવ-થી પુણ્ય બંધાય અને પછી તેનાથી દેવલોક કે રાજ-સત્તાધીશ વગેરે બને. આવી અનંતીવાર પુણ્યથી મળતી પદવીઓ મેળવી છે. આનું કારણ આત્મા પર કર્મની ઓટ આવેલી, પણ કલ્યાણ થયું નહિ. તે વખતે બંધ સુધર્યો પણ અનુબંધ સુધર્યો નહિ. અશુભબંધ ઓછો કર્યો એટલે

પુણ્ય બંધાયુ, પણ મહત્તા અનુબંધની છે. કોઈપણ આત્મા અનુબંધ વગર મોક્ષમાર્ગ પર ચડી શકતો નથી, પછી ભલેને ગમેતેટલો ગુણિયલ હોય. કે પુણ્યશાળી હોય, પણ તેનાથી કલ્યાણનો માર્ગ દૂર જ છે. આમ બંધ કરતા અનુબંધની મહત્તા અનંત-ગણી છે.

અશુભબંધ કરતી વખતે જો અનુબંધ પુણ્યનો હશેતો વાંધો નથી. પુણ્યબંધ કરતી વખતે જો અનુબંધ પાપનો હશેતો તમે ખોટના માર્ગે છો. અધોગતિના માર્ગે છો.

પુણ્યધર્મની સામગ્રી કે ભૌતિક સામગ્રી આપે અને જો તેનો દૂરઉપયોગ કરોતો પાપ બંધાય ધર્મના સાધનોનો જો દૂરઉપયોગ કરોતો બહુ જ ભારે પાપ બાંધો. ભૌતિક સામગ્રીનો જો દૂરઉપયોગ કરોતો પણ પાપ જ બંધાય. એટલે આ પુણ્ય, પાપના પોષણમાં અંગ બન્યુ, ને પાપના ચક્રમાં પૂરક બન્યુ. જે પાપનું પોષક કે પાપનું અભિવર્ધક બનેતે પુણ્ય આત્મા માટે ખતરનાક છે. આ પુણ્ય સારા કામો તથા સદ્ગુણોથી જ બંધાય છે. આમ આવા સદ્ગુણો લાભકારી નહિ પણ નુકશાનને માટે થવા

સારા વેપારીને, ખરાબ માર્કેટ વખતે લાગે કે આ ધંધો કરવાથી અત્યારે ભલે મને નુકશાન થશે પણ લાંબા ગાળે તે લાભકારી છે. તો તે ધંધો કરે જ. જેમ ધંધામાં લાંબા ગણિત હોય છે. તેમ અનુબંધમાં પણ લાંબા ગણિત હોય છે. બંધ તત્કાલ કર્મના ફળ વિપાકને આપે છે. સુખ, પુણ્યબંધ દ્વારા નક્કી થાય છે. જ્યારે અનુબંધ તમારા ભાવિને નક્કી કરે છે કે આના દ્વારા ભવિષ્યમાં

શ્રીમંતાઇ બે પ્રકારની છે. અત્યારે જે શ્રીમંતાઇ લાગે છે, તે આબાદી ભવિષ્યમાં નથી, નક્કી ભવિષ્યમાં બરબાદીનું કારણ છે. પરંતુ જે શ્રીમંતાઇ ભવિષ્યમાં વધારે સારું સર્જન કરનારી હોય તે સારી કહેવાય. જેમ કરોડ રૂપિયાનો હીરો પાંચ લાખમાં આપે. પણ આ હિરો જેને ત્યાં જશે ત્યાં તેનું ધનોતપનોત નીકળવાનું જ છે તો તમે તેને ન જ ખરીદો. આમ તો સામે દેખીતો નફો દેખાય છે, તત્કાલ લાભ છે પણ, લાભને તમે ન જ ગણો. કારણ સામે મોત દેખાય છે. પાપાનુબંધી પુણ્ય આવું જ છે. અત્યારે આબાદી આપે પણ ભવિષ્યમાં બરબાદી કર્યા વગર છોડવાનું નથી. આ પુણ્યથી જ ભુક્કા બોલાઇ જશે. આ પુણ્ય અત્યારે થોડી મજા કરાવે પણ પછી કાસળ કાઢી નાખે. આવા પુણ્યનો તો પડછાયો પણ ન લેવાય.

હું તમને પાપાનુબંધી પુણ્ય ને પુણ્યાનુબંધી પુણ્યના result બતાવવા માંગુ છું. પુણ્યાનુબંધી પુણ્ય હમેશાં ચાલ્યા જ કરશે. હમેશા ગુણાકાર થયા જ કરશે. પુણ્યાનુબંધી પુણ્ય રાઇ જેટલું પણ બાંધ્યું તો તે પહાડ જેટલું થઇ જાય.

અનુબંધ એ કર્મમાં રહેલી શક્તિ - ઉત્પાદન શક્તિ, સર્જન શક્તિ છે. જો કર્મમા સારી સર્જનશક્તિ હશે તો તમે ન્યાલ થઇ જશો અને જો ખરાબ શક્તિ હશે તો ઝેરી પાક ઉભો થશે.

જેમ બિયારણ નાનું હોય પણ ઉત્પાદન શક્તિ સારી હોય તો તે નાનું એવું બિયારણ પણ

લેખે લાગે છે.

સભા:- પુણ્યનો અનુબંધ પાડ્યા પહેલાના જે પાપના અનુબંધ છે તે પુણ્યના અનુબંધ પાડ્યા પછી કઈ રીતે જાય તેનું શું થાય?

સાહેબજી:- જે વ્યક્તિ પુણ્યનો અનુબંધ પાડે પછી જો અગાઉના પાપના અનુબંધ જો નિકાચિત ન હોય તો તે તૂટવાના ચાલુ થઈ જાય. દા.ત. ચંડકૌશિકને પ્રભુ મહાવીર મળ્યા તે પહેલા તેના પાપો કઈ ઓછા કર્યા નથી, આજુબાજુનો બધો જ પ્રદેશ તેણે ઉજ્જડ કરી નાખ્યો છે. પોતાના પ્રદેશમાં પશુ પંખીને પણ ઘુસવા ન દે, પોતાની માલિકીની ભાવનાથી પોતાના પ્રદેશમાં દ્વેષને કારણે તે હિંસા કરે છે. તેના ક્રોધના સંસ્કાર ગયા નથી. પછી ત્યાંથી મરીને તે તાપસ બન્યો છે ને ત્યાંથી મરીને તે સાપ બન્યો છે. ક્રોધનો ભાવ તેને અનુબંધ સાથે કર્યો છે. અને પાછા પાપ પણ ક્રમપૂર્વક કર્યા છે. પાપના અનુ- અનુબંધ તેણે જોરદાર પાડ્યા હોવાથી આ થયું છે. હિંસા કરતા નિકાચિત કર્મ જ બંધાય તેવું નથી. પણ નિકાચિત કર્મને અનુરૂપ જો ભાવ હોય તો નિકાચિત કર્મ જ બંધાય છે. આપણા અધ્યવસાય પર કર્મબંધ નિર્ભર છે. આ વ્યક્તિએ પાપ એવા જોરદાર બાંધ્યા છે કે ચંડકૌશિક મરીને નરકે જ જતે. પણ તે મરીને દેવલોકમાં ગયો છે કારણ કે તેનો ટર્નિંગ પોઇન્ટ આવી ગયો. પ્રભુએ જ્યારે તેને પ્રતિબોધ કર્યો ત્યારે જાતિસ્મરણ જ્ઞાન તેને થવાથી તેને ધર્મ યાદ આવ્યો, ને સાથે વિવેક સમકિતની પણ પ્રાપ્તિ થઈ. હવે તો આ

પાંચમા ગુણસ્થાનકવાળો જીવ છે. તેની આંખમાં
છેલ્લે તેરમા મહિને આજ પ્રભુએ જોઈ તેથી
તેમ અણશણ કરાવ્યું. આમ ધર્મ પામવાથી તેના
આત્મા પર જે કર્મ તૂટે તેવા હોય તે તૂટે
અને જે ન તૂટે તેવા હોય તેવા કર્મનું પણ
conversion થાય. જેથી અશુભ અનુબંધની
અસર આત્મા પર ન રહે. જે પાપાનુબંધી પાપ છે
તેનું રૂપાંતર કરે અથવા તોડી નાખે. હવે પછી
તેને કદી પાપનો અનુબંધ નડવાનો નથી.
ધર્મ પણ બરાબર કરતા આવડે તો જૂના અનુબંધ
અશુભ હોય તેને પણ તોડી શકાય છે.

જેના આત્મા પર કોઈપણ કેટલો પણ પાપનો
અનુબંધ હોય તો જોખમ છે ને જેના આત્મા પર
જોઈએ તેટલો પણ પુણ્યનો અનુબંધ છે તે સફળ
છે. પાપના અનુબંધથી અનાદિકાળની અધોગતિનો
માર્ગ ખુલ્લો છે. પાપાનુબંધી પુણ્ય સંસારમાં રખડાવે
છે. જ્યારે પુણ્યાનુબંધી પુણ્ય આગળ ચલાવે છે.

આત્માની પ્રગતિ - અધોગતિ કે નિર્ભર
અનુબંધ ઉપર છે, પણ બંધ પર નથી. તીર્થંકરનો
ઉપદેશ ચોક્કસ અનુબંધ-વાળો છે.

જૈન શ્રાવક બાપુ અનુકંપા કરતો પુણ્યનો
અનુબંધ લેતો છે. પુણ્યના અનુબંધ આત્મા પર
પડે તેના માટે દયાદાનની પ્રવૃત્તિ કરવાની છે.
કેવો અનુબંધ સારો તે જાણો ને તેવો અનુબંધ
બરાબર રાખો.

અનુબંધ તૂટે તેવું જ આચરણ
થયું છે. પુણ્યબંધનો મોહ રાખવાનો નથી.

ફક્ત પુણ્યનું પોટલું બાંધી લેવાય તેટલા માત્રથી હરખાવાનું નથી. પણ શુભ અનુબંધ બાંધીએ તો કલ્યાણ નક્કી જ છે. અને અમારી પણ મહેનત સફળ થશે. અત્યારે કેટલાયે ગુણી આત્માઓ જેમનામાં હજારો ગુણ છે પણ અમે તેમનામાં અનુબંધ નથી જોતા તેથી તેમના તે ગુણોની અનુમોદના નથી કરતા. કોઈ દયા પાળે તે સારૂ કામ છે. પણ તેનાથી પરંપરાએ શું થવાનું?

સભા:- ખબર કેવી રીતે પડે?

સાહેબજી:- ભગવાને તેના માટે ધોરણ આપેલ છે. આપણાં શાસ્ત્રો કંઈ જ છુપાવતા નથી. તમે સમજશો તો જાતે જ નક્કી કરી શકશો. ઉદાહરણ તરીકે મેનકા ગાંધીનો દાખલો લઈએ. મેનકાગાંધી એક સારી વ્યક્તિ છે, તેનું જીવન પણ આચારચુસ્ત છે. તમે બધા તો જૈન ધર્મમાં જન્મ્યા હોવાથી ગળથુથી-થી જૈનના સંસ્કાર છે. તથા બાપદાદાના વખતથી અહિંસક જીવન જીવતા આવ્યા છો તેથી અહિંસક જીવન સામાન્ય છે. પ્રાણિ વગેરેને ન મારવાં વગેરેની તમારે ત્યાં પરંપરા જ છે. જ્યારે આ સ્ત્રી પંજાબી કુટુંબમાં જન્મી છે, તેના કુટુંબમાં નોનવેજ ખાવું સામાન્ય છે. જ્યારે તેના લગ્ન સંજય ગાંધી સાથે થયા ત્યારે તેની જીંદગીમાં પણ આ બધું જ હતું. નહેરૂ પોતે પણ નાસ્તિક હતા છતાં આ સ્ત્રીની પ્રકૃતિમાં કોમળતા હોવાના કારણે મોટી હિંસાની વાત આવે ત્યારે એ અચૂક વિરોધ કરે. અહિંસા પર લેખો લખે. ચળવળો કરે ને સાથે ચળવળો કરનારને ટેકો પણ આપે.

સંજય ગાંધી જ્યારે આકસ્મિક રીતે સત્તાના સૂત્રોની
નજીક હતો ત્યારે મેનકા ગાંધીએ તેને પાવર હોવાના
કારણે જીવદયાના કામો કરવાનું સૂચન કરેલ.
ત્યારે સંજય ગાંધીએ તેની સાથે બોલાચાલીમાં કહી
દીધુ કે માંસાહાર કરીને જીવદયાની વાતો કરવાનો શું
અર્થ છે? ત્યારે આ સ્ત્રીએ તેમની વાત સાચી
લાગવાથી માંસાહાર કરવાનુ છોડી દીધુ. તેનામાં
કોઈપણ જીવને મરતા કે દુઃખી થતા ન જોવાય તેવી
દયાભાવના છે. કીડીને પણ મરતી જુએતો તેને અસર
થાય છે. તેથી જ તેણે દિલ્હીમાં એક સંસ્થા ઉભી કરી
છે. આ સંસ્થામાં ક્યાંકથી પણ દિલ્હીમાં ફોન આવે
કે અમારે કૂતરું માંદુ છે તો આ સંસ્થા વ્હાર જ
તેનો ઉપાય કરાવે. તેના જીવનમાં આવી બધી પ્રવૃત્તિ
હોવા છતા ધર્મની દ્રષ્ટિએ આત્મા પરમાત્મા માનતી
હોય કે નહિ તે પણ એક પ્રશ્ન છે દેવ-ગુરુ-ધર્મ
સાથે પણ લેવાદેવા ન હોય, સાથે માંસાહારને પણ
સારો માને. બધા પાપને પણ પાપ માનવા વિચાર ન
થાય. આમ આ દયા-માયા-પરોપકાર વૃત્તિ જેવા
સદ્ગુણો છતા પાપની રસ રુચિ હોવાથી અનુબંધ તો
પાપનો જ પાડે. હવે વિચારોકે આ બધા પ્રવૃત્તિથી
પુણ્ય, પાપાનુબંધી પુણ્ય જ બંધાય.

ડૉક્ટર્સ, વૈજ્ઞાનિકો કે વકીલો મીશનરી કામ
કરવાવાળા ઘણા જ છે. પણ તેમને જઈને પૂછો
કે સંસાર કેવોટ પાપ કેવુ? પાપની પ્રવૃત્તિ
કેવી? વગેરેતો કદાચ નાના નાના પાપને પાપ
તરીકે નહિ ગણતા હો, પણ સમજાવવામાં આવે
તો પાપને પાપ તરીકે માનીતો ખરા જ.

ત્યારે આ બધાને પાપને પાપ તરીકે સમજાવે તો ।
મોટી પ્રવૃત્તિમાં હિંસા થાય છે તેને પાપ ગણે પણ
નાના જીવની હિંસાને પાપ તરીકે માને જ નહિ.
આ સંસાર પાપમય છે, તેથી જ અસાર છે તેથી
વૈરાગ્ય તો લાવવો જ પડે. પહેલા પ્રથમ દોષો
ઓળખો.

પાપ પ્રત્યે તમારો અભિગમ કેવો હોવો
જોઈએ? ૧૮ પાપસ્થાનકોને ત્યજવાની બુદ્ધિ જોઈએ
જેને બધા જ પાપસ્થાનકો વ્યાજબી જ લાગતા હોય,
ગમતા હોય કે કરવા જેવા લાગતા હોય તો તે જીવને
અનુબંધ પાપનો જ પડે.

ધર્મની ગુણી પ્રકૃતિ હોય તો પુણ્યનો અનુબંધ પડે છે
પાપની રૂચિ હોય તો પાપનો અનુબંધ પડે છે
જ્યાસુધી રૂચિ ન પલટાવો ત્યાંસુધી અશુભ
અનુબંધ પડશે. રૂચિ પલટાવવાનું એક જ સાધન
છે વૈરાગ્ય ને વિવેક.

આત્માને વૈરાગ્ય ને વિવેક જેટલી માત્રામાં
સ્પર્શે તેટલી માત્રામાં તેની પાપની રૂચિ તૂટે. ૧%
પણ રૂચિ પાપની તૂટે તો ૧% વૈરાગ્ય આવ્યો કહેવાય
રૂચિ પણ સમજણથી તૂટવી જોઈએ

ઘણા લોકો ચોરી લુંટફાટ, ધાડ ને પાપ માને પણ
નાના નાના પાપોને પાપ તરીકે સ્વીકારે નહિ
જેમ ધંધામાં અનીતિ કરવી તે પાપ છે. તેમ પણ
નીતિપુર્વક પૈસા કમાવ તે પણ પાપ છે તે ન જ
માને.

સભા:- વ્યવહારિક દ્રષ્ટિએ નહિ.

સાહેબજી:- જે પાપને પાપ તરીકે ન સ્વીકારે તે

જ મોટુ પાપ છે. તે પાપનો પણ બાપ છે.
નીતિથી ધંધો કરનારને પણ તેમાં હિંસા તો થાય જ
છે. જીવો મરે છે. તેને તમારો શું ગુનો કર્યો છે?
તમારે તો ઊંધા સિદ્ધાંતો છે. તમને તો ભગવાને
કહેલા ૧૮ પાપ સ્થાનકો પણ મનમાં બેસે એમ નથી

સભા:- નાના પાપને મોટા પાપમાં ફેર ખરો?

સાહેબજી:- કોઈ પણ જીવ પ્રત્યે અનાચાર,
અનીતિ કે ગેરલાયક વર્તન તે પાપ જ છે.

સભા:- ૧ રૂપિયાની ચોરી કરતા ૧૦૦રૂાની
ચોરી વધારે ખરાબ?

સાહેબજી:- ૧ રૂપિયાની ચોરી કરનાર પણ જો
ચોરીને ખોટી માને, જ્યારે ૧૦૦ રૂાની ચોરી કરનાર
માને કે ચોરી પાપ છે, લાચારીથી કરવી પડે છે
ને આ કામ ખરાબ છે તેમ તેને પાપ તરીકે
સ્વીકારે. જ્યારે સામે ૧ રૂાની ચોરી કરનાર
આ પાપને પાપ તરીકે સ્વીકારે નહિ તે હલકા
છે. તમે ભલે મોટા મોટા પાપોનો ત્યાગ કર્યો હોય
પણ નાના પાપ, પાપ તરીકે ન લાગતા હોય તો
તેનું મૂલ્ય ઓછુ છે.

બધા પાપ પ્રત્યેની રુચિ ક્યારે ઓછી થાય?
જ્યારે સમજાય કે આ આખો સંસાર પાપમય
છે. જે પ્રતિક્રમણ કરતા ૧૮ પાપસ્થાનકોનું મિચ્છામિ-
દુક્કડં આપો છો ત્યારે એ બધા પાપ તરીકે મનમાં
બેસે છે કે પછી ફક્ત બોલવા ખાતર બોલી જાવ
છો? કે પછી મને સંભળાવવા મિચ્છામિ દુક્કડં આપો
છો? એ પણ એ વખતતો એટલુ જોરથી બોલો
કે જો કોઈ ઊંઘતો હોય તોય જાગી જાય.

હવે જ્યાં વ્યક્તિગત આચાર હોય ત્યાં પોતપોતાની ભાષામાં બોલવામાં હોય નહી. દરેક વ્યક્તિ પોતાની ભાષામાં આલોચના લે માટે મહાપુરુષો એ ગુજરાતીમાં ગુંથી આપ્યુ છે. પણ આને સમજવા માટે પણ બુદ્ધિ દોડાવતા નથી. મહાપુરુષોએ આને પાપ કહ્યા છે તેને પાપ તરીકે માનો અને ક્રોધ, માન માયા, પરિગ્રહ એવતા પાપ તરીકે લાગે છે? જો પરિગ્રહ, પાપ લાગતું હોયતો નીતિથી કમાયેલો પૈસો પણ સારો ન લાગે. સંપૂર્ણ હિંસા વગર નીતિપૂર્વક કમાયેલો પૈસો પણ પાપ છે.

સભા:- અમે તો પુણ્યનો ઉદય સમજીયે છીએ.

સાહેબજી:- તમારી વ્યાખ્યા પ્રમાણે જો વધુ- પડતુ ભેગુ કરવું એને પરિગ્રહ કહેવાતો હોયતો પછી આ બધા ભિખારી અપરિગ્રહી જ કહેવાશે. માણસ જરૂરિયાતનુ પુરતુ ભેગુ કરે તે પરિગ્રહ જ છે. પરિગ્રહ એટલે જેટલા પણ વિરાધનાના સાધનો આસક્તિ કે મુર્છાથી ભેગા કરોતે બધા પરિગ્રહ કહેવાશે. પછી ભલે એક ચીથરૂ પણ હોય. તમે પરિગ્રહની વ્યાખ્યા સ્પષ્ટ નહિ સમજોતો અમે પણ પરિગ્રહી કહેવાશુ. અમારી પાસે પણ સ્ટોકમાં બે ચાર કપડા હોય. પરંતુ અમારી પાસે છે તે બધા ઉપકરણ છે; અધિકરણ નથી. ઉપકરણ એ પરિગ્રહ નથી. જે વિરાધનાનું સાધન છે તે પરિગ્રહ છે. ઉપકરણને પણ જો મમતાનુ સાધન બનાવે તેમા આસક્તિ આવેતો તે પરિગ્રહ છે. મારા મનમા જો આસક્તિ કે મમતા ન હોયતો હું અપરિગ્રહી કહેવાઉશ.

નિશ્ચયનય મૂર્છાને પરિગ્રહ માને છે જ્યારે વ્યવહારનય જીવ વિરાધનાનું સાધન તેને જ પરિગ્રહ માને છે. આ બન્નેનો સમન્વય કરીને બતાવ્યુ છે. પછી ભલે ઓછુ હોય કે વધારે હોય. જરૂરિયાતનો ઉપયોગ પણ એવી રીતે કરવો કે જેમાં બિનજરૂરી હિંસા ન થાય, બીજાને દુઃખ ન થાય. નહિતો તે પાપ જ કહેવુ પડે.

તમને કોઈ ત્રાસ આપે તો તે ગુનેગાર, પણ તમે કોઈને ત્રાસ આપો તો તમે ગુનેગાર જ ગણાઓ. તમારા અને બીજાના માટેના કાટલા જુદા જુદા ન હોય. ગામ જ્યાં જાય ત્યાં જ તમારે જવું છે પછી તો ગામ કુવામાં પડે તો તમે પણ કુવામાં જ પડશો

ધર્મમાં બધા ધોરણ સ્પષ્ટ છે. અઢાર પાપ સ્થાનકોને સમજતા થઈ જાઓ તો વૈરાગ્ય જરૂર આવશે ને પુણ્યનો અનુબંધ પડવાનો ચાલુ થઈ જશે. એકવાર અનુબંધની નાડ હાથમાં આવી જાય એટલે બેડોપાર. તેથી જ મહાપુરૂષોએ અનુબંધ ઉપર આટલો ભાર મૂક્યો છે

સમ્યગ્ દૃષ્ટિ આત્મા ગમેતેટલા પાપો, અશુભ પરિણામ, આસક્તિ કે વિકારો સેવે તો તેને, બંધ પાપનો પડે પણ અનુબંધ તો પુણ્યનો જ પડે. બંધનું ફળ શું? એકવખત દુઃખ આવશે પણ તે વખતે તે એવા ગુણોનો વિકાસ કરશે કે જેથી ઉત્તરોત્તર તેમાં વૃદ્ધિ થશે.

કોઈપણ ધર્મ કરતા માનસ કેવુ જોઈએ? ગમેતે પૂજા-દાન-દયા કે મોટો પરોપકાર કરો કે

નાનુ કામ પણ કાર્ય કરો. દાત. એક નાની મકોડી કીડી મરી ન જાય માટે તમે સાચવીને લઈને બાજુમાં મૂકી. આ દયાની પ્રવૃત્તિ થઈ. હવે આ દયાની પ્રવૃત્તિમાં પણ કેવા ભાવ કરીએ કે તો પુણ્યાનુબંધી પુણ્યનુ કારણ બને? તે આગળ આવશે.

જે ગુણો આત્માને પતનને માર્ગે લઈ જાય છે તે હેય છે. મિથ્યાદૃષ્ટિની સમતા પણ દોષનુ પોષણ કરનારી છે. આ બહુ જ કડક શબ્દો છે. કષાયોનુ ઉપશમન પણ અનુબંધ વગરના હોય તો તેની ફૂટી કોડીની પણ કિંમત નથી. ક્ષમા સમતા દયા દાન આદિ ગુણોમાં પુણ્યાનુબંધી પુણ્ય પુણ્યનો અનુબંધ નથી તે બધા ગુણો ભાવિમાં દોષના પોષણ કરનારા છે.

સભા :- દૃષ્ટાંત આપો

સાહેબજી :- મેલેરિયાને આયુર્વેદમાં વિષમ જ્વર કહેવાય છે. તેમાં એકાંતર તાવ આવે છે. તાવ આવે ત્યારે દર્દી ધ્રુજે ને કણસે. પણ બીજે દિવસે તાવ ઉતરી ગયા પછી ખાઈ પીને મલકા કરે ત્યારે તે એકદમ સ્વસ્થ દેખાય. પણ તે દેખાતી મજા કેવી છે? મજા તો કરશે પણ પાછો તાવનો આંચકો સપાટો આવશે. ને ખાધેલું પણ કાઢી નાખશે. જેમ આની જેમ કષાયો શાંત કરી મજા લે પણ પાપના અનુબંધ વાળા હોવાથી જ્યારે ઉદયમાં આવે ત્યારે તે આત્માનુ પતન કરી નાખશે.

॥પ. પૂ. શ્રી પ્રભુપ્રણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥ ૨૯૨

૧૭.૯.૯૨ અનુકંપા-દાન ચોપાટી

બુધવાર

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવોને પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરાના પરમ સાધન એવા ધર્મ-તીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ કે પણ આત્માને મોક્ષે જવું હોય અને આત્મકલ્યાણ કરવું હોય તેને માટે આરાધનાના ઉપાય બે જ છે. પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા સાધવાનું ચાલુ કરવું જોઈએ. સકળ કર્મનો ક્ષય એ જ મોક્ષ છે. જ્યાં સુધી આત્મા કર્મના કેદમાંથી છૂટી ન શકે ત્યાં સુધી મોક્ષ શક્ય નથી. કર્મનો પૂરો ક્ષય તે જ મોક્ષનો ઉપાય છે. બધા કર્મોનો ક્ષય થાય ત્યારે મુક્તિ. પણ એ કઈ રીતે પ્રાપ્ત થાય? તેના માટે નિર્જરા એ જ માર્ગ છે.

નિર્જરાના પણ ૨ પ્રકાર છે. સકામ નિર્જરા અને અકામ નિર્જરા. સાચો ધર્મ નહિ પામેલા અકામ નિર્જરા કરે છે. પણ આત્મકલ્યાણમાં જે ઉપયોગી છે તે સકામ નિર્જરા લેવાની. છતાંપણ એકલી સકામ નિર્જરા ન બતાવતા પુણ્યાનુબંધી પુણ્યને પણ સાધન તરીકે બતાવ્યું છે આ બતાવવાનું કારણ શું?

મોક્ષે જતા પહેલાં આરાધનાની સામગ્રીની જરૂરિયાત છે. બધા જીવો કાંઈ મરુદેવામાતાની જેમ અંતઃમુહૂર્તમાં મોક્ષે જતા નથી. મરુદેવામાતા તો ધ્યાનમાં ચડ્યા ત્યાં તેમના કર્મો ખપવા

માસ્યાનો ત્યાંજ ક્ષપકશ્રેણી, શુકલધ્યાન ને કેવળજ્ઞાન બધુ જ પામી ગયા. પણ આતો અચ્છેરુ જેવું છે બધા આ રીતે મોક્ષમાં જતા નથી. અનંતા જીવોમાં એક જાય.

મોક્ષે જવા માટેનો મુખ્ય રસ્તો કયો?

પહેલા ધર્મસામગ્રી પામી, શ્રદ્ધાથી ધર્મનું આચરણ કરી ગુણોનો વિકાસ કરી, બીજા આગલા ભવમાં વધારે વિકાસ કરી, તેમ જનમજનમની સાધના કરતા કર્મો તૂટતા જાય ને આત્મા સર્વગુણ સંપન્ન થઇ મોક્ષે જાય. પણ જ્યાંસુધી સંસારમાં છીએ ત્યાંસુધી આ બધો પુરુષાર્થ કરવા સામગ્રી તો જોઇશે. મનુષ્ય-ભવકે દેવગતિ જોઇએ. કૂતરા બિલાડા કે નરકના ભવમાં પણ કે મૂંગા બહેરા, બોબડા મનુષ્યભવમાં થઇએ તો સાધના કરી નથી શકવાના. મનુષ્યભવમાં પણ બધી સારી સામગ્રી જોઇએ. હવે આ બધુ આપનાર કોણ ? પુણ્ય જ છે. તેથી જ પુણ્યને એકાંતે હેય બોલવું તે મિથ્યા એકાંતવાદ છે. જે પુણ્ય આત્માને કલ્યાણનું સાધન ન બનતા દુર્ગતિનું સાધન બને છે તે પુણ્ય હેય છે. બધા જ પુણ્યને હેય માનો તો મિથ્યા એકાંતે નિશ્ચયવાદ છે.

મોક્ષે તો કર્મનો ક્ષય કરી નિર્જરા કરીને જવાનું છે. પણ તેના માટે શુભ કે શુદ્ધભાવ માટે આલંબન જોઇશે. જેમ શાસ્ત્રોને ભણવા માટે કે સમજવા માટે પુણ્યથી જ સામગ્રી મળશે. સમજવા ને આચરવા માટે શક્તિ પણ પુણ્યથી જ મળશે. આરાધના પોષક સાધન તરીકે જે પુણ્ય છે તે આવકાર્ય છે. પણ જે પુણ્ય આત્માને નુકશાન કરે તે જ પુણ્યથી

કરવાનું છે.

પુણ્યના અનુબંધવાળુ પુણ્ય જુદુ ને પાપના અનુબંધવાળુ પુણ્ય જુદુ છે તે લક્ષ્યમાં રાખવાનું છે. જ્યારે પણ તમારી સામે કોઇ જીવ આવે ત્યારે તેનું કેવા પ્રકારનું પુણ્ય છે તેનો વિચાર કરી શકો તેવી તમારી દ્રષ્ટિ જોઇએ. સાથે અનુબંધ સારા જ હોવા જોઇએ નહિતો આપણા કે બીજાના જીવનમાં ને પુણ્યને મહત્વ નહિ આપવાનું.

મહાપુરુષો અનુબંધનો મહિમા ગાતા કહે છે કે દુનિયામાં જેટલા પણ જીવો રખડે છે. તેના કારણરૂપ એજ છે કે તે આત્મા પર કદી અનુબંધ સુધાર્યો નથી. પ્રવૃત્તિ ને ભાવો સુધાર્યા તેના દ્વારા બંધ સુધાર્યો તથા.

આત્માએ અશુભ પ્રવૃત્તિ છોડી શુભ પ્રવૃત્તિ કરી
" " ભાવો " " ભાવો કર્યા
" " બંધો " " બંધો કર્યા

પણ કદી શુભ અનુબંધને ન ગોઠવી શક્યા. જગતના જીવો જો કણિયા જેટલુ પણ પુણ્યાનુબંધી પુણ્ય આત્મા પર પાડી શકેતો ને જીવો મોક્ષે જઇ શકે. અત્યાર એવા કોઇ જીવો નથી કે પ્રસંગે પુણ્ય ન બાંધતા હોય. દરેકના જીવનમાં કોઇકતો સદ્ગુણો હશે જ; ને તે પ્રમાણે પુણ્ય બંધાય. સંસારમાં પુણ્યબંધના ભાગીદાર આત્માઓ થાય છે પરંતુ પુણ્યનો અનુબંધ ન પાડી શકવાના કારણે સંસારમાં રખડે છે. પુણ્ય બંધ સોંઘો છે જ્યારે પુણ્ય અનુબંધ મોંઘો છે.

જ્યારે અશુભનો ત્યાગ કરી શુભભાવે

સ્વીકારો એટલે પુણ્ય બંધ ચાલુ થશે. પણ શુભ અનુબંધ પાડવાની દૃષ્ટિ બદલવી જોઈએ. અનંતકાળથી આત્મા સંસાર રસિક, પાપ રસિક છે, ને પાપમાં જ તેની ઉપાદેય બુદ્ધિ રહી છે. જ્યારે આત્મા પાપની જુગુપ્સા વાળો બને અને તેને સંસાર પ્રત્યેના ઉપાદેય ભાવની સામે હેય ભાવ આવવો જોઈએ. બંધનું ચક્ર જે ધોરણ પર ચાલે છે, તેના કરતા અનુબંધના વાડી જુદા છે. દા. ત.

વ્યક્તિ સત્કાર્યો ખુબ જ ભાવોલ્લાસ સાથે કરે છે. ત્યારે પણ પાપની જ રૂચિ ને સંસારની રૂચિ, તેની ઉપાદેય બુદ્ધિ અંદર બેઠી છે. તેથી જ સત્પ્રવૃત્તિ કરતા પણ અનુબંધતો ઉલટા જ પડવાના. મિથ્યાદૃષ્ટિ જીવો અહિંસાની પ્રવૃત્તિ કરે પણ અનુબંધ હિંસાનો જ પાડે.

જીવ ક્ષમાનો પરિણામ કરે છે. ક્ષમા કેળવે છે. ક્રોધને કયાય તે વકોપુ નથી આપતો. આમ ક્ષમાભાવનો વિકાસ થઈ રહ્યો છે. પણ જો જીવમાં મિથ્યાત્વ ગાઢ હોયતો અનુબંધ તેને ક્રોધનો પડે. આ ક્ષમા જે કેળવી તો તેનાથી પુણ્ય બંધાયુ તેથી જ જ્યારે ઉદયમાં આવશે ત્યારે સન્માન બધુ જ મળશે ને ત્યારે ક્ષમાને બદલે ગુસ્સો વધુ જ કરશે.

સભા :- જીવ ક્ષમાશીલ હતો તો ગુસ્સો કેવી રીતે આવે?

સાહેબજી :- આ ભવમાં તો તે ક્ષમાશીલ હતો તે બરાબર. પણ આ ક્ષમાથી જે પુણ્ય બંધાયુ તે જ્યારે ઉદયમાં આવે ત્યારે શું?

અત્યારનુ બંધાયેલુ પુણ્ય કાલ હમણાનો ઉદયમાં આવવનુ નથી પણ જ્યારે ઉદયમાં આવે ત્યારે પાપમે અનુબંધ બુદ્ધિને ઉલ્ટી કરશે.

અશુભ અનુબંધ બુદ્ધિને ઉલટી કરે ને શુભ અનુબંધ બુદ્ધિને સીધી કરે. તેથી જ કહ્યુ છે કે કર્મની સર્જન-શક્તિ તેનુ જ નામ અનુબંધ. આગળ કેવા ભાવ થશે તે અનુબંધ ઉપર છે.

સભા:- શુભ અનુબંધ સમકિત આવે પછી થાય?

સાહેબજી:- મોક્ષમાર્ગની પ્રથમ ભૂમિકા અપુનર્બંધક દશા જીવ પામે ત્યારથી જીવને તેના આત્મા પર થોડો થોડો પુણ્યનો અનુબંધ ચાલુ થાય છે. પછી જીવ જેમ જેમ મોક્ષમાર્ગની ભૂમિકામાં ચઢતો જાય તેમ પુણ્ય અનુબંધ વધતો જાય અને પાપના અનુબંધ ઘટતા જાય.

સમ્યગ્ દૃષ્ટિ આત્મા ૧૦૦% પુણ્યનો અનુબંધ પાડે છે. મહાપુરુષો આ સમ્યગ્ દૃષ્ટિ આત્માની ગેરન્ટી આપે છે કે, આ જીવ ગમેત્યા જાય ને ગમે તે પ્રવૃત્તિ કરે પણ તે આત્માને અનુબંધ ૧૦૦% પુણ્યનો જ પડશે. તેને પાપના અનુબંધનો તો સવાલ જ નથી. ભૂતકાળમાં જે પાપના અનુબંધ હતા તેનું conversion ચાલુ થાય. સમ્યગ્દૃષ્ટિ આત્માને ઓચિંતો ગુસ્સો આવે, ત્યારે ખરાબ પ્રવૃત્તિ કે મારામારી પણ કરે. પણ તે વખતે બંધાયુ શું? તો કહે છે કે આ પાપ જ્યારે ઉદયમાં આવશે ત્યારે તેને ક્ષમાના જ ભાવ જાગશે

સમ્યગ્દૃષ્ટિ આત્માના ક્રોધમાં અનુબંધ

ક્ષમાનો છે. જ્યારે મિથ્યાદ્રષ્ટિની ક્ષમામાં ક્રોધનો અનુબંધ પડે છે.

અનુબંધની કરામત શું? કે જેને ઉંધો અનુબંધ પડ્યો તેને સારું પણ ખરાબમાં થાય. અને જેને સારો અનુબંધ પડે તેને ખરાબ પણ સારામાં થાય. ઘણા વેપારી અત્યારે બજારકે સમજીને નુકશાન વેઠવું પડે તો વેઠી લે, પણ એ એવીરીતે વેઠે કે વધે, જે વધે તેને ચારગણો નફો મળે, એટલે આ નુકશાન નફાનું સાધન થયું. કારણ તેની તે આવડત છે. એની સામે ઘણા એવા હોયકે અત્યારે નફો લે પણ ભવિષ્યમાં તેનાથી તેને ઘણું નુકશાન થાય. કર્મના ચક્રોને આડાઅવળાં કરવાની તાકાત અનુબંધમાં છે.

કર્મનું સર્જન એટલે શું? વર્તમાનકાળનો બંધ તમારા વર્તમાન શુભ કે અશુભ ભાવ પર છે. અત્યારે મનમાં ૨૫% શુભ ભાવ હોય છે ને ૭૫% અશુભ ભાવ છે. તો કર્મ એ પ્રમાણે બંધાય. અત્યારે દુનિયામાં એવો કોઈ આત્મા નથી કે તે એકલું પુણ્ય બાંધે. પુણ્યને પાપનો બંધ એકસાથે જ ચાલે છે. ભગવાનની પુજા કરતા હો ત્યારે તમારા મનમાં તે વખતે પૂજા નિમિત્તે સારા જ ભાવ હોય છે. તેથી તમને એમ થાયકે મને એકલું પુણ્ય જ બંધાવું જોઈએ. પણ જૈન કર્મવાદ એમ નથી કહેતો. પરમાત્માની પુજા સારી છે. તમારી ક્રિયા અને ભાવ બન્ને સારા છે. પરમાત્મા પ્રત્યે અત્યંત બહુમાન છે, ભક્તિને સમર્પણ પણ છે. સાથે અવિરતિ અવસ્થાના ઉમળકા પણ હોય. બીજા

બધા ગુણો કેળવીને તમે પૂજા કરો છો. આ બધા શુભ ભાવ છે. માટે પૂજા નિમિત્તે તમને પુણ્ય બંધાય છે, પણ તે વખતે તમારા મનમાં જે બીજા અશુભ ભાવ છે તેનું તો પાપ જ બંધાય.

સભા:- આ અશુભ ભાવોનો અમે કાંઈ વિચાર નથી કરતા. આ અશુભ સુષુપ્ત ભાવોથી પણ પાપ બંધાય?

સાહેબજી:- હા. સુષુપ્ત ભાવોથી પણ પાપ બંધાય શકે. પૂજા કરતી વખતે તમારી જે બેલેન્સ ૨૫ લાખ હાની છે, તેના પ્રત્યે તમને મમતા, આસક્તિ પડી જ છે. જો કોઈ આવીને કહે કે ૨૫ લાખ ગયા તો તે પૂજા કરતી વખતે શું થાય? ભાગ આવે attack પણ આવી જાય.

સભા:- પણ તે મમતા પ્રગટ નથી.

સાહેબજી:- મનમાં રહેલા ભાવો પ્રગટ થાય તો જ કર્મ બંધાય તેવું નથી. તેના માટે નિયમ છે: તમારા મનમાં જે પણ મેલ છે તે તળિયે હોય કે ઉપર હોય, એની સાથે કર્મબંધને કોઈ સંબંધ નથી. અંદરમાં આસક્તિ તો પડી જ છે. જો તમે વિચારથી જ કર્મ બાંધી શકો તો આખી દુનિયાના પાપ બાંધી શકો ખરા?

શાસ્ત્રમાં કહ્યું છે કે તમને ઘરમાં બેઠા પણ આખી દુનિયાના પાપ લાગે છે. અને આને અવિરતિનું પાપ કહે છે. કારણ ત્યાં આ પાપોના ત્યાગનો સંકલ્પ ન હોય એટલે પૂરું લાગે છે. તમે આખી દુનિયાના વિચારો એકી સાથે કરી શકો ખરા? અને જો કરવા

બેસીએ તો ગાંડા થઈ જાવ. પણ મનમાં જે જે વૃત્તિઓ
પડી છે તેનો એકીસાથે બંધ થાય છે. પૈસાનો જ્યારે
વિચાર કરો ત્યારેજ પાપ લાગે તેવું થોડું છે?
અત્યારે દુનિયામાં કેટલી ખાવાની વાનગીઓ છે
તેમાં તમને અમુક ભાવે. અમુક ન ભાવે. આમ
રાગ દ્વેષ તો ચોવીસે કલાક પડેલા છે. એટલે જ
ભાવતી વસ્તુઓ જોતા મોંમા પાણી આવી જાય છે
અને અણગમતી વસ્તુઓ જોતા મોઢુ બગાડી જાય
છે. બધી જ ભાવતી વસ્તુઓ ખાવાનો વિચાર કાંઈ
આખો દિવસ કરી શકવાના નથી. પણ અંદર
રાગદ્વેષ પડેલા હોવાથી પ્રતિક્ષણ કર્મ બંધાયા
કરે છે. તમે અહીંયા બેઠા છો પણ પ્રતિક્ષણ
સાત કર્મોનો બંધ થતો આપણા કર્મવાદે માન્યો
છે. જ્યારે આયુષ્ય કર્મ એકજ વાર બંધાય છે
જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય
આમ તો મુળ સાત ભેદ કીધા છે પણ તેના પેટા-
ભેદ પાડીયે તો સેંકડો થાય., અને એના પણ પેટા-
ભેદ પાડીયે તો અસંખ્ય થાય. તમે કહેશો કે સાહેબ
અમે અહીં ડાહ્યા થઈને બેઠા છીએ ને છતા
અમને બંધ થાય! આવું કઈ રીતે બને?

અત્યારે તમારા મનમાં સંસારી બધી ભાવો
સુષુપ્ત રીતે પડ્યા છે. નિમિત્ત નથી મળ્યુ ઓર
પ્રગટ નથી થયા. નિમિત્ત ન મળે તો ક્રોધ બહાર
ન આવે એટલે કાંઈ કર્મબંધ ન થાય?
દા.ત. તમે અગ્નિ પેટાવો ને પછી તેના પર
ઢાંકણ મૂકો તો તેના પર રાખ થઈ જાય.
એટલે બહારથી અગ્નિ ઠરી ગયો લાગે. પણ

અંદરતો ગરમાવો રહેવાનો જ, અંદર હાથ નાખો તો હાથ દાઝી જાય. તેવી જ રીતે આત્મામાં અંદર બધા કષાયોના પરિણામ પડ્યા છે માટે બંધ ચાલુ છે, પછી ભલે તમે કશું જ ન કરતા હો.

પ્રકૃતિમાં ભાવોનો પલ્ટો ન લાવો ત્યાં સુધી કર્મબંધમાં ફેરફાર ન કરી શકો. તીર્થંકર ભગવંતો નું ખૂબી એ છે કે તમારા મનમાં ખૂણે ખાચરે પણ રહેલા શુભ અશુભ ભાવોની નોંધ કર્મબંધમાં બતાવી છે. શુભ ભાવ કે શુભ ક્રિયાથી જ એકલું પુણ્ય જ બંધાય એવું નથી.

પુણીયા શ્રાવકને પણ પુજા કરતા અવિરતિનું પાપ લાગે છે: આખી દુનિયાનું પાપ લાગે છે આવો ઉત્તમ શ્રાવક હોવા છતાં પણ તેના જેવાને પણ કર્મબંધ ચાલુ છે. આનું કારણ શું?

સભા:- અવિરતિમાં છે.

સાહેબજી:- અવિરતિ એટલે શું?

સભા:- પચ્ચખાણ નથી.

સાહેબજી: અવિરતિ એતો ભાવ છે જે અંદર રહેલા છે. પચ્ચખાણ એતો અવિરતિનું સાધન છે. ભાવ અને સાધનનો તફાવત છે

પચ્ચખાણનો અભાવ એ અવિરતિનું કારણ છે
વિરતિ એ રાગદ્વેષના ત્યાગનો ભાવ છે.
અવિરતિ એ રાગદ્વેષનો ભાવ છે.

આનાથી કર્મબંધ ચાલુ છે. તેથી પાપને પુણ્યનો બંધ ચાલુ છે. આ બંધની તાકાત શું? મકાઈ કિલો અનાજ ખાઈને પુરાકો તો ખલાસ થઈ જાય. એક દાણાની તાકાત કેટલી? માંડ

એક કીડીનું પેટ ભરાય. અનાજના એક દાણાની પોષણ તરીકે અલ્પ શક્તિ, પરંતુ તે જ દાણાની સર્જન શક્તિ કેટલી? તો આખી દુનિયાનું પેટ ભરાય તેટલી. બસ તેની જેમ અત્યારે બાંધેલું કર્મ એકુ વખત પુણ્ય પાપ આપી દેશે. પણ તેની નથી પરંપરાનો અનુબંધ જ ચલાવશે.

જ્યાં અશુભ અનુબંધ હશે ત્યાં નુકશાન અને
" શુભ " " " લાભ છે.

સભા:- સમકિત પાપની પ્રવૃત્તિથી પુણ્યનો જ અનુબંધ પાડે તે Logically નથી બેસતુ.

સાહેબજી:- સમકિતીને પાપનો રસ ન હોય. નાના પણ પાપને તે સારૂ ન માને, તેની પાપની રુચિ સંપૂર્ણ ઓગળી ગઇ છે. ખુણેખાચરે પણ પાપ પ્રત્યે રુચિનો સવાલ જ નથી. તેને આખો સંસાર અસાર દુ:ખમય લાગે છે. જ્યારે તમારી જીવન-પ્રવૃત્તિ પણ પાપ જ છે, પણ તમે તેને ગે~~રવ્યાજ~~ ગેરવ્યાજબી સ્વીકારી લેવા તૈયાર નથી. તમે તો એમ પણ કહેશો કે આમ આમ કરીએ તો જીવાય જ શી રીતે? તમારી વિચારસરણી તમને નુકશાન કરે છે. મોટી હિંસાને તમે પાપ તરીકે સ્વીકારો છો પણ નાની હિંસાને તમે પાપ તરીકે સ્વીકારતા નથી. અસત્ય, છેતરવું, વિશ્વાસઘાત વગેરેને તે પાપ છે તેવું લાગે ખરું? નાના અસત્યો સમજાવીએ તો પાપ તરીકે સ્વીકારો ખરા? તમારા જીવનમાં આવા અસત્યો વણાયેલા હોય છે પણ તે તમને ખરાબ પણ ન લાગે તો ચાલે ખરું?

સંસારમાં તમારા સારા સારા પ્રસંગોએ

ત્યારે make-up કરો છો. તે make up પણ એક બનાવટ છે, છેતરપિંડી છે. તમે જેવા છો તેનાથી વધારે સારા રૂપાળા દેખાવાની કોશિશ કરો છો. મોઢા પર એક પણ ડાઘ હોય તો make-up એવો કરો કે ડાઘ જરાપણ દેખાય નહિ. આમ બહાર જુઓ તો રૂપાળા લાગો પણ ઘરમાં એમનેમ જુઓ તો કેવા લાગો? આ માયા છે ને અસત્ય છે, આને પાપ તરીકે જાણો પછી સ્વીકારો ખરા? આ પણ અસત્યનો પ્રકાર છે.

સભા:- આ તો એક કળા છે.

સાહેબજી:- લોકોને ઠગવાની કળા છે. તમામ પાપને પાપ તરીકે સ્વીકારવા જબરજસ્ત માનસિક તૈયારી જોઈએ. આત્મામાં સ્પષ્ટતા, પ્રમાણિકતા ને નિષ્ઠા જોઈએ.

પાપને પાપ તરીકે અધર્મને અધર્મ તરીકે સ્વીકારો. વાસ્તવિકતાનો સ્વીકાર એ જ સમકિત છે.

સભા:- આ બધું સમજ્યા પછી પણ વ્યવહારમાં કરવું પડે.

સાહેબજી:- તમારે સંસાર ચલાવવાનો હોય છે તેથી હિંસા આવે પણ તેમાં ધારો તો તેમાં પણ રાગ-દ્વેષ, અશુભભાવ ન કરવા તે તમારા મનની વાત છે. પણ તેને પણ અશુભ માનો તો જ કરી શકો. ૧૮ પાપ સ્થાનકોમાંથી પહેલા ૫ પાપ સ્થાનક છોડીને બીજા બધા પાપસ્થાનકો શ્રાવક જીવનમાં છોડી શકો છો. પહેલા ૫ પાપ સ્થાનકો સંસારમાં સંપૂર્ણ રીતે નહિ પણ આંશિક રીતે ત્યાગ કરી શકો તેમ છો.

જો ગૃહસ્થ સાવધાન હોય તો છઠ્ઠે ક્રોધ, સાતમે માન-માયા વગેરેને છોડવા ધારો તો છોડી શકો.

સભા:- પણ થોડા છોડીયેને થોડા રહેવા દઈએ તો?

સાહેબજી:- આ તો તમે કેવી વાત કરો કે કોઈ પેશન્ટ, ડોક્ટર પાસે જઈને કહે કે મારો થોડો રોગ જાય તેવું જ કરજો. હા પછી તમારે આવા જ રહેવું હોય તો અમારી ના નથી. તમારી મરજી હોય તો પાપ રાખવા હોય તેટલા રાખો. આ તો શક્ય અશક્યની વાત છે. વગર રાગે, અપ્રશસ્ત રાગથી વગર આખો સંસાર તમે ચલાવી શકો તેમ છો. પ્રશસ્ત રાગથી પત્ની, કુટુંબ ને વેપાર-ધંધા બધા જ વ્યવહારો ચલાવી શકો તેમ છો પ્રશસ્ત ક્રોધથી બધે કામ ચલાવી શકો તેમ છો. આલોચનામાં પણ છઠ્ઠે ક્રોધ બોલો ત્યારે અપ્રશસ્ત કષાય ક્રોધ લેવાનો છે. ને તેનો જ ત્યાગ કરવાનો છે. શુભ કષાયોને ત્યાજ્ય નથી કહ્યા. શુભ-ક્રોધ, શુભ અહંકાર બધા જ શુભ કષાયો કરીને તમે પુણ્ય બાંધો છો.

સામી વ્યક્તિનું હિત દેખાતું હોય અને તેમાં ક્રોધ અનિવાર્ય હોય તેમાં સ્વાર્થ વગર ક્રોધ કરો તો પુણ્યબંધનું કારણ બને છે.

સભા:- માસ્તર છોકરાને મારે તે રીતે?

સાહેબજી:- તે વખતે માસ્તરને અંદર શુભ ભાવ જોઈએ. મનમાં છોકરા પર કડપ બેસાડવા કે સારા માસ્તર તરીકે પંકાવાના ખ્યાલથી મારે તો તે શુભ ભાવ ન થાય. તેમાં એકાંત

સ્વાર્થ પ્રેરક ભાવ ન જોઈએ. સામાની હિતબુદ્ધિથી કરેતો પુણ્યબંધનું કારણ બને..

તમારા દિકરાને પણ સ્વાર્થથી મારોતો પાપ બંધાય. તમારા સંતાનોને તમારે બાપ તરીકે મોટા કરવાની જવાબદારી છે. તેમના પાલનપોષણ ને ઉછેર કર્તવ્યરૂપે અદા કરો એટલે પુણ્ય બંધાય. મહાપુરુષો તેમાં શાસ્ત્ર એ મુકે કે કર્તવ્ય કયા ભાવથી અદા કરો છો. છોકરાને મોટા શું કામ કરવા? મારો દિકરો છે ને ત્યાં મમતા છે. ને આ દિકરો મોટો થઈ બુઢાપામાં મારી. લાકડી બનશે મને સાચવશે. જો આવા બધા ભાવો ઉછેરવામાં હોયતો, ભાવો તમારા અશુભ છે., ને તેથી પાપ કર્મબંધ ચાલુ છે.

કુસુંબેન

બહેન :- અમારા છોકરા હવે એને જ અમે મોટા..

સાહેબજી :- બીજાના છોકરાની પણ જો જવાબદારી આવેતો મોટા કરવા પડે. તમારો ભાઈ જો મરી ગયો હોય એ તેના છોકરાને પણ મોટા કરવા પડે- જવાબદારી અદા કરવામાં શુભ ભાવ જોઈએ. કર્તવ્ય પણ અશુભ ભાવથી કરોતો પાપ લાગે- ને અંગત રાગદ્વેષ પણ મેળવોતો પાપ લાગે આપણા તીર્થંકરોએ આખો સંસાર શુભભાવથી કેમ ચલાવવો તે પણ બતાવ્યું છે. જો તેમાં આવડત હોયતો પુણ્ય પણ બાંધી શકો છો પરંતુ શુભ ભાવ કોને કહેવાય? ને અશુભ ભાવ શું? કયા કઈ ક્રિયાએ કેવા ભાવ કરવા તે જાણવું જ જોઈએ. દિકરાનો ઉછેર ને માબાપની ભક્તિ પણ કેવી રીતે કરવાની મા બાપ ને પાળું છું, પોષુ છું. આ બોલો તે

યોગ્ય નથી. માબાપની તો ભક્તિ હોય. એમને કાંઈ તરછોડવાના નથી. જે દિકરો માબાપની ખુબ જ સાર-સંભાળ લે, દવાદારૂ, ઇચ્છા, જરૂરિયાત બધી પુરી કરે ને ભક્તિ કરવામાં ખડે પગે ઉભો રહે પણ સાથે આશય નિઃસ્વાર્થ હોવો જોઇએ. દિકરો વિચારે કે બાપ પાસે મોટો દલ્લો છે, ને તેથી ખુશ રાખે તો તે શુભભાવ નથી પણ પાપ છે. મેલા ભાવથી ભક્તિ કરે તો પાપ જ બંધાય. તેવી જ રીતે પુત્રવધુ પણ ભક્તિ સ્વાર્થથી કરે તો અશુભ જ ભાવ થાય. કર્તવ્ય અદા કરતી વખતે મનોવૃત્તિ કેવી છે તેના પર આધાર છે.

બંધના એકએક પાસાને સમજો તો ખબર પડે. કર્મના સિદ્ધાંત પ્રમાણે સતત કર્મ બંધાય છે. વિચાર પણ ન કરતા હોવા છતા જો વૃત્તિમાં હોય તો બંધ થાય છે. અનુબંધ જો સારો ન પડે તો પુરુ જોખમ છે. સમ્યગ્દૃષ્ટિ આત્માએ ૧૮ પાપ-સ્થાનકમાંથી ૧૮મું તો તેને પુરુ છોડ્યુ છે. મિથ્યાત્વ છોડ્યુ છે, તેથી જ સમકિત આવ્યુ છે. તેથી જ ૧૭ પાપ-સ્થાનકનો બંધ થવા છતા અનુબંધ તો પુણ્યનો જ પડે છે. બધા જ પાપ પ્રત્યે સમ્યગ્-દૃષ્ટિ આત્માને જ્વલંત વૈરાગ્ય છે. પાપ પ્રવૃત્તિ પ્રત્યે સુગ છે ને ત્યાગની ભાવના છે. ઉંઘમાં પણ આ ભાવના જવાનો સંભવ નથી. તેનામાં વૈરાગ્ય ને વિવેક જાગૃત છે. વૈરાગ્ય તરબતર છે. ને વિવેક આચ્છાદિત છે. પાપના અનુબંધ માટે જે જે પરિબળો જોઇએ તે તેને તોડી દીધા છે. માટે વૈરાગ્ય-વિવેક અનુબંધના સાધન છે.

ભક્ત:- વૈરાગ્ય વિવેક ન આવે ત્યાં સુધી પુણ્ય ઓછું કરવું ?

સાહેબજી:- જે પુણ્યથી વૈરાગ્યને વિવેકને પામવાની સામગ્રી મળે, આ ભવમાં કે પરભવમાં આને પામવાના સાધન ઊભા થાય તેના માટે પુણ્ય કરવાનું, જેનાથી બેકગ્રાઉન્ડ તૈયાર થાય. પણ પુણ્ય બાંધેલા સંસાર રસિકતા હશે તો બરબાદ થઈ જશો ને સંસાર ચક્રની બહાર નીકળી નહિ શકો. તેથી જ તીર્થંકરોએ બતાવેલા ધર્મ કરતા કરતા સંસારનો રસ ઘટાડવો જોઈએ. આત્મકલ્યાણ કરીને મોક્ષે જવા માટે આ ધર્મ છે.

પૂજાની ક્રિયા કરતા પુણ્યનો બંધ પાડવો સહેલો છે પણ અનુબંધને પાડવા તો વિતરાગને ખરા રાગથી ભજવા પડે. અને આ વૈરાગ્ય વગર થાય નહિ. વિતરાગને ઓળખ્યા વગર એ શક્ય નથી.

અત્યારે આખુ જગત વિષય કષાયોથી ખદબદે છે. સંસારમાં કોઈ વિતરાગી નથી. રાગદ્વેષથી ઘેરાયેલા જગતમાં વિતરાગ એ અનોખી ચીજ છે. જે વિકારોથી આપણે ખદબદીએ છીએ તે જ આપણને દુઃખ આપે છે. જો આ કષાયોથી થાક્યા હો તો જ ભગવાન પાસે જઈ નિર્વિકારી મન કેળવવાનું મન થાય. આત્માના દુઃખથી બેચેન થઈને અહિં પ્રભુ પાસે આવવાનું છે નહિ કે સંસારના દુઃખ રડવા. શરીરના દુઃખ સાલે છે પણ કામ, ક્રોધથી પીડીત થઈ ને છુટકારો મેળવવા ભગવાન પાસે જવાનું છે. વિકારોથી દુઃખનો અનુભવ થાય છે કે મજા આવે છે ? સમ્યગ્દૃષ્ટિ આત્માને સંસારમાં રહીને પણ એકે

307:
પાપમાં મજા નથી આવતી. બધા જ કષાયોમાં તેને
પીડાનો અનુભવ થાય છે

સભા:- સમ્યગ્દ્રષ્ટિને સંસારમાં અકળામણ
ન થાય ?

સાહેબજી: ચોક્કસ થાય. તેથી જ કહ્યું છે કે
તેના જેવો દુઃખી આ સંસારમાં કોઈ નથી. તમને
પાપના ફળમાં દુઃખ લાગે છે કે પાપમાં દુઃખ લાગે
છે ? ચીટીયો ભરે ત્યારે દુઃખ થાય પણ ક્રોધ
આવે ત્યારે દુઃખ થાય ખરૂ ?

સભા:- તેમાં દુઃખ દેખાતુ નથી.

સાહેબજી:- આ દુનિયામાં માણસ ખરો કે
જેણે નજરે દુઃખ જોયુ હોય ? સુખ દુઃખ એ
નજરે જોવાની વસ્તુ નથી, પણ અનુભવનો વિષય
છે.

નાસ્તિકને જો પુછશો તો કહેશે કે 'આત્મા નથી
દેખાતો' ત્યારે પુછીએ કે ચીટીયો ભરો તો બુમ
કેમ પાડો છો ? ત્યારે તે કહેશે 'દુઃખે છે.
દુઃખ દેખાડી શકાતુ નથી, પણ દુઃખ લાગે તે માને છે.
હમણા તો તેનુ માનવુ હતુ કે જે ન દેખાય તેને
ન માનુ તો દુઃખને માને છે કારણ અનુભવ થતો
દેખાય છે.. જેમ થપ્પડ મારીએ તો પીડાનો અનુભવ
થાય છે તેમ ક્રોધ આવે તો પીડાનો અનુભવ
થાય છે?

સભા:- પણ હોંશિયાર મારે તો ન લાગે.

સાહેબજી:- આજથી જ હોંશિયારને કહેજો કે
મને થપ્પડ મારો.

સભા:- એ તો શાબાશી લાગે છે.

સાહેબજી :- જેરથી શાબાશી આપે તો પણ
પંપાળી તો ખરા જ મનમાં આનંદ છે ને તેના પ્રત્યે
વહાલ છે, તેથી જ શરીરના દુઃખને મહત્વ ન
આપતા મનના સુખને મહત્વ આપ્યું. બાહ્ય દુઃખ
કરતા અંદરના દુઃખોને મહત્વના માનો છો?
બસ જે અંદરના દુઃખોને મહત્વના માને છે તેજ
વિતરાગની સાચી ભક્તિ કરી શકશે. જ્યારે વિતરાગ
પાસે ભક્તિ કરવા આવે ત્યારે તેને થાય કે તું
સુખી ને હું દુઃખી છું. મને તારી પાસે છે તે જોઈએ
છે. આ વિકારો ને પાપોમાંથી ક્યારે મુક્ત થાઉં
તેજ તાલાવેલી હોય. જેને રાગ, દ્વેષ ને કષાયોની પીડા
નો અનુભવથી દુઃખ લાગશે તે જ વિતરાગ ભાવને
પામી શકશે, ને તેજ પાપનો રસ તોડી શકશે.
પાપનો રસ રાખીને પુણ્યના અનુબંધ પાડી ન શકાય.

જેમ ભિખારીને જોતા અનુકંપા જાગે ત્યારે
તેના પ્રત્યે દયા બુદ્ધિ જાગે ને થાય કે 'આ સંસારમાં
એ પણ જીવ છે ને હું પણ જીવ છું. કર્મનું સ્વરૂપ
કેવું છે! તેની હાલત જોઈને થવું જ જોઈએ કે
અત્યારે તે ભૂતકાળના પાપથી દુઃખી છે, ને તેના
ગુણોનો વિકાસ થવાની પણ શક્યતા નથી,
ને તેનું પરલોકમાં શું થશે. આ બધું વિચારતા
વૈરાગ્ય થાય કે જો આપણે પણ ધર્મ ન કરીએ તો
અનંતકાળ સુધી રખડશું. આવા વૈરાગ્યના ભાવ
મનમાં થવા જોઈએ.

સભા :- અશુભભાવની માન્યતા દૃઢ થઈ તેની
અંદર વૈરાગ્યનો ભાવ કેમ ચાલુ થાય?

સાહેબજી :- સંસારના સાચા સ્વરૂપનું વારંવાર

ચિંતન મનન કરવું જોઈએ. વારંવાર ચિંતન કરવાથી શુભભાવો દૃઢ થશે અને અશુભભાવો નબળા થશે જેથી વૈરાગ્યનો ભાવ આવતો જશે. સાચા વૈરાગીને દુનિયાના દર્શન કરતા વૈરાગ્ય ન થાય તેવું બને જ નહિં. તીર્થંકરે જગતની આ જ ચિંતા કરીને પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યુ છે., કારણ તેમને અસાર દુઃખમય લાગે છે.

| | | |
|---|---|---|
| વૈરાગ્ય વગરના શુભ ભાવ | | આ જગતમાં જેનામાં વૈરાગ્ય નથી તે બધા |
| " " ની મૈત્રી " | | |
| " " નો પ્રમોદ " | | |
| " " ની દયા " | | મોહજન્ય ગુણો છે. |
| " " ની કરુણા " | | જેનાથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે. |

સામાયિક ઉંચો ધર્મ છે, પણ તેમાં પણ વૈરાગ્ય વિવેક અનિવાર્ય છે. ફક્ત પાપનો ત્યાગ ન કરતા પાપની રુચિનો ને પાપના રસનો પણ ત્યાગ કરવો જોઈએ. નહિંતો ફક્ત સામાયિક કરતા બંધ પુણ્યનો પડે પણ અનુબંધ પાપનો પડે.

|| પ. પૂ. શ્રીયુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ || ૩૧૦

૧૯-૮-૯૪ . અનુકંપાદાન ચોપાટી

ગુરુવાર

અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને વૈરાગ્ય ને વિવેકની સમ્યગ્ પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે

જ્ઞાનીઓની દૃષ્ટિએ વૈરાગ્ય ને વિવેક એ બન્ને પાયાના એવા ગુણો છે કે જેના દ્વારા આત્મા ઉન્નતિના સામા રાહ ઉપર સ્પષ્ટપણે આવી શકે છે. જ્યાંસુધી આત્માના આ બે ગુણોનો વિકાસ નથી કરી શકતો ત્યાંસુધી આત્મા મોક્ષ-માર્ગ પર સ્થાપિત નથી થઈ શકતો. આ મૂળ પાયાના ગુણો છે. તેથી જ તેને પામવા માટે પુરુષાર્થ કરવો જોઈએ. બીજા ગુણોમાં ફક્ત બંધ જ થાય છે, જ્યારે આ બે ગુણોથી જ અનુબંધની તાકાત છે.

અનુબંધ એ કર્મરૂપી ચક્રની ઉપરની ધરી છે જો ધરી બરાબર હોય તો કદાચ આરા તૂટી જાય તો પણ પૈડું ચાલી શકે છે. તેમ પુણ્ય અનુબંધ આત્માને કર્મ સહાયક બને છે તેવા પ્રકારનું તંત્ર ગોઠવી આપે છે. જ્યારે પાપનું તંત્ર એવું છે કે આત્માને અવરોધક ને નુકશાનકારક બને છે આપણે અત્યારે કર્મના ફેરામાં છીએ. અને ધ્યાન નહિ રાખીએ તો નુકશાનમાં જઈશું. પણ જો એકવખત કર્મનું એવું ચક્ર થાય કે જેનાથી આપણે પુણ્યબંધની સામગ્રીવાળા થઈશું.

નેમિનાથ ભગવાનની આરાધના નવ ભવ થી ચાલુ થઈ. તેમાંનો પણ ભૂતકાળમાં ધર્મ

કર્યો જ નહોતો. તેમણે પણ પુણ્ય તો બાંધ્યુ જ હતુ
ફક્ત પાપ બાંધ્યું એવું તો નહોતુ જ. બધી ભોગ
સામગ્રી પામેલા હશે પણ ત્યારે પાપના અનુબંધ
વાળુ ચક્ર તેમના આત્મા પર ગોઠવાયેલુ હતુ.
તીર્થંકર જેવા આત્મા પણ પાપના અનુબંધના
માલિક હોય ત્યારે સંસારમાં ફસાયેલા હોય.
અનુબંધ પલટો તો જ સંસારમાંથી નીકળી શકાય.
અનુબંધ બદલાયા પછી ભવભવમાં તેમનો વિકાસ
એક એક ભવનો જોઈ શકો છો. પુણ્યના અનુબંધ
થી ઉત્તરોત્તર વિકાસ થાય છે.

અનુબંધ એ ઉત્પાદન શક્તિ છે. યોગ્ય
રીતે તેને આત્મા પર ગોઠવો તો વિકાસનો ગુણાકાર
થાય છે. કણિયા જેટલુ પણ પુણ્યાનુબંધી પુણ્ય,
(પુણ્યના અનુબંધવાળુ) કર્મ ઉદયમાં આવે ત્યારે
કંઈ ગણુ પુણ્ય બંધાય છે. ને પાછુ જ્યારે
ઉદયમાં આવે છે ત્યારે અસંખ્ય ગણુ પુણ્ય
બંધાય છે. ને આગળ જતા અનંતગણુ થાય છે.
જેમકે અનાજના દાણા વાવો એટલે હોય તેના
કરતા હજાર ગણો પાક ઉતરે, ને તે પણ વાવો
એટલે લાખો કરોડો, એમ કરતા ગુણાકાર કેટલો
મોટો આવે. કોઠારો ભરાય તેટલુ અનાજ
એક દાણામાંથી થશે. અહીં પણ પુણ્યાનુબંધી
પુણ્યનું એવું જ છે. જે કર્મની મૂળ સર્જનશક્તિ
છે તેવા પુણ્યને આપણે પુણ્યના અનુબંધવાળુ
કહીશુ. અને જે કર્મની સર્જન શક્તિ ખરાબ છે
તે પાપને આપણે પાપના અનુબંધવાળુ કહીશુ
જે કર્મની શક્તિ ખરાબ છે, તેમાંથી બહાર -

નીકળશો તો જ પુણ્યનો અનુબંધ આવશે.

સભા:- પાપાનુબંધી પુણ્ય કેવીરીતે બંધાય?

સાહેબજી:- કોઈ પણ શુભ પરિણામ કરો તો તેમાં વૈરાગ્ય ને વિવેક ન હોય તો પાપાનુબંધી પુણ્ય બંધાય છે

સભા:- રાગ અને અવિવેક હોય તો?

સાહેબજી: સંસાર રસિક હોય તો જ અવિવેકી હોય

સભા:- પણ કંઈ વચલો રસ્તો ખરો ને?

સાહેબજી:- હા. કોઈનામાં ગાઢ અવિવેક હોય અને કોઈનામાં મંદ અવિવેક હોય. પરંતુ જે વિવેક પામ્યો જ નથી તેમાં તો અવિવેક હોય જ. જીવ ક્યાં તો સંસાર રસિક હોય અથવા તો ધર્મરસિક હોય. ધર્મમાં ઉપાદેય બુદ્ધિ હોય અથવા તો સંસારમાં ઉપાદેય બુદ્ધિ હોય.

સભા:- ચઢતી દશા કઈ રીતે આવે?

સાહેબજી:- In between થોડું આ હોય અને થોડું પેલું હોય તેને સંક્રાન્તિ-કાળ કહેવાય. એટલે જીવ પહેલું ગુણસ્થાનક જે મોક્ષ-માર્ગની પહેલી ભૂમિકા અપુનર્બંધક દશામાં આવે. પછીથી સંક્રાન્તિ કાળ કહેવાશે.

સભા:- વિરાગ અને વૈરાગ્ય એક જ શબ્દ છે?

સાહેબજી:- હા. એક જ શબ્દો છે. એક ગાડી એક પાટા પરથી બીજા પાટા પર જાય છે ત્યારે તે માર્ગ બદલે તે વખતે જરા ત્રાંસી ચાલે છે. તેમ જીવ સંસારમાંથી મોક્ષમાર્ગ ઉપર જાય તે વચલો માર્ગ સંક્રાન્ત કાળ કહેવાય છે.

જ્યારે આત્મા સમકિતને પામ્યો એટલે મોક્ષમાર્ગ પર સ્થિર થયો કહેવાશે. બસ ત્યાં તેને 100% જ વિરાગને વિવેક આવે છે અપુનર્બંધક દશાથી જીવ પુણ્યનો અનુબંધ પાડે છે જેનામાં વૈરાગ્ય ને વિવેક નથી તે જીવ પાપનો અનુબંધ કરે છે. થોડી હશે તો વચલો વિભાગ કહેવાય છે.

સમકિતી આત્મા પુણ્ય, પાપ બાંધે પણ અનુબંધ તો પુણ્યનો જ પાડે. મોક્ષમાર્ગની બહાર રહેલા જીવો કરો તો પુણ્ય કરો તો પાપ બાંધી શકે. પણ અનુબંધ પાપનો જ પાડે. અને સંક્રાન્તિકાળ વાળા હોય તે ચડતીના ટકા પ્રમાણે અનુબંધ પાડે.

એક માણસ જે પાપના અવિવેકને લીધે તે અનેક રોગોથી પીડાય છે, તે રોગીષ્ટ કહેવાય. જ્યારે કોઈ વ્યક્તિ દવા, ચરી, પથ્ય પાળે છે તો ધીરે ધીરે રોગ જેટલા ટકા છૂટે તેટલા ટકા આરોગ્ય આવ્યું કહેવાય, જ્યારે સંપૂર્ણ રોગ નાબૂદ થાય ત્યારે સંપૂર્ણ આરોગ્ય આવ્યું કહેવાય.

જેમ રોગ અને આરોગ્ય 2 અવસ્થા જુદી છે રોગમાંથી આરોગ્ય તરફ જવાની દશા તે સંક્રાન્તી છે. ગાઢ મિથ્યાત્વીને પાપનો અનુબંધ પડે છે અને મિથ્યાત્વમાંથી સમકિતની ભૂમિકા તરફ ગતિ કરનાર ને થોડા થોડા પુણ્યના અનુબંધ પડે છે.

સભા:- વ્યવહારનયનું સમકિત લેવાનું ?

સાહેબજી:- અહીં શુદ્ધ વ્યવહારનય લેવાનો. તમે કુળથી આચાર પાળતા હો તો અશુદ્ધ વ્યવહાર સમકિત કહેવાશે. તમે જ્યારે બાર વ્રતો ઉચ્ચરો છો ત્યારે સમકિત ઉચરો છો ને?

ત્યારે તેમાં પ્રતિજ્ઞા શું આવે છે? સુદેવ, સુગુરુ સુધર્મ જ માનીશ. કુદેવ, કુગુરુ, કુધર્મ નહિ માનુ. ને સુદેવ, સુધર્મ, સુધર્મ સિવાય બીજે કશે પૂજ્ય ભાવ ને બહુમાન નહિ કરુ. આ પ્રતિજ્ઞા તમે અણીશુદ્ધ પાળો ને સાચી શ્રદ્ધાથી સારુ માનીને પાળતા હો તો પણ ચોથા ગુણસ્થાનકનો વિવેક ન આવ્યો હોય તો દ્રવ્યથી સમકિત આવેલું કહેવાશે હજુ ભાવથી સમકિત આવ્યું નથી. શુદ્ધ વ્યવહારથી ચોથા ગુણસ્થાનકનું સમકિત જે આત્મા પામેલો હોય તેને પાપનો અનુબંધ નથી રહેતો.

સભા:- નિશ્ચયનયથી સમકિત કઈ રીતે પમાય?

સાહેબજી:- નિશ્ચયનયથી સમકિત અત્યારે ભણી સમજી શકાય પણ પામી શકાય નહિ. ગ્રંથભેદ કરવા ચોથે ગુણસ્થાનકે આવવું જ પડે. નિશ્ચયનયનું સમકિત અત્યારે શક્ય નથી. અને જો કોઈ નિશ્ચયનયથી સમકિત પામ્યાનો દાવો કરે તો તે અભણ છે અથવા ઢોંગી છે. નિશ્ચયનયની વ્યાખ્યા સાંભળીને તમારે ગભરાવાનું નથી.

નિશ્ચયનય શ્રદ્ધા આચરણ પેદા ન કરે તે શ્રદ્ધાને સાચી શ્રદ્ધા માનતો નથી. તેને વિચાર વાણી અને વર્તન ત્રણેનો સંબંધ, સમન્વય જોઈએ. જો આમાં જરાપણ ખામી હોય તો તેની વ્યાખ્યામાંથી તમને તે બકાત રાખશે. નિશ્ચયનય તમને કહેશે કે આ પાપ છે અને તેને તમે પાપ માનો છો અને છતાં છોડો નહિ તે ન ચાલે.

જેવી રીતે વાનગીમાં ઝેર છે તે જાણ્યા પછી

પણ વાનગી બાંધી રાખો તો શું થાય? તમે કાંઈ આવું કરો એવા નથી. તમે તો ઝેર જાણ્યા પછી તેનાથી દૂર રહો પણ પાપને પાપ માની છોડો નહિ. નિશ્ચયનયતો ભલભલાને મિથ્યાદૃષ્ટિ કહેશે. આદિનાથ પ્રભુ ૮૩ લાખ પૂર્વ સંસારમાં રહેલા છે. ત્યારે નિશ્ચયનય તેમને મિથ્યાદૃષ્ટિ કહે છે. કારણ કે તે જાણે છે તે આચરતા નથી. નિશ્ચયનયની વાતો અત્યારે સમજવા પુરતી જ કરવાની હોય છે.

સભા:- આ કાળમાં નિશ્ચયનયના સમકિતનો ઉચ્છેદ છે?

સાહેબજી:- હા, જેમ કેવળજ્ઞાન, ક્ષપકશ્રેણી અશક્ય છે તેમ નિશ્ચયનયનું સમકિત પામવું અશક્ય છે. જ્યારે આત્મા નિર્વિકલ્પ દશામાં આવે ત્યારે જ તે પામી શકાય છે. અત્યારે આપણને ઘણા સંકલ્પ-વિકલ્પ હોય છે. તેથી અત્યારે આપણને નિર્વિકલ્પ દશા નથી. હું અત્યારે વ્યવહારનયના સમકિતની જ વાત કરું છું. તેનો મહિમા ગાતા મહાપુરુષો કહે છે કે જે સમકિત પામવાથી દુર્ગતિના બંધ અટકી જાય છે, તે સદ્ગતિની આત્માને ગેરન્ટી આપે છે

પુણ્યાનુબંધી પુણ્યનો અનુબંધ થાય પછી તે નિકાચિત પાપ બાંધે નહિ અને જો બાંધે તો હળવું બાંધે. સમકિતીની ગમે તેવી હિંસાની પ્રવૃત્તિ હોય તો પણ પાપ હળવું બાંધે અને પુણ્ય ઘણું બાંધે. અનુબંધ પુણ્યનો જ બાંધે છે. જ્યારે નિશ્ચયનયનું ફળ તો ભેદપરિણતી માને છે. વ્યવહારનય -ભેદ-જ્ઞાન માંગે છે. જડ-ચેતન વચ્ચેનો ભેદ માંગે છે

જ્યારે નિશ્ચયનય ભેદજ્ઞાન નહિ ભેદપરિણતી માંગે છે. ભેદજ્ઞાન એટલે 'હું ચેતન', મારૂ એટલે મારા આત્માના ગુણો જ. સંસારનું બધુ જ તેને પારકુ લાગે, ફક્ત પારકુ લાગવાની વાત છે, આચરવાની વાત નથી. પણ પારકુ માનો તેથી તેના તરફનો અભિગમ કેવો હોય? પાડોશીના દિકરાનું કાંઈ કરવાનું આવે ને સામે તમારા દિકરા માટે કરવાનું આવે તો આ બન્ને ભાવમાં ફરક પડે જ.

દા.ત. કોઈ વ્યક્તિએ ઓળખાણને લીધે કહ્યુ હોય કે આટલો ધંધો પતાવી આપશે. તે વખતે તમારા ભાવ કેવા હોય અને સામે જ્યારે તમારા જ ધંધામાં ૨૫% નફો જ મળતો હોય ત્યારે પણ રસ કેટલો હોય? આ બન્ને ધંધા કરતા રસમાં કેટલો ફરક પડી જાય. આ બધાનું કારણ શું? કે પરાયામાં પરાયાની બુદ્ધિ છે ને સ્વમાં પોતાપણાની બુદ્ધિ રહે છે. જ્યારે નિશ્ચયનય પ્રમાણે બધા પદાર્થમાં પરત્વ બુદ્ધિ રહે છે

હું એટલે આત્મા, મારા આત્માના ગુણોમાં જ સંતુષ્ટી. જ્યારે તમને રિદ્ધિ સિદ્ધિ સંપત્તિ મળે છે. ત્યારે તમને એમ થાય કે હું આગળ વધ્યો. પણ તમારો આંતરિક ગુણોનો વિકાસને તમે તમારો વિકાસ માનો છો? કે ભૌતિક વિકાસને પારકો વિકાસ માનો છો?

સભા:- આત્માની ઓળખાણ નથી થઈ.

સાહેબજી:- નિશ્ચયનય કહેશે હું આત્મા છું જડ નહિ પણ ચેતન છું. જડ ને ચેતન વચ્ચે મારો નાતો નથી. તેથી શરીર પારકુ છે.

શરીરને તે વખતે કોઈ સળગાવે તો કાંઈ જ અસર ન થાય
જેમ છાલ તો જુદી છે, તેને કોઈ ફોડે તો તમને કંઈ
થાય? જેમ રોડ પર મકાન હોય અને સળગે તો
તમને કાંઈ થાય? હું અને પુદ્ગલ જુદા છે તેથી
તેના પર કાંઈ થાય તો રાગદ્વેષ ન થાય.

નિશ્ચયનયની સમકિત માટેની વ્યાખ્યા અઘરી
છે. પણ જડ અને ચેતન તત્ત્વોનો ભેદ જાણતો
થયો એટલે વિવેક આવ્યો. વ્યવહારનયથી સમકિત
આવ્યું. જો કે તમને તો વ્યવહારનયની વ્યાખ્યા પણ
અઘરી લાગે છે. તમને સમકિતી જીવની વિચાર-
સરણી જણાવીએ તો બેહૂદી લાગે.. સમકિતી જીવનાં
પરિણામમાં વિચારસરણી કેવી હોય તેનો એક દાખલો
આપું.

ચાણક્યનો બાપ, તેનું નામ ચણિકપુત્ર હતું
જન્મથી જ બ્રાહ્મણ છે, પરંતુ મહાત્માઓના પરિચય
થી સમ્યગ્ દૃષ્ટિ શ્રાવક છે. ૧૨ વ્રત પાળે છે
તે મધ્યમવર્ગનો સુખી માણસ છે. શ્રાવકના આચાર-
વિચાર પાળતો હોવાથી મોટા ઘરમાં મહાત્માઓને
ચોમાસામાં ઉતારે છે. હવે જ્યારે તેના ઘરે
ચાણક્યનો જન્મ થયો ત્યારે આ બાળક બહુ જ
પુણ્યશાળી હોવાથી તેના લક્ષણો વિશેષ છે.
પણ નવીનતા એ છે કે આ બાળક ૩૨ દાંત
સાથે જન્મ્યો છે. આ આશ્ચર્યકારક છે.
તેથી તેના બાપને પણ બહુ જ નવાઈ લાગવાથી
ને વિવેકી ધર્માત્મા હોવાથી મહાત્માને જઈને
આ બાળકની વિશેષતાનું ફળ પૂછે છે.
શુદ્ધ દૃષ્ટિ સમકિતી છે. તેથી મહાત્માએ સાચું જ

જઈને પૂછે છે મહાત્માએ પણ ઉપયોગ મૂકીને જોયું
ફળ કહેવામાં લાભ છે તેથી તેનું ફળ વણિક
પુત્રને બતાવે છે કે આ પુત્ર સામાન્ય કુળમાં
જન્મ્યો હોવા છતાં ભવિષ્યમાં મહાસત્તાધીશ
થશે આવું ફળ જો તમે તમારા પુત્ર માટે સાંભળે
તો તમને શું થાય? કૂદવા જ માંડો ને! સમ્યગ્
દ્રષ્ટિ બાપની વિચારસરણી કેવી હોય તેનું
આ ઉદાહરણ છે. વણિકપુત્રને આપ તરીકે
વિચાર આવ્યો કે જો આ પુત્ર રાજ રાજેશ્વર
થશે તો તેના આત્માનું શું થશે? કારણ તે
જાણતો હતો કે રાજેશ્વર હંમેશા નરકમાં જ જાય.
રાજેશ્વરો મહા આરંભ - સમારંભ - પરિગ્રહ - આદિ
સાથે હોવાથી પાપોથી ખરડાયેલા હોય છે. ચોથા
આરામાં પણ નરકે જનારા હતા. વાસુદેવો
નીતિ ને સદાચારથી રાજ્ય ચલાવે છે તો પણ મરીને
નરકે જ જાય છે. આમ આ વણિકપુત્રને
પોતાના દિકરાની આત્મિક ચિંતા થાય છે.

તમારે ત્યાં કોઈપણ પ્રસંગે જેમકે દિકરો
કોઈ મોટી ડીગ્રી નામના મેળવીને આવે ત્યારે
તમને કેવો આનંદ થાય? પાર્ટી આપો ત્યારે
તમારા દિકરા કરતા તમને વધારે આનંદ
હોય ને?

સભા:- સાહેબ દિકરો કોનો?

સાહેબજી:- પણ તે વખતે તમને તેનો
આત્મા યાદ આવે છે? તેના આત્માના હિત
ને અહિતનો ખ્યાલ આવે છે? જો તમે
આત્માને માનતા હો તો ઉંઘમાં પણ યાદ આવે.

તમને થાય ખરું કે આ મિથ્યાજ્ઞાન મેળવીને તેનું પરલોકમાં શું થશે? આ ભવને આવતા ભવમાં તેનું શું થશે તેનો વિચાર કદી આવે ખરું? છતાં કહો અમને સમકિત જોઈએ, ક્યાંથી મળે?

તમારા ઘરે તમારે આશરે આવેલો આ એક જીવ છે ને જેમ આપણે પણ ભમતા ભમતા આ મનુષ્યભવ પામ્યા તેમ એ પણ મનુષ્યભવ પામ્યો છે. આ ભવમાં દિકરા થોડી મોજમજા કરી લેતો તેમાં તમે ખુશખુશાલ થાવ છો!

સભા:- સાહેબજી ડીગ્રીવાળા અમારા દિકરા કહેવાયને?

સાહેબજી:- કઈ ડીગ્રી તેમને ભવિષ્યમાં સાથે આવશે? તમને તમારી કે બીજાના આત્માની ચિંતા ન હોય તો એમને એમ સમકિત ન આવે. બધે પ્રતિભાવ જોઈએ.

વૈરાગ્ય ને વિવેકવાળા જીવને દરેક પગલે દૃષ્ટિકોણ જુદા હોય છે. ઘણા આને માટે એમ પણ વિચારે છે કે આટલી મોટી ડીગ્રી દિકરો લઈને આવે તો ઓચ્છવ કરવું જ જોઈએ ને?

વણિકપુત્રને મહાત્માએ જ્યારે કુળ જણાવ્યું ત્યારે તેમનું મોઢું પડી ગયું. તેમને તેમના દિકરાનો આત્મીક દૃષ્ટિએ વિચાર આવે છે.

સભા:- એ જીવનો ત્યાગી છે ને?

સાહેબજી:- ના, એ પણ સંસારી જીવ છે. તે પણ સાંસારિક જીવન જરૂરિયાતો પુરી પાડે છે કમાય છે ને વ્યવહાર ચલાવે છે. આ દૃષ્ટાંત ત્યાગી જીવનું નહીં પણ સંસારી જીવનું છે.

પણ સમકિત વિવેક આધ્યાત્મિક માંગે છે.

પુણ્યનો અનુબંધ આધ્યાત્મિક વિવેક પાડે છે ચાલુ. તમને પાપના અનુબંધ કેમ પડે છે? પ્રસંગે તમારા approach પ્રમાણે તમારો અનુબંધ નક્કી થાય છે.

છોકરાઓને મોજમજા કરતા જોઈને તમે રાજી થાવ છો. તમે પાપના રસવાળા છો. તમારા દિકરા ફોરેન પણ જઈને આવે પણ આત્મિક દ્રષ્ટિએ તેમણે શું મેળવ્યું? તેમ સામાજિક દ્રષ્ટિએ પણ શું મેળવ્યુ? આવા પાપના જીવોને પુણ્યનો અનુબંધ ન જ પડે.

સભા:- બાપને પાપનો અનુબંધ પડે ને?

સાહેબજી:- બાપને જ પડે. કારણ આ દ્રષ્ટાંત બાપનું જ છે. આ બાપ સમ્યગ્દ્રષ્ટિ મહાશ્રાવક છે. તેથી આવા સમકિત પામેલા બાપની વિચારસરણી કેવી હોય તે સમજાવું છું. આ બધી વાતોમાં તમારો ક્યાંય મેળ બેસે તેમ છે? ન હોય તો તમારે સમકિતમાંથી રાજીનામુ આપવું પડે.

સભા:- આપી દીધેલું જ છે.

સાહેબજી:- બસ એ જ મહાદુઃખની વાત છે. જ્યારે ચાણિક્યપુત્રને એમ થાય છે કે આ મારો દિકરો જો મનુષ્યભવ પામવા છતા સત્તા સંપત્તિમાં ફસાઈ જશે તો તેનો મનુષ્યભવ નકામો જશે ને મારા કુળમાં અવતર્યો તેનું પછી મૂલ્ય શું? તાજા જ જન્મેલા બાળકની કેટલી ચિંતા છે તમને તો તમારો દિકરો ૨૫ વર્ષનો થાય ત્યાં સુધી

પણ આવી ચિંતા થતી નથી. બાપ કુળાબાજ ને
હોંશિયાર હોવાને લીધે જ આવા ભાગ્યશાળી દિકરાઓ
જન્મે. ચાણક્યપુત્રે બાળકને ખોળામાં લઈ તેને
વહાલથી પંપાળતા પંપાળતા કાનસથી તેની પૂરી
બત્રીસી ઘસી નાખી. તેને જરાપણ વેદના કે
ઘાયલ ન થાય તેનું પૂરતું ધ્યાન રાખ્યું. આ પણ
એક કરામતનું કામ છે. કામ પૂરું કર્યા પછી ચાણક્ય-
પુત્ર ચાણક્યને લઈને મહાત્મા પાસે આવે છે ને
પૂછે છે કે "હવે આનું ફળ શું ?" મહાત્મા જણાવે
છે કે આ પુત્ર હવે રાજ-રાજેશ્વર નહિ થાય પણ
સત્તાધીશ ને નીમનારો બનશે. સત્તાના સ્થાને
બીજો બેસશે પણ સત્તાની લગામ તેના હાથમાં
રહેશે. આ સાંભળીને ચાણક્યપુત્રને થોડી રાહત થઈ.
આ બાપને તમે શું કહો ? તમારી દ્રષ્ટિએ તો
દિકરાનું ભવિષ્ય બગાડનાર જ ને ? જે જીવને
ભૌતિક પ્રવૃત્તિમાં જ રસ છે ને તેમાં જ રાચે છે
તેના વિકાસને જ પોતાનો વિકાસ માને છે,
બીજો કોઈ આત્મિક પુરુષાર્થ નથી તેવા જીવને
પુણ્યને અનુબંધ ન જ પડે. પાપ રસિકતા પુરેપુરી
હોય અને એને જ પાછા પોષે તો શું થાય ?

સત્તા એ પાપનું સાધન છે. સંપત્તિ એ
પરિગ્રહનું મૂળ છે. તેને પાપ જ કહેવાય.

સભા :- બાળકના સગા સંબંધીમાં જ્યારે
આવો પ્રસંગ આવે ત્યારે વ્યવહારિક રીતે પણ
અનુમોદના કરાય ?

સાહેબજી :- સારો વિવેકી શ્રાવક તો આ વખતે
પણ અનુમોદના ન કરે પણ એમ જરૂર કહે કે

તમે જે જ્ઞાન મેળવ્યુ છે, તેનાથી જીવનમાં પવિત્રતા લાવજો. જ્ઞાનની સાર્થકતા પવિત્રતારૂપી ફળ દ્વારા જ છે. પણ અત્યારે તમને આ બધી સલાહ સારી ન પણ લાગે પણ વૈરાગ્ય ને વિવેક પ્રગટે ત્યારે એ જીવનો દ્રષ્ટિકોણ જ આમૂલાગ્ર બદલાય. જેને પોતાના આત્માની ચિંતા હોય તે જીવ બીજા જીવનાં આત્માનું અહિત થતું ન જોઈ શકે. તેને તેની ચિંતા થયા વગર ન જ રહે. પાપના માર્ગે જનાર જીવની અનુમોદના પણ ન કરે. તે જીવ કદાચ તેના જીવનમાંથી પાપને છોડી ન શકે પણ પાપની અનુમોદના તો ન જ કરે. પાપને સારૂ માનો ને તેને જ મહત્વ આપો તો વિવેક આવ્યો ન જ કહેવાય. વિવેક - અવિવેકનો ભેદ રહેશે જ, તમારા આવશ્યક કર્તવ્ય કરવા પડે પણ જ્યાં ખોટી પ્રવૃત્તિ હોય ત્યાં અનુમોદના નો ભાવ તો ન જ કરાય. તમે ગમે તેટલા સદ્ગુણો કેળવો પણ હોય પુણ્યે તિવ્ર રૂચિ હોય તો પુણ્ય કેવું બંધાય? અનુબંધ પાપનો જ પડે.

જે જીવમાં સંસાર રસિકતા ગાઢ છે તે વૈરાગ્ય નથી. ને જે જીવમાં વિવેક એટલે હેય-ઉપાદેયનો વિવેક, કર્તવ્ય ને અકર્તવ્ય, ગુણ-અવગુણનો વિવેક એ હોય. ને ગુણ ને ગુણ માનતો હોય ને દોષ પણ દોષ જ લાગતા હોય. ઉપાદેય નો અનાદર કરે, ને ઉપેક્ષા કરે. હેયને સારૂ માને ને આચરવા જેવું માને. આવી રીતે બન્નેની સીમા સમજવાનો વિવેક જોઈએ.

આ બે ગુણો ને અનુબંધની આધારશીલા છે. તમે જ્યાસુધી આ બે ગુણો પર દ્રષ્ટિ નહિ

કરો ત્યાં સુધી શુભ અનુબંધ નહિ પાડી શકો.

તમારી પ્રત્યેક ક્રિયા જેમ પૂજા-સામાયિક ઇરિયાવહિયં-ચૈત્યવંદન, નોકારશી બધી જ વખતે વૈરાગ્ય ને વિવેક તો જોઇએ. પ્રતિક્રમણ ને સામાયિક કરો છો ત્યારે પહેલા સંકલ્પ શું જોઇએ? પ્રતિક્રમણ એ પાપના પ્રાયશ્ચિત રૂપે છે. હવે જો તમે પાપને જ સારૂ માનતા હો તો પછી પ્રતિક્રમણ કરવાનો કોઇ જ અર્થ નથી.

તમે તો કહેશો કે રાગ કરવામાં ખોટું શું છે? દિકરો રૂપાળો હોય અને બધી રીતે અનુકૂળ હોય તો રાગ તો થાય જ ને! બધી જ સાધનસામગ્રી મળી છે તો મનગમતા ભોજન તો કરીયે જ ને? તેને ભોગવવામાં ખોટું શું? બસ આ જ દ્રષ્ટિકોણ બદલવા માટે તમારે જીવનમાં વૈરાગ્ય ને વિવેક પ્રગટવો જોઇએ. વૈરાગ્ય ને વિવેક એ જબરજસ્ત ગુણ છે કે જો તે પ્રગટે ને તેનો ઉપયોગ બરાબર કરતા આવડે તો પાપના રસ જરૂર તૂટે.

સુકૃત્યની અનુમોદના અને દુષ્કૃતની ગર્હા કરતા પુણ્યનો અનુબંધ ત્યારે જ પડે જ્યારે તેમાં વૈરાગ્ય ને વિવેક આવે. પ્રથમ તો વૈરાગ્ય ને વિવેકના અભાવે જે અનુમોદના કે ગર્હા કરીયે તે બન્ને ઔપચારિક જ થાય. બધા સુકૃત્ય જેને ગમતાં નથી ને બધા દુષ્કૃત્યો જેને ખરાબ નથી લાગતા તેને આ બન્નેનો વિવેક ન હોવાથી જીવ કદી સાચી અનુમોદના કે ગર્હા કરી શકતો નથી.

સભા:- પ્રાયશ્ચિત લેવુ હોય તો વૈરાગ્ય ને

વિવેક આવે પછી જ લેવાનું ?

સાહેબજી:- આ તો સાવ ખોટી વાત થઇ. કાલે ઉઠીને તમે કહેશો કે અમને વૈરાગ્ય ને વિવેક નથી તેથી કાલથી પૂજા નહિ કરીએ

તમે ધંધો કરવા બજારમાં જાવ છો ત્યારે કોઇ કહે કે તમને ધંધો કરતા નુકશાન થાય તેવું છે તો શું તમે ઘરે જતા રહેશો ? કે પછી બે ઠેકાણે પૂછીને જાણકારી મેળવવા પ્રયત્ન કરશો ? ત્યાં તમને ખરી ધગશ છે જ્યારે અહીં ધગશ નથી. પાપનું પ્રાયશ્ચિત નહિ કરો તો પાપ જમા જ રહેશે. ને તમે વિચારશો વૈરાગ્ય ને વિવેક નથી તો શું થઇ ગયું! તેના વગર બંધતો પુણ્યનો જ પડશે. આવી રીતે ન વિચારાય. આ બધું ન સમજવાના બહાના છે

ઘણાને હજુ વિતરાગતા ઓળખાઇ નથી. ને ઘણાને હજુ ગમો નથી. ને ઘણાને સમજાઇ નથી. છતા-પણ અહીં આવતા થોડું પામશો ને થોડું પણ પુણ્ય બાંધશો, જે ભવિષ્યમાં સારી સામગ્રી અપાવશે. આમા બહુ દીર્ઘ દ્રષ્ટિકોણ છે. તમને ધર્મમાં આગળ વધારવા માટેની આ બધી ટકોર છે તેના માટે જે કડી ખૂટે છે તે મેળવવાનો પ્રયત્ન કરવાનો છે. જરા ટકોર કરીએ તો negative approach ન લેવાય.

પુણ્ય એકલું બાંધવાનું મહત્વ નથી પણ અનુબંધ તો હજાર ગણ ફળ આપશે. તેથી જ અનુબંધનું મહત્વ વધારે છે. તમને થોડી મહેનત-માં વધારે ફળનો ધંધો બતાવું છું. અમે તમને

ધર્મમાંથી પાછા ફરવાનું નથી કહેતા., પણ નાનો સરખો પણ ધર્મ કરીને બેડોપાર થઇ જાય.

સભા:- ક્વોલીટી જોઇએ.

સાહેબજી:- હા, ક્વોલીટી જોઇએ. થોડો પણ વૈરાગ્યને વિવેક ભેળવશોતો ધર્મની ઉંચી ક્વોલીટી આપશે: તીર્થંકરો પણ આવી રીતે જ આગળ વધ્યા હતા, સીધો જ કાંઇ મોટો ધર્મ નહોતો કર્યો.

શાલિભદ્રે ખીર વહોરાવી, કુમારપાળ રાજાએ ફૂલ ચઢાવ્યા, આ વખતે પુણ્યનો અનુબંધ પાડ્યો. શાલિભદ્ર તેમના આગલા ભવમાં જ્યારે બાળક હતા ત્યારે તેમને મહાત્મા પ્રત્યે અત્યંત બહુમાન છે. તે સાથે વૈરાગ્યને વિવેક પણ છે. યોગની બીજી દ્રષ્ટિમાં છે. તેમની આજુબાજુ ઘણા શ્રીમંતો વસતા હતા. તેની મા ગરીબ છે ને કામ કરનારી છે. આમ તો પોતે વેપારી કુળનો છોકરો છે, પણ પાપના કારણે ગરીબ થઇ ગયો છે. પોતે ભરવાડનું કામ કરે છે. આજુબાજુ શ્રીમંતો વસતા હોવા છતાં આ બાળક પર તેની કોઇ છાયા નથી. તેના પ્રત્યે તેને આદર કે બહુમાન નથી પણ ત્યાગીની ઉંડી અસર છે. મહાત્મા પ્રત્યે બહુમાન છે. જ્યારે આ બાળક ઢોર ચરાવવા જાય છે ત્યારે આ મહાત્મા કે તેને ત્યાં વહોરવા આવેલા છે તે ત્યાં કાઉસગ્ગ, ધ્યાનમાં ઉભા રહે છે: તેમની મુદ્રા અત્યંત પ્રશાંત- નિર્વિકારી દેખાય છે, તેથી તેમનું સાન્નિધ્ય તે આ બાળકને બહુ ગમે છે. અને તેથી જ બાજુમાં બેસી રહે છે. અને વિચારે છે કે 'આમનું જીવન દિવ્ય છે કે આવી સરસ આરાધના કરે છે'.

તેમણે ગયા ભવમાં પણ આવી જ સરસ આરાધના કરી હશે. ને આ ભવની આરાધનાથી આવતો ભવ પણ સફળ છે, જ્યારે મેં તો ગયા ભવમાં કાંઈ નહિ કરેલું જેથી આ ભવમાં પણ કાંઈ કરી શકતો નથી. અને જો અત્યારે કાંઈ નહિ કરતો આવતો ભવ પણ બરબાદ થશે. અત્યારે જો આટલો રિબાઉં છું તો ભવિષ્યમાં શું થશે? આમ તેને સંયમ પ્રત્યે અત્યંત બહુમાન છે. ને જો આવું જીવન મળી જાય તો રાજી થઈ જાય તેમ છે

સભા:- આગલા ભવના સંસ્કાર કામ કરે ખરા?

સાહેબજી:- હા, થોડા સંસ્કાર કામ કરે ખરા. તે આગલા ભવમાં ધર્મ કરતો હતો પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિ નહોતી થઈ. જ્યારે અત્યારે આગલા ભવના કરેલા ધર્મથી તેને ધર્મ કરવા માટે સામગ્રી મળી છે. કે તેને પુણ્યાનુબંધી પુણ્ય બંધાવનારી થઈ. વૈરાગ્ય ને વિવેક હોય તેથી અનુબંધ પુણ્યનો પડ્યો.

॥પ. પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥

શુક્રવાર    અનુકંપા દાન    ચોમાસી

અનંત ઉપકારી. અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને સદ્ધર્મની રૂચિની પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દ્રષ્ટિએ કોઈને પણ ધર્મની સાધનામાં સાચો પ્રારંભ કરવો હોય તેને પહેલા રૂચિ બદલવી પડશે. સાચી રૂચિ આવ્યા પછી જ પ્રવૃત્તિ-પરિણતી આવે છે.

જેમ તમારી આગળ ગમે તેટલી સ્વાદિષ્ટ વાનગી હોય પણ રૂચિ ન હોય તો ને પરાણે ખાવતાં શું થાય? અરૂચિપૂર્વક ખાવતાં મજા આવે? અને ખાનારો ખાધા પછી પણ લાભ નથી મળતો પણ અજીર્ણ થાય છે. જેમ રૂચિ ને ભૂખ ભોજનમાં આવશ્યક છે. પછી જ તે હિતકારી બને છે તેવી જ રીતે ધર્મરૂપી ભોજન પણ હિતકારી ત્યારે જ બને જ્યારે તેને આ ધર્મરૂપી ભોજન માટે તીવ્ર રૂચિ ઉત્પન્ન થાય.

અમારે સાચા શ્રોતાવર્ગને વારંવાર ઉપદેશ આપવાનો છે જેથી તેમની રૂચિ પેદા થાય. પછી તો તે ભલે ભાગે ખાધા વગર રહેવાનો જ નથી આમ રૂચિ ને પાયાના ધર્મ સાથે જ બાંધી છે. બધા જ શુભ ભાવો પ્રત્યે બહુમાન - પરિણતી- રૂચિ આ બધા પર્યાયવાચી શબ્દો છે. જો આ બધા પેદા થાય તો તેના પ્રતિસ્પર્ધી પાપ- અધર્મ - દ્વેષ - - અરૂચિ- અણગમો ટકી ન જ શકે.

ધર્મ ગમે તેને અધર્મ ન જ ગમે.
પુણ્ય ગમે તેને પાપ ન જ ગમે

જે ગુણ ગમે તેની હોય ન જ ગમે. શરૂઆતમાં આરાધના કરવી હોય તો ધર્મ શું બતાવ્યો કે સુકૃત્યની અનુમોદના અને દુષ્કૃત્યની ગર્હા. પોતે કરેલા સુકૃત્યની અનુમોદના અને પ્રશંસા કરવાની છે. બીજાના કરેલા સુકૃત્યની અનુમોદના કરવાની છે. પોતાના કરેલા દુષ્કૃત્યની ગર્હા અને બીજાના કરેલા દુષ્કૃત્યોની ગર્હા કરવાની છે. વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવાનો નથી પણ તેના પાપની ગર્હા કરવાની છે, ને પાપ પ્રત્યે દ્વેષ કરવાનો છે. પાપી પ્રત્યે કરુણા કરવાની છે. આ બે પ્રાથમિક ધર્મ છે. આ પ્રાથમિક ધર્મ પણ કરતા વૈરાગ્ય ને વિવેકતો જોઈએ. જેટલા પણ દુષ્કૃત્યો છે તે બધા ખોટા છે તે મનમાં બેસવું જોઈએ. ક્રોધ, અહંકાર, આસક્તિ જ્યારે સારી લાગતી હોય ત્યારે સાચી ગર્હા ન થઈ શકે. એવું તો જરૂર થવું જોઈએ કે મારી આ નબળાઈ છે કે આ બધું આચરીએ છીએ. પણ તે અધર્મ ને પાપ છે એ બુદ્ધિ ટકવી જોઈએ નહિતર દુષ્કૃત્યની અનુમોદના થઈ કહેવાશે. તેવી જ રીતે સુકૃત્ય માટે પણ માનવાનું. જેટલા સદ્ગુણો ધાર્મિક અનુષ્ઠાનો બધા જ ગમવા જોઈએ. એક પણ સુકૃત્ય ન ગમતું હોય તો સુકૃત્યની અનુમોદના ન આવી, પણ તેના તરફ દ્વેષ છે તેમ કહેવાય. જાણીબુઝીને દ્વેષ હોય તો તેની ભૂમિકા નીચી ચાલી જાય છે. કઈ વ્યક્તિ કઈ ભૂમિકામાં છે તે જાણવાના રસ્તા નક્કી છે.

જેનામાં આગ્રહપૂર્વકની પાપની અનુમોદના હોય તો

તો તે જીવ ચરમાવર્તની બહાર છે. જે આત્મા જાણીજોઈને પાપની અનુમોદના કરતો હોય તે આત્મા નિયમા મોક્ષમાર્ગની બહાર છે. કદાચ અજ્ઞાનતાથી પણ આત્મામાં પાપની રુચિ પડી હોય તો મિથ્યાત્વ નક્કી જ છે. પણ મોક્ષમાર્ગની અંદર આવી ગયેલો જીવ છે. પણ જેનામાં સંપૂર્ણ પાપની અનુમોદનાની રુચિ છૂટી ગઈ છે, તે આત્મા નિયમા સમ્યગ્-દૃષ્ટિ છે. જે આત્માની પાપ પ્રત્યેની રુચિ લીલીછમ છે તે જ અધર્મ છે. અને જેનામાંથી આ રુચિ ગઈ છે તે જ આત્મા સમ્યગ્દૃષ્ટિ છે.

એકમાત્ર સંસારી સ્વાર્થ માટે ગુસ્સો કરે છે તે પ્રશસ્ત કષાય નથી. ક્રોધ પણ શુભકાર્ય માટે ધર્મનું સાધન બને છે. અપ્રશસ્ત ક્રોધ-દ્વેષ આસક્તિ આ બધા દોષો કોમન છે. કારણ આપણે બધા વિતરાગ નથી. સંસારમાં ડગલેને પગલે રાગદ્વેષને આસક્તિના નિમિત્તો પડેલા જ હોય છે નિમિત્ત મળે અને નિમિત્ત વગર પણ ક્રોધ કર્યો, ત્યારપછી કોઈ સમજાવે કે આ ખોટું છે, છતા-પણ આગ્રહપૂર્વકની અનુમોદના અર્થાત તેને સારો માનવો એટલે અનુમોદના આવી ગઈ. અનુમોદના નો અર્થ વિચાર કરીને રાજી થવા કેટલો મર્યાદિત નથી. જેમ તમને કોઈની સાથે વિરોધ પડે અને તેને સીધો કરી નાખુ એવો ભાવ આવે ને સાથે થાય કે એ જ લાગનો હતો. આમ પાપને યાદ કરીને રાજી થવું તે અનુમોદના નથી પણ પાપને સારૂ માનો તે અનુમોદના છે.

અનુમોદના અંદર પડી છે. પણ જ્યારે યાદ કરીને રાજી થાવ ત્યારે તે વ્યક્ત થાય છે

કે દુષ્કૃત્યને સારૂ માનતા હોય તેજ અનુમોદના છે. એક પણ પાપનો આગ્રહ હોય કે આ બરાબર જ છે ને તેને પાપ તરીકે સ્વીકારે નહિ, તો આ નાના પાપમાં પણ જડકીપણું આવ્યુ એ અચરમાવર્તની જાહેર છે. કારણ તે આગ્રહપૂર્વકની અનુમોદના છે

જીવો તો મરે જ છે ને બધી હિંસાનો વિચાર કરવા બેસીએ તો ગાંડા થઇ જવાય આવું મોટાભાગના લોકો માનતા હોય છે. ધર્મના ક્ષેત્રમાં પણ આવા જીવો ઘણા છે ને તેમને પણ આવી આગ્રહપૂર્વકની અનુમોદના હોવાના કારણે પાપનો અનુબંધ પડે છે

આગ્રહ - જાણકારી ને રૂચિ આ ત્રણેનો તફાવત શું ? તો આગ્રહ એટલે વ્યક્તિને વિચારવાની તૈયારી જ નથી, સારે પાપને પણ પાપ તરીકે માનવાની તૈયારી નથી.

જાણકારીમાં આ પાપ છે તેમ સમજયુ પછી તે જ જીવને વિચારવાની તૈયારી છે. પાપને તે પાપ તરીકે માને છે પણ છોડી શકતો નથી. સમજાવવાથી સમજે પણ ખરો પણ છોડી ન શકે. જ્યારે આગ્રહવાળો સાંભળવા તૈયાર નથી હોતો.

દા. ત. જાણકાર કે સમજે છે કે હિંસાના દૃષ્ટાંત રૂપે મોટરમાં બેસીને ક્યાંય પણ જવતો આપણે એક મોજશોખ ખાતર કેટલાયે નિર્દોષ જીવોનો નાશ થશે. આ નિર્દોષ જીવો આપણને ક્યાંય હેરાન નથી કરતા. તેમના કોઇપણ ગુના

વગર આપણી અગવડતા ખાતર પ્રાણ હરી લઈએ છીએ. આ બધું સમજી શકનાર હોય પણ છોડી ન શકે.

તમારું માનસ કેવું છે? કુદરતમાં મજા લેવાનો ઇજારો તમને જ છે? મોટા ભાગના લોકો મોટરમાં બેસવું તે પાપ છે તે ન માને. ઘરમાં એકપણ ગાડી ન હોય તો તમે કેટલા રાજી થાવ? ન હોવાનું દુઃખ જ હોય. એકમાંથી બે ગાડી થાય ત્યારે તો અધ્ધર જ ચાલો ને? આ બધું તમારી પાપની સ્પષ્ટ અનુમોદના છે.

સભા:- ગાડીમાં બેસીને પુણ્યનું કામ કરવા જઈએ તો?

સાહેબજી:- બોલો, નક્કી કરો કે આજથી પુણ્યનું કામ કરવા જ ગાડીમાં બેસવું. તમારે તો ધર્મના ઓઠા નીચે સંસાર ચલાવવો છે. ૯૯% લોકો ગાડી ક્યા કામે ચલાવે છે? તમારે તો ૧૨ કલાક પાપ કરીને અડધો કલાક ધર્મનું કામ કરી પાપ ભૂંસી નાખવા છે. આવી જ તમારી દાનત છે.

સભા:- ઘરની ગાડી કરતા ટેક્ષી રાખીએ તો?

સાહેબજી:- ઓછું પાપ લાગે, પણ પાપ તો લાગે જ. જ્યારે પણ જરૂર લાગે ત્યારે ટેક્ષીમાં તો બેસવાના જ છો તેથી ઊંઘમાં પણ ટેક્ષીમાં બેસવાનું પાપ તો લાગે જ. હા અહીંયા માલિકીનું પાપ નથી. પણ ટેક્ષી વાપરવાનો ભાવ તો અંદર છે જ તેથી ૨૪ કલાક તેનું પાપ લાગે છે. નહિતર તમે ઊંઘમાં સાધુ થઈ જશો. સાધુ તો

ઉંઘમાં પણ હિંસા નથી કરતા. જ્યારે શ્રાવકને ઉંઘમાં પણ દુનિયા આખીના પાપ લાગે છે. કરણ કરાવણ ને અનુમોદન એમાંથી પાપ લાગે છે.

સભા :- પણ સૂતી વખતે વોસીરાવી દઇએ તો?

સાહેબજી :- તમે રાત્રે શું વોસિરાવો છો આહાર. શરીર વગેરે અને તે પણ જ્યા સુધી ઉઠુ નહિ ત્યાંસુધી જ ને? ઉઠો એટલે બધુ ચાલુ જ હાય. જો તમારે ખરેખર વોસિરાવવું હોયતો સામાયિક લેવું પડે. કરણ અને કરાવણ ની રીતે સામાયિકમાં જ છુટે છે.

તમે વ્યવહારમાં પણ બોલો છો "અપ્પાણં વોસિરામી" પણ તે વખતે વોસિરાવવાનો ભાવ આવે છે? સામાયિક લેતા સંસારની બધી સામગ્રી ને બે ઘડી માટે વોસિરાવવાની હોય છે.

ઘરમાં સામાયિક કરતા હો ત્યારે પણ ઘર તમારા પૈસાથી જે લીધુ હોય તે પણ કદાચ તૂટી જાયતો તમને કાંઇ જ લેવાદેવાની ન જ હોય. સામાયિક બેઠા પછી શરદી થઇ હોય તો એક રૂમાલ પણ જોઇએ તો બીજા પાસે માંગીને લેવાનો હોય છે કારણ "અપ્પાણં વોસિરામી" કર્યા પછી તમે સામાયિક વખતે ઘરના માલિક નથી. રૂમાલ સુધ્ધાની માલિકી તમારી નથી. જો એમનેમ 'હા' લેશો તો બોલશો તો મૃષાવાદનું પાપ લાગશે. અને પુછ્યા વગર લેશો તો ચોરીનું પાપ લાગશે.

સભા :- પણ સાહેબ ઘરમાં કોઇ જ ન હોય તો?

સાહેબજી :- લેવાય જ નહિ.

સભા :- પહેલેથી લઈને બેસીએ તો ?

સાહેબજી :- જયણાના સાધન તરીકે લેવાય. તમે જ્યારે પૌષધ કરો છો ત્યારે એકાસણું કરવું હોયતો ઘરમાં જતા પહેલા તમારે રજા લેવી પડે છે ઘર તમારૂ છે છતા રજા લેવી પડે. "આ બધુ મારૂ છે ને આ બધાનો હું માલિક છું." આમ માનો તો દોષ ગણાય. પૌષધ વખતે તમારી કોઈ વસ્તુ તમારી ન ગણાય. તમારે કદાચ એક કપડાની જોડ પણ જોઈતી હોયતો શું કહો ? કે મને એનો ખપ છે. આપેતો વપરાય નહિતો ન જ વપરાય. પણ તમને તો પચ્ચખાણ લો ત્યારે ખબર જ નથી કે શું પચ્ચખાણ લીધુ છે. વોસિરાવતી વખતે પણ જો ભાવનો બરાબર ઉપયોગ ન કર્યો હોયતો સામાયિકમાં પણ પાપ બંધ ચાલુ રહે છે. તો પછી ઉંઘમાં તો ક્યાંથી પાપ બંધ થાય ? સામાયિક વખતે તમને જો ખબર પડે કે ધંધામાં ૫૦% નુકશાની થઈ છે ત્યારે દુઃખ લાગે ને પણ જો સાંભળો કે નફો થયો છે તો રાજીપો થાય. આમ નુકશાનીમાં દુઃખ અને નફામાં રાગ થાય છે. સામાયિકમાં અમારી પાસે પચ્ચખાણ લેતી વખતે વોસિરાવો છો તે માત્રથી પાપ અટકી નથી જતુ. જે પાપના પરિણામ પડ્યા છે. ત્યાંસુધી પાપબંધ રહેવાનો જ. જ્યારે ભાવ તુટ્યા જ નથી તો પાપબંધ ચાલુ જ છે. ઉંઘમાં પણ જો ખબર પડેકે મોટર ચોરાઈ ગઈ છે તો ધ્રાસ્કો પડે ને ? આમ ઉંઘમાં રાગ, આસક્તિ તો પડ્યા જ છે.

કપડા કાઢીને જેમ ખીંટીએ લટકાવો છો તેમ સામાયિકમાં મમતા આસક્તિ વગેરે કષાયો બધા ખીંટીએ લટકાવી છોર પહેરેલા હાગીના પણ સામાયિકમાં ઉતારી લેવાના હોય છે. બધા જ પાપો પણ ઉતારી લેવાના છે.

સભા:- પણ સાહેબ જોખમ કોણ એમ કાઢીને શેનું મૂકાય? અત્યારે જમાનો બદલાય ગયો છે.

સાહેબજી:- બસ, જોખમમાં જે પોતાપણાનો ભાવ છે માટે જ આમ બોલો છો. આમાં પચ્ચખાણ ક્યાં આવ્યું? છતાપણ અમે તમને ખોટુ છે એમ નથી કહેતા કારણ તમારૂ સામાયિક હલ્કા સામાયિક છે. પુણિયા શ્રાવક અને તમારા સામાયિકની ક્વોલીટીમાં લાખ ગણો ફરક પડશે. સામાયિકના પચ્ચખાણમાં શું કીધુ છે એનો જો ખ્યાલ આવેતો બધા વિકલ્પો સમજી શકો.

હવે જો અનુમોદના આગ્રહપૂર્વકની ચાલુ હોયતો તમે ચરમાવર્તની બહાર છો. હવે જો પાપની અનુમોદના જો ભલે આગ્રહ નથી પણ પાપને પાપ તરીકે જાણ્યા સમજ્યા છતા પણ પાપ છૂટતુ ન હોયતો તે જીવ મોક્ષમાર્ગની ભૂમિકા પામ્યો નથી. આ જીવ દુષ્કૃતગર્હા કે સુકૃત અનુમોદના સાચી ન કરી શકે. કારણ તેનામાં નિંદા પડી છે. આવા જીવની અનુમોદના હોયતો પણ તે સાચી નથી.

દુષ્કૃત અનુમોદના એ ગર્હાનો વિરોધી ભાવ છે. જેમ એક માણસને સમજાવો કે મોટર એ પાપનુ સાધન છે. પણ તે એ વાત જરાપણ માનવા તૈયાર જ ન થાય, તે સાથે જરાપણ રંજ

ન હોય તો તેને પાપનો આગ્રહ છે તેથી તે જીવને
તીવ્ર પાપના અનુબંધ પડે છે. પાપનો રસ જો
આગ્રહપૂર્વકનો હોય તો સમજવું કે તમારી ગાડી ઉંધા
પાટા પર સડસડાટ જઈ રહી છે. અત્યારે ઘણા જ
સમાજસેવકો, ડોક્ટરો, વકીલ વગેરે ઘણા ગુણીને
સજ્જન હોવા છતા તેઓમાં પાપનો આગ્રહ હોય તો
તે બધા અનુબંધ પાપના પાડે છે.

જેમ ગાંધીજી સદ્ગુણી હોવા છતા પાપનો
આગ્રહ પણ તેમને ઘણો જ હતો. જેમકે કસાઇ, માછીમાર
ના ધંધામાં કશું ખોટુ નથી ને તે ધંધાને સહાય
કરવી જ જોઇએ. માછીમારને જાળ અપાવવામાં
કશું ખોટુ ન માને ઉલ્ટુ સતકાર્ય ગણે. આવા
ધંધાને વ્યાજબી કહેવા તે પાપ જ છે. બીજા જીવોને
પોતાના માટે મારે, તેના પ્રત્યે ક્રુરતાભર્યુ વર્તન કરે
એ પાપ નથી એમ માનનાર ને તમે સમજાવો છતા
પણ પોતાની વાત પકડી જ રાખે. વિચારવા સુદ્ધા
તૈયાર ન જ હોય. આમ પાછા ભક્તિ કરે,
ગીતાપાઠ કરે. તેમની દેશભક્તિ કેટલી ઉંચી છે.
સાથે ક્ષમાનો ગુણ પણ છે. જ્યારે ગોડસેએ તેમને
ગોળી મારી ત્યારે પણ 'હે રામ' જ બોલ્યા ને
આને કાંઇ કરશો નહિ. આમ દુશ્મનને પણ
ક્ષમા આપી. છતાંપણ આ બધુ હોવા છતા
આગ્રહપૂર્વકનો પાપનો રસ અને અનુમોદના છે
તેથી પાપાનુબંધી પુણ્ય બંધાવે છે.

પાપની અનુમોદનાને પાપના અનુબંધ
સાથે સીધુ જોડાણ છે. શાસ્ત્ર કહે છે કે,
પાપનો આગ્રહ તો જોઇએ જ નહિ. જેને પણ પાપો

જો આગ્રહ ન હોય અને સમજવાની તૈયારી હોય
સમજી શકે પણ પાપની રુચિ એટલી ન તુટી હોય.
જ્યારે તેમને સમજાવીએ કે મોટર કે મોજમજાનું
સાધન છે. અને એના દ્વારા આપણે બીજા જીવોને
જીવોને ઉપદ્રવ કરીએ છીએ- મોટરને પાપનું સાધન
માને પણ તે મેળવવામાં રસ હોય એટલું જ નહિ
આવ્યા પછી પણ રાજી હોય. પોતાના સ્ટેટસને
કારણે વધારે રસ હોય. અને બેની ગણ પણ
મોટર આવે તો રાજી હોય. આમ જાણીબુઝીને રસ છે
ને રુચિ છે તે કદીપણ સુકૃત્યની સાચી અનુમોદના
ન કરી શકે. માટે તે જીવ મોક્ષમાર્ગની બહાર છે.
ઘણા જીવો પાપને પાપ તરીકે બતાવો તો
સમજવા તૈયાર હોય, ને તેને ગેરવ્યાજબી પણ માને.
ને આદરણીય ન માને. તેનામાં બુદ્ધિનો પરિણામ
હોય. દુષ્કૃત્યને દુષ્કૃત્ય તરીકે વિચારવા તૈયાર હોય
ને સુકૃત્ય તરીકે માનવા તૈયાર હોય. પણ સાથે
પાપની અજ્ઞાનતાથી તેના તરફ રુચિ હોય. કદીપણ
જાણીજોઈને પાપની અનુમોદના નથી કરતો. તે જીવ
મોક્ષમાર્ગની અંદર છે. એ ભૂમિકા તેને આવી ગઈ છે
કે જીવને સમજાવે કે મોજશોખ એ પાપ છે.
તે જીવ જો પ્રમાણિકતાથી પૈસા કમાઈને તેના
દ્વારા સગવડતા ભોગવતો હોય તો તેને સામાન્ય
રીતે એને કહેવામાં આવે કે એ પણ પાપ છે, ત્યારે
એને થાય કે હું મારા સ્વબળથી વ્યાજબી રીતે કમાઉ
છું ને વાપરૂ છું તો એમાં ખોટુ શું છે? હું
કોઈ કોઈને છેતરતો નથી. પણ જીવન મળ્યું છે
તો મોજમજા શું કામ ન કરૂ? આમ તેને આમાં

કશું ખોટું ન લાગે. પણ વાસ્તવિકમાં તમે જે વૃત્તિ સુખી થવા માંગો છો તે બીજાના ભોગે જ થાય છે. દા.ત. કચોરી બનાવીને ખાવ ત્યારે કેટલાય જીવ તેમાં રંધાય છે કે તળાય છે ત્યારે જ તે બને છે.

માંકડ કે મચ્છરને તમારું લોહી ટેસ્ટી લાગ્યું હોય છે તેથી કરડે ત્યારે કેવું લાગે છે? તે વખતે તેના પર દ્વેષ આવે છે. પાછા આ બધા જીવો તમને આખાને આખા ખાતા નથી. આમ તો તમે લોહી ડોનેશનમાં આપતા હો તો પણ મચ્છર-માંકડને તમારા દ્વારા તૃપ્તિ થાય છે તેની સામે તમને પીડા બહુ જ ઓછી થાય છે. આમ તમારી પીડા તમને લાગે છે પણ બીજા જીવોને આખા વઘારી નાખતા કે તળી નાખીને પછી ટેસ્ટથી ખાવ છો છતા તેને પાપ નથી માનતા.

સભા:- અત્યાર સુધી એમ જ છે.

સાહેબજી: તમે પાપને પાપ માનવા તૈયાર નથી.

હું ક્રોધ કરું તો વાંધો નહિ બીજો કરે તો ગુનો.
" ચોરી " " " " " " " .
" ભ્રષ્ટાચાર " " " " " " " .
" વિશ્વાસઘાત " " " " " " .

તમારે તમારી જાત માટેના અને જગત માટેના કેટલા જુદા છે. કચોરી ખાતા વિચાર આવે કે બીજાના મોતની ઉજાણી કરો છો.

સભા:- આવું બધું જાણીને ખાવાનું મન નથી થતું. જીવન જરૂરિયાત માટે તો આ બધું કરવું પડે છે.

સાહેબજી :- સત્પ્રવૃત્તિના ઉદ્દેશથી વાપરો પણ તેમાં આસક્તિ કરવાની ના પાડી છે. આસક્તિમાં અનુમોદના આવી જશે. અનુમોદના ભળવાથી પાપ ભારે પડે છે, ને અનુબંધ પડે છે. પરિણામ સાથે અનુબંધને સબંધ છે

એકજણને સમજાવીકે સંસારમાં બધે પાપ છે તો કહેશેકે ના એવુ નથી. ધર્મ કરવા કોઇ સંસાર ત્યાગની જરૂર નથી. જીવોની હિંસા થાય છે તે તેના કર્મને લીધે થાય છે. એમા આપણને પાપ ન લાગે. તો પછી રસ્તે જતા તમને કોઇ મોટરની ટક્કરમા લઇ ઘાયલ કરેતો તમે તેને કેટલી ગાળો આપો છો. આતો તમારૂ કર્મ જ હતુ તેથી તમે ઘાયલ થયા છો. આ બધી બેહુદી વાતો છે. આમ વિચારોકે તમને પાપનો આગ્રહ કેટલો છે.

તો પ્રતિમા ને દેરાસર ભરાવો પણ પાપની અનુમોદના ભળી હોયતો પાપાનુબંધી પુણ્ય બંધાય છે. મુળ ધર્મ સમજ્યાની જરૂર છે, તેથી તમારા જીવનમાં પાપની પક્કડ છૂટે તેમ નથી.

સંસારમાં ઘણા લોકો આ બધી વાતોને વ્યાજબી માને છે ને તેને પાપ તરીકે સ્વીકારવા તૈયાર નથી એ બધા અધ્યાત્મની દ્રષ્ટિએ ઝીરો છે વૈરાગ્ય ની જરૂર કેમ છે? પાપ જ્યા છે ત્યા તેનો સ્વીકાર કરવા માટે ને આ પાપમય સંસાર અસાર લાગવો જોઇએ.

સભા :- અમારૂ કોઇ ખરાબ કરેતો માનીયે છીએ કે કર્મથી થયુ છે.

સાહેબજી – તો તે વખતે ગુસ્સો ન આવવો
જોઈએ. તમને કોઈ ગમે તેટલું મારે તો પણ ઉકળશો
નહિ ને? પણ તે વખતે તો તમારો કર્મનો સિદ્ધાંત
ભાગી જાય છે ને કર્મ પર ક્રોધ આવે છે ને
વ્યક્તિ પર દ્વેષ આવે છે. જો તમને વ્યક્તિ કે
નિમિત્ત પર દ્વેષ નથી તો તમારો ક્રોધ શીત થઈ
ગયો કહેવાશે. રાગ વખતે પણ આનંદ નહિ થાય ને?
તો પછી તમે સમતાની ભૂમિકામાં આવી ગયા
કહેવાશો. પછી તો હું બધાને કહીશ કે આમનાં
દર્શન કરો. તમારા હૈયામાં રહેલા ભાવને બરાબર
તપાસો.

સમતામાં રહેલો જીવ પોતાને દુઃખ આવે તો
પોતાના કર્મથી આવેલું જ માને. તેને કોઈ ચીરી
નાખે તો પણ તેને કાંઈ ન થાય. તેવી રીતે તેમનાથી
ચાલતા કીડી મરી જાય તો પણ તેમને દુઃખ ન થાય.
મારી સામે જો પાણીના ખાબોચિયામાં માખી તરફડતી
હોય તો હું તેને બહાર કાઢીને બચાવું. જ્યારે સમતા
માં રહેલો જીવ તેને બહાર ન કાઢે, તે માને કે
કર્મની રીતે થશે.

ધર્મ આપણને અપ્રામાણિક બનાવવા માટે નથી
" " પ્રામાણિક સત્યના પક્ષપાતી
બનાવવા માંગે છે. પોતાના માટેના એંગલ જુદા ને
બીજા માટેના એંગલ જુદા તેવું ન હોવું જોઈએ
બધા માટે સમાન એંગલ જોઈએ. ભૂમિકા
પ્રમાણે ભાવ કરવાનો છે.

ઉંદરને બિલાડી મારતી હોય ત્યારે
તે વખતે સમતામાં રહેલો જીવ એ વિચારે કે

મારા કે તમારાથી વિચારાય નહિ. અત્યારે તો આપણે પાપ પર દ્વેષ કરવાનો છે, અને ધર્મ પર રાગ કરવાનો છે. જ્યારે સમતામાં રહેલા જીવને પાપ પર દ્વેષ નથી કે ધર્મ પર રાગ પણ નથી. પણ અત્યારે આપણે એ ભૂમિકામાં નથી. સમભાવનો અર્થ શું છે તે પૂરું જાણો અધૂરા વિચારો ન ચાલે. અત્યારે તો આપણે રાગ ને દ્વેષ બન્ને કરવાના છે.

અનુમોદના એ રાગ છે, ને નિંદા ગૃહા એ દ્વેષ છે. અનુમોદના કરીએ એટલે ધર્મરાગ પ્રજ્વલિત થાય. નિંદા ગૃહા કરીયે એટલે પાપનો દ્વેષ પ્રગટ થાય. ધર્મનો રાગ અને પાપનો દ્વેષ હિતકારી છે.

આગ્રહપૂર્વક પાપને પકડનારા તીવ્ર પાપનો અનુબંધ પાડે છે. પાપની પકડ નથી પણ પાપને જાણ્યા પછી છોડવાની રૂચિ નથી તે પણ પાપાનુબંધી પુણ્યવાળા છે. પણ પહેલાના કરતા તેને પાપનો અનુબંધ તેને ઓછો પડશે. જેના મનમાં બેસે કે આ પાપ છે તેથી અનુમોદના છૂટી જાય જેથી પ્રશંસા- રૂચિ કર્તવ્યતા બુદ્ધિ નીકળી જાય છે ખાવાની વસ્તુ ખાતા આસક્તિ આવે તો ખોટું છે તેમ લાગે. આત્માનો આ સ્વભાવ નથી. જડને ખા ખા કરવું તે આત્માના વિકાર છે. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી દેહને ટકાવવા માટે પોષણ જરૂરી છે. તેથી પદાર્થને અહિંસક રીતે લેતો ઘણો લાભ પણ જે હિંસા થાય છે તે દોષ છે તેથી તેમાં આસક્તિ ન આવવી જોઈએ

સભા :- એટલે વખાણ કરીને નહિ ખાવાનું?

સાહેબજી :- કોઇ પુછે કે આ વાનગી કેવી બની છે ? તો સારી બની હોયતો સારી જ કહેવાની. સત્યને સત્ય તરીકે રજુ કરવામા વાંધો નથી પણ અંદર માનસિક સૂચવુ માચવા નો જે ભાવ છે તથા ટેસ્ટથી ખાવ ને તે ખોટુ નથી તે ભાવ ન જોઇએ. તમને થાય કે મનાતો કરવી જ જોઇએ ને ? પણ બિન જરૂરી નહિ જ બોલવાનુ. ચાર કારણે શક્તિ વેડફવાની નથી

સભા :- પાર્ટીઓમાં એ જ થાય છે

સાહેબજી :- તો તે પાપની અનુમોદના જ છે. જાણીબુજીને અનુમોદના કરે તેને પાપ બંધાય પણ આ પાપ કહેવાય તેની તેને ખબર ન હોય તેથી અજ્ઞાનતાથી અનુમોદના કરે તેથી હળવો કર્મબંધ થાય.

મોક્ષમાર્ગમાં આવેલો જીવ જાણીજોઇને પાપની અનુમોદના કરે નહિ. અજ્ઞાનતાથી અનુમોદના કરે જયા સુધી મિથ્યાત્વ છુટતુ નથી ત્યાસુધી બંધ વિવેકનો નથી, તેમાં ઝીણો પણ રહેલો અવિવેક છે. જેટલા વૈરાગ્ય ને વિવેક ઓછા તેટલા પાપના અનુબંધ વધારે. જ્યારે વૈરાગ્ય ને વિવેક સંપૂર્ણ આવી જાય તો 100% પુણ્યનો અનુબંધ પડે છે. કારણકે સમકિત જાગૃત છે. ઉંઘમા પણ તે પાપની અનુમોદના ન કરે. સમકિતને રાગ થાય પણ રાગ ન ગમે સમકિતીને આસક્તિ હોઇ શકે.

સભા :- તો પછી અજ્ઞાનતાથી જ પાપ કરવુ સારુ ?

સાહેબજી :- સમકીતી જાણીબુજીને પાપ કરે.

અને જ્યારે મિથ્યાદૃષ્ટિ જાણીબુઝીને પાપ ન કરે, તો
આ બેમાં પાપ કોને ઓછું બંધાય? સમકિતી
જાણીબુઝીને પણ અનુમોદના વગર પાપ કરે છે.
પાપની અનુમોદના કરે તો તીવ્ર પાપ બંધાય. પણ
સમકિતી પાપની અનુમોદના ઊંઘમાં પણ નથી કરતો
માટે તેને પુણ્યનો જ અનુબંધ પડે છે. જ્યારે જે
અજાણતા પાપ કરે છે તેનામાં પાપની અનુમોદના
પડેલી છે તેથી જ તેને તીવ્ર પાપ બંધાય છે

અનુબંધને જ્ઞાન કે અજ્ઞાન સાથે સંબંધ
નથી પણ રૂચિ - અરૂચિ સાથે સંબંધ છે. જેને
પુણ્યનો અનુબંધ કરવો હોય તો રૂચિ પલટવી પડે
રૂચિ પલટવી એટલે શું?

વૈરાગ્ય અને વિવેક દ્વારા રૂચિ બદલવાની
છે. સામાયિક કરતા જેને તમામ પાપોની ગૃહા
અને ધર્મની અનુમોદના છે, તેને ચોક્કસ
પુણ્ય અનુબંધ પડે છે. તેવું જ પુજા વગેરે
અનુષ્ઠાનોમાં પણ સમજવાનું. અંદરમાં માનસિક
સંઘર્ષ ક્યા થાય છે તે જોવાનું. ઘણા લોકો રાગ
દ્વેષ અહંકાર કે મારા જ માનીને આચરતા હોય
આસક્તિ, ક્રોધ વગેરે બધામાં મારાપણાનો ભાવ
હોય ત્યાં પાપની રૂચિ છે તેથી પાપનો અનુબંધ
પડે છે. રૂચિ પલટવા મુળ શ્રદ્ધા જરૂરી છે
કે આત્માને પાપનો અનુબંધ છે તેવા આત્માના
ગુણો પણ દોષના પોષક તરીકે માનીએ છીએ
તેમાં કષાયની ઉપશમ ભવિષ્યમાં પાપની
પરંપરા સર્જશે

મિથ્યાત્વીની ક્ષમા ભવિષ્યમાં ક્રોધનું કારણ

બનશે. જ્યારે સમકિતીનો ક્રોધ ભવિષ્યમાં ક્ષમાનુ કારણ બનશે.

સમકિતીનો દોષ પણ ગુણકારી હોય છે. જ્યારે મિથ્યાદ્રષ્ટિનો ગુણ પણ નુકશાનકારી હોય છે. તેથી જ જીવનમાં અનુબંધ સુધાર્યા વગર કોઈ પણ વ્યક્તિ આગળ વધી શકતી નથી

॥ પ. પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૨૧.૮.૯૪ અનુકંપા દાન 344 ચોપાટી
રવિવાર

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને મિથ્યાત્વરૂપી મહાકર્મમાંથી બહાર કાઢવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ અનંતાઅનંત કાળથી આત્મા પર અજ્ઞાનરૂપી અંધકાર છે. આ અજ્ઞાનરૂપી અંધકારને જો કોઈ મૂળ પોષણ આપનારું તત્વ હોય તો તે મિથ્યાત્વ છે. એકલું અજ્ઞાન એટલું નુકશાન નથી કરતું, પણ ગેરસમજરૂપી વિકૃતિ જે આવે છે તે જ તેને ગેરમાર્ગે દોરે છે આ કામ મિથ્યાત્વનું છે. મિથ્યાત્વ સાથે પાપના અનુબંધ સંકળાયેલા છે. મિથ્યાદૃષ્ટિને જ પાપનો અનુબંધ પડે છે. મિથ્યાત્વમાંથી નીકળીને સમકિત પામે તેને પાપનો અનુબંધ ન પડે.

સભા:- મિથ્યાત્વીની વ્યાખ્યા શું?

સાહેબજી:- ટૂંકી રીતે કહી શકાય. જેમકે જે કરવાલાયક છે તે કરવાલાયક ન લાગે. ને જે છોડવા લાયક છે તે છોડવાલાયક ન લાગે. જે પ્રશંસા કરવાલાયક છે તે પ્રશંસા કરવાલાયક ન લાગે. આચરવા લાયક જે છે તે ન આચરવા જેવા લાગે. એટલે તેને હેય-ઉપાદેયનો વિવેક ન હોય.

દા.ત. તમને બધું જ સાંભળવામાં રસ પડે છે. પણ જે આત્મદૃષ્ટિએ યોગ્ય નથી. અહિતકારી છે, છતાંપણ સાંભળવું ગમે છે તે મિથ્યાત્વ છે. જે ભક્તિ કરવા લાયક નથી તેમાં

ભક્તિ કરવી ગમે. જ્યાં ગુણનથી ત્યાં ગુણનું
ભાન થાય. દોષ નથી તેમાં દોષનું ભાન થાય
આમ એક રીતે મિથ્યાત્વ નથી આવતું પણ
અનેક રીતે ભ્રમિત કરીને નચાવે છે. ટૂંકમાં
મિથ્યાત્વનું કામ શું?

જે અધ્યાત્મના ક્ષેત્રમાં ભ્રાન્તિ પેદા કરે.
મિથ્યાત્વ તમારા આત્મામાં ભ્રમની જાળ પેદા કરે છે
એક વ્યક્તિ જે બધી રીતે સારી હોય પણ જો
તમને કામ લાગે તેવી ન હોય તો તેના ગુણોની પ્રશંસા કરો ખરા?
જ્યારે બીજી એક વ્યક્તિ તમને બધી રીતે અનુકૂળ
હોય તેની સાથે તમને ફાવટ આવતી હોય. તમારું
બધું જ કામ કરી આપતી હોય તો તે વ્યક્તિ
તમને સોના જેવી લાગે. આમ જુઓ તો તેનામાં
એકપણ ગુણ નથી છતાં તમે તેની પ્રશંસા કર્યા
કરો. તમારી સાથે મેળવાળા માણસ સાથે
તેનામાં દોષ હોય તો પણ તે ગુણિયલ લાગે.

ગાઢ મિથ્યાત્વીનો રાગ કેવો હોય?
તો કહે છે કે જેના પર રાગ થાય તેના દોષ
ન દેખાય. અને જેના પર દ્વેષ આવે તેના
ગુણમાં પણ તમને દોષનું ભાન થાય. તમને
તમારા દીકરાઓ કોઈ ભૂલ બતાવે તો પણ
માનવા તૈયાર થાવ ખરા? પત્નીની પણ બધી જ
ખામી ગમે ને? અને જેની સાથે અણબનાવ હોય
તેની બધી સારી વાત પણ ખરાબ લાગે.
આ તમારી પ્રકૃતિ કેવી? આ બધા ગાઢ રાગ-
દ્વેષના જ લક્ષણો છે. જ્યારે દુશ્મનના ગુણોની
પણ કદર કરવાની લાયકાત હોય તો સમકિત

આવે. જો આરાધક દુશ્મન હોય તો તેના ગુણની પ્રશંસા હૃદયપૂર્વક સમકિતી કરી શકે છે. તેની સામે ઉગારનાર મિત્ર પણ જો દોષી હોય તો તેના ગુણની પ્રશંસા ન કરે.

સમકિતીને તમામ ગુણો પ્રત્યે રાગ અને તમામ દોષો પ્રત્યે દ્વેષ હોય.

એકપણ દોષ પ્રત્યે રુચિ હોય તો મિથ્યાત્વી કહેવાય. ને એકપણ ગુણ પ્રત્યે, પોતાના કે બીજાના પ્રત્યે અરુચિ હોય તો સમકિત આવતું નથી. તેવી જ રીતે પોતાના કે બીજાના એકપણ દોષ પ્રત્યે રુચિ હોય તો સમકિત આવતું નથી. માટે સંપૂર્ણ ગુણ પ્રત્યે પરાકાષ્ઠાની રુચિ અને સંપૂર્ણ દોષ પ્રત્યે પરાકાષ્ઠાની અરુચિ જોઈએ. આ બે વસ્તુઓ કાયમને માટે સમકિત સાથે જોડાયેલી છે જેથી ચડે. આ ભાવ લાવવા પડે.

જેને દોષની રુચિ છે તેને પાપની રુચિ છે. માટે તેને પાપનો જ અનુબંધ પડશે. પછી તે ગમે તેટલી સદ્પ્રવૃત્તિ કરતો હોય. દયા-પરોપકાર-કરુણા-મૈત્રી-નમ્રતા-ગંભીરતા બધા જ ઉત્કૃષ્ટ ગુણો તેનામાં હોય પણ પાપ કે દોષની રુચિ પડેલી હોય તો અનુબંધ તો પાપનો જ પડે છે. લેખો જ કે આત્મા મિથ્યાત્વમાંથી બહાર નથી નીકળ્યો તે આત્માને પુણ્યનો અનુબંધ નથી પડતો.

મિથ્યાત્વ ઊભું હોય તો ક્રમસર સાધના દ્વારા કાઢી શકાય. તમારે પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્યનો ભેદ પાડવા માટે વ્યક્તિભેદ પાડવો જોઈએ. તમે આખો દિવસ

કોઈ પાપ જ કરીએ છે તેવું નથી. પણ ધર્મની કોઈ શ્રદ્ધા ભક્તિભાવ ન હોય તો આમ કાંઈ પુણ્ય પલ્લે પડ્યું નથી. ધર્મ આરાધના કે શુભભાવ કરો છો ત્યારે જ પુણ્ય બાંધો છો.

સભા:- પણ સરસવના દાણા જેટલું તો?

સાહેબજી:- અરે, સરસવના દાણા જેટલું પણ પુણ્યાનુબંધી પુણ્ય હશે તો તમારો બેડો પાર થઈ જશે. શરૂઆતથી જ કાંઈ બધો ધર્મ આવી જતો નથી. ભગવાન ઋષભદેવના જીવે ધના સાર્થવાહના ભવમાં કેટલો ધર્મ કર્યો છે? કાંઈ તેમણે દિક્ષા લીધી છે? ભાવશ્રાવકપણું પણ પામ્યા નથી. વ્રતો કે આરાધના પણ નથી કરી. સમકિત પણ નથી પામ્યા. ફક્ત બોધીબીજ પામ્યા છે. મહાત્માને દાન કરીને બોધીબીજ પામ્યા છે. સાંસારિક રીતે ભોગપતિ માણસ છે. પણ પ્રકૃતિથી ઉદાર-સજ્જન સહિષ્ણુ છે. તેમનામાં ઉત્તમ પુરૂષના ગુણો છે પણ અધ્યાત્મની રીતે કોઈ મોટો ધર્મ નથી કર્યો પણ જે કર્યો છે તે બીજ જેટલો છે. સાચા ધર્મનું બી વવાયુ છે. એ બી એટલુ ઉગ્યુ કે 13 ભવમાં તો તેને ક્યાંય પહોચાડી દીધા. 13 ભવમાંથી પહેલા ભવમાં તો સાવ સામાન્ય પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યુ છે. ને તે બાંધવાથી તેના દ્વારા તે પુણ્યનો ગુણાકાર થયો છે. અનુબંધમાં સરવાળા, બાદબાકી, ભાગાકાર નથી, પણ ગુણાકાર છે. પાપ હશે તો પાપનો ગુણાકાર થશે અને પુણ્ય હશે તો પુણ્યનો ગુણાકાર થશે. તેથી જ પાપનો અનુબંધ પાડનારને નુકશાન જ નુકશાન છે જ્યારે પુણ્યનો અનુબંધ પાડનારને તેની ઉત્ક્રાન્તિ થાય

છે. આમનો કર્મમાં બાદબાકી થાય છે. પહેલા તમે પુણ્યકર્મ બાંધ્યુ પછી જો ધ્યાન ન રાખો તો પુણ્યની બાદબાકી થવા માંડે છે. કર્મના જેમ સરવાળા બાદબાકી થાય છે તેમ તેનું કનવર્ઝન પણ થાય છે. બાંધેલ કર્મની પુરુષાર્થ દ્વારા હાનિ કે વૃદ્ધિ પણ કરી શકાય છે. તેમ પુણ્યને ધારો તો પાપમાં પણ પલટાવી શકાય છે અને પાપકર્મને પુણ્યકર્મમાં પણ ફેરવી શકાય છે. પણ આ બધા માટે આવડત જોઈએ.

દુનિયામાં કોઈપણ ધર્મમાં, કર્મવાદમાં આવી પ્રક્રિયા બતાવી નથી. પણ જો તે બાંધેલ કર્મ નિકાચિત હશે તો તેમાં કંઈ કરી શકાય નહિ.

નિકાચિત કર્મનો પુરુષાર્થ કરીને ક્ષપકશ્રેણીમાં આવો તો જ તે કર્મને ખપાવી શકાય.

કેવળજ્ઞાન પામતા પહેલા જીવને સાધના દ્વારા ક્ષપકશ્રેણીમાં આવવું પડે છે. ત્યાં આત્માના કર્મના વિકારો - કષાયો બધા જ મુળમાંથી નાશ થાય છે. આમનો વિકારો ને કષાયો શાંત થાય ત્યારે જ ક્ષપકશ્રેણી આવે. પણ જેમ ઝાડનુ મુળિયું બાકી હોય અને આખુ ઝાડ કાપી નાખો છતા પણ તે પાછુ ઉગે છે. ક્ષપકશ્રેણીમાં આ નિકાચિત કર્મના ભુક્કા બોલાય છે. મુળમાંથી નાશ થાય છે. ત્યાં પુરુષાર્થની પરાકાષ્ઠા છે. કરોડો નિકાચિત કર્મ હોય તો પણ નાશ પામે છે.

સભા:- સાહેબજી કોઈ દ્રષ્ટાંત આપો

સાહેબજી:- દ્રઢપ્રહારી જેણે કેટલાયે નિકાચિત કર્મ બાંધ્યા છે. બધા પાપ સ્વપુર્વક કરેલા છે. ચોરી- લુંટફાટ- ખુન - દુરાચારી બધું જ કર્યું છે દ્રઢપ્રહારી નામ પણ તેના વર્તન પરથી પડ્યુ છે.

આમતો તેનુ નામ બીજુ હતુ. તેનો એક જ પ્રહાર સામેનાને મારવા માટે પુરતો હતો. નગરમાં એક પણ ઘર તેના ત્રાસથી બચ્યુ નથી. આમ અત્યંત પાપી છે પછી એક ટર્નીંગ પોઇન્ટ આવ્યો અને એવી સાધના કરીકે કેવળજ્ઞાન પામી ગયો. આમ તેના નિકાચિત કર્મો એવા હતાકે કેટલીવાર દુર્ગતિમાં જવુ પડે. તેના આત્મા પર પાપના અનુબંધો, નિકાચિત કર્મ પડેલા છે છતા પણ સાધના દ્વારા છ મહિનામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

મહાવીર પરમાત્મા વહેલી ક્ષપકશ્રેણી પામી ન શકવા માટે ૧૨½ વર્ષ સુધી આત્મ દર્શન બહાર રહેવું પડ્યુ. ક્ષપકશ્રેણીમાં જે કર્મોનો નાશ થાયસે કર્મો પ્રભુને ભોગવવા પડ્યા. દિક્ષા લેતી વખતે તેમને ૪ જ્ઞાન હોય છે. ઋષભદેવ ભગવાન દિક્ષા લેતી વખતે ૧૪ પૂર્વનું જ્ઞાન ધરાવે છે. શાસ્ત્રમાં છેલ્લે સુધી પહોચેલા છે. છતાપણ તેમને તે વખતે આત્મસાક્ષાત્કાર થયો નથી. અરૂપી એવા આત્માના દર્શન કરવાની શક્તિ કેવળજ્ઞાનમાં જ છે. બાકી કોઇ કરી શકતુ નથી. ઘણા અત્યારે પણ ઠેકી લઇને કહે છે કે અમને સાક્ષાત્કાર થયો છે પણ આ બધી ખોટી વાતો છે. જે સર્વશાસ્ત્રોનો સાર પામી જાય છે, સાથે બીજી પણ ઘણી શક્તિઓ છે છતા પણ ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે જ શક્તિઓ આત્મદર્શન થાય છે

શ્રોતા:- મહાવીર પ્રભુ વહેલી ક્ષપકશ્રેણી કેમ માંડી શક્યા નહિ? કયુ તત્વ ખૂટતુ હતુ?

સાહેબજી:- પુરૂષાર્થમાં ખામી હતી?

સાહેબજી :- સાધકને ઓળખવામાં ભૂલ કરશો નહિ. પ્રભુએ દિક્ષા લીધી ત્યારથી તેમનો પુરુષાર્થ જ્વલંત છે. એકપણ આંખ બનાવી શકાય તેમ નથી તેઓ ચાર ચાર મહિના સુધી ખડીજમ ઉભા રહી શકતા ચોમાસુ બેસે ત્યારથી જ કાઉસગ્ગમાં રહે. હાલે ચાલે નહિ. બસ ધ્યાનમાંજ મગ્ન હોય છે

સભા :- ધ્યાનમાં નવકાર ગણવાના?

સાહેબજી: એતો નવકાર ગણવાનું તમારે માટે છે. તમે જો ભણ્યા હોતે અમે કહીયેકે તત્વનું ચિંતન કરો. પણ જો અત્યારે તમને તત્વનું ચિંતન કરવાનુ કહીયે તો શું થાય? ઝોકા જ આવે ને? તમે ઉંડા ચિંતન મનનમાં જઈ શકતા નથી. પ્રભુતો આખા વિશ્વના ચિંતન-મનનમાં ઉતરી જાય. મહિનાઓ વીતી જાય. કલ્પસૂત્રમાં આવે છે ને કે પ્રભુએ સર્વતોભદ્ર પડિમા લઈને એક પરમાણુ પર આખી રાત ચિંતન કર્યુ હતુ.

સભા :- પરમાણુ શું છે તે પણ ખબર નથી

સાહેબજી :- ધ્યાન કરવા માટે ભાથુંમાં ભેગું કરવું પડે ચિંતન માટે અઢળક સામગ્રી જોઈએ. ધ્યાન એટલે કોઈપણ વસ્તુ પર ચિંતન કલાકો સુધી ધારાબદ્ધ ચાલી શકે તે. તીર્થંકર જ્ઞાનના દરિયા હોય છે, તેમની પાસે અગાઢ જ્ઞાન હોય છે.

સભા :- પણ કાઉસગ્ગમાંતો નવકાર જ ગણવો પડે ને?

સાહેબજી :- કેમ સવારે પ્રતિક્રમણમાં તપચિંતામણીનો કાઉસગ્ગ આવે છે કે નહિ? શાસ્ત્ર દ્રષ્ટિએ એ વખતે તપનું ચિંતન કરવાનું છે

આતો તમારી પાસે કોઈ ખજાનો નથી તેથી કહ્યું છે
કાઉસગ્ગ એટલે શું? કાયાનો ઉત્સર્ગ, દેહને વોસિરાવી
દેવો. પછી આત્મા ચેતનમાં જ રમે છે. આત્માના
ગુણોમાં જ રમે છે તે કાઉસગ્ગ છે. કાંઈ નવકાર
ગણો તો જ કાઉસગ્ગ થાય એવું નથી

આ કાળમાં જીરણશેઠે સુપાત્રદાન કર્યું છે,
તે પોતે ઉત્તમ ધર્માત્મા હતા. ત્રિકાળ ઉત્કૃષ્ટ રીતે
જિનપૂજા કરવાનો નિયમ છે માટે નગર બહાર
જિનમંદિર છે ત્યાં પુજા કરવા ઠાઠમાઠથી જાય છે.
અને જતા રસ્તામાં પ્રભુ મહાવીરને કાઉસગ્ગ ધ્યાને
ઊભેલા જુએ છે. પોતે વિવેકી છે, તેથી જાણે છે કે
સાક્ષાત પ્રભુને પગે લગાય પછી જ પ્રતિમાને પગે
લગાય. માટે ત્રણ પ્રદક્ષિણા આપી પ્રભુને વંદન -
સ્તુતિ કરે છે કે અને પછી રોજ વિનંતી કરે કે પ્રભુ
મારા ઘરે પધારો. વિનંતી કરવામાં પણ તમારાને
એના ભાવમાં ફરક છે. આમ ચાર ચાર મહિના
નીકળી ગયા છે, પ્રભુ ગોચરીએ ગયા કે નહિ
તેનું પુરતું ધ્યાન રાખે છે. ને તેથી જ જાણે છે કે
હજુ ઉપવાસ પ્રભુના ચાલુ છે. ચાર મહિના પુરા
થયા એટલે તેમને થાય છે કે હવે પ્રભુ પારણું
કરશે. આવી પ્રભુની આરાધનામાં કયાય પુરુષાર્થની
ખામી ન બતાવી શકાય. અને છતા પણ કેવળજ્ઞાન
હજુ તેમને અટક્યુ છે. આમતો પ્રભુ ધ્યાન જ્ઞાન-
રત્નત્રયીમાં જ રમે છે. અત્યારે આ જગતમાં એવો
કોઈ દેવ-દાનવ નથી કે જે તેમને ધ્યાનમાંથી
ચલિત કરી શકે. વિચારો, પોતાના આત્મા પર
પ્રભુત્વ કેટલુ હશે? છતા કેવળજ્ઞાન માટે

જે જ્ઞાન ખૂટે છે તે, ક્ષપકશ્રેણી માંડવા માટે જે આંતરિક
સૂઝ રૂપે જે જ્ઞાન જોઈએ તે જ્ઞાન ખૂટે છે. તે જ્ઞાનને
પ્રતિભા જ્ઞાન કહે છે. આ પ્રતિભા જ્ઞાન વગર ક્ષપકશ્રેણી
માંડી શકાતી નથી. જેમકે જે રસ્તે જવું હોય તે
રસ્તે આગળ વધવા, માટે માર્ગનું અવલોકન તો થવું
જ જોઈએ. રસ્તો જ ન દેખાય તો પગલા ક્યા માંડે?
તેમ મોક્ષમાર્ગમાં જ્યાં આગળ વધવું છે તેનું શરૂઆત
નું જ્ઞાન તો શાસ્ત્રો આપે છે. શાસ્ત્રોની સહાયથી
મોક્ષમાર્ગનું અવલોકન કરતા જ્યાં સુધી પહોંચવાનું છે,
ત્યાં તો ભગવાન પહોંચી ગયા છે. હવે આગળ વધવા માટે
સમર્થ યોગમાં, શાસ્ત્ર કામ નથી લાગતા. ક્ષપકશ્રેણીમાં
જવા માટેનો પુરુષાર્થ પ્રતિભા જ્ઞાનથી આવે છે. પ્રતિભા
જ્ઞાન સ્વયં પ્રતિભાથી પેદા થાય છે ને આંતરિક સૂઝ
છે. કોઈના ભણાવાથી આ જ્ઞાન આવતું નથી.

સભા:- 'સવિ જીવ કરું શાસનરસી' એ
ભાવના જોઈએ?

સાહેબજી:- સવિ જીવ કરું શાસનરસી એ ભાવના
પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે. તે તો આગળ જતાં
છોડવું પડે. આ ભાવના હોય ત્યાંસુધી તો સમતામાં
પણ ન જઈ શકાય. જ્યારે પ્રભુ તો સમતા પામી
ગયા છે. ઉપરની ભૂમિકામાં જવા માટેના કારણો
જુદા છે. સમતામાં આવેલા જીવોને આગળ વધવામાં
પ્રતિભાજ્ઞાન જોઈએ તે ખૂટ્યું હોવાથી પ્રભુ
કેવળજ્ઞાન જલ્દી પામી ન શક્યા. તેથી નિકાચિત
કર્મોના ક્ષય ન કરી શક્યા.

સભા:- ક્ષપકશ્રેણીનો વખત કેટલો?

સાહેબજી:- મીનીટોનો ટાઇમ હોય છે. ઈલાયચી

કુમારને નાચતા નાચતા કેવળજ્ઞાન થયું છે. કેવળજ્ઞાન પહેલા ધ્યાનમાં જવું પડે. પણ આમનેતો નાચવાની ક્રિયા ચાલુ છે. જો લાંબો ટાઈમ ક્રિયા ચાલેતો નાચી શકાય? ક્રિયા અટકી જાય. એક વખત અંદરનો ઉઘાડ થયો પછીતો કર્મને કાપવાનું જલ્દી થાય છે. પુરુષાર્થ અને ક્રિયા બન્ને જોઈએ.

સભા:- અમને તો દિલ્હી દૂર છે અંદરથી મોક્ષે જવા માટે ઉઘાડ જ નથી થતો.

સાહેબજી:- દિલ્હી કાંઈ દૂર નથી. એક બાજુ ટોપ લેવલની મનગમતી વસ્તુ આપીયે અને બીજી બાજુ મોક્ષ મુકીયેતો શું પસંદ કરો.? તમારે મન સૌથી વધારે મનગમતો મોક્ષ છે? એક બાજુ ક્લેટ ને મસીડીઝ આપીયે તો જેમાં આકર્ષણ વધારે તે જ લેશો ને!

સભા:- જેનો અનુભવ થયો હોય તે જ લેવાનું મન થાય.

સાહેબજી:- એનો મતલબ એ જ કે તમને આ સંસાર પર રાગ છે તેથી અત્યારે મોક્ષ પણ નથી જોઈતો. સમ્યગ્દૃષ્ટિને હજાર વસ્તુ પર રાગ છે આસક્તિ ને કામના છે, પણ સંસારના રાગ કરતા ધર્મરાગ ને મોક્ષ પ્રત્યેનો રાગ પ્રબળ છે. તમારે મન કયો રાગ પ્રબળ છે? આની હજુ તાલાવેલી નથી થઈ

સભા:- તાત્કાલિક નફો આમાં દેખાય છે.

સાહેબજી:- તમારા ધંધામાં તમને તત્કાલ નફો મળી જાય છે? ઘણી વખત તો ૧૨ મહિને પણ નફો મળે છે. અને એ વખતે પણ પૈસા હાથમાં

ઈમ નીકળી ગયો છતાં કહો છો કે ગાડી બરાબર
ચાલે છે! ધર્મના ફળ ચાર દર્શાવ્યા છે. આ લોકમાં,
તે પણ મર્યા વખતે નહિ, પણ તત્કાલ હાજરાહજુર
ફળ મળે છે. તેનો તમને ખ્યાલ નથી. જે વિધિપૂર્વક
તપ કરે તેને આત્માના સુખનો અનુભવ થાય છે
તપ એ મજા છે કે તમારે મન દુઃખ છે? તમે તો
પરાણે કરો છો. હજુ તમે ધર્મનું મૂળભૂત સ્વરૂપ
સમજ્યા નથી. બાહ્ય ધર્મ જ સાંભળ્યા છો, તે બાહ્ય
ધર્મ તમને કષ્ટરૂપ લાગે છે. તમારા દેહ-ઈન્દ્રિય-મન
બધાને કષ્ટ લાગે છે. વેપારમાં શરીરને ઘણું દુઃખ
હોય પણ મનતો કૂદકા મારે છે: તમને ઈષ્ટ હોય
એવું સુખ મળતુ હોયતો દામે દામ ચુકવવા તૈયાર
છો. શરીરને સજા એટલે મનને સજા એવું નથી
મન દ્વારા ધર્મને માણવો જોઈએ. જે તમે માણી શક્યા
નથી. ભોગ સુખ જેમ માનવાલાયક છે તેમ આત્માના
સુખ પણ માણવાલાયક છે. પ્રતિક્રમણ પૂજા, સામાયિક
શુભભાવ એ આંતરિક અનુભવનો સ્વાદ છે. તમને-
તો ફક્ત ખાવાપીવામાં જ સ્વાદ લાગે છે

સભા:- પાણી છૂટે ત્યારે સ્વાદ આવે છે.

સાહેબજી:- અનંતી આત્માને સામાયિકની
વાત આવે ત્યારે પાણી છૂટે. તેને અવિરતિનું
દુઃખ છે. અને તે વિરતિનું સુખ લાગે છે.

સભા:- પણ સાહેબ જે વધારે ધર્મ કરે
તે જ વધારે પાપ કરે એવી માન્યતા છે.

સાહેબજી:- આજનો સમાજ કેવો છે,
તેની એક શબ્દમાં ઓળખાણ આપુ. 'anti religious
mind'. અમે જ્યારે સ્કૂલમાં હતા ત્યારે સવારની

સ્કૂલમાં જો નવકારશી ન આવી હોય તો બપોરે પુરીમુઠનું પચ્ચખાણ કરતા. અને જો કદાચ રાતના ચોવિહારનો ટાઇમ થઇ જાય તો ભૂખ્યા સૂઇ રહેતા. પિકનિકમાં જઇએ ત્યારે કાંદા અભક્ષ્ય ખાતા હોય એટલે મને તો એમની કોઇ વસ્તુ ખપે નહિ. ત્યારે આવા વખતે બધા શું કહે ખબર છે? કે જો ભગતડી આવી. ત્યારે અમે કહીએ કે શું ધર્મ કરવો એ ખોટું કામ છે? કોલેજીયન છોકરાઓને ધોતિયુ પહેરીને પૂજા કરતા શરમ આવે અને કરે તો કહે 'આ ભગતડો આવ્યો'. રાતના બાર વાગ્યા સિનેમામાં જતા કાંઇ વાંધો નહિ. કંદમૂળ ખાઓ, રાતના રખડો, હોટેલોમાં જાવ ને ન બોલવા જેવું બોલો તો તમે મોર્ડન કહેવાઓ. સદાચાર કે સત્પ્રવૃત્તિ કરો તો વેદીયા ને ભગતડા કહેવાઓ. આવા સમાજ પાસે તમે શું અપેક્ષા રાખો?

સારા ધર્મ કરનારા એવા છે કે પાપથી ડરે છે જ્યારે ધર્મ ન કરનારા બધા પ્રમાણિક અને ધર્મ કરનારા બધા અપ્રમાણિક છે? હા. કોઇ બે પાંચ નીકળે પણ ખરા. એને મોટું સ્વરૂપ આપીને આવી વાતો સોસાયટીમાં ફેલાવાય છે. આ તો એક પ્રોપેગંડા છે સાધુ સંસ્થામાં પણ જો એક બે ટકા જો શિથીલ હશે તો 100% સાધુ સંસ્થાને બદનામ કરશે. અત્યારે પણ સંયમી, સદાચારી જીવન જીવનારા કેટલા સાધુ-સંસ્થામાં છે કેટલાય પવિત્ર રત્નો છે. પણ કોઇ દિવસ જાહેરમાં છાપામાં આવ્યું? પણ જો ખરાબ મહાત્મા હોય તો છાપામાં તરત જ આવે. આ બધાનું કારણ શું? કે સંતો

પ્રત્યે જે બહુમાન અને ધર્મ પ્રત્યે જે આસ્થા છે તેને તોડવા માટે જ આવું બધું થાય છે. અત્યારે કોઈ સંસ્થા એવી ખરી કે જેમાં ૧૦૦% એ ૧૦૦% પ્રમાણિક માણસો હોય? એક બે ટકાના દૂષણથી આખી સંસ્થાને degrade ન કરાય. ધર્મ કરનાર બધો વર્ગ ખરાબ છે? એક બે ટકા ખરાબ તે ધર્મની ખામી નથી એ વ્યક્તિની ખામી છે. અત્યારના જમાનામાં પણ કરોડોપતિ શ્રાવકો એવા છે કે જે તપ, ત્યાગ, સંયમ, સદાચાર, પ્રમાણિકતા તેમના જીવનમાં છે. ધર્મ ન કરનાર કરતાં ધર્મ કરનારમાં બદમાશી વધારે હોય તેવું પુરવાર કરી આપો તો હું સ્વીકારું. આથી જ કહું આવા પ્રચારથી તમે ભરમાવ નહિ. નહિતો મૂળ તત્વ નહિ પામી શકો. ધર્મ કરનારને પ્રકૃતિ દોષથી ગુસ્સો આવ્યો તો તમે એમ કહેશો કે આટલો ધર્મ કરે ને તેનાથી ગુસ્સો કરાય? ધર્મ કર્યો અને એક ભૂલ કરી એટલે મોટો ગુનેગાર નથી થઈ જતા. ગુસ્સો સારી વસ્તુ છે એમ અમે નથી કહેતા.

સભા:- એતો એમ માને છે કે ધર્મીને ધર્મ મનમાં ઉતાર્યો નથી તેથી ગુસ્સો કરે છે.

સાહેબજી:- તમે આવું બોલતા નહિ થઈ જતા સમકિતની સજ્ઝાયમાં ૬૭ બોલમાં લખ્યું છે કે સમકિતી વિવેક પામેલા આત્મા બીજા આરાધક આત્માના લાખ દોષ જુએ તો પણ જેમકે ગુસ્સો, અપ્રમાણિકતા વક્રતા, સ્વાર્થવૃત્તિ વગેરેને મહત્વ ન આપે. પણ તેના ગુણની સ્તવના કરે. કોઈ ધર્મની નિંદા કરે ત્યારે તમારામાં ધર્મની વકીલાત કરવાની

ત્રેવડ જોઈએ. સમકિતી બીજાના દોષને ઢાંકે, પોતે તો
જોશે નહિ પણ બીજા કરે તો ઢાંકે. તમારો ધર્મ,
ધર્મીઓનો બચાવ કરવાનો છે. તેના અવગુણનો બચાવ
કરવો જોઈએ કે ધજાગરા ન કરાય. ધર્મ પર કુઠરા
કરે ને તમે તે વખતે એમનેમ ઉભા રહો તો તમને
પાપ લાગે. દેવ, ગુરૂ, ધર્મની નિંદા સાંભળી રહો તો પાપ
લાગે. તે વખતે તમારૂ સમકિત મલીન થાય. અને
ન હોય તો આવે નહિ. આરાધક જીવના ગમે તેટલા
દોષ હોય તેની નિંદા ન કરાય ને બીજા કરતા
હોય તો સમર્થન નહિ જ આપવાનું.

સમકિતને ગુણનો રાગ દૃઢ હોય છે. તેને
પુણ્યના અનુબંધ પડેલા હોય છે, તેમ દોષ પ્રત્યે દ્વેષ
પણ હોય છે

આજે મિથ્યાપર્વ છે તે તમને એટલું ફાવી ગયું
છે કે તમારે કહેવું પડે કે અમારે આજે પર્વ છે
માટે ધર્મનું કામ બંધ રાખજો. તમને સમકિતના
ગુણ નહિ પણ સમકિતના આચાર પણ ગમતા નથી

સભા :- આજે ભાઈબહેનોનો પર્વ છે

સાહેબજી :- આપણા ધર્મમાં પણ ભાઈબીજનો
પર્વ છે કે નહિ? જૈન શાસનના પર્વો, સમાજના
વ્યવહાર દ્વારા પણ એકાંતે પુણ્ય બંધાવે છે. પરંતુ
તમે તો જૈન પર્વને પણ લૌકિક પર્વ બનાવો છો
લોકોત્તર પર્વ તરીકે રહેવા દેતા નથી. દિવાળી
પર્વને પણ લૌકિક પર્વ બનાવી દીધુ છે. લોકોત્તર
નથી રાખ્યુ. આ અમારી સંકુચિત દૃષ્ટિ નથી
પણ જે ઉદ્દેશથી એ પ્રવૃત્તિ કરાય છે
તે અમને માન્ય નથી આમાં અધર્મનો

પુષ્ટી થાય છે, માટે વાંધો છે. બીજા બધા તેમના પર્વો ભલે ઉજવે તેમાં આપણને વાંધો નથી પણ તેમના આદર્શો જે ખોટા લાગે છે તે કેમ સ્વીકારવા

સભા :- અમે તો રાખડીને બદલે રક્ષાપોટલી મોકલીયે છીએ.

સાહેબજી :- તમને ખબર છે? પુજન ભણાવતા જ રક્ષાપોટલી બંધાય? પછી બાંધવાની વિધી જ નથી. પુજન પુરુ થાય એટલે શાંતિકળશમાં મુકી દેવાની. પુજન એ આધ્યાત્મિક શ્રેષ્ઠ કામ છે., ત્યારે દેવતાઓ દ્વારા, પંચ પરમેષ્ઠીની સ્થાપના દ્વારા આધ્યાત્મિક અનુષ્ઠાન થાય છે. ત્યારે કોઈ વિઘ્નસંતોષી દેવતા - કે ક્ષુદ્ર માણસ આવીને ઉપદ્રવ ન કરે માટે મંત્રબદ્ધતા સાથે આ રક્ષાપોટલી બાંધવાની છે. નિર્વિઘ્ને અનુષ્ઠાન પુરુ થાય તેના માટે આ રક્ષા-પોટલી બાંધવાની છે. વિશિષ્ઠ કાર્ય કરતા માંડલા સાથે રક્ષા કરવાની છે. જ્યારે હવે તો હાથે બાંધીને ઉપાશ્રય - આશ્રમ બધે જાય છે

સભા :- પણ સાહેબજી સાધુ ભગવંતો મોકલે છે.

સાહેબજી : હકીકતમાં સાધુ ભુલ્યા છે. સારા સારા ધર્માચાર્યો પણ અત્યારે કહે છે કે આ ભુલ છે, તમારે તો સાચી વાત સાંભળવી નથી તટસ્થતાથી બેઉ પક્ષે સાંભળીને વિચારો કે આ વ્યાજબી ને આ ગેરવ્યાજબી. આનાથી તમારી રક્ષા અને હિત થતુ હોય તો અમે શું કામ ના પાડીયે? કાલે ઉઠીને તમે કહેશો કે હું ભગવાનનો ફોટો ગળામાં રાખીને ઠરૂ. સંડાસમાં જઈશ ત્યારે ફોટાને ટાંગી દઈશ.

સભા :- રાજ્યસભામાં જતા મંત્રીશ્વર પહેરતા હતા.

સાહેબજી: હા પણ બધે નહોતા પહેરતા. બધા ઠેકાણે વિધી છે તે બરાબર સમજો. વિધી વિવેક સમજો તો વાંધો નહિ આવે

સભા:- કપાળે કેસરનો ચાંદલો હોય છે અને સંડાસમાં જઈએ છીએ.

સાહેબજી:- એ કોઈ ભગવાનનો મંત્ર કે ફોટો નથી. જ્યારે પેલામાંતો મંત્રાક્ષરને અભિમંત્રીત કરીએ છીએ જેમ નવકાર ગણીને એ માળાને અભિમંત્રીત કરીએ તો ગમેત્યાં લઈ જવાય? નિયમ વિવેકથી સમજવો પડે.

સભા:- તો પછી સાહેબજી વાસક્ષેપ મંત્રીને નાખો છો ને?

સાહેબજી:- તમને ખબર છે? વાસક્ષેપ ક્યારે નાખવાનો હોય? તમે તો રોજ ચાલ્યા આવો છો તમે જ્યારે જીવનમાં કોઈ વિશિષ્ટ ધર્મનું કામ કરવા જતા હો ત્યારે ગુરુના આશિર્વાદ લેવાના હોય તે વખતે વાસક્ષેપ નાખવાનો છે. અમારા આશિર્વાદમાં શું છે તે સમજો. પ્રસંગે વાસક્ષેપ નંખાવવાનો તો તેની પવિત્રતા તે પ્રસંગે જાળવવાની છે. વિશિષ્ટ આશિર્વાદ ક્યારે લેવાના? અમે કોઈ નવરા માણસ છીએ કે બસ ગમે ત્યારે માથું નીચું કરીને નખાવી દો.

॥ પ. પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

૨૨-૯-૯૪ દાન બત્રીસી ચોપાટી

સોમવાર

અનંત જ્ઞાની, અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને નિર્મળ સમ્યગ્-દર્શન ગુણને પ્રાપ્ત કરે એટલા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ સાધના દ્વારા પરિપૂર્ણ બની, ઉપદેશ દ્વારા તેમનો એકજ ઉદ્દેશ છે કે જગતના જીવમાત્ર આત્મકલ્યાણ કરે. પછી તો સ્વ-કલ્યાણ માટે પુરુષાર્થ તો પોતેજ કરવાનો છે. પ્રભુ તો ઉપદેશ દ્વારા સાચી દૃષ્ટિ જગતને આપે છે, અને તે જ સાચું દર્શન છે. તેથી જ ધર્મતીર્થની સ્થાપના કરે છે. સમ્યગ્ દર્શન પામે એટલે તેની બુદ્ધિ નિર્મળ બને છે. પછી તેનો બધો જ પુરુષાર્થ વિકાસના સાચા માર્ગે જ જાય છે

સમકિત અને મિથ્યાત્વ એ સામસામા પાસા છે. સમકિતની હાજરીમાં જીવ જે પણ પ્રયત્ન કરે તે તેના લાભમાં છે. પુણ્યનો અનુબંધ સમકિતને આભારી છે. જેમ મિથ્યાત્વ નાશ પામતું જાય તેમ પાપના અનુબંધમાંથી પુણ્યના અનુબંધ પડવાના ચાલુ થઇ જાય છે અને જ્યારે સંપૂર્ણ મિથ્યાત્વ નાશ કરે એટલે તેને પાપનો અનુબંધ સંપૂર્ણ નાશ પામે છે. તેથી જ સંપૂર્ણ પાપના અનુબંધમાંથી છૂટવું હોય તો મિથ્યાત્વમાંથી છૂટવું પડે

સમકિત એ મિથ્યાત્વને અનુબંધ સાથે જોડાણ શું કામ છે? જેમકે તમે જે પ્રવૃત્તિ કરતા

હો ત્યારે તમારી રૂચિ- તમારૂ વલણ કઇ તરફ છે તે રીતે તમારા આત્મા પર સંસ્કાર પડે છે. તમારા સંસારમાં પણ તમે જે રસવગર પ્રવૃત્તિ કરો છો તેના સંસ્કાર આત્મા પર ગાઢ પડતા નથી. જેમકે તમે કેટલું વાંચો છો, વિચારો છો એ બધુ જ તમને કાંઇ યાદ રહેતુ નથી. એ જ્યાએ તમારો તિવ્ર રસ જોડાયો હોય તે જ યાદ રહે છે. જેમ તમને કોઇ વાનગીમાં તિવ્ર રસ લાગવાથી તેનો સ્વાદ યાદ રહી જાય છે. આમ તો તમે રોજ જ ખાઓ છો છતા-પણ એના સંસ્કાર કાંઇ અંકિત થતા નથી આમતો રોજ ખાતા પણ રસતો હોય છે. છતા તેમાં તિવ્ર રસ હોય તેના જ સંસ્કાર-સ્મૃતિ આત્મા પર અંકિત થાય છે. તેમ સંગીતમાં પણ બનશે જ્યાં તિવ્ર રસ છે એ વસ્તુ જ ~~તમામ~~ મન પર ગાઢ સંસ્કાર પાડીને જાય છે. ને જ્યા મંદ રસ છે તેના સંસ્કાર આત્મા પર આધાન થતા નથી આ અનુભવસિધ્ધ વાત છે. જીવનમાં પણ સેંકડો પ્રસંગમાંથી જે મહત્વના લાગે તે જ યાદ રહે છે જ્યારે બીજા ભુલાઇ જાય છે. આ તો તમારા વ્યવહારની વાત થઇ.

જેમ ધર્મની આરાધના કરતા જો તમારી. રૂચિ અધર્મ તરફ હશેતો તમારા આત્મા પર સંસ્કાર અધર્મના પડશે. જે પ્રવૃત્તિ કરોકે જે ભાવ કરો તેના સંસ્કાર આત્મા પર પડે છે તેવુ નથી. પણ જે બાજુ તમારી રૂચિ છે તે તરફના સંસ્કાર આત્મા પર આધાન થાય છે.

વૈરાગ્ય વગરના જીવો ભલે ધર્મ કરે પણ સંસ્કાર
તો આત્મા ઉપર અધર્મના જ પડે છે.
જ્યારે વૈરાગ્ય યુક્ત જીવ સંસારની પ્રવૃત્તિ કરે છતા
પણ સંસ્કારતો આત્મા પર ધર્મના પાડે છે.
તેથી જ સમકિતી આત્મા હોય સેવતો.
ક્રિયતો પણ અનુબંધતો પુણ્યનો જ પાડે છે.
જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવ આરાધના કરતો હોય છતા
અનુબંધતો પાપનો જ પાડે છે.

અનુબંધની આધારશીલા રસ છે. જેમ કોઈ
વખત તમારા સગાસબંધી ઘરે આવી જાય પણ
જો તમને તેના તરફ રસ ન હોય પણ વ્યવહારથી
બેસવું પડે. આમ ગાળા ચીકણા હોય. કે જલ્દી
ઉઠે પણ નહિ, ત્યારે તમે તેની સાથે જે વાર્તાલાપ
કરોને બેચાર દિવસ પછી યાદ ન રહે કારણ તે
વખતે તમને તેમાં રસ નહોતો. જે વસ્તુમાં રસ
નથી તે વસ્તુ થોડા વખતમાં વિસ્મૃતિમાં ગરકાવ
થઈ જાય છે. આત્મા પર જેમાં રસ ન હોય
તેવા અનુભવ અંકિત થતા નથી. ને જેમાં રસ
હોય તે વસ્તુમાં દૂરનો અનુભવ હોય તો પણ
અંકિત થાય છે. તેથી જ ધર્મ - સદાચાર પાળો
કરો તેનો જો તીવ્ર રસ હશે તો ગાઢ
સંસ્કાર પડશે. નહિતર તે ગુણો ફક્ત આ ભવ
પુરતા જ રહેશે. ભવોભવ સાથે નહિ આવે-

શુભ અનુબંધથી જ ધર્મ તમારો જનમો-
જનમનો સાથીદાર થઈ જાય છે. જે ધર્મ કુસે
તમારો પડછાયો પણ ન લે તે ધર્મ અનુબંધ
વગરનો કહેવાય. તેથી જ ધર્મ એવો કરવાનો

કે જેનાથી પુણ્યનો અનુબંધ પડે ને જન્મોજન્મ સાથે આવે.

શુભ અનુબંધ ગુણનો ગુણાકાર કરે છે.
" " પુણ્યનો " " .
" " ધર્મસામગ્રીનો " " " .
" " વિકાસનો " " " .

શુભ અનુબંધથી વિકાસની અભિવૃદ્ધિ થયા જ કરે છે જ્યારે પાપના અનુબંધથી ઉલટુ જ થાય છે.

પાપનો ગુણાકાર કરશે.
દોષનો " " .
અધર્મનો " " .

અનુબંધ છેવટે ગુણાકાર જ કરે છે. જેનાથી ગુણ દોષની ઉત્તરોત્તર પરંપરાની વૃદ્ધિ થાય છે. દરેક વ્યક્તિએ પુણ્ય ને પાપના અનુબંધ વિચારી, તેના ફળને સમજી જીવનમાં પ્રસંગે પુણ્યના અનુબંધ કેમ પાડવા તે સમજવુ જોઈએ. તમે એકવખત સાચા રસ્તે ચઢો એટલે આગલા ભવોનું જે ઉધાર પાસુ હતુ તે જમા થવાનું ચાલુ થઈ જાય છે. પુણ્ય બાંધ્યા પછી પણ જો બુદ્ધિ ઠેકાણે ન રાખો તો પુણ્ય ઘટવા માંડશે. તેવી જ રીતે પાપ બાંધ્યા પછી જો પાપની સાચીરીતે ગૃહા થશે તો તે ઘટી જશે. બાંધેલા પુણ્ય-પાપમાં પરસ્પર સબંધ છે ને જુના અને નવા બંધોમાં પરસ્પર સબંધ છે. બંધથી તો કામચલાઉ લાભ થાય છે જ્યારે અનુબંધ તો તમને ઉત્તરોત્તર વૃદ્ધિનુ કારણ બને છે. ઉદાહરણ તરીકે

કુમારપાળ રાજાનું દૃષ્ટાંત લઈએ કુમારપાળ રાજાનો આગલો ભવ જોઈએ તો તેમના કોઈ એવા દેદાર નથી કે તેઓ ઉર્ધ્વગતિના માર્ગે ચડી જાય. પણ પછી તેમને થોડી સામગ્રી મળી તેમાં પુણ્યાનુબંધી પુણ્યનો વિકાસ થયો. કારણભુત આમાં તેમને બીજ રૂપ સાચો ધર્મ તે વખતે થઈ ગયો. તેઓ આગલા ભવમાં પણ રાજકુમાર હતા. જૈતાક નામ હતુ. પોતે લાડકોડમાં ઉછરે છે પણ સોબત ખરાબ હોવાના કારણે બધા વ્યસનો લાગી ગયા. તેના પિતાને તેમના પર ઘણી લાગણી છે પણ તેમને ચોરીનું વ્યસન હોવાના કારણે ઘરમાં તેમને રાખી શકાય તેમ નથી. તેથી જ સગા બાપને પ્રેમ હોવા છતા તુ સુધરશે નહિ તો તને ઘરમાં રખાશે નહિ. તે પણ પોતાની જાતને જાણે છે તેથી ઘરમાંથી નીકળી જાય છે. સાથે તેની બહેન પણ જેને તેના ભાઈ પ્રત્યે અત્યંત લાગણી હોવાથી સાથે નીકળી જાય છે. આ પોતે ક્ષત્રિય છે. રાજબીજ છે. શાસ્ત્ર, કળા સારી જાણે છે પોતે યુવાન છે અને શૂરવીર યોદ્ધા તરીકે કામ લાગે તેમ છે પાછો વ્યસનવાળો માણસ બીજુ શું કરી શકે? એટલે તે ચોર-ધાડપાડુ સાથે રહે છે. પોતાનામાં શૂરાતન હોવાના કારણે પલ્લીનો નાયક બન્યો છે. દુરાચાર સેવવા આ જ એનું જીવન છે. અત્યારે તો તેને પુણ્યનો જરાપણ અનુબંધ નથી. પાપના જ અનુબંધ બાંધે છે.

વિચારો કે એકવખત ભુતકાળમાં આટલી ખામી હોવા છતાપણ જીવ જો એકવખત જો

સાચા માર્ગ પર ચડી જાયતો પુણ્યનો અનુબંધ પાડવાથી તેનો કેવો વિકાસ થાય છે! તે આ દૃષ્ટાંતથી સમજાશે.

આમ વિચારેતો આ માણસને ધર્મના ક્ષેત્રથી દૂર રાખવા જેવો છે. હવે આગળ એવું બન્યુ કે એક વખત અનાજનો વેપાર કરનારો માણસ માલમિલ્કત સાથે જંગલમાંથી જઈ રહ્યો છે, સાથે કરોડોની મિલ્કત છે. આ ધાડપાડુને આ ખબર મળવાથી તેને લુંટી લીધો. આમતો આ માણસ સંપત્તિવાન છે. ઘરે બીજી ઘણી સંપત્તિ છે છતાંપણ પોતે માનભર જીવનાર માણસ હોવાથી ને મોભાદાર માણસ હોવાથી તેને આ સહન ન થયું અને તેથી રાજા પાસે ફરિયાદ કરી કે, એણે મને ખરાબ રીતે લુંટીને આબરૂ વગરનો કરી નાખ્યો. રાજાને પણ કહે છે કે "તમારા રાજ્યમાં આવું કેમ બની શકે?" તેથી રાજા લશ્કર લઈને પોતે જ જાય છે ને આ પલ્લીપતિના અડ્ડા પર ઘેરો ઘાલી તેને બરાબર સકંજામાં લઈ ફસાવે છે. આમતો તેના બચવાની કોઈ શક્યતા નહોતી પણ પુણ્ય તપતું હોવાથી, આ રાજપુત્ર બહાર ગયેલો હોવાથી બચી ગયો પણ તેની પત્ની પર રાજાનો બધો ગુસ્સો ઉતર્યો કે એ વખતે સગર્ભા હતી. ગર્ભને કાઢી પછાડીને તેને પણ મારી નાખ્યો ને સ્ત્રીને પણ મારી નાખી. એવું ક્રૂર કર્મ કર્યું કે લુંટારાઓને પણ આ જોતા અરેરાટી થઈ. પછી જ્યારે તે પાછો આવ્યો ત્યારે બધી પરીસ્થિતિ જાણી લુંટારાને (વૈતાકવે) ખુબ જ આઘાત લાગ્યો ને શુનમુન

થઈ ગયો ને તેને વિચાર આવ્યો કે આજે જ્યારે મારા પર આવી તકલીફ આવી ત્યારે મને કેવું થાય છે જ્યારે મેં તો અનેક આવા ક્રુર કામો કર્યા છે તો તે બધા ઉપર શું વીતી હશે? આમ તેને પોતાના દુષ્કૃત્યોનો પશ્ચાતાપ થાય છે. અને પછી હતાશ થઈને રખડતા રખડતા આગળ જંગલમાં જાય છે. ત્યાં પૂ. હેમચન્દ્રસૂરિજી જે આગલા ભવમાં પૂ. યશોભદ્રસૂરિ નામના મહાત્મા હતા. જે પોતાના પરિવાર સાથે જંગલમાં જઈ રહ્યા છે. લુટારો છે છતાં રાજકુમારની પ્રતિભા દેખાઈ આવે છે, પણ દુઃખને કારણે દીનતા તેના મોઢા પર દેખાય છે. સંત તરફના સદ્ભાવને કારણે આણે મહાત્માને હાથ જોડ્યા. મહાત્મા પણ તેને આશીર્વાદ આપે છે ને ચાલતા ચાલતા બધુ જાણી લે છે. આણે કહે છે કે "મારે તો મરી જવું છે તો જ પશ્ચાતાપ હું કરી શકીશ." આ સાંભળી મહાત્મા તેને સમજાવે છે કે "આ મનુષ્ય ભવ મરી જવા માટે નથી મળ્યો. આ માનવ ભવ અતિ દુર્લભ છે. પ્રાયશ્ચિત એટલે મરી જવું તેવું નથી. અને આમ કહી તેને નવતત્ત્વ, જીવીચાર આદિ તત્વની સાચી શ્રદ્ધા કરાવે છે. પુણ્ય, પાપ, આત્મા, પરલોક બધુ જ તેને સમજાવે છે. અત્યારે તેના આત્મામાં વૈરાગ્ય ને વિવેકના સંસ્કાર પડે છે ને બોધીબીજ વવાય છે હજુ મિથ્યાત્વ તેનામાં છે, પણ તે મંદ પડ્યુ છે ને સમકિત માટેની ભૂમિકા તૈયાર થઈ ગઈ છે.

કોઈપણ પ્રવૃત્તિ એવી કરો કે વૈરાગ્યને

વિવેકના કારણે આત્મા પર પુણ્યનો અનુબંધ પડે
લૂંટારાના જીવનમાં જેણે થોકબંધ પાપ કર્યા છે.
અનુબંધ પણ પાપના જ પાડ્યા છે. પણ હવે ધર્મ
સાંભળીને સમજવાથી તે ચોરી, લૂટફાટનું કામ
છોડી દેવાનો વિચાર કરે છે. સાથે યોગ્ય રીતે
ધર્મ કરવાને ૧૨ વ્રતો પણ લેવા તૈયાર થયો છે.
પણ જીવનનિર્વાહનો વિચાર આવતા તેને થાય છે કે
હવે તે શું કરે? બાપ પાસે જઇ શકે તેમ નથી
ને દિક્ષા લેવા જેટલો ઉલ્લાસ હજુ તેને પ્રગટ્યો નથી
વેપારધંધાની પણ આવડત તેનામાં નથી. ફક્ત
શસ્ત્રકળામાં તે હોંશિયાર છે ને સૈન્યમાં નોકરી
કરી શકે તેમ છે. પણ તેને હિંસા પણ કરવી નથી
તેને થાય છે કે અત્યારસુધી હિંસાથી કુકર્મો તો
ઘણા કર્યા હવે તેમાં વધારે પૈસા મળે તો પણ
મારે હિંસાથી લક્ષ્મી ન જ જોઇએ. હવે નિર્વાહ માટે
બીજો કોઇ વિકલ્પ ન સૂઝતા તે મહાત્મા પાસે જાય
છે. ત્યારે મહાત્મા તેને સાંત્વન આપીને ત્યાંના
કોઇ શ્રાવકને આની ભલામણ કરે છે કે "આ યોગ્ય
વ્યક્તિ છે ને ધાર્મિક છે. શ્રાવક આને પોતાના
ઘરે લઇ જઇ નોકર તરીકે સારી રીતે રાખે છે
આમ તો આ ભોળાથી જીવી શકે તેમ છે, છતાંપણ
ધર્મ સમજ્યો હોવાથી હિંસાનું કામ કરવા તૈયાર
નથી. તેથી સ્વેચ્છાએ નોકરી સ્વીકારી છે. તે
વિચારે છે કે સંપત્તિ વૈભવ ઓછા મળશે તો
ઇન્દ્રિયોને ઓછુ પોષણ મળશે તેમાં શું ખોટુ
છે? વૈરાગ્ય વિવેક આવે ત્યારે આવા સંકલ્પો
આવી જ જાય. હવે પરીસ્થિતિ એવી થઇ છે કે

ઘરકામ કરનારને ખાવાપીવાને કપડાતો મળી જ રહે પણ રોકડ રકમ તો ખાસ ન મળે. કોઇકવાર બક્ષિસ થી વગેરે મળવાને લીધે તેની પાસે પાચેક કોડી ભેગી થઇ છે.

શેઠ ધર્માત્મા હોવાથી ત્રિકાળ પુજા કરનારા છે. આ પણ શેઠ સાથે રોજ દેરાસર જઇને ભક્તિ-દર્શન પ્રભુના કરે છે. પણ હજુ તેને પુજા નથી કરી., કારણ તેની પાસે પુજા કરવાની સામગ્રી નથી. મહાપુરુષોએ કહ્યુ છે કે "શક્તિ ન હોય તો પુજા કરવાનો આગ્રહ રખાય નહિ."

એક દિવસ એવુ બન્યુ કે. શેઠે તેની પાસે પુજા માટે કેસર ઘસાવ્યુ આથી આને પણ ખુબ જ આનંદ થયો છે. બધી સામગ્રી તૈયાર થઇ ગયા પછી શેઠે તેને પણ પુજા કરવાનો આગ્રહ કર્યો. શેઠે બધી જ પુજા કરવાની સામગ્રી તેને આપી પણ તેને થાય છે કે "પુજાની સામગ્રી તો શેઠની જ છે તો મને એમાં શું લાભ?" આવી પરીસ્થિતિમાં પણ વિવેક કેટલો છે? જીવની અમુક રીતની લાયકાત હોયતો વિવેક આવે છે. તમે જો આમ વિચાર કરોતો આને કોઇ પ્રભુભક્તિ કરવાનો કંટાળો નથી. સામે ચાલીને શેઠ સામગ્રી આપે છે છતા તે કહે છે કે "મારુતો આમાં કશુ જ નથી, મને આમા શું લાભ?" વિચારો તેની વૃત્તિ કેવી હશે?

સભા:- ક્ષાત્રય છે

સાહેબજી:- ના, તે કારણ નથી પણ તેમાં વૃત્તિ-પ્રકૃતિ જ કારણરૂપ છે. શેઠે તેને જ્યારે પુજા

કરવા ઘણુ કહ્યુ ત્યારે તેને થાય છે કે "આવો અવસર મને ફરી ક્યારે મળશે" ને તેથી જ તેને થાય છે કે "મારી પાસે જે પાંચ કોડી છે તેના ફૂલ લઇ પ્રભુની પૂજા કરુ". તમે હોતા વિચારો કે પાંચેપાંચ કોડી છોડી વાપરી નખાય? આગળ-પાછળ નો પણ વિચાર તો કરવો જ પડે. જ્યારે આનામાં ઉદારતા - વિવેક - બહુમાન ઘણું છે તેથી જ ફૂલ ચઢાવતી વખતે ભાવોલ્લાસ બહુ જ આવે છે જિનરાજ પ્રત્યે તેને અત્યંત બહુમાન થયુ છે, ને નવતત્ત્વ આદિ ભણેલો છે. સમકિતની હજુ સ્પષ્ટ સમજણ નથી પણ અમુક અંશે પ્રભુના ગુણો પ્રત્યે અભિરુચિ પ્રગટી છે. વિષય-કષાય જ જેણે અડધી જીંદગી વીતાવી છે પણ હવે તેને પવિત્ર જીવન જ જીવવું છે. આ બોધિબીજ પામી જવાથી તે થોડા પુણ્યથી પણ પુણ્યાનુબંધી પુણ્ય જ બાંધે છે. પાંચ કોડીના ફૂલમાં તે ૧૮ દેશનો રાજા બીજા ભવમાં બન્યો છે. આ પણ પુણ્યનું ફળ ઘણું ઓછુ છે. ભગવાનની ભક્તિ બરાબર કરનારને દેવલોકનું સુખ પણ ઓછુ કહેવાય. હજુ તેનામાં મિથ્યાત્વ છે. સમકિતી જેવા વૈરાગ્ય કે વિવેક નથી ભાવોલ્લાસ પણ સમકિતી જેવો નથી. સમ્યગ્દૃષ્ટિ આત્મા જો એક ફૂલ પણ ચઢાવે તેને મિથ્યાદૃષ્ટિના ફળ કરતા અસંખ્ય ગણુ ફળ મળે. જ્યારે આણે તો તેની બધી જ સંપત્તિ ચઢાવી દીધી છે, છતાંપણ સમકિતી કરતા ઓછુ ફળ મળ્યુ છે. સમકિતનો મહિમા બરાબર સમજતા થાવ તો મોઢામાં પાણી છૂટે.

સભા:- પચાવવાની તાકાત અમારામાં નથી

સાહેબજી: -પચાવવાની તાકાત તો ઘણી જ છે, પણ પામવાની ઇચ્છા જ નથી. આ તો ખાધા વગર પચાવવાની વાત છે. જેને ભૂખ લાગી હોય તે ખાવાનો વિચાર કરે કે પચાવવાનો વિચાર કરે? સમકિત પામવા માટેની સામગ્રી તમને મળી છે. કોઇ દિવસ ગુરૂના પગ પકડીને કહ્યું કે "સાહેબ હવે મિથ્યાત્વમાં રહેવાતુ નથી." ગરીબને પૈસો જોઇતો હોય તો તે કોઇની પાસે મળે એમ લાગે તો તે માણસના પગ કેવા પકડે? તેની લાગણી કેવી હોય? તમે કોઇ દિવસ ભગવાન પાસે રડ્યા છો? કે "પ્રભુ આ મિથ્યાત્વે તો મારો આજ સુધી દમ કાઢી નાખ્યો છે. હવે હું આમાંથી ક્યારે છૂટું ને સમકિત પામીશ?" ગૃહસ્થ જીવનમાં પણ સમકિત પામી શકાય છે. પણ હજી તમને તેનો રસ નથી જાગ્યો સમકિત મળી જાય તો બેડોપાર થઇ જાય.

આ જીવને સમકિત પામવાની ભૂમિકા મળી છે. તેથી આ પુણ્યના ઉદયથી તે સમૃદ્ધ બનશે. આમ તો રાજેશ્વરી નરકેશ્વરી જ કહેવાય. પણ આ જીવને તો સત્તા સંપત્તિ પણ આત્મકલ્યાણનું સાધન બની શાસન પ્રભાવનાનું કારણ બનશે. ધર્મ કરતી વખતે જે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તેનાથી તે પુણ્ય ઉદયમાં આવે ત્યારે ધર્મ સામગ્રી ધર્મ પૂરબહારમાં ખીલશે. જ્યારે પાપાનુબંધી પુણ્ય જે ધર્મથી કર્યું છે તે પુણ્ય જ્યારે ઉદયમાં આવશે ત્યારે ધર્મ છૂટી જશે ને થોડી ભોગસામગ્રી ભોગવી પાપ બાંધી દુર્ગતિની પરંપરા સર્જાશે. તમારે આનાથી

શેની પસંદગી કરવી છે? પુણ્યાનુબંધી પુણ્ય બાંધવાનો ધર્મ પણ એવી રીતે કરો કે પુણ્યાનુબંધી પુણ્ય જ બંધાય. અત્યારે હું તમને સર્વસ્વ છોડી દેવાનું કાંઈ નથી કહેતો. તેવો તમારો ભાવોલ્લાસ પણ નથી છતાં સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, દાન વગેરે કોઈપણ પ્રવૃત્તિ કરો ત્યારે એવી રીતે કરો કે જેનાથી પુણ્યનો અનુબંધ પડે. સાંસારિક કામ કે લૌકિક દયા પણ એવા કરો કે જેમાં ફક્ત પુણ્યનો બંધ ન પડતા પુણ્યનો અનુબંધ પડે. આ કરવા માટે સતત વૈરાગ્યને વિવેક જાગૃત જોઈએ. ભગવાનને જોતા એમ થવું જોઈએ કે "વીતરાગતા સિવાય જગતમાં ક્યાય સાચુ સુખ નથી". ને "સાચુ સુખ અહીં જ નિર્વિકલ્પ દશામાં જ છે" આ ભાવ જ્યારે પામશું ત્યારે સાચુ સુખ મેળવી શકીશું. બાકી તો બધે જ વિકારો ખદબદે છે. કદી તમે રાગદ્વેષથી વ્યથિત થઈને પ્રભુ પાસે જાવ છો? ત્યાં તેમની પાસે આ પીડાથી રડવું આવે છે? ત્યાં પણ તમે આંતરદુઃખને રડો છો કે બાહ્યદુઃખને રડો છો? તમને તો આંતરદુઃખ સાલતુ જ નથી. સંસારમાં મોહરાજા તમને ડફણા મારેતો મજા આવે છે. આવા માણસમાં વીતરાગતા કેવી રીતે લાવવી!..

જે આત્માને રાગદશાની રુચિ છે તે વીતરાગની ભક્તિ કરેતો પણ તેના આત્મા પર સંસ્કારતો રાગના જ પડે છે. માટે જ મોટા-ભાગના ધર્મ કરનારા પુણ્યનો અનુબંધ નથી પાડી શકતા. વિચારજો કંઈ કડી ખૂટે છે?

કુમારપાળ રાજાએ કેવી સાધના કરી છે.

તેમની કાઇ હમણાની ભૂમિકા જ બધા કર્મો ખપી જે મોક્ષ થઇ જાય તેવી સાધના નથી. ઉત્કૃષ્ટ વિવેક પણ નથી, પણ બીજ તેનું પાકુ છે. હજુ સમકિત આવ્યુ નથી. મિથ્યાત્વની હાજરીમાં આયુષ્ય બાંધ્યુ છે ને સમ્રાટ થયા છે. જો સમકિત આ ટાણે હોત તો ચોક્કસ દેવલોક થાત, તે પણ વૈમાનિક ગતિમાં જ.

સમકિત જીવ કદાચ અશુભભાવમાં - રૌદ્રધ્યાન કે કૃષ્ણ લેશ્યામાં 'મારૂ કે મરૂ' એટલા અશુભ ભાવમાં હોય તો પણ દેવલોકમાં જ જાય છે.

જ્યોતિષ કે ભુવનપતિ પણ નહિ પણ વૈમાનિક દેવલોકમાં જ જાય. વૈમાનિક દેવ પાસે બળ, પુણ્ય, શક્તિ કેટલા હોય? તેની પાસે આ અઢાર દેશના રાજાની શું તાકાત! જો પાય કુશળ ઉંચુ પુણ્ય બાંધ્યુ હોત તો તેઓ ક્યાંયે પહોંચી ગયા હોત. પરંતુ તે છતા તેમની બાહ્ય ક્રિયા પણ બીજ સાથે હોવાથી પુણ્યના ઢગલાના ગુણાકાર થાય છે ને આજ અનુબંધની શક્તિ છે.

વૈતાઢ્યના ભવથી શરૂઆત કરીને આ જીવ પાંચ ભવમાં તો મોક્ષે જશે. તેમનો વિકાસ ઝડપથી થઇ ગયો. પદ્મનાભ પ્રભુના ગણધર થઇને મોક્ષે જશે. અનુબંધની શક્તિ કેટલી? બીજીબાજુ તેમના ભુતકાળમાં કુકર્મો કેટલાયે કર્યા છતા સાચી આરાધનાથી સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા. ભુતકાળના કુકર્મો, જે બધા પાપના અનુબંધી હતા તે તો વિખેરવા પડે અથવા નિકાચિત કર્મો તો ભોગવવા જ પડે.

હવે આ જીવે ચાવડાના વંશમાં સિદ્ધરાજના ભાઈ ત્રિભોવનપાળના દિકરા તરીકે જન્મ લીધો છે ને સર્વ કલા-વિજ્ઞાનમાં નિષ્ણાત થયા છે. રાજા સિદ્ધરાજને કોઈ પુત્ર ન હોવાથી એક વખત રાજા જ્યોતિષને પુછે છે કે "મારા મૃત્યુ પછી મારૂ કોણ વારસદાર થશે?" ત્યારે જ્યોતિષ અવલોકન કરીને કહ્યુ કે આ તમારા ભાઈના દિકરા કુમારપાળ જ રાજા થશે. આમતો ભાઈનો દિકરો કાંઈ દુશ્મન ન કહેવાય. પણ આગલા ભવના કર્મના કારણે બન્નેને અત્યંત વેર છે. હવે આ કુમારપાળ રાજાના નિકાચિત કર્મો જે આગલા ભવના છે તે ઉદયમાં આવે છે તેથી જ રાજા સિદ્ધરાજને કુમારપાળ રાજા થાય તેમાં સખત વિરોધ છે. આગલા ભવમાં જે શેઠિયો તેમનાથી લુંટાયેલો તે જ જીવ આ સિદ્ધરાજ થયો છે પરસ્પર વેર છે તેથી રાજા સિદ્ધરાજે તેને (કુમારપાળને) પકડવાનો હુકમ કર્યો છે. માથે મોત દેખાતા કુમારપાળ ભાગીને છુપાઈ જાય છે જ્યાં તેને ત્રણત્રણ દિવસના ઉપવાસ થાય છે. આગળ જે હિંસા કરેલી તેના નિકાચિત કર્મો ઉદયમાં આવ્યા છે. પચાસ વર્ષ સુધી આવા નબીરા પણ રસ્તે રખડતા રહ્યા છે. નિકાચિત કર્મો તો ભોગવવા જ પડે. આમતો તેમના કરેલા કર્મો પ્રમાણે હજુ ભોગવવાનું બાકી પણ બીજા ઘણા પાપતો આપમેળે ઓસરી ગયા તેમાં પુણ્યાનુબંધી પુણ્ય કારણ બન્યુ છે.

પુણ્યાનુબંધી પુણ્યના કારણે હેમચન્દ્રસુરીજીનો તેમને મેળાપ થયો, કે જેનાથી કુમારપાળ રાજાએ ત્યારે આરાધના કરી શાસન પ્રભાવના કરી.

પુણ્યાનુબંધી પુણ્ય જ્યારે ઉદયમાં આવે ત્યારે સંપત્તિ મળે પણ આસક્તિ કે મોહ તેમાં ન જગાડે, પણ વૈરાગ્યને વિવેક જગાડે. જે ફૂલ ચઢાવ્યા તે ભાવમાં સર્જનશક્તિ શુભ પુણ્યનો અનુબંધની છે. જો આમાં અશુભ સર્જનશક્તિ હોતતો તે આત્મા પાયમાલ થઈ જાત.

ભિખારીને પાંચ રૂપિયા આપો પણ અનુબંધતો પુણ્યનો જ પાડો. દયા- પરોપકાર આદિ ગુણો પણ વૈરાગ્ય ને વિવેકપૂર્વકના કેળવો તેવી જ તીર્થંકરની આજ્ઞા છે. તેથી જ ૧૬ ભાવનામાં પહેલા ૧૨ ભાવના મૂકી પછી જ ચાર ભાવના મૈત્રી-પ્રમોદ-કરુણા ને મધ્યસ્થ ભાવના મૂકી. દયા સાચી કરવા માટે વૈરાગ્ય જોઈશે જ. વૈરાગ્ય માટે સંસારનું સાચું સ્વરૂપ સમજવું પડશે. આપણો આત્મા અનંત સુખની શક્તિનો ધણી છે, છતાપણ આ સંસારમાં કેવીરીતે રખડે છે! કીડી જોતા પણ સંસાર સ્વરૂપ જ દેખાય. આપણે પણ આવી રીતે ઘણીવખત કચરાયા હોઈશું. અત્યારે આ બધા જીવો કેવા દુઃખી છે. આપણેપણ સત્કર્મો નહિ કરીએ તો હજુ આવા જ દુઃખી થઈશું.

સંસારનું સ્વરૂપ આવું જ છે. બધા દ્રષ્ટિકોણથી સંસાર સમજાય તેને વૈરાગ્ય આવ્યા વિના રહેતો નથી. પણ બધે આ application જોઈએ.

સાચી મૈત્રી કરવા માટે સ્વપરની હિત ચિંતા પહેલી કરવાની છે. નહિતર તે જ મૈત્રી આધ્યાત્મિક દ્રષ્ટિએ નકામી થઈ જશે. બધે જ સારરૂપે વૈરાગ્ય ને વિવેક જોઈશે.

એક જીવદયા કરો ત્યારે પણ લાગવું જોઈએ કે આપણે પણ આ કતલખાનામાં જ છીએ. સંસાર પણ એક કતલખાનું છે. આપણો આત્મા પણ આ કતલખાનામાં જન્મ મરણ ~~ફેર~~ ફસાયો છે. એને જોઈને તેમાંથી બહાર નીકળવાનો ઉપાય જો સૂઝે નહિ તો તમારો અંધાપો કેટલો? જેની દૃષ્ટિમાં અંધાપો છે તેને દયાની value કેટલી?

૮૪ લાખ જીવયોનિમાં ભટકતા તેનું ભયાનક સ્વરૂપ વિચારતા એમ થવું જ જોઈએ કે આમાંથી હું ક્યારે છૂટું. અને સાથે બીજાને પણ છોડાવું. મૈત્રી-પ્રમોદ-કરુણા બધી ભાવનાના સારરૂપ 'સવિ જીવ કરું શાસન રસી' ભાવના આપી છે. ભગવાને આ ભાવના ભાવી તેનું કારણ કે આમાં બધી જ ભાવના આવી જાય છે. આમાં જ જગતના જીવોનું ખરું હિત છે.

જ્યાંસુધી આત્મા પાપથી મુક્ત નથી થતો ત્યાંસુધી ખરેખર તો સુખ નથી પામી શકતો. માટે જીવોને પહેલા પાપમાંથી મુક્ત કરવાના છે. લોકોત્તર અનુકંપા એવી કરોડ ભગવાનું તમે સામગ્રી દ્વારા કલ્યાણ સાધી શકો. તમને દાન ન કરવાની અમારી પ્રેરણા નથી. પણ તેમાં જૈન શાસનનો વિવેક ભળવો.

377 ॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમ:॥

૨૩-૮-૯૮ દાન-બત્રીસી ચોપાટી

મંગળવાર

અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને પુણ્યના ફળોનો સમ્યગ્ પ્રબોધ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટિએ જેમ પાપ તત્વ સમજવાની જરૂર છે તેમ પાપના વિપાક સમજવાની પણ જરૂર છે. કર્મના ક્ષયથી જ મોક્ષ થાય છે. કર્મ માત્ર આત્માને બંધન છે. આત્મા તમામ પાપ-પુણ્યમાંથી મુક્ત થાય તો જ તે મોક્ષે જાય છે. મોક્ષમાં જતાં પહેલા બધાએ પુણ્ય પણ છોડવું જ પડે છે કે જીવ સર્વથા પાપ-પુણ્ય કર્મનો ક્ષય કરે એ તેજ આત્મા મોક્ષનો અધિકારી છે. પરંતુ બધાં જ પુણ્ય કાંઈ સાધનાકાળમાં આડખીલી કે બંધન રૂપ નથી. મોક્ષમાં શુભ કે અશુભ કર્મનો પડછાયો પણ નથી. પરંતુ મોક્ષની સાધના તો સંસારમાં જ કરવાની છે. સંસારમાં ભૌતિક પુદ્‌ગલનું વર્ચસ્વ છે, જડનું જ આધિપત્ય છે, તો આજ સંસારમાં રહીને જો મોક્ષની સાધના કરવી હોય તો આરાધના માટે અનુકૂળ સામગ્રી ને સંજોગો તો જોઈશે જ. અને એ માટે પણ પુણ્યની જરૂર તો પડશે જ માટે જ પુણ્ય એકાંતે હેય નથી. સાધક દશામાં પણ પુણ્ય હેય માનશો તો એક જ તરફનો વિચાર થશે કે પુણ્ય બંધાય તે પુણ્ય, સાધનાકાળમાં ઉપયોગી હોય તો તેને ત્યાજ્ય ગણવાનું નથી. પુણ્યબંધ એવા છે કે ધર્મની સાધનામાં કારણ બને છે.

પુણ્યથી ભોગ જ મળે અને તેનાથી પાપ જ બંધાય
તેવું એકાંતે નથી. પાપાનુબંધી પુણ્ય માટે આ વિકલ્પ
આપ્યો છે. પણ પુણ્યાનુબંધી પુણ્ય માટે સંસારની
ભોગસામગ્રી સાથે ધર્મની સામગ્રી પણ મળશે. જે
ભોગસામગ્રી કર્મક્ષય કે આરાધનામાં બાધક નહિ હોય.
જે પુણ્ય કર્મક્ષય કે આરાધના માટે સાધન બને તે
બોજમાં ગણાય નહિ. તમને અત્યારે જે પુણ્ય મળ્યું
છે તેનાથી જ બુદ્ધિ-શક્તિ-જ્ઞાન-ઇન્દ્રિયો-આયુષ્ય
મનુષ્યભવ-સત્તા-સંપત્તિ બધું જ પુણ્યના વિપાકનું
ફળ છે. આ બધાને તમે ધર્મમાં જોડી શકતા હો
અને તેનાથી આત્મકલ્યાણ કરી શકતા હો તો તે
પુણ્ય ધર્મનું સાધન બનશે. તીર્થંકરને ઉત્કૃષ્ટ પુણ્યનો
વિપાક હોય છે. જે પણ ઉત્તમ પુરુષો થાય છે તે
બધા પુણ્યશાળી જ હોય છે. તીર્થંકરોનું રૂપ કેવું?
તો કે અદ્વિતીય? બળ કેવું? સૌભાગ્ય કેવું?
બધા જ સંયોગ પણ તેમને અદ્વિતીય જ તેમને
મળે છે. શ્રેષ્ઠ જ્ઞાન અને બુદ્ધિ આ બધું તેમના
પુણ્યનો જ વિપાક છે. અને આ જ પુણ્ય જગતના
જીવોને પમાડવા માટે સાધન બને છે. તેમના
બળનો પણ ઉપયોગ અનર્થમાં નથી જ થતો.
સાધના દ્વારા ચાર-ચાર મહિના કાઉસ્સગ્ગ ધ્યાનમાં
શરીરબળ હોવાથી જ કરી શક્યા જ્યારે તમને
એક રાત પણ ઉભા રાખે તો શું થાય? છ-છ
મહિનાના ઉપવાસ પણ આ શરીરબળને લીધે જ
કરી શક્યા છે. અરે, ૭૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ
કરતા તમે તો હલ્યા કરશો. અત્યારે તમારી
તેટલી શક્તિ પણ નથી ને મનોબળ પણ નથી.

પુણ્યથી જે શરીરબળ મળ્યુ છે જે પ્રબળ કર્મક્ષય અને નિર્જરાનું સાધન બની શકે છે. મહાત્માઓને નિર્મળ આંખ કાન - જીભ મળ્યા છે તે બધાનો ઉપયોગ કયા કરશો ?

આંખનો ઉપયોગ શાસ્ત્રવાંચનમાં કરશે.

કાનનો " તત્ત્વશ્રવણમાં ".

જીભનો " પ્રભુભક્તિ, ઉપદેશ વગેરેમાં

આ બધુ જ પુણ્યથી મળ્યુ છે. શાશ્વત ઈન્દ્રિયો મળવી તેમાં પણ પુણ્ય જ કારણ છે. નહિતર ઘણા ખોડખાપણવાળા પણ હોય છે. જે જીવ પુણ્યાનુબંધી પુણ્યવાળો હોય તે તેનો ઉપયોગ ધર્મ-સાધનામાં કરશે. એટલે તે ધર્મનો હેતુ છે. તેથી આ પુણ્ય વખોડવા જેવું નથી. કર્મના બંધન છે. એમ એકાંતે ન કહેવાય.

જેમ કોઈ બળતણ હોય તો જ આગ પેદા થાય પછી ભલેને કેરોસીન કે પેટ્રોલ ગમે તે લો. બળતણ જ આગ પેદા કરવાનું સાધન છે. હવે આગ પણ કયા સુધી રહે ? બળતણ જ્યા સુધી હોય ત્યાસુધી જ ને? આગનો અનેક રીતે ઉપયોગ થાય છે. કચરો બાળવા કે રસોઈ કરવા વગેરેમાં પણ જો તેનો દુરૂપયોગ કરોતો હાકી પણ જાઓ ને વખતે આગ વધી જાયતો આજુબાજુ બધુ જ સાફ કરી નાખે. બસ એની જેમ જ પુણ્યાનુબંધી પુણ્યનું કામ શું ? કે આત્મા ઉપર રહેલો પાપાનુબંધી પુણ્યરૂપી જે કચરો છે તેને બાળવા નું કામ તે કરે છે. અને જેવો કચરો બળી જશે ત્યારે પુણ્યાનુબંધી પુણ્ય શમી જશે. કચરો બાળવા

માટે લાગેલી આગને શાંત કરવા નવો પ્રયત્ન કરવાનો નથી. આત્માને બંધન વળગ્યા પછી છોડવાની મહેનત કરવી પડે છે. ત્યાં પુણ્યાનુબંધી પુણ્ય સફાઇ કરવા-માટે સાધન તરીકે ઉપયોગી છે. જે પુણ્ય તમારા આત્મામાંથી સફાઇ કરવાનું કામ કરે તે પુણ્યાનુ-બંધી પુણ્ય કહેવાય છે.

સભા:- તે ખબર કેવી રીતે પડે કે પુ. બંધી પુણ્ય છે?

સાહેબજી:- જો પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તો તમારા દોષોને બાળી જાય. અને જો તેનું સાધન ન બને તો તે પુ. બંધી પુણ્ય નથી. તમારું પુણ્ય અત્યારે પાપને ખતમ કરવાનું સાધન બને છે. મનુષ્યભવ કાંઇ મફતમાં તમને નથી મળ્યો. ઘણા મૂલ્યરૂપે પુણ્ય ચૂકવ્યું છે તેથી જ આ ભવ મળ્યો છે. એ સિવાય પણ આયુષ્ય-સત્તા-સામગ્રી મળી છે તે બધામાં કારણભૂત તો પુણ્ય જ છે, આ બધા પુણ્યના ઉદય પાપને સાચવવા કે ક્ષીણ કરવા કે તોડવાનું સાધન નથી બનતા. તેમ જ મળેલી સામગ્રી કાંઇ પાપને વધારવા કે પાપના પરિણામો વધારે પ્રદિપ્ત કરવા માટે તેનો ઉપયોગ નથી થતો.

સભા:- બન્નેમાં ઉપયોગ થાય છે.

સાહેબજી:- અત્યારે તમારે ઉદયની બાબતમાં તો પાપાનુબંધી પુણ્ય જ છે. અત્યારે તમને જે પુણ્ય ઉદયમાં છે તે ભૂતકાળના કર્મનો ઉદય છે.

સભા:- તો કોણ કહી શકે?

સાહેબજી:- અમે શાસ્ત્રની દ્રષ્ટિએ કહીએ પણ અમે કાંઇ એમનેમ ન કહીએ. ભૂતકાળમાં મિથ્યાત્વની અવસ્થામાં બાંધેલું પુણ્ય કાંઇ

પુણ્યાનુબંધી પુણ્ય ન હોય, જના અનુબંધ તમારા પુણ્યના ન હોય, પણ તે પુણ્યથી અત્યારે ધર્મ-સામગ્રી તો મળી ગયે છે. તેનાથી હવે પુણ્યાનુબંધી પુણ્ય બાંધી શકો છો. આથી પાપની રુચિ અત્યારથી જ તોડવાની છે. અત્યારે પુણ્ય તમને ધર્મમાં ચડાવે કે સહાય કરે તેવી પરીસ્થિતિ દેખાતી નથી પણ પલ્ટો લાવી શકાય છે.

સભા! - ઉદયમાં પુણ્યાનુબંધી પુણ્ય આવે તેની નિશાની શું?

સાહેબજી:- આત્મા પરનો કચરો કાઢવામાં જ પુણ્યાનુબંધીનું કામ છે. જેમ તમે, આગળ વધો તેમ કચરો સાફ થતો જાય છે. જે દિવસે આત્મા પર કચરો નહિ હોય તે દિવસે સર્વગુણસંપન્ન થાવ ત્યારે પુણ્યાનુબંધી પુણ્ય ચાલતી પકડશે. પછી તે તમને સંસારમાં પકડી રાખતું નથી. બધાની ખોટી ભ્રમણા છે કે પુણ્યાનુબંધી પુણ્ય ફસાવે છે. જો તેમ જ હોય તો તીર્થંકરના પુણ્ય કેવા કહેવાય? એ પુણ્યને પણ ત્યાજ્ય જ કહેવા પડે. આમ આપણે ત્યાં તીર્થંકરના જેવા પુણ્ય બાંધવાનુ ઉપદેશ આપીયે છીએ.

પુણ્ય એ કર્મ છે, કર્મ એ બંધન છે ને બંધન માત્ર ખરાબ છે. તો જો પુણ્ય ખરાબ હોય તો કોઈએ તીર્થંકર નામકર્મ બાંધવુ જોઈએ નહિ કારણ એ એક પ્રકારનુ પુણ્યકર્મ છે માટે તે બંધનરૂપ કહેવાશે.. આપણે તો વાસ્તવમાં તીર્થંકર નામકર્મના બંધની તો ઝંખના કરવાની છે. ઉત્તમ પુણ્ય બંધાશે તો બેડો પાર થઈ જશે. જે આત્માએ આવો

આગળ વધવામાં સાધનરૂપ છે. જે તીર્થંકર નામકર્મ બાંધે તેને મોક્ષે જવામાં કોઈ કર્મ આડખીલીરૂપ નથી થતું. ને આત્મસાધના કરવામાં પણ નડતરરૂપ નથી ઉલ્ટું ઉપયોગી જ થાય છે. જે પુણ્ય સહાયક થાય છે કે સહાયક થવાના છે તેવા પુણ્યની ચિંતા કર-કરવાની નથી. કાનજી સ્વામી વગેરેની વાતોમાં પુણ્ય વિભાવ છે, પુણ્ય હેય છે. શુભભાવથી પુણ્ય બાંધવું જોઈએ નહિ. તો પછી શું ગણધર નામકર્મ તીર્થંકર નામ કર્મ ખરાબ છે? આ બધાની એકાંગી દ્રષ્ટિ છે. બીજી બાજુ પ્રશ્ન એ પણ થાય કે પુણ્ય ધર્મનું સાધન છે તેમ પુણ્યથી ભોગો પણ મળશે. ત્યારે તેના ઉત્તર રૂપે કહી શકાય કે તેનાથી ફક્ત ધર્મની સામગ્રી જ નથી મળતી. આદિનાથ પ્રભુ 83 લાખ પુર્વ સંસારવાસમાં રહ્યા સંસારવાસ સહેવો પડ્યો. તેમાં તેમણે કેટલાયે ઉત્કૃષ્ટ ભોગો છે, શું આ ભોગો ભોગવવાથી તેમને પાપ બંધાયુ? પુણ્યથી ભોગ મળશે અને તે ધર્મમાં સાધન બનશે. બધા જ પુણ્ય ભોગ આપે તે તેવો નિયમ નથી. ઘણા પુણ્ય, ધર્મસામગ્રી આપે, ધર્મમાં સહાયક થાય, તેમાં પુરક પણ થાય તેવા વિપાકવાળા હોય છે. તેમને ભોગ સાથે કોઈ લેવાદેવા હોતી નથી.

તીર્થંકરોને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે તેમને ઉત્કૃષ્ટ પુણ્યનો વિપાક હોય છે આમતો જન્મથી પુણ્ય ભોગવે છે પણ તેમના પુણ્યનો પીક પીરીયડ ક્યારે આવે છે? જ્યારે કેવળજ્ઞાન પામી તીર્થંકર નામકર્મ ઉદયમાં

આવે ત્યારે ૩૪ અતિશય પરાકાષ્ઠાના ભૌતિક ઐશ્વર્ય હોય છે. આજ વખતે તે ઉત્કૃષ્ઠ ભોગો ભોગવે છે, ત્યારે તેમને જરાપણ પાપ બંધાનુ નથી. આમ ભોગની પ્રાપ્તિ આનાથી જ થાય તેવો એકાંતે નિયમ નથી. જ્યારે ઉત્તમ કોટિનું કર્મ બાંધતી વખતે જીવનમા અનાસક્તિ - વૈરાગ્ય વિવેકના એવા ભાવો હોય છે કે વખતે તેને સંસારમાં કે ભોગોમાં જરાપણ રસ ન હોય. માટે પુણ્ય બાંધતી વખતે જેના મનમાં ભોગોના રસ નથી તે એવું પુણ્ય ન હોય કે તેને ઉદય-કાળમાં ભોગમા ફસાવે. તે જ રીતે જે આત્માએ પુણ્ય બાંધતી વખતે જો સંસારમાં જ કે તેના ભોગોમાં જ રસ કરી તેને તે પુણ્ય ઉદયકાળમાં ભોગમાં એવો ફસાવશે કે જેમ માખી બળખામાં રીતે આવીને એવી રીતે બેસે કે તેના પગ તેમાં એવી ચોંટી જાય કે તેમાંથી તે નીકળી જ ન શકે બસ તેની જેમ તે જીવ ભોગોમાં ફસાશે. આમ સમજીને બધા જ પુણ્ય બાંધતા ભોગોનો રસ તૂટે તે રીતે બાંધો માટે જ જ્યાંસુધી વૈરાગ્ય ને વિવેક નહિ હોય ત્યાંસુધી સંસારના ભોગોનો રસ તૂટવાનો નથી તેથી જ તે ગુણ કેળવો.

સભા: - ત્યાગ કરીયે તો ભોગ રસ ઓછો થાય?

સાહેબજી: - એવું નથી. શુભ ભાવ કરો તો પુણ્ય બંધાય ને અશુભભાવ કરો તો પાપ બંધાય. તમે લોકો જ્યારે ધંધાની ફુલ સીઝનમાં નવરા જ ન પડો ને તેથી ત્રણ ટાઇમનુ

એક ટાઇમમાં જ આપી લો, ઘરે પણ ન જાય તે
પછીને તમે કેટલો ત્યાગ કર્યો કહેવાશે? તે ત્યાગ
નથી. ધંધામાં મોટો સોદો થતો હોય ત્યારે ગરમીમાં
બહાર જવું પડે ત્યારે તમે પંખાને એરકન્ડીશનનો
ત્યાગ કર્યો એમ વિચારોતો તમને તેનાથી પુણ્ય
ન જ બંધાય. જો એકલા ત્યાગથી જ પુણ્ય
બંધાતુ હોયતો જનાવરો ભિખારીઓ બધા વધારે
પુણ્ય બાંધશે. વેપારમાં ન જમો ત્યારે હોંશે હોંશે
ત્યાગ કરીયે છીએ એવું કહેશો પણ તેમાં અશુભ
ભાવ હશેતો પાપ જ બંધાય છે. કોઇપણ ત્યાગ
સાથે શુભભાવ અનિવાર્ય છે. સાથે ગમેતેટલો
શુભભાવ કર્યો પણ ભોગરસ હોયતો અનુબંધ
પાપનો જ પડશે. આ અનુબંધ તમારા મનમાં
બરાબર બેસી જવું જોઇએ જેનાથી તમે બરાબર
analysis કરી શકો

શુભભાવ કરતા જો ભોગરસ હોય છે
માટે જ વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય ભોગ પર
પ્રહાર કરવાની તાકાત ધરાવે છે. તમે, ગમે તેટલો
ઊંચો ધર્મ, જેમકે હજાર દેરાસરો બંધાવો,
કરોડોના દાન કરો. માસખમણના પારણે માસખમણ
કરો પણ સાથે જો ભોગનો રસ હશેતો ખાલી
પુણ્ય બાંધશો પણ પુણ્યાનુબંધી પુણ્ય તો નહિ જ
હોય. અમે પણ ચારિત્ર લઇ પાંચ મહાવ્રત
અતિશુદ્ધ પાળીયે, છઠ્ઠ- અઠ્ઠમ- માસખમણ કરીયે
શાસ્ત્રો ભણી વિદ્વાન બનીયે ને વિનય- વૈયાવચ્ચ
બધુ જ કરીયે પણ જો અમારો પણ ભોગનો
રસ સાથે હશેતો અનુબંધ તો અમને પાપનો જ

પડશે. પુણ્યના અનુબંધવાળુ પુણ્ય ભોગસામગ્રી દ્વારા દુઃસામગ્રીનુ કારણ ન બનવાનું કારણ એ જ છે કે જ્યારે આત્માએ પુણ્ય બાંધ્યુ છે ત્યારે આત્મામાં અભોગનો પરિણામ છે. માટે તે પરિણામથી બાંધેલુ હોવાના કારણે તે ગુણી બને ધર્મસાધન આપવા દ્વારા દુઃખ આપે નહિ. જ્યારે આપણા પુણ્ય સંસારનું કારણ કેમ બને કે આપણી સંસારની રુચિ તૂટી જ નથી ને તેથી જ રખડતા રહ્યા છીએ. તેથી જ પુણ્ય બાંધતા વિચારવાનુ કે આપણા અંદરના પરિણામ શું છે? તેનું અવલોકન કરવાનુ.

કુમારપાળે રાજાએ પૂજા કરતા વિતરાગ કેળવ્યો છે. તે વિતરાગ રાગ વૈરાગ્ય વગર આવતો નથી. આ ઠેકાણે જો વિતરાગ રાગ વગર પાંચ લાખના ફૂલ ચઢાવો તો ખાલી પુણ્ય બંધાશે. જ્યારે તેને તે પરિણામ સાથે પાંચ કોડીના ફુલથી પણ પુણ્યનો અનુબંધ પાડી દીધો. આમ બધે અનુબંધનું કારણતો એક જ રહેશે. આટલા નાના ધર્મથી પણ તેનુ નામ કેટલું ઉંચુ આવ્યુ. આવી રીતે બધાના દૃષ્ટાંતો કાંઈ ગવાતા નથી આને જ વૈરાગ્યપૂર્વક નો ધર્મ કહ્યો છે. તમારા ઉલ્લાસ-ભાવ-ઉમળકો બધુ જ ઉત્તમ હોવા છતા પણ અંદરની રુચિ જો વિપરીત હોય તો અનુબંધ વિપરીત જ પડે છે.

શાલીભદ્રે જે મહાત્માને દાન કર્યુ તે વખતે જો સંયમના સાચા રાગ વગર જો ખીર આનાથી બમણી વહોરાવી હોત તો પણ કદાચ તે વખત કરતા વધારે ઉલ્લાસપૂર્વક બંધાવી હોતતો તે જીવ ફક્ત પુણ્ય જ બાંધતે. પણ

પુણ્યનો અનુબંધ ન પાડી શકત. શાલિભદ્રનું અનુષ્ઠાન વિરાગ-વિવેકપૂર્વકનું છે તેથી જ પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યુ છે. જો તમે એક નોકારશી જેટલુ નાનુ તપ પણ વૈરાગ્ય ને વિવેકપૂર્વક કરો. તો પુણ્યાનુબંધી પુણ્ય બાંધી શકો છો. અત્યારે ભલે આ ધર્મ નાનો દેખાય પણ ભવિષ્યમાં ગુણાકાર રૂપે તે ખીલતો જશે

તમારે કદાચ વેપારમાં એવી લાઇન હાથમાં આવી ગઇ કે જેમાં ગુણાકાર જ થતો હોય, તો તે તમને ક્યા પહોચાડે? પહેલા તો આંકડો નાનો લાગશે પણ પછી જેમકે 10x10 = 100 પછી તો એમ ગુણાકાર કરતા કેટલાયે મીંડા ચડ્યા કરશે. પ્રભુ આદિનાથના જીવ 11 માં ભવે, વજ્રનાભ ચક્રવર્તી છે. તીર્થંકરના પુત્ર છે. છ ખંડ જીત્યા પછી તેમને દિક્ષા લઇ લાખ વરસ સંયમ પાળ્યુ છે. 14 પૂર્વનો અભ્યાસ કરી વિશિષ્ટ લબ્ધિઓ પામી છે. વિચારો અત્યારે તેના આત્માનુ લેવલ ક્યાં છે? ધન્ના સાર્થવાહના ભવમાં થોડા ગુણ હતા. હવે અત્યારે દસ ભવમાં તો ગુણોના સાગર થઇ ગયા. નાના ધર્મથી પણ શરૂઆત કેવી થઇ છે. પુણ્યાનુબંધી પુણ્ય વખતે એક કણિયા જેટલી દયા-કરૂણાના પરિણામ જે છે તે પછીથી ગુણાકારથી આત્મા પર છવાઇ જશે અને તે જ ખરા ગુણ છે. જે ગુણ અનુબંધવાળા છે તે જ ખરા ગુણ છે અનુબંધવાળા ગુણ ક્યારે બને ક્યારે તેમાં વૈરાગ્ય ને વિવેક ભળશે તો જ. તમારે quality પર જવુ છે કે?

quantity પર? quality માં જે ફળ છે તેનાથી આત્મા ક્યાંયે પહોંચી જાય છે. શાલિભદ્રે આગલા ભવમાં એક ખીર વ્હોરાવી પણ તે દાન તેને ક્યાં લઈ ગયું! આવા નાના ધર્મથી વિકાસ પછી વિકાસનું આયોજન તેના દ્વારા જ થાય છે.

તીર્થંકર સંસારમાં કેમ રહ્યા છે? પુણ્યકર્મ તેમને નથી અટકાવતું પણ નિકાચિત ચારિત્ર મોહનીય કર્મના કારણે પ્રભુ મહાવીર સંસારમાં રહ્યા છે.

સભા:- પુણ્ય કર્મ પણ નિકાચિત હોય?

સાહેબજી:- હા, હોય જ, માટે જ તેમને યશ, કીર્તિ, નામ, મોભો બધું જ મળે છે. પુણ્ય અને પાપ બન્ને નિકાચિત હોય. છે નિકાચિત યોગ્ય ભાવ હોય તો નિકાચિત પુણ્ય ને પાપ બંધાય છે.

જેમ અનુબંધ- બંધ બન્ને જુદા છે તેમ બંધ કરતા નિકાચિતનું જુદું ફેક્ટર છે.

સભા:- અમને બધાને સંયમ ન લેવામાં ક્યું કર્મ નડે છે?

સાહેબજી:- નિકાચિત કર્મ કે પુરુષાર્થ બન્ને તમને નડતા નથી પણ તમે જાતે જ તમને નડો છો. તમે છાતી પર હાથ મૂકીને કહી શકશો ખરા કે "અમે યથાશક્તિ બધો પુરુષાર્થ આ સંસાર થી છૂટવા માટે કરી છૂટ્યા છે અને છતા અમે નથી છૂટી શક્યા". જેણે પૂરેપૂરો પુરુષાર્થ કર્યો હોય અને જો ફળ ન મળે તો તે નિકાચિત કર્મ કહેવાય. તમને સંસાર બહુ જ ગમે છે તેથી જ સંસારમાં બેઠા છો.

સભા :- પુણ્યનો અભાવ છે

સાહેબજી :- પુણ્યનો અભાવ નથી પણ તમને જે પુણ્ય ભોગવવુ હોય છે તેને તમે કાન પકડીને ખેંચી લાવો છો અને જે પુણ્ય નથી જોઈતુ તેને તમે ધક્કો મારો તેમ છો. પુણ્યે આરાધના માટે બધી સામગ્રી આપી છે પણ તેનો તમને કઈ રીતે ઉપયોગ કરવો તે સુઝતુ નથી.

સભા :- પ્રભુ મહાવીરને ચારિત્ર મોહનીય કર્મ પ્રબળ નહોતુ ?

સાહેબજી :- પ્રભુ મહાવીરને ચારિત્ર મોહનીય કર્મ ૨૮ વર્ષ પહેલા તુટી જાય તેવું નબળુ હતુ. ધારે તો દિક્ષા લઈ શકે તેવું હતુ. પણ તેમણે ઉપયોગ મૂકીને જોયુ કે જે માએ હજુ મારુ મોં પણ નથી જોયુ અને આટલો મોહ છે ને આટલી કરે છે. પછી તો સાથે જીવન જીવ્યા પછી તો તેમની શુ હાલત થશે ? ઉપયોગ મુકીને પ્રભુએ જોયુ ત્યારે થયુ કે જો હું તેમના જીવતા દિક્ષા લઈશ તો તેઓ વિરહમાં મરી જઈ શકે અને અસમાધિથી દુર્ગતિમાં જશે. આ ચારિત્ર મોહનીય કર્મ તુટે એવુ છે માટે તેને પ્રબળ બનાવવા અભિગ્રહ ધારણ કરે છે. લાભાલાભથી આ પ્રવૃત્તિ કરી છે તેમનો અભિગ્રહ બહુ જ ગંભીર છે. પચ્ચખાણ શેનુ હોય ? સારાનુ હોય અને ખરાબના ત્યાગનુ હોય તેથી જ કહીએ છીએ કે દીક્ષા લઈ શકો તેમ ન હોતો આનો આનો ત્યાગ કરો. ભગવાને તો આનાથી ઉંધુ પચ્ચખાણ કર્યુ છે. સામાન્ય સંજોગોમાં આવુ પચ્ચખાણ ન

હોય. વિશિષ્ઠ લાભાલાભ વખતે બરાબર છે. પ્રભુ મહાવીરના ઘરમાં પરીસ્થિતિ શું છે કે માતાપિતા તથા પરિવારના બધાને આમના માટે એટલો સ્નેહ છે કે આનાથી કેટલાયે આત્મા દુર્ગતિમા જાત. માતાપિતાનું જો અહિત થતું હોય તેવું તો પ્રભુ ન જ થવા દે. માતાપિતાના રડવાની ચિંતા નથી પણ તેમનું અહિત ન થાય તે માટે પચ્ચખાણ લીધા છે

ઋષભદેવ પ્રભુએ પણ મરૂદેવામાતા આટલુ રડતા હતા છતાં તેમણે દિક્ષા લીધી જ છે. મરૂદેવામાતાનો હજાર દિવસમા એકે દિવસ એવો નથી કે તેઓ રડ્યા ન હોય. છતાં પણ તેમણે દિક્ષા લીધી જ. પ્રભુ જાણે છે કે માતા રડીરડીને આંધળી થઇ છે છતા ભવિષ્યમાં આ અંધાપો તેમના હિતનુ કારણ બનશે. જો અહિત આત્માનું થતુ હોયતો ચિંતા કરવાની છે, લાગણીથી રડતો ચિંતા કરવાની નથી..

શું મહાવીર પ્રભુને જ 'મા' પ્રત્યે લાગણી હતીને ઋષભદેવ ભગવાનને 'મા' પ્રત્યે લાગણી નહોતી? પ્રભુ મહાવીરને 'મા' પ્રત્યે વિનય હતો અને ઋષભદેવને તેમની 'મા' પ્રત્યે વિનય નહોતો? આ બન્ને શાસ્ત્રના દૃષ્ટાંત છે.

મરૂદેવા માતા ગમે તેટલું રડ્યા છતા તેમનો વિરહ તેમના આત્માના હિતનું સાધન બન્યો. ને ઊલ્ટુ મહાવીર ભગવાને માતાપિતાની આત્માની ચિંતા કરી દિક્ષા તેમની હયાતીમાં નથી લીધી. તમને જો મહાવીર પ્રભુ જેવું

દિક્ષા ન લેવાનું પચ્ચખાણ આપવાનું કહીયે તો
આખી સભા પચ્ચખાણ લેવા ઉભી થઈ જાય.
તમે બધા અત્યારે સંસારમાં બેઠા છો
પણ તમને સંસારમાં જકડી રાખે તેવું કોઈ કર્મ
તમને છે કે નહિ તેની મને શંકા છે. તમે ધારો
તો દિક્ષા લઈ શકો તેમ છો. પણ તમને દિક્ષા
ગમતી નથી ને દિક્ષા જોઈતી નથી.

સભા: - અંતરાય કર્મ કહેવાય?

સાહેબજી: - ચારિત્ર ન મળે તો, ચારિત્ર મોહનીય
નો ઉદય અને સંયમનો જો સંયોગ તો તેમાં
ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ. અંતરાય તો સાઈડમાં
છે, મૂળ આ જ છે.

તમારા સંસારમાં નિકાચિત કર્મ કયા બેસશે.
કેમ તમે માંદા પડ્યા પછી ક્યારેય તમે સાજા થતા
નથી. આમ તો તમે બધા માંદા પડ્યા પછી તરતજ
દોડાદોડી કરી મૂકો છો, કારણ તમને દુઃખ આપનાર
કર્મ પ્રત્યે દ્વેષ છે ને સુગ છે તેથી જ તેને કાઢવા
ધોકા લઈને નીકળો છો. બધા સાથે સંઘર્ષ ચાલુ
જ છે. એમ થાય છે? કે ભલે કર્મ વિપાક બતાવે
બધા કેમ માંદા પડતા નથી ને આપણે જ પડ્યા.
આપણે તો આ પત્રવાળીને બેઠા. કર્મ આવ્યું
અને માંદગી આવી એમ તમે માનો છો?
ના ત્યાં તો સંઘર્ષ ચાલુ થઈ જાય છે
ત્યારે અહીંયા દિક્ષા લેતા જ થઈ જાય છે કે
ચારિત્ર કર્મ અમારૂ મજબૂત છે માટે જ
અમને દિક્ષા નથી મળતી.

જે કર્મ માટે બધુ જ કરી છૂટો છતા જે

કર્મ મચક ન આપે તો તે નિકાચિત કર્મ કહેવાય. લોકો કહેતા હોય છે કે સાહેબ દસ વર્ષમાં કેટલી દવાઓ કરી વૈદ, ડોક્ટર કે હોમીયોપેથી બધુ જ કરી ચુક્યો પણ દવા લાગુ પડતી નથી ને રોગ કેડો મૂકતો નથી અહીંયા કર્મને અસીડવા ઘણો જ સૂચન કર્યો છે અને ઘણીવાર એવું પણ બને છે કે આ જ દવા પહેલા લીધી હોય ત્યારે કામ ન કરે પણ પછી એ જ દવાથી સારૂ થાય. આમ જે દિવસે નિકાચિત કર્મ શાંત થઈ જાય ત્યારે સામાન્ય દવા પણ કામ કરી જાય. અને રોગ મટી જાય. આમાં કહી શકાય કે નિકાચિત કર્મ પહેલા કામ કરતું હતુ.

તમારા ધર્મના ક્ષેત્રમાં તમને નિકાચિતકર્મ નથી નડતુ પણ તમે નડો છો કારણ પુરૂષાર્થ નથી.

પ્રભુ મહાવીરને પણ સંસારમાં રહેવું પડ્યુ તેનું કારણ પુણ્યાનુબંધી પુણ્ય એ તેમને જકડી રાખ્યા હતા તેવું નથી, પરંતુ તેમને સમકિતની હાજરીમાં ચારિત્ર કર્મ બાંધ્યુ હતુ માટે રહેવું પડ્યુ છે. પુણ્યાનુબંધી પુણ્યનો એવુ હતુ કે વહેલુ ચારિત્ર લઈ શકે. તેમને તો એકે ભોગ ભોગવવા નહોતા; છતા ભોગ ભોગવવાના કેમ આવ્યા ? પાપ કરાવનાર કર્મ નિકાચિત હતુ.

પાપ કરાવનાર કર્મ જુદુ અને પાપ રૂપ કર્મ જુદુ. જે સ્વયં પાપ છે, દુ:ખ આપનાર કર્મ છે. અશાતા વેદનીય કર્મ, જે સ્વયં પાપ કર્મ રૂપ છે. તે ઉદયમાં પાપ કર્મ દુ:ખ જ છે

જ્યારે પાપ કરાવના કર્મ દુઃખ આપે છે જે
પાપ પ્રેરક કર્મ છે ને દુષ્ટ બુદ્ધિ - અશુભ ભાવ
વગેરે આપનાર છે.

ભગવાનને પાપ કરાવનાર કર્મ હોય માટે જ યુદ્ધો ખેલવા પડે પણ તે વખતે તેમને જાગૃતિ રહેલી હોય છે કે તેઓને પાપ પણ નથી બંધાતુ. ને અનુબંધ પણ નથી પડતા આમ પુણ્યાનુબંધી પુણ્ય ક્યાંય બંધન રૂપ નથી બનતુ.

સભા! - ફરી એક વાર સમજાવો

પાપ કર્મ, પુણ્ય કર્મ, પાપ પ્રેરક કર્મ

દુઃખ આપનાર કર્મ - સ્વયં દુઃખ કર્મ, દુષ્ટ બુદ્ધિ - અશુભ ભાવ - હિંસા આદિ કરાવનાર કર્મ જુદા.

જેમ પાણી મંત્રિત હોય, પણ પાણી અનિવાર્ય છે, પણ એકલા પાણીથી કાંઇ તાકાત ન મળે. નહિતર તમે ઉપવાસ આદિમાં મજબુત થાવ. આમ એકલું પાણી શક્તિ નથી આપતુ, પણ અભિમંત્રિત પાણી, વિશિષ્ટ કોટિના મન્ત્રનું તેમાં આધાન કરવામાં આવ્યું હોય તો તે અમૃતતુલ્ય બની શકે છે.

પુણ્યથી ભોગ, ભોગથી પાપ ને પાપથી દુર્ગતિ, દુર્ગતિથી ૮૪ લાખ યોનિની પરંપરા, આ બધુ તે અમૃતતુલ્ય પુણ્યથી અટકી જાય છે. ભલે સાધુ અપવાદ માર્ગે અનુકંપા આપે કે શ્રાવક પણ આજ્ઞા આધે કરે તો ભલે પુ.પુ. બંધાય.

૧) અનાર્ય દેશની અનુકંપા તુચ્છ પુણ્ય અને પાપ ઘણુ બાંધશે.

૨) આર્ય દેશની નાળિયેર તુલ્ય અનુકંપા - જેનામાં ધર્મ દૃષ્ટિ નથી. તે દયા - પરોપકાર - કરુણા - મૈત્રી દ્વારા તુચ્છ

તેઓ સંવિગ્નપાક્ષિક હોવાથી જુઠ્ઠુ બોલે જ નહિ માટે તેમના માટે કહેવાયેલુ કથન ખોટુ ઠરે છે.

॥ પ. પૂ. શ્રી યુગભૂષણ વિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

પૂ. ગુરુદેવને

સવિનય પ્રાર્થના કે
જૈન ધર્મના તત્ત્વો અને સિદ્ધાંતોની જેવા
કે સ્યાદ્વાદ, અનુકમ્પા, સુપાત્રદાન, કર્મવાદ
કે યોગદૃષ્ટિ સમુચ્ચય વિગેરે વિષયો પરની
આપની અમોઘ જ્ઞાન રૂપી ગંગાને હજુ પણ
વધુ વિસ્તારથી સ્પષ્ટ કરી તો જ્ઞાનગંગાના
પ્રવાહ ધોધને અક્ષર-દેહ આપી અમારા
અગાધ અજ્ઞાન રૂપી મહાસાગરમાં વહાવો
કે જેથી અમો સ્વ કલ્યાણના માર્ગે પ્રયાણ
કરવાને શક્તિમાન બનીએ.

લી: શાસન પ્રભાવનાના
ઈચ્છુક
દર્શના બેનના
કોટી કોટી વંદન.